
# યોગસાર

## (સવિવેચન)



વિવેચનકાર

**વિજય કલાપૂર્ણસૂરિજી મહારાજ**

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# યોગસાર

## ( સવિવેચન )

વિવેચનકાર :

વિજયકલાપૂર્ણસૂરિજી મહારાજ

: પ્રકાશક :

શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક કેન્દ્ર

શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસર

શાસ્ત્રી રોડ, અંજાર (કચ્છ)

પીન - 370110

**યોગસાર : શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મહારાજ**
**વિવેચનકાર :**
**પ્રકાશક :** શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક કેન્દ્ર
શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસર
શાસ્ત્રી રોડ, અંજાર (કચ્છ)
પીન - 370110

**દ્રવ્ય સહાયક:** શ્રી વર્ધમાન તત્ત્વજ્ઞાન જૈન વિદ્યાલય
ટ્રસ્ટ જ્ઞાન ખાતું
વાંકી તીર્થ (કચ્છ) પીન - 370425

**મૂલ્ય :** પચ્ચીસ રૂપિયા

**સંવત :** વિક્રમ : ૨૦૫૬, તા. માગસર સુદી-૫

**લેસર ટાઈપસેટિંગ :** શાઈનઆર્ટ કોમ્પ્યુગ્રાફિક્સ
રાજનગર, ફોન : ૬૬૩૯૨૩૨

**મુદ્રક :** ભગવતી ઓફસેટ.
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ.

॥ વાંકી મંડન શ્રી વર્ધમાનસ્વામીને નમઃ॥

॥ શ્રી પદ્મ-જિત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-
કલાપૂર્ણસૂરિ ગુરુભ્યો નમઃ॥

# વાંકી-તીર્થે ચાતુર્માસની ઝલક

અમારા પરમ પુણ્યોદયે કેટલાય વર્ષોની વિનંતી પછી અધ્યાત્મયોગી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા., પૂ.પં. શ્રી કલાપ્રભવિજયજી ગણિવર આદિ ૨૨ સાધુ તથા ૮૮ જેટલા પૂજ્ય સાધ્વીજી ભગવંતના ચાતુર્માસનો અનુપમ લાભ આ વર્ષે (વિ.સં. ૨૦૫૫, ઈ.સ. ૧૯૯૯) મળ્યો.

દક્ષિણ ભારત તથા મધ્ય ભારતમાં ૬ - ૬ વર્ષ પસાર કરી શાસન પ્રભાવનાની અપૂર્વ શૃંખલા ઊભી કરી પૂજ્યશ્રી જ્યારે કચ્છમાં પધાર્યા ત્યારે ગામ - ગામની જનતા પૂજ્યશ્રીને વધાવવા આતુર હતી. માત્ર કચ્છની જ નહિ, સમગ્ર ગુજરાતની જનતાએ પણ પૂજ્યશ્રીને અપૂર્વ ભાવોલ્લાસ સાથે સત્કાર્યા. જ્યાં જ્યાં પૂજ્યશ્રી પધાર્યા ત્યાં ત્યાં હર્ષઘેલા માનવસમુદાયે પોતાના ઉછળતા ભાવોનું દર્શન કરાવ્યું.

આખરે જેની અમે કાગડોળે રાહ જોતા હતા તે ધન્ય દિવસ, ચાતુર્માસ પ્રવેશનો દિવસ આવી પહોંચ્યો દ્વિ+વિ. જે. વ-૪, શનિવાર ૩-૭-૯૯ના શુભ દિવસે પૂજ્યશ્રીનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો. જે પ્રસંગે દસ હજારનો માનવ મહેરામણ ઊમટેલો, એટલું જ નહિ, સ્થાનકવાસી સંતો અને મહાસતીજીઓ પણ ઉપસ્થિત રહેલા.

પૂજ્યશ્રીની નિશ્રામાં વાંકી તીર્થે આરાધનાની શૃંખલા શરૂ થઈ. ૫૦ જેટલા સાધુ-સાધ્વીજીઓના ઉત્તરાધ્યયન આચારાંગ આદિના જોગની આરાધનાએ પવિત્રતાનો સંચાર કર્યો.

આષાઢ સુદ-૧૩થી પર્યુષણ સુધી ૨૫૦ આરાધકોએ એકાસણાપૂર્વક આરાધના કરી. પર્યુષણની આરાધના આનંદભેર થઈ.

ભા.વ.૬થી ભા.વ.૧૪ સુધી ચાલેલા નવકાર જાપના સામૂહિક અનુષ્ઠાનમાં લગભગ ૪૦૦ જેટલા પુરુષ આરાધકો જોડાયેલા,

જે પ્રસંગે ચાલેલા પૂજ્યશ્રીના ભક્તિવર્ધક પ્રવચનો તથા સાધકોના વાર્તાલાપોએ જાપમાં અનેરો રંગ જમાવ્યો. આ અનુષ્ઠાનનો લાભ ચાણસ્માનિવાસી શ્રેષ્ઠિવર્યશ્રી કંચનલાલ ગભરુચંદ પરિવારે લીધો.

ભા.સુ. ૧૦ના પૂજ્ય મુનિશ્રી કલ્પતરુવિજયજી, પૂજ્ય મુનિ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી તથા પૂજ્ય મુનિશ્રી મુનિચન્દ્રવિજયજીનો મહામંગલકારી ભગવતી સૂત્રના યોગોદ્વહનમાં પ્રવેશ થયો (પદવી-પ્રસંગ પણ વાંકી તીર્થે જ મહા સુ ૬ના થશે.)

શ્રીમતી રમાબેન હંસરાજ રામજી નીસર (ખારોઈ, કચ્છ - વાગડ) દ્વારા આયોજિત-અનુદાનિત આસો મહિનાની શાશ્વતી ઓળીમાં ૨૦૦ જેટલા આરાધકોએ લાભ લીધો.

શ્રેષ્ઠિવર્ય શ્રી દિનેશભાઈ રવજી મહેતા, ભૂવડ-કચ્છ (હાલ મદ્રાસ) પરિવાર દ્વારા આયોજિત-અનુદાનિત ઉપધાન તપમાં ૪૦૦થી અધિક આરાધકો જોડાયા (માળારોપણ : ૨૦૫૬, માગ. સુ ૫, સોમવાર, ૧૩-૧૨-૯૯)

આ ચાતુર્માસમાં આગંતુકોનો અભૂતપૂર્વ ધસારો થયો. કચ્છમાં આવતી ટ્રેનોમાં કચ્છ આવતા જૈન પ્રવાસીઓના મુખે એક જ વાત હતી : 'અમારે વાંકી ખાસ જવાનું છે. ક્યાં છે વાંકી?'

આમ નાનકડું વાંકી સમગ્ર જૈન-જગતમાં પ્રસિદ્ધ થઈ ગયું. નાનકડા વાંકીને પૂજ્યશ્રીના પદાર્પણે વિરાટ બનાવી દીધું. અનેક પુણ્યશાળીઓ, સાધકો, દાનવીરો, જિજ્ઞાસુઓ, વક્તાઓ, જીવદયા પ્રેમીઓ, રાજનેતાઓ...વગેરેના પદાર્પણ વાંકીના આંગણે થયાં.

આ કાળમાં આવી વિભૂતિ ભાગ્યે જ જોવા મળે. એમાં પણ સવાર-બપોર અને સાંજે જિનાલયમાં પૂજ્યશ્રીની સાથે થતી ભક્તિ વખતનું વાતાવરણ જોઈ અમારું હૃદય નાચી ઊઠ્યું છે.

આ ચાતુર્માસની પાવન સ્મૃતિ નિમિત્તે પૂજ્યશ્રી દ્વારા વિવેચના પ્રાપ્ત આ ગ્રન્થ પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

**લિ. વાંકી તીર્થના ટ્રસ્ટીઓ.**

## પ્રવેશક

# 'યોગસાર'નો સાર અયોગ

સમસ્ત યોગોનો સાર તે યોગસાર અને યોગસારનો સાર અયોગ છે. જગતમાં જ્યારે જ્યારે ધર્મનું પ્રવર્તન થયું છે ત્યારે તેના પ્રવર્તકોએ જીવ જગત અને જડ જગત ઉપર વિચાર કર્યો છે અને તેના પરસ્પરના સંબંધો વિશે તારણ કાઢીને જનસમુદાય સમક્ષ રજૂ કરીને પોતપોતાના નીતિ-નિયમો ઘડી કાઢ્યા છે. જીવ એટલે ચેતન તત્ત્વ અને જડ એટલે પદાર્થ તત્ત્વ જેને આપણે પુદ્‌ગલ કહીએ છીએ. સમસ્ત સંસાર આ જીવ અને જડ બેની રમત જેવો છે કે તેનું પરિણામ છે. આવો આ સંસાર વાસ્તવિકતામાં શરૂ થયો હશે અને જો શરૂ થયો હોય તો કોણે શરૂ કર્યો હશે, ક્યારથી શરૂ થયો હશે અને ક્યાં સુધી તેનું અસ્તિત્વ બની રહેશે એવા અનેક પ્રશ્નો ઉપર ગહન ચિંતન કરીને ઋષિ મુનિઓએ કેટલાક સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું અને કાળક્રમે આ સિદ્ધાંતોને આધારે વિવિધ ધર્મ ધારાઓ અસ્તિત્વમાં આવી. આમ જોઈએ તો સંસારમાં ધર્મ અનેક ધારાઓએ વહી રહ્યો છે પણ પ્રમુખતયા ગંગા-જમના જેવી બે ધારાઓમાં જ બધા ધર્મો સમાઈ જાય છે.

એમાંની એકધારા પ્રમાણે આ સંસારનું સર્જન કરનાર કોઈ છે અને તેને ઈશ્વર તરીકે ઓળખવામાં આવ્યો છે. બીજી ધારા પ્રમાણે સંસાર કોઈએ બનાવ્યો નથી, તેની શરૂઆત થઈ નથી પણ તે અનાદિ અનંત છે. સ્વયંભૂ છે અને સ્વયંસંચાલિત છે. સંસારને ચલાવનાર કોઈ પરમાત્મા કે ઈશ્વરને સંસારનો સર્જક માનવામાં આવ્યો. તેનું સંચાલન કરનાર ગણવામાં આવ્યો તે ધર્મ ધારામાંથી ઊભા થયેલા બધા ધર્મોનું એક જ ધ્યેય રહ્યું

અને તે ઈશ્વરની પ્રાપ્તિ કરવાનું અને તેને રીઝવવાનું. આમ આ ધર્મધારામાં એક પક્ષે જીવાત્માઓ અને બીજા પક્ષે પરમાત્મા. જીવાત્મા પરમાત્માને પ્રાપ્ત કરે કે તેનામાં વિલીન થઈ જાય એટલે તે કૃતકૃત્ય થઈ જાય. આમ જીવાત્માનું પરમાત્મા સાથે મિલન તે યોગ અને તે માટે સહાયક બધી ક્રિયાઓ અને અનુષ્ઠાનોને યોગ જ કહેવામાં આવે છે.

જૈન ધર્મ એ બીજી ધર્મધારામાં છે કે જે સંસારના સર્જક તરીકે કોઈ વિશેષ વ્યક્તિને માનતી નથી. તેના મત અનુસાર સંસારની શરૂઆત નથી અને તેનો અંત પણ નથી. પ્રવાહથી સંસાર અનાદિ અનંત છે. જીવ અને જડના સંબંધથી સંસાર ચાલ્યા કરે છે અને જે જીવનો જડ સાથે સંબંધ સર્વથા તૂટી જાય એટલે કે જે જીવ સદંતર કર્મરહિત થઈ જાય તેનો સંસાર સમાપ્ત થઈ જાય. આમ જીવાત્માનો સંસાર અનાદિ પણ સાંત એટલે કે જેનો અંત આવી શકે ખરો. વળી, સંસારનો અંત એટલે જીવના અસ્તિત્વનો અભાવ નહિ. કર્મરહિત થયેલ જીવાત્મા અનંત આનંદની સ્થિતિમાં સિદ્ધશિલા- જે લોકાગ્ર ભાગે આવેલી છે તેના ઉપર અનંતકાળ માટે અવસ્થિત થઈ જાય છે. જીવાત્માની આ ચરમ ઉત્કર્ષની સ્થિતિ છે જેને સિદ્ધ અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે અને એવા જીવોને સિદ્ધાત્મા કહેવામાં આવે છે. સિદ્ધાત્મા એટલે પરમાત્મા. સિદ્ધાત્માની સ્થિતિને પ્રાપ્ત કરેલ આત્મા કર્મરહિત થઈ ગયેલ હોવાથી ફરીથી તેને સંસારમાં આવવા પણું રહેતું નથી. આવી સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવા માટે જે કાંઈ પુરુષાર્થ કરવો પડે કે સાધના કરવી પડે તેને પણ ઉપચારથી યોગ કહે છે, પણ વાસ્તવિકતામાં તે અયોગની સાધના છે. આ સાધના કર્મરહિત થવા માટે કરવાની છે. એટલે કે કર્મના જીવ

સાથેના યોગને તોડવા માટેની છે. તેથી તે અયોગની આરાધના.

જીવ માત્રનો સંસાર જડ એવા કર્મના સંયોગથી થયેલ છે અને જીવનો જ્યારે કર્મથી સંપૂર્ણતયા વિયોગ થાય ત્યારે આત્મા પરમાત્મા બની જાય છે. આમ જૈન ધર્મ પ્રમાણે 'અયોગ' તેના યોગનું લક્ષ્ય છે અને અયોગ સઘળા યોગોનો સાર છે. અન્ય ધર્મોમાં પરમાત્માનો યોગ કરવાની વાત છે, આપણે ત્યાં સ્વયં પરમાત્મા થવાની વાત છે. જે અયોગથી સિદ્ધ થઈ શકે છે. જૈન ધર્મ અને અન્ય ધર્મો વચ્ચે આ પાયાનો ભેદ છે. જૈન ધર્મ પ્રમાણે પ્રત્યેક જીવાત્મામાં પરમાત્મા થવાની સંભાવના રહેલી છે પણ બહુ ઓછા તે સંભાવનાને સિદ્ધ કરી શકે છે તે અલગ વાત છે. જૈનશાસનમાં જ્યારે યોગ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તેનો વાસ્તવિક અર્થ કર્મના સંબંધથી- કર્મના યોગથી છૂટા પડવાની વાત તેમાં ગર્ભિત હોય છે. અને આપણાં સઘળાં ધર્મ અનુષ્ઠાનો આ લક્ષ્યને સિદ્ધ કરવા માટે યોજવામાં આવેલ છે. 'યોગસાર'ના આ ગ્રંથમાં આવા યોગોના સાર તત્ત્વનું નિરૂપણ કરવામાં આવેલ છે માટે તેને યોગસાર કહ્યો છે જેનું લક્ષ્ય અયોગ સાધી - કર્મરહિત થઈ પરમાત્મા થવાનું છે માટે આપણે અહીં તેનો 'યોગસાર'નો સાર અયોગ એ રીતે ઉલ્લેખ કરીને તેના હાર્દને સ્પર્શ કર્યો છે.

**મૂળ ગ્રંથકર્તા :**

-મૂળ ગ્રંથ યોગસારના કર્તાનું નામ કે સમય વિશે માહિતી મળતી નથી પણ તેના રચયિતા વિશાળ દૃષ્ટિ ધરાવનાર અને ધર્મના મર્મને જાણનારા હશે. બાહ્ય મતમતાંતરો વિશે તેમણે ગ્રંથમાં જે ઉલ્લેખો કર્યા છે તેનાથી પ્રતીતિ થાય છે કે તેઓ અનેકાંતની રીતે ધર્મને મૂલવે છે તેથી તે બાહ્ય ચિહ્નોને ધર્મમાં મહત્તા આપતા

નથી પણ ધર્મના તત્ત્વને જ મહત્ત્વનું ગણે છે. વીતરાગતા હોય પછી તે વ્યક્તિ કોઈ પણ નામધારી હોય - બ્રહ્મા, વિષ્ણુ, શંકર, બુદ્ધ કે જિનેન્દ્ર - તો તેની સામે કોઈ વાંધો નથી. તેમને મન નામ મહત્ત્વનું નથી પણ ગુણ મહત્ત્વનો છે. લોકાચારથી ધર્મના જે બાહ્ય ચિહ્નો આરૂઢ થયેલા છે - જેવાં કે ટીલાં, ટપકાં, માળા, મુંડન, કેશ, વેશ ઇત્યાદિની તેમને મન કંઈ કિંમત નથી. તેમના મતે ચિત્તશુદ્ધિ જ મહત્ત્વની છે અને ચિત્તશુદ્ધિ વિનાના આ બહારના ચિહ્નોનો કાંઈ જ અર્થ નથી. ગ્રંથમાં ક્યાંક જૈનધર્મના આંતરિક મતભેદોનો પણ અછડતો ઉલ્લેખ કરીને તેનાથી દૂર રહેવા સાધકને તેમણે સલાહ આપી છે. ગ્રંથકાર પતંજલિના યોગસૂત્રના જાણકાર હશે એમ માનવા માટેના ઉલ્લેખો ગ્રંથની અંદરથી જ મળી આવે છે. યોગસારના નિરૂપણમાં અનુભૂતિને જે મહત્ત્વ અપાયું છે તે ઉપરથી એમ કહી શકાય કે ગ્રંથકારને આત્માની અલ્પ પણ અનુભૂતિ થયેલી હશે. ગ્રંથકાર મહર્ષિનું લક્ષ્ય મોક્ષ પ્રાપ્તિ છે અને તે નજરમાં રાખીને જ તેમણે ગ્રંથમાં બધી વાતો કરી છે. 'યોગસાર' એક સમર્થ જ્ઞાની અને ચારિત્રથી વિભૂષિત વ્યક્તિની રચના લાગે છે એ વાત નિઃસંદેહ છે. તેમણે વખતોવખત મુનિને ઉદ્દેશીને જ વાત કરી છે અને યતિ ધર્મની મહત્તાનું પ્રતિપાદન કર્યું છે. સંયમના સુખને તેમણે સંસારીઓના સુખ કરતાં અનેકગણું વધારે ગણાવ્યું છે એટલું જ નહિ પણ ઇન્દ્રિયોના સુખ કરતાં ય અધિક બતાવ્યું છે. ગ્રંથકાર મહર્ષિએ જૈન ધર્મના મર્મને પકડ્યો છે અને યોગના સારને જાણ્યો છે તેથી જ તે સરળ ભાષામાં આવા ગ્રંથની રચના કરી શક્યા છે અને તેમણે જે જાણ્યું છે કે માણ્યું છે તેને સાધકોના લાભાર્થે શબ્દોમાં ઉતારી ગ્રંથસ્થ કર્યું છે.

**સંક્ષિપ્તમાં સાર :**

'યોગસાર'ને પાંચ પ્રસ્તાવમાં રજૂ કરવામાં આવેલ છે અને બધા પ્રસ્તાવોના કુલ શ્લોકોની સંખ્ય ૨૦૬ થાય છે. પ્રત્યેક પ્રસ્તાવ અને તેનો દરેક શ્લોક મોક્ષમાર્ગને નજરમાં રાખીને લખાયેલો છે. યોગસારની શરૂઆત જ તેના લક્ષ્યની દ્યોતક બની રહે છે. વીતરાગ પરમાત્માને પ્રણામ કરીને વીતરાગ બનવા માટેનો માર્ગ બતાવવામાં આવ્યો છે. વળી વીતરાગ બનવા માટે ગ્રંથકારે વીતરાગના ધ્યાનને જ સૌથી વધારે મહત્ત્વનું ગણાવ્યું છે. આટલી વાતનું પ્રતિપાદન કર્યા પછી ગ્રંથકાર તેમની રજૂઆતમાં કડીબદ્ધ રીતે આગળ વધે છે. વીતરાગનું ધ્યાન કરવું રહ્યું પણ જ્યાં સુધી જીવ રાગ-દ્વેષાદિથી મલિન હોય ત્યાં સુધી ધ્યાન બરોબર બેસે નહિ. પરમાત્માની પ્રાપ્તિ કરવી હોય, પરમાત્મમય થવું હોય તો રાગ-દ્વેષરહિત થવા માટેનો એક જ સચોટ ઉપાય છે - સમતાની પ્રાપ્તિ. સમતા પ્રાપ્ત કરવી હોય તો કષાયોને કાઢવા પડે. કષાયો જાગતા બેઠા હોય ત્યાં જીવને સમતા કેવી રીતે આવે ? તો વાત આવીને ઊભી રહી જવાની. કષાયોને કાઢવા ઉપર ગ્રંથકાર મહર્ષિ કહે છે કે મોહનો નાશ કર્યા વિના કષાયો જાય નહિ અને પાતળા ન પડે અને આ મોહને મારવો હોય તો ક્ષમાદિ દશયતિ ધર્મોનું પાલન કરવું પડે.

મહિર્ષ કહે છે કે વીતરાગનું ધ્યાન કરવાથી જ કર્મોનો ક્ષય થાય છે અને આત્માના ગુણો પ્રગટે છે. આત્માના ગુણો પ્રગટે એટલે આત્મા પોતાનામાં જ રહેલા પરમાત્માની અનુભૂતિ કરતો થઈ જાય. આમ આત્મા, આત્મા વડે આત્માને એટલે કે પરમાત્માને પ્રાપ્ત કરે છે. આવી પરમાત્મઅવસ્થા શુષ્ક નથી. તે તો અનંત આનંદમય અવસ્થા છે અને એક વાર તેમાં સ્થિતિ થઈ ગઈ

પછી તેમાંથી ક્યારેય પાછા પડવાપણું રહેતું નથી. આ અવસ્થા સિદ્ધ અવસ્થા તરીકે ઓળખાય છે અને તે પ્રાપ્ત કરવાના અસંખ્ય માર્ગો-યોગો છે; પણ સઘળા યોગોનું લક્ષ્ય એક જ છે કે આ પરમાત્મપદની પ્રાપ્તિ કરવી. 'યોગસાર'ના આ ગ્રંથમાં સકળ યોગોના સારતત્ત્વને દર્શાવવામાં આવ્યું છે તેથી તેને યોગસાર કહ્યો છે.

આપણે વિચાર કરતા કરતા ત્યાં આવી પહોંચ્યા કે કષાયવિજય વિના યોગમાર્ગમાં આગળ ન વધાય અને વીતરાગનું ધ્યાન સિદ્ધ ન થાય. ગ્રંથકર્તાએ કષાયવિજય કરવા માટે એક માર્ગ તો બતાવ્યો અને તે ક્ષમાદિ દશ યતિ ધર્મોના પાલનનો. પણ સૌ જીવોના કલ્યાણ માટે તેમણે તેનાથી ય સરળ માર્ગ બતાવ્યો અને તે જિનઆજ્ઞાનું પાલન અને જિનપૂજા. કષાય વિજય કરવાનું કામ ઘણું દુષ્કર છે જ્યારે જિનાજ્ઞાનું પાલન અને જિનપૂજા તો સરળ પ્રકૃતિના અને ભદ્રિક જીવો માટે સુગમ અને સહેલી છે. શ્રાવક હોય કે સાધુ હોય, જિનાજ્ઞાનું પાલન કરે એટલે મોક્ષ માર્ગ ઉપર આગળ વધતો જ જાય પછી ભલેને માર્ગ ગમે તેટલો લાંબો હોય. જે જીવ જિનાજ્ઞાથી વિમુખ થાય છે તે મોક્ષમાર્ગથી ચ્યુત થઈને ભવાટવીમાં ખોવાઈ જાય છે. જિનભક્તિ જીવનો આલોક અને પરલોક બન્ને સુધારનાર છે અને મોક્ષમાર્ગમાં આગળ વધારનાર છે. આમ ગ્રંથકાર મહર્ષિએ પ્રથમ પ્રસ્તાવમાં યોગનો સાર સમજાવી તેની પરસ્પર સંલગ્ન બાબતો સમજાવી અંતમાં બધો ભાર જિનાજ્ઞાપાલન અને જિનપૂજા ઉપર મૂકી દીધો છે. ગ્રંથકારના મતે દ્રવ્યસ્તવ પણ મહામૂલો છે અને જો તેમાં વિરતિનું પરિણામ ભળે તો સાધક સિંહ સમો પરાક્રમી બનીને લક્ષ્યવેધ કરી લે છે. આમ, યોગનો સાર એ છે કે આત્મા પોતાના જ

પુરુષાર્થથી અને વીર્યથી આત્માને પ્રાપ્ત કરીને આત્માનો આવિર્ભાવ કરીને પરમાત્મા બની જાય છે તેથી ગ્રંથકર્તાએ પ્રથમ પસ્તાવને 'દેવસ્વરૂપોપદેશ' કહેલ છે.

બીજા 'તત્ત્વસારોપદેશ'ના પ્રસ્તાવમાં ગ્રંથકાર મહર્ષિ કહે છે : તત્ત્વનો સાર સામ્ય છે અને સામ્ય જ યોગ છે. સમતા એ ધર્મોનો સાર છે અને તેની પ્રાપ્તિ તે જ યોગ છે પણ સામ્યની પ્રાપ્તિમાં બાધક દૃષ્ટિરાગ છે. દૃષ્ટિરાગને દૂર કરવા માટે આ મહર્ષિ મૈત્રી આદિ ચાર ભાવનાઓથી ચિત્તને ભાવિત કરતા રહેવા માટે જણાવે છે. ગ્રંથકર્તા તો ત્યાં સુધી કહે છે કે, પતંજલિનો અષ્ટાંગ યોગનો માર્ગ પણ સામ્યની પ્રાપ્તિ માટેનો છે. સામ્યની સિદ્ધિ એ જ સિદ્ધિ છે અને તે પ્રાપ્ત કરવા માટે જ બધી આરાધના કરવાની છે પછી ગમે તે યોગે કરવામાં આવે. જોકે ગ્રંથકાર ભારપૂર્વક એ વાત જણાવે છે કે આત્મશુદ્ધિ સામ્યપ્રાપ્તિ માટેની પૂર્વશરત છે અને તે સિદ્ધ કર્યા વિના સાધક સમતામાં સ્થિતિ કરી શકતો નથી. મહર્ષિ કહે છે કે ચિત્તશુદ્ધિ દુષ્કર છે પણ તે કર્યા વિના મોક્ષમાર્ગમાં આગળ વધી શકાતું નથી તેથી સાધકે ચિત્તશુદ્ધિ તો કરવી જ રહી. ગ્રંથકાર મહર્ષિ સકળ સાધના કરતાં ધ્યેયની સ્પષ્ટતા અને ધ્યેય પ્રતિ નિષ્ઠા રાખવા સજાગ રહેવા જણાવે છે. ધ્યેય નજર બહાર થઈ જાય એટલે સાધનાનું લક્ષ્ય ચૂકી જવાય. આ પ્રસ્તાવમાં ગ્રંથકારે પાપ વિષેની એક સૂક્ષ્મ બાબતને સ્પર્શ કરતાં જણાવ્યું છે કે પાપને તો સૌ જાણે છે પણ ધર્મ બુદ્ધિથી જે પાપ થાય છે તે ધ્યાનમાં નથી આવતાં માટે તેને ઓળખીને તેનાથી અળગા રહેવા ગ્રંથકારે ખાસ ભલામણ કરી છે. આમ, આ પ્રસ્તાવમાં મહર્ષિ સમતાને તત્ત્વનો સાર કહે છે અને તે સિદ્ધ કરવા માટે ચિત્તશુદ્ધિને અનિવાર્ય ગણે

છે. દૃષ્ટિરાગ જે સમતાનો બાધક છે તેને હઠાવવા માટે તેમણે મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ ભાવનાનું સતત ભાવન કરતા રહેવા જણાવ્યું છે અને અંતે તો તેમણે ક્ષમા માર્દવવાળા ધર્મને જ શ્રેષ્ઠ ગણાવ્યો છે.

ત્રીજો પ્રસ્તાવ 'સામ્યોપદેશ' નામનો છે. વાસ્તવિકતામાં આ પ્રસ્તાવ આગળના પ્રસ્તાવને પુષ્ટ કરવા - વધારે સારી રીતે સ્થાપિત કરવા લખાયો હશે એમ લાગ્યા વિના નથી રહેતું. આગળના 'તત્ત્વસારોપદેશ' પ્રસ્તાવમાં ગ્રંથકર્તાએ સામ્યને તત્ત્વનો સાર કહેલો છે અને તેના બાધક તત્ત્વ દૃષ્ટિરાગની વાત કરીને તેને હલ કરવા ભાવનાઓની વાત કરી છે એટલે એક રીતે સામ્યની સ્થાપના તો આગળના પ્રસ્તાવમાં થઈ ગઈ છે પણ અહીં મહર્ષિએ સામ્યની મહત્તા પ્રસ્થાપિત કરતાં સવિશેષે વર્ણન કર્યું છે. મહર્ષિ જણાવે છે કે સામ્યપ્રાપ્તિ કરનારનું સુખ ઈન્દ્ર આદિ દેવોના સુખને આંબી જાય એવું છે એટલે કે દેવેન્દ્રોના સુખોથી પણ અધિક છે. જે સુખોનું ઉગમસ્થાન વિષય-કષાયોમાં છે તેનું પરિણામ વિપાકે કટુ જ હોય છે કારણ કે તે સુખો પરંપરાએ જીવને દુઃખમાં જ લઈ જનારાં નીવડે છે. જ્યારે સામ્ય નિર્મિત સુખો એકાંતે આનંદમાં લઈ જનાર છે. કારણ કે, આ સુખ આત્મ રમણતા અને ઉન્મનીકરણને કારણે પેદા થયેલ હોય છે. સામ્ય એ સહજ આનંદની સ્થિતિ છે જે સ્વયં આત્મનિર્ભર છે. આવું દેવોને માટે પણ દુર્લભ એવું સામ્યસુખ ચંચળ ચિત્તવાળાને ક્યારેય પ્રાપ્ત થતું નથી. રાગ-દ્વેષની પરિણતિથી જીવો હંમેશાં અશુભ ધ્યાનોમાં જ રહે છે જે ચંચળ વૃત્તિનાં જનક છે માટે ગ્રંથકાર મહર્ષિએ અશુભ ધ્યાનથી બચવા અને શુભ ધ્યાનં સેવવા જણાવ્યું છે. આ માટે તેમણે નવપદનું ધ્યાન

ધરવા ખાસ ભલામણ કરી છે. સામ્યના સુખને તેમણે વૃક્ષની શીતળ છાયા જેવું ગણાવ્યું છે કે જેને આશ્રયે કષાયોથી તપ્ત અને આકુળવ્યાકુળ થયેલ જીવો વિશ્રાન્તિ પ્રાપ્ત કરે છે. જે જીવો કષાયગ્રસ્ત છે તેમના તરફ પણ દ્વેષ ન રાખતાં, તેમની કાળનો પ્રભાવ કે ભવસ્થિતિ ગણી ઉપેક્ષા કરવા માટે મહર્ષિએ જણાવ્યું છે. દ્વેષનું આવું સૂક્ષ્મ પરિણામ પણ સમતા માટે બાધક ને ઘાતક નીવડે છે. મહર્ષિ આ પ્રસ્તાવના અંતમાં જણાવે છે કે સમતા સિદ્ધ કરેલ યોગી સંગરહિત, મમતારહિત, સ્પૃહારહિત થઈ ઉપશાન્ત બનીને સંયમમાં અવસ્થિત થઈને આત્માની અનુભૂતિ કરતો સહજાનંદમાં નિમગ્ન રહે છે.

ચોથા પ્રસ્તાવમાં ગ્રંથકાર મહર્ષિએ ‘સત્ત્વોપદેશ’ આપેલો છે. મોક્ષ માર્ગ દુર્ગમ છે અને તેની ઉપર ઘણાં ભયસ્થાનો આવેલા છે. મોક્ષમાર્ગમાં આગળ વધતાં ઘણી આપત્તિઓનો સામનો કરવો પડે છે. વળી, માર્ગમાં કેટલાંય પ્રલોભનો આવે છે તેને વશ થયા વગર મોક્ષમાર્ગીએ સતત આગળ વધતા રહેવાનું હોય છે. આ બધા માટે સત્ત્વની જરૂર રહે છે. કેવળ સત્ત્વશાળી સાધક જ બધી આપત્તિઓને જીતીને, વિવિધ પ્રકારના પ્રલોભનોને વશ થયા વિના આગળ વધી શકે છે માટે ગ્રંથકારે આ સમસ્ત પ્રસ્તાવ સત્ત્વની મહત્તા અને આવશ્યકતા સમજાવવા લખ્યો છે. અહીં જે સત્ત્વની મહર્ષિએ વાત કરી છે તે શારીરિક સત્ત્વની વાત નથી, પણ તે આંતરિક સત્ત્વની વાત છે. શારીરિક ક્ષમતા કદાચ આંતરિક સત્ત્વની અંતર્ગત આવી જાય પણ જે મહત્ત્વ છે તે આંતરિક સત્ત્વનું. આવું સત્ત્વ મનને સાધીને જ મેળવી શકાય છે. જે મનને સાધી શકે છે તે જ વીર છે. આવા વિરલાઓ જ ઉપસર્ગને વેઠી શકે છે એટલું જ નહિ પણ પરિષહોને સામેથી લલકારીને ઉપસ્થિત કરી તેમનો પણ ધ્વંસ કરી શકે

છે. મોક્ષમાર્ગમાં વિષય-કષાયો ઘણા ઉપદ્રવો ઊભા કરે છે પણ કેવળ સત્ત્વશાળી સાધકો જ તેમાં ફસાતા નથી અને ક્યારેય ઇન્દ્રિયોને આધીન થતા નથી. એમાં ય મહર્ષિએ કામથી સાવધ રહેવા માટે ખાસ જણાવ્યું છે કારણ કે કામ વિવિધરૂપે રજૂ થાય છે જે મનોરમ્ય હોય છે એટલે સાધક જો સાવધ ન હોય તો તેને વશ થઈને મોક્ષમાર્ગ ચૂકી જાય છે અને તેની બધી સાધના વિફલ થઈ જાય છે. મહર્ષિ કહે છે કે સાધુઓએ સાધનાની સફળતા માટે પોતાનું બધું ધ્યાન સત્ત્વને જાળવી રાખવા ઉપર કેન્દ્રિત કરવાનું છે. જેનું સત્ત્વ ગયું તેનું સઘળું ગયું એમ સમજવાનું છે. મુનિ પાસે જે ચારિત્ર છે તે ત્રણેય લોકના સ્વામીત્વ કરતાં ય અધિક સુખ આપનારૂં છે માટે તેનું સર્વપ્રકારે જતન કરી તેને જાળવવાનું છે. ગ્રંથકાર ભારપૂર્વક કહે છે કે સત્ત્વ વિના સિદ્ધિ ન મળે. ભૂતકાળમાં જેમણે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે સત્ત્વના જોરે જ મેળવી છે અને ભવિષ્યમાં જે જીવો સિદ્ધિ મેળવશે તે પણ સત્ત્વના કારણે જ મેળવશે. મોક્ષમાર્ગ અઢાર હજાર શીલાંગના ધારણ કરવારૂપ છે જે કેવળ સત્ત્વશાળીઓ જ કરી શકે છે. સત્ત્વ જ કાલાંતરે મોક્ષનું કારણ છે માટે સાધકે સત્ત્વને પ્રાપ્ત કરવા અને સત્ત્વને જાળવવા સકળ પુરુષાર્થ કરવાનો છે.

'યોગસાર'નો અંતિમ અને પંચમ પ્રસ્તાવ 'ભાવશુદ્ધિ જનકોપદેશ' નામનો છે આ પ્રસ્તાવમાં ગ્રંથકાર મહર્ષિએ કેટલીક પાયાની વાતો કરી છે જે સાધકને મોક્ષમાર્ગમાં ઘણી ઉપયોગી થઈ પડે તેવી છે. ગ્રંથકાર કહે છે કે ભાવશુદ્ધિ વિના યોગમાં સ્થિર થવાનું મુશ્કેલ છે. દુર્ભાવોમાં રાચતું મન હંમેશાં વ્યગ્ર રહે છે. ભાવશુદ્ધિ માટે સાધકે ઇષ્ટ અને અનિષ્ટ ભાવોને સારી રીતે જાણીને તેમાંથી અનિષ્ટ ભાવોને દૂર કરવાના છે. અનિષ્ટ ભાવો ખસી જતાં ઇષ્ટ ભાવોની ઉપસ્થિતિમાં સાધકનું ચિત્ત સમતામાં સ્થિતિ કરે

છે. આમ જ્યારે ચિત્ત તદ્દન ચંચળતારહિત થઈને મૃતપ્રાય બની જાય છે ત્યારે સાધક સમાધિ દશાને પ્રાપ્ત કરે છે. અને આવી સમાધિ દશામાં મુનિ આત્મિક સુખનો અનુભવ કરી શકે છે.

ભાવોને ક્ષુબ્ધ થતા અટકાવવા માટે ગ્રંથકારે કેટલાક ઉપાયો બતાવ્યા છે અને કેટલાક ગુણોનો વિકાસ કરવા જણાવ્યું છે કારણ કે ભાવો ક્ષુબ્ધ થતાં કે અશુદ્ધ થતાં ભાવશુદ્ધિ જોખમાય છે જે યોગમાર્ગમાં બાધક નીવડે છે. આ માટે ગ્રંથકર્તાએ સાધકને અજ્ઞાન ચેષ્ટાઓથી દૂર રહેવા જણાવ્યું છે. તેમણે મૌનની સાધના કરવા ખાસ ભલામણ કરી છે કારણ કે આત્મસ્વભાવમાં સ્થિરતા કરવા માટે મૌન ઘણું ઉપકારક છે. મહર્ષિએ ઔચિત્ય ગુણના વિકાસ ઉપર ઘણો ભાર મૂકતા જણાવ્યું છે કે ઔચિત્ય ગુણ જીવોના બંધુ સમાન છે અને એ કાળક્રમે પરમસુખનો જનક છે. મહર્ષિ તો ત્યાં સુધી કહે છે કે ધર્મનું આદિ મૂળ ઔચિત્ય છે. તેનાથી લોક માન્યતા અને લોકપ્રિયતા બન્ને હાંસલ થઈ શકે છે. મહર્ષિએ સદાચારને પણ એટલું જ મહત્ત્વ આપતાં ધર્મનું બીજ ગણાવ્યો છે એટલું જ નહિ પણ તેને મૂર્તિમંત ધર્મ કહ્યો છે. તેમણે તેને પરમ યશનું કારણ અને ગુણોના ખજાના તરીકે પણ ગણાવ્યો છે. અંતિમ પ્રસ્તાવમાં ગ્રંથકાર જાણે કે બધી મહત્ત્વની બાબતોને સ્પર્શી લેવા માંગતા હોય તેમ લાગે છે. એટલે તેમણે લોભને પણ લઈ લીધો છે. લોભ ધર્મમાર્ગમાં મોટો બાધક છે અને સર્વ દોષોની ઉત્પત્તિ લોભના કારણે જ થાય છે માટે સાધકે લોભને તો જડમૂળથી કાઢી નાંખ્યે જ છૂટકો. ગ્રંથકારે નિરુત્સુકતા જેવી સૂક્ષ્મ વાતને પકડીને તેનું વિવરણ કરતાં કહ્યું છે કે નિરુત્સુકતા પ્રાપ્ત કર્યા વિના આત્મિક આનંદની અવસ્થામાં પ્રવેશ કરવાનું જ મુશ્કેલ છે. આગળ ચાલતાં ગ્રંથકર્તા સરળતા અને વિનયને પણ લઈ લેતાં કહે છે કે સુખ સરળતામાં

અને વિનયપૂર્વકના વર્તનમાં ઇન્દ્રિયોના સંતોષમાં અને મૈત્રીભાવમાં છે. આમ, ગ્રંથકાર મહર્ષિએ જીવો પ્રત્યેની લાગણીથી પ્રેરાઈને આ અંતિમ પ્રસ્તાવમાં ઘણીબધી મહત્ત્વની વાતો કરી છે.

ગ્રંથકાર મુનિને સાવધ કરતાં કહે છે કે, ધર્મનો ઉપદેશ કરવો સરળ છે પણ પોતાને આત્મહિતમાં જોડવાનું કપરું છે. જ્યારે સાંસારિક સુખોમાં દુ:ખ લાગે અને સંયમમાં સુખની અનુભૂતિ થવા લાગે ત્યારે સમજવું કે આપણે મોક્ષમાર્ગની નજીક છીએ કે મોક્ષમાર્ગ ઉપર છીએ. આમ, એક રીતે જોઈએ તો આ સમગ્ર પ્રસ્તાવ આત્મહિત શિક્ષા સંબંધી છે. અંતમાં મહર્ષિ સાધકને સાવધ કરતાં કહે છે કે : તું એકલો જ આવ્યો છે અને એકલો જવાનો છે, વાસ્તવિકતામાં તો તું સંસારમાં પણ એકલો જ છે પણ મારું મારું કરીને પાપનાં પોટલાં બાંધે છે. પરિણામ ઘણું વિપરીત આવશે અને તારે એકલાએ જ વેઠવું પડશે માટે તું સત્વરે પ્રમાદ છોડીને, હિંસાનો ત્યાગ કરીને ધર્મમાં જોડાઈ જા. ધર્મ જ તારું રક્ષણ કરશે. મનુષ્ય જન્મમાં દેવ-ગુરુ અને ધર્મ જ્યારે સુલભ છે ત્યારે સાધી લે. ત્યાર પછી સંસારસાગરમાં એવો ડૂબી જઈશ કે તને કાઢનાર પણ ક્યાંથી મળશે ?

અંતમાં ગ્રંથકાર ઉપદેશે છે કે વિશુદ્ધ ભાવનાવાળો આત્મા જ વૈરાગ્ય પામીને સંસારસાગરને પ્રાપ્ત કરી જાય છે. જ્યારે મૂઢ જીવો કિનારો પાસે હોવા છતાં ય સંસારસાગરમાં ડૂબકાં મારતા રહીને છેવટે તળિયે બેસી જાય છે. વિશુદ્ધ ભાવને ધારણ કરનારા જીવો જ અર્થ અને કામને ત્યજીને સકળ પુરુષાર્થને ધર્મની સાધના માટે લગાડી દઈને રાગ-દ્વેષના દ્વંદ્વોથી મુક્ત થઈને જ્ઞાનાદિ આચારોનું પાલન કરતા આત્મિક સુખને અનુભવે છે અને અન્ય માટે પણ સુખનું કારણ બને છે. આવા યોગી જ આત્મસ્વરૂપમાં સ્થિર થઈને સર્વસંક્લેશોથી રહિત થઈને પરમ પદ મોક્ષને પામે છે.

**ગુરુઆજ્ઞા :**

આટલાં વિસ્તારપૂર્વક પ્રવેશક લખવાનું એક મહદ્ કારણ ગુરુ આજ્ઞા છે. આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરિ સાથે મારે પ્રત્યક્ષ પરિચય હતો જ નહિ, પણ જૈન ધર્મ વિષયક મારાં પુસ્તકો જોઈને તેમણે મને 'યોગસાર' ઉપરની તેમની નોંધ મોકલી આપી. એ નોંધ ઉપરથી પુસ્તક લખવા માટે જણાવ્યું. આચાર્યશ્રીને મારા લખાણની શૈલી ઘણી ગમી ગઈ એટલે તેઓ મને આ જવાબદારી સોંપવા તત્પર થયા પરંતુ આચાર્યશ્રીની નોંધ એટલી વિસ્તૃત અને સચોટ હતી કે તેમાં સુધારા-વધારા કરવાનું સાહસ કરવા મારું મન માન્યું નહિ. વળી, મારા મનમાં એમ પણ થયું કે 'યોગસાર' જેવો ગ્રંથ ચારિત્રસંપન્ન મુનિ લખે તો જ તેને યથાર્થ ન્યાય મળી શકે. કારણ કે મૂળે ય ગ્રંથ મુનિને ઉદ્દેશીને લખાયેલો છે.

આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરિમાં જ્ઞાન, ભક્તિ અને ચારિત્રનો સુંદર સમન્વય સધાયેલો છે એટલે તેઓ જ પુસ્તક લખે તો શાસન ઉપર અનંત ઉપકાર થશે એમ માનીને મેં તેમને જ આ ગ્રંથ લખવા વિનંતી કરી અને તેમની નોંધ તેમને પાછી મોકલાવી. અમદાવાદને આંગણે પ.પૂ.શ્રી કલાપૂર્ણસૂરિ પધાર્યા ત્યારે તેમણે મને મળવા માટે કહેણ મોકલ્યું. હું મળવા ગયો એટલે 'યોગસાર' ઉપરની તેમની આખી નોટ-ડાયરી મારી સામે ધરતાં કહ્યું : "વાંચી જુઓ" અને પછી મેં તેમણે લખેલી યોગસાર ઉપરની બન્ને નોટો વાંચી અને મન આનંદથી તરબોળ થઈ ગયું. આ બન્ને નોટો એટલે આચાર્યશ્રીથી સંસ્કારિત થયેલ 'યોગસાર' જે આજે આ પુસ્તક સ્વરૂપે બહાર પડી રહ્યો છે. ગુરુ મહારાજે જ્ઞાનનો સાર ગાગરમાં ભરીને સૌના પાન માટે સુલભ કરી આપ્યો છે. જ્ઞાન સાથે તેમાં ગુરુ મહારાજની આત્માની અનુભૂતિના અમૃતનાં કેટલાંક બિંદુઓ પણ પડ્યાં છે જેનાથી આ આખો

ય ગ્રંથ અમૃતમય બની ગયો છે જેનું પરિશીલન કરીને સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ધન્ય થઈ જશે.

સાધુ ભગવંતોનો ભાવ ભાગ્ય હોય તો જ મળે અને અધિકાર જોઈને જ તેઓ આજ્ઞા કરે છે. આ બન્ને વસ્તુઓ મને પ્રાપ્ત થઈ તેનો મને આનંદ છે. આચાર્યશ્રીનું આમ મારા ઉપર જે ૠણ હતું તે મેં 'યોગસાર'નો આ પ્રવેશક લખીને ઉતારવા પ્રયાસ કર્યો છે. બાકી જ્ઞાન-ધ્યાન અને ભક્તિથી ભીંજાવા માટે તો આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરિના વિસ્તૃત વિવેચન પૂર્ણ ગ્રંથમાં ડૂબકી મારવી જ રહી.

'યોગસાર'ના મૂ ગ્રંથકાર અજ્ઞાત મહર્ષિ અને સર્વ જીવોના હિતને લક્ષમાં રાખી તેનો વિસ્તાર રજૂ કરી તેનું જ્ઞાનસભર વિવરણ કરી તેને પુનઃ પ્રકાશમાં લાવનાર પ.પૂ. આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરિને વંદન કરીને હવે અહીં હું વિરમું છું.

વિષયનું સાતત્ય જાળવવા માટે અને લખાણને રસાળ રાખવા મેં શુભનિષ્ઠાથી પ્રવેશક લખતાં ક્યાંક થોડીક છૂટછાટ લીધી છે પણ તેમ કરવામાં ક્યાંક મૂળ વાતને અજાણતાં ક્ષતિ પહોંચી હોય તે માટે ગુરુજનો મને ક્ષમા આપે અને વાંચકો માફ કરે.

'સુહાસ', ૬૪,જૈનનગર,
અમદાવાદ, ૩૮૦૦૦૬
ટે. નં. ૬૬૨૦૬૧૦

- **ચંદ્રહાસ ત્રિવેદી**
તા. ૧૭-૧૦-'૯૯

## યોગસારનો સંક્ષિપ્ત પરિચય

આત્મામાં અનંત ગુણો સત્તાએ રહેલા છે, તેને પ્રગટ કરવાના ઉપાયોને યોગ કહે છે. સર્વ યોગોમાં જ્ઞાન યોગ, ભક્તિ યોગ અને ચારિત્ર યોગ પ્રધાન છે. જૈનશાસનમાં એ ત્રણને રત્નત્રયી કહે છે. તેની પ્રાપ્તિ સુદેવ, સુગુરુ, સુધર્મરૂપી તત્ત્વત્રયીની ઉપાસનાથી જ થઈ શકે છે. સુદેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ લક્ષણ જાણવાથી સાધકના હૈયામાં ત્રણે પ્રત્યે બહુમાન પ્રગટે છે અને તેમની ઉલ્લાસપૂર્વક ઉપાસના કરવા પ્રયત્નશીલ બને છે. પ્રથમ પ્રકાશમાં પૂજ્યશ્રીએ દેવનું યથાવસ્થિત સ્વરૂપ બતાવ્યું છે.

શ્રી વીતરાગ પરમાત્મા દેવોના પણ દેવ દેવાધિદેવ છે. જે આત્મા રાગદ્વેષનો સંપૂર્ણ ક્ષય કરે છે, તે જ વીતરાગ કહેવાય છે. જેમનામાં અનંત જ્ઞાન-દર્શન ચારિત્ર વીર્યાદિ ગુણો પ્રગટેલા છે. તે પરમાત્મા જ દેવ છે, એવો નિશ્ચય કરવો જોઈએ. તે જ ભવ્ય જીવોની- ભવ પરંપરાનો ક્ષય કરવામાં સમર્થ છે તેમજ સ્વતુલ્ય પદપ્રદાન કરનાર છે, તે પ્રભુનો એવો જ સ્વભાવ છે કે પોતાના ભક્તને પણ પરમાત્મપદ આપે.

### ચતુર્થ ગુણસ્થાનથી પ્રભુનું સ્પષ્ટદર્શન

- યોગી જ્યારે તીર્થંકર પરમાત્માનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરે છે ત્યારે તે તીર્થંકર સ્વરૂપમાં તન્મય બને છે. માટે પ્રત્યેક સાધકે શ્રી તીર્થંકર પરમાત્માનું સદા ધ્યાન કરવું જોઈએ. જ્યારે શુદ્ધ સ્ફટિકતુલ્ય નિર્મળ-નિરાકાર એવા પરમાત્માને જે પોતાના આત્મામાં આત્મજ્ઞાન વડે જાણે છે ત્યારે પ્રભુ તેને પરમપદ

આપે છે. પરંતુ જ્યાં સુધી મનની મલિનતા હોય છે ત્યાં સુધી તે પ્રભુ અનુભવી શકાતા નથી પરંતુ સમતાના અભ્યાસથી નિર્મળતા પ્રાપ્ત થતાં સાધક તે પરમાત્માનું સ્પષ્ટ દર્શન કરે છે.

સંસારી જીવોમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિ-જન્ય મલિનતા અનાદિથી રહેલી હોય છે. જ્યારે તેનો નાશ ક્રમે-ક્રમે થવાથી આત્મશુદ્ધિ કરનારી સમતા જેમ જેમ વૃદ્ધિ પામે છે તેમ તેમ વિશુદ્ધ બનતો સાધક સમ્યકત્વાદિ ગુણ સ્થાનકોમાં પ્રભુનું સ્પષ્ટ-સ્પષ્ટતર દર્શન કરે છે અને અનુક્રમે સંપૂર્ણ મોહનો ક્ષય થવાથી પૂર્ણ સામ્ય પ્રાપ્ત થતાં પરમાત્માનો સંપૂર્ણ સાક્ષત્કાર થાય છે. અર્થાત્ સાધક સ્વયં પરમાત્મા બને છે.

આ રીતે ચોથા ગુણસ્થાનકથી બારગુણ સ્થાનક સુધીના સાધકો અનંતાનુબંધી આદિ સર્વ કષાયોનો જેમ જેમ નાશ કરે છે તેમ તેમ સમતાની વૃદ્ધિ થવાથી પરમાત્માનું દર્શન મિલન વિશેષ વિશેષ સ્પષ્ટ રીતે થાય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ કરતાં દેશ - વિરતિ સાધકને તે વિશેષ આનંદદાયક બને છે. દેશ વિરતિ કરતાં સર્વવિરતિધર મુનિનો આનંદ અંનતગણો વૃદ્ધિ પામે છે. તે પછીના અપ્રમત્તાદિ ગુણ સ્થાનકોમાં આત્મિક - સુખ, આનંદ અનંતગણો વધતો જાય છે, સાધક તે પછી સયોગી-ગુણ-ઠાણે રાગદ્વેષ મોહનો પણ ક્ષય થઈ જવાથી પૂર્ણ સમતા પ્રાપ્ત થતાં કેવલજ્ઞાન પામે છે, ત્યારે પરમાત્માનું દર્શન મિલન સર્વદા થાય છે પૂર્વે નિકાચિત કરેલા જિન નામકર્મના ઉદયે આત્મા આ સયોગી ગુણઠાણે તીર્થંકર બને છે અને સર્વજીવોને હિતકારી, સુખકારી એવા અહિંસાદિ ધર્મનો ઉપદેશ આપે છે. શાશ્વત સુખરૂપ મોક્ષનો મંગલ માર્ગ બતાવે છે.

**પ્રભુ આજ્ઞા** : - જે સાધક તે પરમાત્માની આજ્ઞાનું

પાલન કરે છે તેને તે પરમાત્મા શિવસુખ આપે છે.

પરમાત્માની આજ્ઞાનું પાલન ચિત્તને અત્યંત નિર્મળ બનાવવાથી થાય છે. અર્થાત્ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રને પુષ્ટ બનાવવાથી અને રાગદ્વેષાદિ દોષોનો ક્ષય કરવાથી આત્મા પૂર્ણ નિર્મળ થાય છે.

**આજ્ઞાનું મહત્ત્વ** :- આ જિનાજ્ઞા જ સમસ્ત દ્વાદશાંગીનું સારભૂત તત્ત્વ છે. અતિ દુર્લભ જિનાજ્ઞા સર્વ જગત જન્તુઓને હિતકારી, સુખકારી છે; જિનાજ્ઞા જ અદ્વિતીય મોક્ષનો માર્ગ છે, પાલન કરાયેલી આજ્ઞા જ ચારિત્ર છે. આજ્ઞા જ ભવ પરંપરાનો ક્ષય કરનારી છે. આવી જિનાજ્ઞાનું સ્વભૂમિકાને ઉચિત આરાધન સાધકોએ કરવું જોઈએ. તેમાં મુખ્ય ચાર પ્રકાર છે. ધ્યાનયોગ વડે સર્વોત્કૃષ્ટ આજ્ઞાનું આરાધન થાય છે, તેની પૂર્વ ભૂમિકારૂપે ગૃહસ્થ સાધકોએ ઉત્તમ દ્રવ્યોથી પ્રભુપૂજા કરવી તે દ્રવ્યપૂજા છે. ભાવવાહી સ્તુતિ સ્તવનો ગાવા તે ભાવ પૂજા છે. તેમજ દેશ અને સર્વથી ચારિત્રનું વિશુદ્ધ પાલન કરવું તે પ્રતિપત્તિ પૂજા છે. આ ત્રણેના આરાધનથી જ ધ્યાનયોગની સિદ્ધિ થાય છે. તેથી સર્વપ્રથમ દ્રવ્ય પૂજારૂપ દ્રવ્ય સ્તવનું મહત્ત્વ બતાવ્યું છે.

ચિંતામણિ, કલ્પવૃક્ષાદિથી પણ અધિક ફળ આપનારા શ્રી તીર્થંકર પરમાત્માના અચિન્ત્ય પ્રભાવે તેમના દ્રવ્યસ્તવરૂપ પૂજાદિ પણ કલ્યાણકામી જીવોનું અવશ્ય કલ્યાણ કરે છે.

આ લોકમાં પણ દ્રવ્ય - સ્તવ મહાન સુખદાયી છે. પરલોકમાં સ્વર્ગ અને મુક્તિનું સુખ પણ આપે છે. પ્રભુની પૂજાથી સાધકને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે તેથી ગૃહસ્થ સાધકોએ પૂજાદિરૂપ દ્રવ્ય સ્તવ અવશ્ય કરવું જોઈએ, જો આ પૂજાદિ કરનારો ગૃહસ્થ યથાશક્તિ વ્રત નિયમરૂપ વિરતિનું

પાલન કરે છે તો તે કર્મનો નાશ કરવા માટે સજ્જ થયેલા સિંહ જેવો પરાક્રમી બને છે. આ રીતે શ્રાવક પણ શુભ ભાવપૂર્વક પૂજાદિ અનુષ્ઠાનો કરીને સમગ્ર કર્મનો ક્ષય કરી શીઘ્ર મોક્ષ મેળવે છે માટે શ્રાવકોએ શ્રદ્ધાપૂર્વક પૂજાદિ શુભ અનુષ્ઠાનો અવશ્ય કરવાં જોઈએ.

જે જીવ જેટલા પ્રમાણમાં જિનાજ્ઞાનું આરાધન કરે છે તે તેટલા પ્રમાણમાં સુખ મેળવે છે. જે જેટલા પ્રમાણમાં પ્રભુની આજ્ઞા વિરાધે છે તેટલા પ્રમાણમાં તે દુઃખ પ્રાપ્ત કરે છે ઉત્તમ જીવોએ સદા જિનાજ્ઞાનું આરાધન વિધિપૂર્વક કરવું જોઈએ. જે સાધક પરમાત્માના આજ્ઞા-પાલનમાં સદા લીન બની, સ્વ-આત્મામાં તે પરમાત્માને જાણે છે. ત્યારે સારી રીતે જણાયેલા તે પ્રભુ અવશ્ય મોક્ષ આપે છે.

આવા વીતરાગતા સર્વજ્ઞતાદિ ગુણોવાળા પરમાત્માને બુદ્ધ, વિષ્ણુ, બ્રહ્મા, ઈશ્વર કે જિનેન્દ્ર કહેવાય તેમાં અર્થ-ભેદ નથી. વીતરાગતા એ જ દેવનું સ્વરૂપ છે. જ્ઞાની પુરુષો કદી વિવાદ કરતા નથી પરંતુ મધ્યસ્થ દૃષ્ટિથી વિચારે છે કે રાગ-દ્વેષાદિદોષયુક્તને દેવ કહી શકાય નહિ. રાગાદિ દોષો ભવભ્રમણ કરાવનારા છે. આ બાબત સર્વને સંમત છે.

રાગી દેવનું ધ્યાન કરનારો સ્વયં રાગી બને છે. મુમુક્ષુ સાધક વીતરાગ દેવના ધ્યાન પ્રભાવે સ્વયં વીતરાગ બને છે.

## તત્ત્વસારનો ઉપદેશ

બીજા પ્રકાશમાં ધર્મતત્ત્વનું રહસ્ય બતાવે છે.

**સામ્ય :** સર્વધર્મોનો સાર સમતા છે, તેની પ્રાપ્તિ મૈત્ર્યાદિ ભાવનાઓને ભાવિત બનાવવાથી થાય છે. સર્વ જીવોનું હિત ચિંતન કરવું તે મૈત્રી ભાવના છે. ગુણી પુરુષોના ગુણોનું અનુમોદના કરવી તે પ્રમોદ ભાવના છે.

દુઃખી જીવો પ્રત્યે કરુણા રાખવી-કરુણા ભાવના છે.

અવિનીતાદિ પ્રત્યે ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ્ય ભાવના છે.

મૈત્ર્યાદિ ચારે ભાવનાઓ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ છે. આ ચાર ભાવનાઓ જાણીને તેનો સતત અભ્યાસ કરવો જોઈએ. તેથી તે ભાવનાઓ ભાવિત બની જાય છે અનેક જન્મોના અભ્યાસથી તે ભાવનાઓ આત્મસાત્ બને છે તે ભાવનાઓને જેઓ જાણતા નથી કે તેને ભાવિત બનાવતા નથી તેઓને ધર્મ મળવો અત્યંત દુર્લભ છે. કારણ કે ધર્મ સમતાસ્વરૂપ છે અને તે સમતાની ઉત્પત્તિ મૈત્ર્યાદિ ભાવનાઓને ભાવિત કરવાથી જ થાય છે.

આજે કાળના પ્રભાવથી પ્રાયઃ લોકો દૃષ્ટિરાગથી વિમૂઢ બનેલા મૈત્ર્યાદિ ભાવનાઓથી અભાવિત હોવાથી સ્વયં ધર્મ વિમુખ બને છે અને બીજા પણ મુગ્ધ લોકોને ધર્મવિમુખ બનાવે છે.

મોહનો અંધાપો એવો વિચિત્ર છે, તેનાથી અંધ બનેલા લોકોને બીજામાં દોષો ન હોવા છતાં દેખાય છે, અને પોતાનામાં અનેક દોષો હોવા છતાં દેખાતા નથી,પરંતુ તેઓ બીજાના દોષોને જેવી રીતે જુએ છે તેવી રીતે જો પોતાના દોષ જોવા લાગે તો અજરામર પદને સિદ્ધ કરનારી સમતા પ્રાપ્ત થઈ જાય. સમતા જ ધર્મનું તત્ત્વ છે. અષ્ટાંગ યોગનો સાર પણ સમતા જ છે.તેને પ્રાપ્ત કરવા માટે જ યોગનો અભ્યાસ કરાય છે. આ ભવ કે પરભવમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ સમતાથી જ થવાની છે એ જાણી સમતાને સિદ્ધ કરવા ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કરવો.

માન કે અપમાનમાં, નિંદા કે સ્તુતિના પ્રસંગમાં, સ્વર્ણ કે માટીમાં, જીવન કે મરણમાં, લાભ કે હાનિમાં, રંક કે રાજામાં,

શત્રુ કે મિત્રમાં, સુખ કે દુઃખમાં, શુભશુભ વિષયોમાં પણ સમતા રાખવી. આ સમતા જ તત્ત્વ છે. તે સમતા વિનાના બાહ્ય વેષાદિ અસાર છે માટે મુમુક્ષુ સાધકોએ બાહ્ય વસ્તુનો આગ્રહ ત્યજી પ્રભુભક્તિ ગુરુસેવા, દાનાદિ કોઈ પણ ધર્મ અનુષ્ઠાનોના સેવન દ્વારા ચિત્તને નિર્મળ બનાવવું જોઈએ. મલિન મન નિર્મળ બને એવું જ ચિંતન કરવું, એવું જ વચન બોલવું અને એવું જ આચરણ કરવું જેથી સમતા ઉત્પન્ન થાય.

જ્યાં સમતા હોય છે ત્યાં જ ધર્મ હોય છે. સમતા વિનાનો ધર્મ, ધર્મ કહી શકાય નહિ.

ક્ષમાદિ દશ યતિ - ધર્મ જ સર્વ ધર્મોમાં શિરોમણિ છે અને તે મૈત્ર્યાદિ ભાવનાઓથી ભાવિત બનેલા સમતાના સાગર એવા સુસાધુ ભગવંતોને જ હોય છે.

## સામ્યોપદેશ

**ત્રીજો પ્રકાશ :**

સમતાનું સુખ સર્વ સંગના ત્યાગથી જ મળે છે એમ જાણવા છતાં સંસાર રસિક જીવ ત્યાગને સન્મુખ કેમ થતો નથી ?

વિષય અને કષાયો સદા દુઃખ આપનારા છે એમ જાણવા છતાં કેમ તેની સન્મુખ દોડે છે, એ સમજી શકાતું નથી.

વિષય અને કષાયોનું સૂક્ષ્મ સ્વરૂપ સમજીને તેનો ત્યાગ કરવાથી આત્મામાં સમતારૂપી અમૃત ઉત્પન્ન થાય છે. તે સમતાથી ચિત્ત અત્યંત નિર્મળ બને છે. સમતા સુધાના કુંડમાં મગ્ન બનેલા યોગીને એવા અનુપમ સુખનો અનુભવ થાય છે જેવું સુખ ચક્રવર્તી, વાસુદેવ કે ઇન્દ્રને પણ મળતું નથી. મુનિની સમતા રસમાં લયલીનતા થાય તે સહજાનંદતા, આત્મારામતા કે ઉન્મનીકરણ કહેવાય છે. તેની પ્રાપ્તિનો ઉપાય

છે. -માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિમાં સર્વત્ર- સદા-સૂતા કે જાગતા,રાત્રિ કે દિવસે બધા જ કાર્યોમાં સમતા ભાવ રાખવો. સમતાને મન વચન અને કાયાથી ભાવિત બનાવવી એ જ પરમ યોગ છે.

જો તારો આત્મા સમતા સુખથી સંતુષ્ટ હોય તો સમગ્ર વિશ્વ તારાથી સંતોષ પામશે. લોક સંજ્ઞાને અનુસરવાથી શું ? તું તારા આત્માને જ સમતાથી ભાવિત બનાવ. કારણ કે સમતા માટે જ સર્વ શાસ્ત્રોમાં સદાચારનું પાલન અને ધર્મનિયમાદિ યોગોનો નિર્દેશ વિસ્તારથી થયેલો છે.

જગતમાં સૂર્ય સદા ઉષ્ણ પ્રકાશ આપે છે. ચન્દ્ર સદા શીતલ પ્રકાશ આપે છે. તેમ સૂર્ય અને ચન્દ્ર સમાન યોગીએ સહજાનંદતા રૂપ પરમ સમતાનો આનંદ અનુભવવો જોઈએ. સમતાને આત્મસાત્ બનાવવાનાં બે સાધનો મુખ્ય છે : જીવમૈત્રી અને જિનભક્તિ.

મૈત્રી : સર્વ જીવો પ્રત્યેના મૈત્રીભાવ ને અત્યંત ભાવિત બનાવી, "જીવ માત્ર મારો જ આત્મા છે"- એવી દૃષ્ટિથી સર્વ જીવ રાશિને આત્માથી અભિન્નપણે જોતો મુનિ મૈત્ર્યાદિ ભાવનારૂપી અમૃતમાં મગ્ન બની પરમ સમતાનું સુખ અનુભવે છે. તેથી સંક્લેશનો સર્વનાશ થાય છે. ભક્તિવડે પરમાત્માને પ્રસન્ન બનાવવા, આજ્ઞાપાલન, સેવા વડે સદ્ગુરુને સંતુષ્ટ બનાવવા, મૈત્રી ક્ષમાદિ ધર્મોથી આત્માને સદા પ્રસન્ન બનાવવો, એ જ સ્વ-પર કલ્યાણનો ઉપાય છે. આત્માનુ- ભૂતિના મુખ્ય સાધનો પાંચ છે : નિઃસંગતા, નિર્મમતા, ઉપશાન્તતા, નિરીહતા અને સંયમરતિ. એ પાંચેના સતત અભ્યાસથી લય અવસ્થામાં આત્મતત્ત્વનો પરમાનંદ અવશ્ય અનુભવી શકાય છે.

મુમુક્ષુ મુનિ બાહ્ય અભ્યંતર તપથી તપેલો લય-સમાધિ

દશામાં વિશ્રાન્તિ પામે છે. સમતારૂપી બખ્તરથી ચારિત્રનું રક્ષણ કરતો ધીરવીર મુનિ મોહની સર્વ સેનાનો સહજ રીતે નાશ કરે છે. સમતા જ આત્મસ્વભાવમાં રમણતારૂપ ચારિત્રનું રક્ષણ કરનારી હોવાથી તેનો સતત અભ્યાસ કરવો.

## સત્ત્વનો ઉપદેશ

**ચોથો પ્રકાશ :**

રજોભાવ અને તમોભાવને તજી સત્ત્વ ભાવમાં ચિત્તને સ્થિર બનાવવું. સત્ત્વહીનનો ધર્મમાં અધિકાર જ નથી. કારણ કે સત્ત્વહીન પુરુષ વિષય અને કષાયાદિથી પીડિત થયેલો પ્રતિજ્ઞાનો ભંગ કરી પુનઃ વિષયોમાં આસક્ત બની જાય છે.

સત્ત્વ વિના વિષય અને કષાયોને આધીન થઈ મન ઇન્દ્રિયના ઇષ્ટ વિષયોમાં દોડ્યા કરે છે. તે સમયે ગુરુનું વચન, શાસ્ત્રની શિખામણ અને શુભ ભાવનાઓ પણ ઉપયોગી થતી નથી. કોઈક સત્ત્વશાળી સ્થૂલભદ્ર જેવા વીર પુરુષ જ દુર્જય એવા મનને જીતે છે. કેમ કે આ વિશ્વમાં વિષયો દુઃસહ છે તો કષાયો અતિ દુઃસહ છે, પરિષહો તથા ઉપસર્ગો તો તે બન્નેથી પણ અતિશય દુઃસહ છે. માટે ઉપસર્ગોમાં અત્યંત ધીરતા અને અસંયમમાં અત્યન્ત ભીરુતા રહેવી એ મહાન લોકોત્તર ગુણ છે. સત્ત્વશીલ મુનિમાં તે અવશ્ય હોય છે.

સ્ત્રીરૂપી સમુદ્રમાં જગત ડૂબેલું છે પરંતુ કોઈક ધીર મુનિ કામમલ્લને જીતીને તેમાંથી બહાર નીકળે છે. જિનાગમમાં મુનિઓને સિંહ જેવી વૃત્તિ રાખવાનું કહ્યું છે, તે સત્ત્વશાળી મુનિઓ જ રાખી શકે. સત્ત્વહીન સાધુ તો તેના નામથી પણ ત્રાસ પામે છે, આચરણની વાત દૂર રહી. સુખનો અભિલાષી, આહારાદિની મૂર્ચ્છા વડે મંત્ર-તંત્રાદિ કરીને અમૂલ્ય સંયમને દૂષિત કરીને માનવજન્મને પણ હારી જાય છે.

સત્ત્વ વિના કોઈની સિદ્ધિ થતી નથી કારણ કે સત્ત્વશાળી જ મોહના સૈન્યને પરાજિત કરે છે માટે મુમુક્ષુ સાધકોએ સત્ત્વનું આલંબન લઈ ધર્મના પાલનમાં તત્પર રહેવું

**ભાવશુદ્ધિના સાધનોનો ઉપદેશ**

**પાંચમો પ્રકાશઃ**

મુનિ માનસિક, વાચિક, અને કાયિક ક્રિયાઓમાં ઉપયોગ રાખે છે, તત્ત્વભૂત ધર્મનું અન્વેષણ કરતો રહે છે. મુનિ ચિત્તની ચપળતા, વાણીની કર્કશતા અને કાયાની અશુભ પ્રવૃત્તિઓનો નિરોધ કરી આત્મતત્ત્વમાં તલ્લીન બનેલો રહે છે.

તપનું સેવન કરતો એકાન્ત અને મૌનવડે મુનિ મનને આત્મામાં સ્થિર બનાવે. તેમજ મુનિ લેશમાત્ર પણ સ્વ-પરને સંતાપ પેદા ન થાય તેવું કોમલ, શાન્ત, સરલ, મધુર અને સ્નિગ્ધ વચન બોલે.

ઔચિત્ય ધર્મનું મૂળ છે. તે સર્વ કાર્યોમાં સિદ્ધિ આપે છે અને લોકપ્રિયતા પેદા કરે છે. ઔચિત્યગુણથી કોઈને પણ અપ્રીતિ ઉત્પન્ન ન થાય એવું આચરણ સહજપણે થાય છે ધર્માર્થીએ ઔચિત્ય ગુણને પુષ્ટ બનાવવું જોઈએ.

સદાચારનું પાલન ધર્મનું બીજ છે.

સદાચાર મૂર્તિમાન ધર્મ છે, સર્વને દૃષ્ટિગોચર થાય છે. સદાચારના પાલનથી ધૈર્ય ગુણ દૃઢ બને છે, યશ ફેલાય છે અને અક્ષય સુખનું નિધાન મળે છે માટે સદાચારનું સતત પાલન સ્વ-પરને પરમ હિતકારી છે.

ત્રણે લોકમાં જે કોઈ રાગાદિ દોષો છે, તે સર્વ લોભજન્ય છે. વિનય, વિવેક વૈરાગ્યાદિ ગુણો સંતોષથી પેદા થાય છે. માટે લોભનું મૂળ નષ્ટ કરવા પર - વસ્તુની અપેક્ષાનો ત્યાગ કરવો. તેથી ઉત્સુકતા નષ્ટ થાય છે. આત્મ સ્વભાવમાં પરમ

સ્થિરતા થવાથી પરમાનંદ પેદા થાય છે. માટે મુનિએ સર્વપ્રથમ અપેક્ષાને ત્યજી દેવી જોઈએ.

જ્યાં વક્રતા હોય, માયા પ્રપંચ હોય છે ત્યાં અધર્મ હોય છે અને જ્યાં સરળતા હોય, ત્યાં ધર્મ હોય છે. મુમુક્ષુએ વક્રતા તજી સરળ બનવું જોઈએ.

સુખના ચાર સાધનો સર્વશ્રેષ્ઠ છે - નમ્રતા, સરળતા, સંતોષ અને મૈત્રી. આ ચારેનો સતત અભ્યાસ કરવાથી કરગડુ મુનિની જેમ પરમસુખ પ્રાપ્ત થાય છે.

મુનિએ પોતાના આત્માને સ્વયં હિતશિક્ષા આપતા રહેવું જોઈએ, જેથી પ્રમાદ દૂર થાય છે. અપ્રમત્તપણે સંયમની આરાધના થાય :

હે મૂઢ ! મરણ સમય નજીક આવ્યો છતાં તું કેમ ચેતતો નથી ? હજી પણ તારું મન તો વિષયો તરફ દોડ્યા જ કરે છે તેને હવે અંકુશમાં રાખી, વિષયોથી વિરક્ત બની બાહ્ય તપમાં તત્પર થઈ, સ્વાધ્યાય-ધ્યાનાદિમાં સ્થિર મગ્ન બની જા તો શેષ જીવન સફળ થશે.

હે આત્મન્ ! નિગોદાદિમાં તેં અનન્ત પુદ્ગલ પરાવર્તો સુધી છેદનભેદનાદિ પીડાઓ સહન કરી છે, હવે તે સર્વ દુઃખોના નાશક એવા સંયમમાં પડતા કષ્ટને સમતાથી સહી લે. ખેદ પામીશ નહિ.

હે આત્મન્ ! તું અનેક જીવોને વિવિધ પ્રકારની શારીરિક, માનસિક પીડાઓ આપે છે. તેથી ભવિષ્યમાં તારું શું થશે ? પ્રમાદાધીન થઈ તું ધર્મમાં ઉદ્યમ કરતો નથી, તો નરકાદિ દુઃખથી ધર્મ વિના અન્ય કોણ તારું રક્ષણ કરશે ? તેનો વિચાર કરજે.

મુનિ જ્યારે સંયમતપાદિના દુઃખને પણ પરમ સુખરૂપ માને છે અને વિષયજન્ય સુખને દુઃખરૂપ માને છે ત્યારે મોક્ષ તરત મળે છે.

જંગલમાં રહીને પણ આંતરિક સુખમાં મગ્ન, રાગદ્વેષરહિત, શાન્ત, નિષ્પરિગ્રહી સાધુને જે સુખ મળે છે તે ચક્રવર્તીને પણ મળતું નથી.

જેમ જેમ સંસારી પ્રાણીઓને દુઃખી જુએ છે, તેમ તેમ વિશુદ્ધ કરુણાભાવવાળો સાધુ સંસારથી વિરક્ત બને છે.

ગુરુકુળ વાસમાં રહેલો, ઉત્સર્ગ -અપવાદને જાણી તેનો યથાયોગ્ય સ્થાને પ્રયોગ કરતો મુનિ ભવસાગરનો અવશ્ય પાર પામે છે. આ રીતે ઔચિત્યાદિ ગુણોને ભાવિત બનાવી આત્માને સંયમ - ધર્મમાં દૃઢ બનાવવો જોઈએ.

■ ■ ■

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | વાંકીતીર્થ-ચાતુર્માસની ઝલક | ૩ |
| | પ્રવેશ | ૫ |
| | યોગસાર સંક્ષિપ્ત પરિચય | ૧૧ |
| ૧. | પ્રથમ પ્રસ્તાવ | ૧ |
| ૧. | દ્વિતીય પ્રસ્તાવ | ૯૮ |
| ૧. | તૃતીય પ્રસ્તાવ | ૧૪૨ |
| ૧. | ચતુર્થ પ્રસ્તાવ | ૧૭૦ |
| ૧. | પંચમ પ્રસ્તાવ | ૨૦૧ |

# યોગસાર

(સવિવેચન)

॥ ऊँ ह्रीँ श्रीं अर्हं नमः ॥

ऊँ ह्रीँ अर्हं श्री शंखेश्वर-पार्श्वनाथाय नमः

## (प्रथम प्रस्ताव)

## यथावस्थितदेव स्वरुपोदेशः

**प्रणम्य परमात्मनं, रागद्वेषविवर्जितम् ।**
**योगसारं प्रवक्ष्यामि, गम्भीरार्थं समासतः॥**

**અર્થ :** રાગદ્વેષથી રહિત એવા વીતરાગ પરમાત્માને પ્રણામ કરીને ગંભીર અર્થથી પૂર્ણ એવા યોગસાર ગ્રન્થનું સંક્ષેપથી કથન કરીશ.

**ભાવાર્થ :** ગ્રન્થકાર મહર્ષિ પ્રારંભમાં મંગલરૂપે શ્રી વીતરાગ અરિહંત પરમાત્માને નમસ્કાર કરીને વીતરાગતા પ્રાપ્ત કરાવવા સમર્થ એવા યોગનું સ્વરૂપ સમજાવવા માટે "યોગસાર" નામના ગ્રન્થની રચના કરે છે.

... આ ગ્રન્થ, યોગના જિજ્ઞાસુઓને અત્યંત ઉપકારક બની શકે તે માટે તેઓશ્રીએ સંક્ષિપ્ત શ્લોકોમાં અત્યંત ગંભીરથી ગંભીર અર્થો વર્ણવ્યા છે. અનેક વિશાળકાય યોગ ગ્રન્થોનો સાર- અત્યંત સરલ ભાષામાં સંક્ષેપથી સંગ્રહ કરી આ ગ્રન્થનું સાર્થક નામ "યોગસાર" રાખ્યું છે. "યોગ" એટલે જે મોક્ષ સાથે આત્માનો સમ્બન્ધ કરાવે તે -

સદનુષ્ઠાન : સાધકની સાધના, તેના મુખ્ય બે ભેદ નિશ્ચય યોગ અને વ્યવહાર યોગ.

[૧]નિશ્ચયથી યોગ : સમ્યગ્‌જ્ઞાન, સમ્યગ્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રનો આત્મા સાથે સંબંધ થવો તે.

વ્યવહારથી યોગ : તેનાં કારણો જેમ વિનય, પરિચર્યા એટલે ધર્મશાસ્ત્રોમાં કહેલા અનુષ્ઠાનો ગુરુવિનય, સેવા અને વિધિનિષેધોનું પાલન કરવું.

પરમ પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ યોગની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે : ''સાધકની જે પરિશુદ્ધ ધર્મપ્રવૃત્તિ મહાનન્દરૂપ મોક્ષ સાથે સમ્બન્ધ કરાવે તે સર્વવિશુદ્ધ ધર્મઅનુષ્ઠાન-પ્રવૃત્તિને ''યોગ'' કહેવાય છે.

સર્વ ધર્મઅનુષ્ઠાન સ્વભૂમિકાને યોગ્ય- ઉચિત હોય અને તે શાસ્ત્રાજ્ઞારૂપ અમૃતથી સંયુત હોય તે સર્વ યોગ જ છે. જિનાજ્ઞાનું બહુમાન એ અમૃત છે તેનાથી પરિશુદ્ધ ધર્મપ્રવૃત્તિ થાય છે.

આ પ્રમાણે ગુરુ વિનય, શાસ્ત્રશ્રવણની તીવ્ર અભિલાષા અને શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોનું વિધિપૂર્વક આરાધન કરવું અને નિષિદ્ધ કાર્યો-હિંસાદિનો ત્યાગ કરવો તે વ્યવહારથી યોગ છે. અને આ સર્વ અનુષ્ઠાનો નિશ્ચયયોગરૂપ સમ્યગ્ જ્ઞાન-દર્શન અને સમ્યક્ ચારિત્રના કારણો હોવાથી યોગ કહેવાય છે.

સમ્યગ્ જ્ઞાનાદિ મોક્ષના શાશ્વત સાધન છે અને વિનયાદિ પરંપરાએ મોક્ષના સાધન છે પરંતુ તેના આચરણ વિના જ્ઞાનાદિ પ્રાપ્ત થઈ શકતા નથી માટે સાધકને સર્વપ્રથમ

વ્યવહારયોગનું આરાધન કરવું જોઈએ. તો જ મોક્ષરૂપ સાધ્ય સિદ્ધ થઈ શકે. કારણથી જ કાર્ય ઉત્પન્ન થાય એ નિયમ છે. તે સર્વત્ર પ્રસિદ્ધ છે. નિશ્ચય - યોગનીસિદ્ધિ વ્યવહાર યોગથી જ થાય. બન્ને પ્રકારના યોગોનું સ્વરૂપ પ્રસ્તુત યોગસાર ગ્રન્થમાં વર્ણન કરેલું છે. તેમાં સર્વપ્રથમ વ્યવહાર યોગનું સ્વરૂપ બતાવવા યથાવસ્થિત દેવનું સ્વરૂપ પ્રથમ પ્રસ્તાવમાં કહ્યું છે તેમજ તે પરમાત્માની આજ્ઞાનું પાલન કરવાનું બતાવ્યું છે.

## વીતરાગનું ધ્યાન

**यदाध्यायति यद् योगी, याति तन्मयतां तदा ।**
**ध्यातव्यो वीतरागस्तद्, नित्यमात्मविशुद्धये ॥२॥**

યોગી જ્યારે જે ધ્યેયનું ધ્યાન કરે છે ત્યારે તે સ્વયં તે ધ્યેય સાથે તન્મયતા પામે છે. અર્થાત્ તે ધ્યેય-સ્વરૂપે પોતાને -જુએ છે. તેથી મોક્ષાર્થી સાધકે નિત્ય નિયમિત આત્માની વિશુદ્ધિ મેળવવા માટે વીતરાગ પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ. જેથી અલ્પ કાળે વીતરાગ સ્વરૂપને પામી શકાય.

**ભાવાર્થ** : યોગસાધનાનું સાધ્ય મોક્ષ છે, મોક્ષ એ આત્માનું પૂર્ણ આનંદ સુખમય સ્વરૂપ છે. તે પૂર્ણ શુદ્ધ સ્વરૂપ પરમાત્માને પ્રગટ થયું છે. તેથી તેમનું આદર બહુમાન પ્રેમપૂર્વક કરેલું પૂજન, સ્મરણ ધ્યાન અને તેમની સાથે થયેલી તન્મયતા (લય) સાધકના સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રગટાવે છે. મોક્ષનાશ્રેષ્ઠ સાધનો-નો નિર્દેશ કરતા પ્રારંભમાં

સર્વપ્રથમ ગ્રન્થકાર વીતરાગના ધ્યાનનું કથન કરે છે. તેથી ધ્યાનયોગની પ્રધાનતા સિદ્ધ થાય છે. સમસ્ત દ્વાદશાંગીનો સાર શ્રી તીર્થંકર પરમાત્માના સ્વરૂપનું ધ્યાન છે. ધ્યાનની યોગ્યતા પ્રગટાવવા માટે શેષ અહિંસા, સંયમ, તપ આદિ અનુષ્ઠાનો છે.

જિનાગમોમાં સાધુ-શ્રાવકના મૂળ ગુણો અને ઉત્તર ગુણોનો નિર્દેશ ધ્યાનયોગને સિદ્ધ કરવા માટે કરેલો છે.

ધ્યાનની સિદ્ધિ અને સફળતા તો જ મળે જો ધ્યેય ઉચ્ચ અને પરમ પવિત્ર હોય. સર્વગુણસંપન્ન હોય અર્થાત્ મુમુક્ષુ ધ્યાતાના ધ્યેય રૂપ પરમાત્મા જ હોવા જોઈએ. કહ્યું પણ છે "જેહ ધ્યાન અરિહંત કો, સોહી આતમ ધ્યાન ફેર કછુ ઈણમે નહિ, એહી જ પરમનિધાન." પરમાત્માનું ધ્યાન એ સ્વશુદ્ધ આત્માનું જ ધ્યાન છે, કારણ કે પરમાત્મા અને આત્માનું શુદ્ધ સ્વરૂપ નિશ્ચયથી સમાન છે અને પરસ્પર ચેતના લક્ષણથી એકતા છે. પરમાત્માનું સ્વરૂપ જાણી તેમનું અનન્યશરણ સ્વીકારી બહુમાનપૂર્વક સ્તવન સ્મરણ અને ધ્યાન કરવાથી સાધકનું પ્રચ્છન્નપણે રહેલું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. પરમાત્માના આલંબન વિના કોઈ પણ સાધક શુદ્ધ સ્વરૂપને પામી શક્તો નથી માટે પરમાત્માનું ધ્યાન સદા કરતા રહેવું જોઈએ.

પરમાત્માનું નામ, મૂર્તિ, દ્રવ્ય અને ભાવ અવસ્થા આ ચાર નિક્ષેપ એ પરમાત્માનાં જ ચાર સ્વરૂપ છે. તેથી જ શાસ્ત્રોમાં ચારપ્રકારના જિનેશ્વર કહ્યા છે. :

નામજિન, સ્થાપનાજિન દ્રવ્યજિન અને ભાવજિન.

(૧) નામજિન : તીર્થંકર પરમાત્માનું સામાન્ય કે વિશેષ નામ તે નામજિન છે. અરિહંત, વીતરાગાદિ સામાન્ય નામો અને પાર્શ્વનાથ, શાંતિનાથ આદિ નામો વિશેષ છે. તે નામોનું ઉચ્ચારણ, સ્મરણ કરતાં જ પરમાત્મા સાધકના હૃદયમાં પધારે છે. પ્રભુના સર્વનામો પરમાત્મસ્વરૂપ છે.

(૨) સ્થાપનાજિન : પરમાત્માની પ્રતિમા એ સ્થાપના જિન છે.

(૩) દ્રવ્યજિન : પરમાત્માની પૂર્વ અવસ્થા અને ઉત્તર અવસ્થા એ દ્રવ્યજિન કહેવાય. જેમ શ્રેણિક મહારાજા અને સિદ્ધ અવસ્થા.

(૪) ભાવજિન : સમવસરણમાં દેશના આપતા તીર્થંકર ભાવજિન છે. પદસ્થ ધ્યાનમાં નામ તીર્થંકરનું રૂપસ્થ ધ્યાનમાં સ્થાપના તીર્થંકરનું પિંડસ્થ ધ્યાનમાં દ્રવ્ય તીર્થંકર છદ્મસ્થ અવસ્થાગત પ્રભુનું અને રૂપાતીત ધ્યાનમાં પરમાત્માના કેવલજ્ઞાનાદિ ગુણોનું ધ્યાન થાય છે. તેના પ્રભાવે શુદ્ધ આત્માનો અનુભવ થાય છે.

## પરમાત્માનું અભેદ ધ્યાન

**शुद्ध स्फटिक संकाशो, निष्कलश्चात्मनाऽऽत्मनि ।**
**परमात्मेति संज्ञातः प्रदत्ते परमं पदं ॥३॥**

પરમાત્માનાં ધ્યાનમાં તન્મય બનેલો અંતરાત્મા, સત્તાએ શુદ્ધ સ્ફટિકરત્નતુલ્ય નિર્મલ-નિષ્કલ નિરાકાર સ્વરૂપ પોતાના આત્માને સ્વઆત્મામાં- પોતા-વડે પરમાત્મરૂપે જાણે છે. ત્યારે સાધકને સ્વયંપરમાત્મા પરમપદ પ્રદાન કરે છે.

**ભાવાર્થ** : શ્રી વીતરાગ પરમાત્માના સાલંબન ધ્યાનના સતત અભ્યાસથી સાધક નિરાલંબન ધ્યાનને સિદ્ધ- કરી શકે છે. તે સમયે ચિન્માત્ર સમાધિ દશામાં સાધક પોતાના આત્મ પ્રદેશોમાં ગુપ્તપણે વ્યાપક બનીને રહેલા સત્તાએ સિદ્ધ પરમાત્મા તુલ્ય નિરંજન નિરાકાર પરમ જ્યોતિસ્વરૂપી આત્માને સ્વ-સંવેદન વડે પરમાત્મ સ્વરૂપે જાણે છે. જુએ છે અને અનુભવે છે ત્યારે તે પરમાત્મા તેને અજરામર પદ સ્વયં આપે છે. અર્થાત્ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકરૂપતા અર્થાત્ સમાપત્તિ સિદ્ધ થવાથી ધ્યાતા અન્તરાત્મા, ધ્યેય પરમાત્મા સાથે એકતા અનુભવે છે. તેથી તે એકીકરણ સમરસીભાવ અને લય પણ કહેવાય છે. કહ્યું પણ છે :- જે ધ્યાન દશામાં સાધકનો આત્મા પરમાત્મામાં અભેદ ભાવે લયલીન બને છે તે જ સમરસી ભાવ છે, તે જ પ્રભુના સ્વરૂપ સાથે એકીકરણ છે.

આ સમાપત્તીએ પદસ્થ-પિંડસ્થ-રૂપસ્થધ્યાનનાં દીર્ઘકાલીન અભ્યાસ વડે સિદ્ધ થાય છે.

[૧]ગુરુભક્તિના પ્રભાવે સિદ્ધ થયેલી આ સમાપત્તિ સાધકને શ્રી તીર્થંકર પરમાત્માનું દર્શન અને મિલન કરાવે છે. જે દર્શન મોક્ષનું શાશ્વત સુખ પ્રદાન કરે છે.

### સમાપત્તિનું સ્વરૂપ

**गुरुभक्तिप्रभावेन, तीर्थकृद्दर्शनं मतं ।**
**समापत्यादिभेदेन, निर्वाणैकनिबन्धनम् ॥**

**( योगदृष्टि )**

"જ્ઞાનસાર"માં ધ્યાનાદિનું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે : "ધ્યાતા- ધ્યાનનો અધિકારી, યોગ્ય સાધક અન્તરાત્મા સમ્યગ્ દૃષ્ટિ આદિ છે. ધ્યેય પરમાત્મા છે, ધ્યાન-જ્ઞાનની એકાગ્રતારૂપ છે- અને સમાપત્તિ એ- ત્રણેની એકતારૂપ છે. અર્થાત્ ધ્યાનમાં ધ્યાતાનો ભેદ હોય છે. હું પરમાત્માનું ધ્યાન કરી રહ્યો છું એવું સંવેદન હોય છે, પરંતુ સતત પ્રભુના સાલંબન ધ્યાન વડે નામ અને મૂર્તિના ધ્યાન વડે ચિત્તવૃત્તિઓને વિલય થવાથી પરમાત્મા સાથે અભેદ-એકતાનો અનુભવ થાય છે તેને સમાપત્તિ, સમાધી, ઉન્મનીકરણ ભાવ પણ કહે છે.

[૨]"જ્ઞાનસાર"માં સમાપત્તિનું સ્વરૂપ બતાવ્યું છે :-

ઉત્તમ નિર્મલમણિની જેમ શુભધ્યાનથી ક્ષીણ ચિત્તવૃત્તિવાળા, અત્યંત નિર્મળ એવા અન્તરાત્મામાં પરમાત્માનું પ્રતિબિંબ પડે છે તે સમાપત્તિ છે. જેમ નિર્મળ સ્ફટિકમાં પ્રથમ સામે રહેલા બાહ્ય વસ્તુનું પ્રતિબિંબ પડે છે અને પછી તે સ્ફટિક પણ વસ્તુના વર્ણ સ્વરૂપ બની જાય છે તેમ અહીં ધ્યાન દશામાં રહેલા સાધકના નિર્મળ ચિત્તમાં પ્રથમ પરમાત્માનું સ્વરૂપ ઉપસ્થિત થાય છે તે 'તત્સ્થતા' સમાપત્તિ છે અને પછી તે ધ્યાતા સાધક સ્વયં પોતાને પરમાત્મસ્વરૂપે જુએ છે, અનુભવે છે તે 'તદંજનતા' સમાપત્તિ કહેવાય છે. પ્રથમ પરમાત્માના ધ્યાનમાં સ્થિરતા થવાથી સાધકને પોતાના આત્મામાં પણ સત્તાએ પરમાત્મ સ્વરૂપ રહેલું છે. मयि- तद्रुपता એવું જ્ઞાન થાય છે. तदंजनता- પ્રભુના ધ્યાનમાં તન્મયતા થતા "(स एव अहम्)" હું પણ

તે પરમાત્મા છું. એવી અનુભૂતિ થાય છે.

**किन्तु न ज्ञायते तावद् यावद मालिन्यमात्मनः ।**
**जाते साम्येन नैर्मल्ये, स स्फुटः प्रतिभासते ॥४॥**

પરન્તુ જ્યાં સુધી રાગદ્વેષની મલીનતા હોય છે ત્યાં સુધી આત્મામાં પરમાત્મા જણાતા નથી પણ સમતાના અભ્યાસ દ્વારા ચિત્તની નિર્મળતા થતાં તે પરમાત્માનો આત્મામાં સ્પષ્ટ રીતે અનુભવ થાય છે.

**ભાવાર્થ** : પૂર્વના શ્લોકમાં સમાપત્તિ દ્વારા આત્મામાં પરમાત્માનું દર્શન-મિલન થાય છે એમ જણાવી હવે તેનાં સાધનો, સમાપત્તિને સિદ્ધ કરવાના ઉપાયો બતાવે છે.

સમાપત્તિનાં મુખ્ય સાધન ત્રણ છે - નિર્મળતા, સ્થિરતા, તન્મયતા. મન-વચન અને કાર્યની નિર્મળતા પવિત્રતા કરવા માટે સર્વપ્રથમ સાધકે પ્રયત્ન કરવો જોઈએ. તે નિર્મળતા-સમતા સામ્યના સતત અભ્યાસથી પ્રાપ્ત થાય છે. કારણ કે અનાદિ સંસારમાં જીવોને અનાદિથી રાગદ્વેષ, વિષયકષાયોની વૃત્તિ- પ્રવૃત્તિઓનો અભ્યાસ થયેલો છે તેના નિવારણ માટે સર્વપ્રથમ શુભ-અનુષ્ઠાનોનું યમનિયમાદિનું પાલન કરવું અત્યંત આવશ્યક છે.

વીતરાગ પરમાત્મા પ્રત્યે પ્રીતિ-ભક્તિ અને તેમના કહેલા સિદ્ધાંતોનું આદર બહુમાનપૂર્વક શ્રવણ, ચિંતન-મનન કરવું, જિનેશ્વર ભગવંત પ્રત્યે અત્યંત પ્રેમ, નમસ્કાર, સ્તુતિ કરવી આચાર્ય-તપસ્વી સાધુ મહાત્માઓની યથોચિત સેવાભક્તિ

ઔષધાદિનું દાન કરવું, સહજ વૈરાગ્ય, મૈત્ર્યાદિ ભાવોનું ચિંતન શાસ્ત્રોનું લેખન-પૂજન પ્રકાશનાદિ કરવું એ યોગના ઉત્તમ બીજો છે. યોગની યોગ્યતા વિકસાવવાના શ્રેષ્ઠ સાધનો છે.

યોગબિન્દુમાં યોગની પૂર્વભૂમિકામાં પૂર્વસેવાનું વર્ણન છે તેમાં ગુરુ- દેવનું પૂજન, સદાચારોનું પાલન, યથાશક્તિ તપનું આચરણ અને મુક્તિ પ્રત્યે અદ્વેષ એમ ચાર પ્રકારની પૂર્વસેવા કહી છે. તેના આરાધનથી યોગસાધનાના યોગ્ય અધિકારી બની શકાય છે.

આ પૂર્વ - સેવા અને યોગના બીજો સાધકના મન-વાણી અને કાયાને નિર્મળ, પવિત્ર બનાવી યોગ (ધ્યાન)ની યોગ્યતા વિકસાવે છે. તેથી સાધક અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતાયોગની ભૂમિકાને અનુક્રમે પ્રાપ્ત કરે છે.

અધ્યાત્મ યોગમાં શાસ્ત્રાનુસારે મૈત્ર્યાદિ ભાવનાઓથી ભાવિત થઈ, ઔચિત્યપૂર્વક અણુવ્રતો અથવા મહાવ્રતોનું પાલન કરવાપૂર્વક જીવાદિ તત્ત્વોનું ચિંતન હોય છે જેના પ્રભાવે સાધકના જીવનમાં નિર્મળતા- આત્મગુણોની વૃદ્ધિ અને શુદ્ધિ થાય છે તે જ અધ્યાત્મ યોગનું ફળ છે. કહ્યું પણ છે : આ અધ્યાત્મ યોગના સતત સેવનથી જ્ઞાનાવરણીય આદિ ક્લિષ્ટ કર્મોનો ક્ષય થાય છે. સત્ત્વ-આત્મવીર્ય ગુણની પુષ્ટિ થાય છે, શીલ-ચિત્તની સમાધિ પ્રાપ્ત થાય છે. જ્ઞાન-વસ્તુ તત્ત્વ આત્માનો બોધ થાય છે. જેના પ્રભાવે શાશ્વત, વિશુદ્ધ રત્નના જેવું તેજસ્વી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે તથા સ્વસંવેદનસિદ્ધ અનુભવ અમૃત પ્રાપ્ત થાય છે. અર્થાત્ આ

અધ્યાત્મયોગ અતિ ભયંકર મોહરૂપ વિષના વિકારોનો નાશ કરનારો હોવાથી અનુભવસિદ્ધ અમૃત જ છે.

આ અધ્યાત્મયોગની સાધનાદ્વારાજન્ય સામ્યથી નિર્મળ બનેલા સાધકને પોતાના આત્મામાં પણ પરમાત્માનો સ્પષ્ટ અનુભવ થાય છે તે જ સ્વસંવેદનથી પ્રત્યક્ષ થતું પ્રેમ-પીયૂષ છે.

**तत्त्वनन्तानुबन्ध्यादि - कषायविगम क्रमाद्।**
**आत्मनः शुद्धिकृत् साम्यं, शुद्धं शुद्धतरं भवेत्॥ ५ ॥**

આત્માની નિર્મળતા-પણ અનંતાનુબંધી ક્રોધાદિ ચારે કષાયોના ક્રમિક નાશ થવાથી વૃદ્ધિ પામે છે, અને તેથી, આત્મશુદ્ધિને કરનારું સામ્ય શુદ્ધ શુદ્ધત્તર બનતું જાય છે.

**ભાવાર્થ :** પ્રભુના દર્શન-મિલનમાં અંતરાય કરનારા દર્શન મોહનીય અને અનન્તાનુબંધી કષાય આદિ ચારિત્ર-મોહનીયના ભેદો-પ્રભેદો છે. તેનો ઉપશમ-ક્ષયોપશમ-અને ક્ષય થવાથી અર્થાત્ અનુક્રમે તેનો નાશ થવાથી સમતા - સામ્ય વૃદ્ધિ પામે છે. સામ્યનીશુદ્ધિ-અને વૃદ્ધિ કષાયોની મલીનતા દૂર થવાથી થાય છે.

જેમ શરીર અને વસ્ત્રનો મેલ સાબુ અને સ્વચ્છ પાણીથી દૂર થાય છે. તેવી રીતે મન અને આત્માને મલીન બનાવનારા મિથ્યાત્વ અને ક્રોધાદિ કષાયોરુપ ભાવમલનો નાશ સદ્જ્ઞાન અને સમ્યક્ અનુષ્ઠાનોની વિધિપૂર્વક આરાધના કરવાથી થાય છે, તેમાં જેમ જેમ ભાવોલ્લાસની વૃદ્ધિ થાય છે તેમ તેમ કષાયોનો, મોહનો હ્રાસ થવાથી સામ્ય શુદ્ધ શુદ્ધતર

બને છે અને સામ્યશુદ્ધિની જેમ જેમ વૃદ્ધિ થતી જાય તેમ તેમ આત્માની શુદ્ધિનો પ્રકર્ષ વધતો જાય છે.

યોગબિન્દુમાં અધ્યાત્મયોગની સાધના - અનેક રીતે બતાવી છે. (૧) મૈત્ર્યાદિભાવયુક્ત જીવાદિતત્ત્વોનું ચિંતન, (૨) પરમાત્માના નામમંત્રનો જપ (૩) સ્વયોગ્યતા અનુસારે - ધર્મની પ્રવૃત્તિ કરવી અને આત્મ નિરીક્ષણ કરવું. (૪) દેવ ગુરુ આદિને વંદન-નમસ્કાર-સ્તવન કરવું અર્થાત્ વિધિપૂર્વક ચૈત્ય વંદનાદિ કરવાં, બંને ટંક પ્રતિક્રમણ કરવું તથા જીવોપ્રત્યે મૈત્ર્યાદિનું ચિંતન કરવું એ પણ - અધ્યાત્મયોગ કહેવાય છે.

ભાવનાયોગ - પૂર્વોક્ત અધ્યાત્મયોગનો ચિત્ત સમાધિ-પ્રસન્નતાપૂર્વક હંમેશા વૃદ્ધિ પામતો પુનઃ પુનઃ અભ્યાસ થાય તે ભાવના- યોગ છે અને તે ભાવના- યોગના પ્રભાવે ક્રોધાદિ અશુભ સંસ્કારોની નિવૃત્તિ થાય છે, અને જ્ઞાનાદિ પાંચ આચારોનાં પાલનની અનુકૂળતા (સામર્થ્ય) પ્રાપ્ત થાય છે, તથા ચિત્ત-શુદ્ધિ પ્રતિદિન વૃદ્ધિ પામે છે. આ પ્રમાણે અધ્યાત્મયોગ-રૂપ-તત્ત્વચિંતન, પ્રભુના નામ- મંત્રનો જાપ ચૈત્યવંદન, દેવવંદન, પ્રતિક્રમણાદિ શ્રેષ્ઠ અનુષ્ઠાનોના સતત અભ્યાસથી ભાવનાયોગની સિદ્ધિ થાય છે અને તેના ફળરૂપે અનંતાનુબંધી, અપ્રત્યાખાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન કોટિના ક્રોધ માન-માયા-લોભનો વિગમ-નાશ થવાથી જ્ઞાનાદિ આચારોનું નિરતિચીરપણે પાલન કરવાનું સામર્થ્ય વૃદ્ધિ પામે છે - તેથી આત્મા અને ચિત્તની શુદ્ધિ વૃદ્ધિ પામે છે અર્થાત્ અનંતાનુબંધી ક્રોધાદિના ક્ષયોપશમથી સાધકને જે સમતા

પ્રગટે છે. તેના કરતાં અપ્રત્યાખ્યાની કષાયોના નાશથી ઉત્પન્ન થયેલી સમતા વિશેષ નિર્મળ હોય છે. તે સમતા - વડે સાધકની આત્મશુદ્ધિ પૂર્વ કરતા અધિક હોવાથી પરમાત્માનું દર્શન વિશેષ સ્પષ્ટ રીતે થાય છે. આ રીતે પ્રત્યાખ્યાની ક્રોધાદિ અને સંજ્વલન ક્રોધાદિ કષાયોના નાશથી વિશેષ સમતા પૈદા થાય છે, તેના પ્રભાવે સાધકની ચિત્તશુદ્ધિ વધવાથી તેને પૂર્વ કરતાં પ્રભુનું દર્શન અત્યન્ત સ્પષ્ટ, સ્પષ્ટતર રીતે થાય છે. અધ્યાત્મયોગ કરતાં ભાવનાયોગના સાધકની આત્મશુદ્ધિ અધિક હોય છે, તે બન્ને યોગોના સતત અભ્યાસથી ધ્યાનયોગની ભૂમિકા પ્રાપ્ત થાય છે.

**साम्यशुद्धि क्रमेणैव स विशुद्धयत आत्मनः ।**
**सम्यक्त्वादि गुणेषु स्यात, स्फुटः स्फुटतरः प्रभुः ॥६॥**

સામ્યશુદ્ધિના ક્રમ વડે. સમ્યક્ત્વાદિ ચતુર્થ ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધી સર્વગુણસ્થાનકોમાં અનુક્રમે વિશિષ્ટ વિશુદ્ધિ થતા આત્માને તે પરમાત્મા સ્પષ્ટ - સ્પષ્ટતર રૂપે અનુભવાય છે.

**ભાવાર્થ :** પૂર્વોક્ત શ્લોકમાં અનંતાનુબંધી આદિ કષાયોના ક્ષયોપશમાદિ જન્ય સામ્યશુદ્ધિનું તારતમ્ય બતાવેલું છે સામ્યશુદ્ધિના ક્રમિક વિકાસથી વિશુદ્ધ વિશુદ્ધતર બનેલા સમ્યગ્દષ્ટિ આદિ સાધકોને પ્રભુનું સ્પષ્ટ-સ્પષ્ટતર રીતે દર્શન થાય છે. સામ્ય શુદ્ધિના આ ક્રમિક વિકાસમાં મુખ્ય કારણ તે તે ગુણસ્થાનોમાં થતું સ્વોચિત અનુષ્ઠાનનું પાલન છે, તેથી જ ધ્યાનયોગ અને સમતાયોગની સાધના વૃદ્ધિ પામે

છે અને સામ્યશુદ્ધિનો પ્રકર્ષ વધતો જાય છે.

અધ્યાત્મ અને ભાવનાયોગના સતત અભ્યાસથી સૂક્ષ્મ ધ્યાનની યોગ્યતા પ્રગટે છે. યોગબિન્દુમાં ધ્યાનનું લક્ષણ અને તેનું ફળ વર્ણવેલું છે.

**शुभैकालम्बनंचित्तं, ध्यानमाहुर्मनीषिणः ।**
**स्थिर प्रदीपसद्दशं, सूक्ष्माभोगसमन्वितम् ॥ ३६२ ॥**

સૂક્ષ્મ-ઉત્પાદાદિવિષયક સૂક્ષ્મ ઉપયોગ યુક્ત, સ્થિરદીપકતુલ્ય, પ્રશસ્ત- એક શુભપદાર્થના આલંબનવાળાં એકાગ્રચિત્તને વિદ્વાનો ધ્યાન કહે છે. અર્થાત્ પરમાત્માદિ શુભ આલંબનમાં મનનો પ્રવાહ સ્વજાતીયધ્યાનની અખંડ ધારા ચાલતી હોય છે, તે ધ્યાન કહેવાય છે.

**ધ્યાનનું ફળ :** પ્રભુના ધ્યાનમાં સાધકનું ચિત્ત અખંડ ધારા બદ્ધ પ્રવાહે-વારંવાર એકાગ્ર બનવાથી સહજમલની હાનિ-થાય છે. તેથી મન આત્માને આધીન-વશ થાય છે, આત્માના પરિણામો વિશુદ્ધ અને સ્થિર બને છે. સદા શુભ ઉત્તમ વિચારધારા ચાલતી રહે છે જેથી નવીન અશુભ કર્મોના અનુબંધનો વિચ્છેદ થાય છે. આ પ્રમાણે --

ધ્યાનની નિરંતર સતત સાધનાના પ્રભાવે સમતાનો અખંડ પ્રવાહ ચાલે છે. તેને સમતા-યોગ, સમાધિ પણ કહે છે.

"કહ્યું પણ છે : અનાદિ અવિદ્યાજન્ય વાસનાવશ-વસ્તુઓમાં ઈષ્ટ અને અનિષ્ટની કલ્પના-ભ્રાન્તિ થાય છે. તેને સમ્યક્જ્ઞાન-વિવેકથી ઈષ્ટાનિષ્ટની કલ્પના તજી સમભાવ ધારણ કરવો અર્થાત્ સર્વપદાર્થ વિષયક ઈષ્ટ - અનિષ્ટની

કલ્પનાથી મનને મુક્ત કરી સમતા રાખવી, તે સમતા-યોગ કહેવાય છે.

સમતાયોગની સિદ્ધિ થવાથી સાધકને અનેક પ્રકારની આમર્ષૌષધિ આદિ લબ્ધિઓ પ્રગટ થાય છતાં તેનો પ્રયોગ ન થાય, સૂક્ષ્મ કેવલજ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મોનો પણ ક્ષય થાય અને કર્મ બંધના હેતુ ભૂત અપેક્ષા તંતુનો સર્વથા વિચ્છેદ થઈ જાય.

આ પ્રમાણે ધ્યાન અને સામ્યનો પરસ્પર અન્યોન્ય કારણ- કાર્યભાવ છે. સામ્ય વિના ધ્યાન ન થાય તેમજ ધ્યાન વિના નિષ્કંપ સમતા પેદા ન થાય. મોહનીય કર્મથી આત્માની મલીનતા થાય છે, તેના નાશથી સમતા પ્રગટે છે. સમતાની વૃદ્ધિ થવાથી આત્મ - પરિણામોની - વિશુદ્ધિ પ્રથમ જેમ જ ગુણસ્થાનકમાં પ્રથમયોગ- દૃષ્ટિ મિત્રાદૃષ્ટિથી અનુક્રમે જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ સાધકને ચારદૃષ્ટિમાં બીજરૂપે અને સમ્યક્વાદિગુણોમાં સ્પષ્ટ સ્પષ્ટતરપણે પરમાત્માનું દર્શન થાય છે.

'યોગદૃષ્ટિ- સમુચ્ચય'માં પ્રથમ ગુણ- સ્થાનકમાં પણ મિત્રા-તારા-બલા અને દીપ્રાદૃષ્ટિના સાધકોને ઉત્તરોત્તર શ્રદ્ધા યુક્ત બોધની તથા અદ્વેષ-જિજ્ઞાસાદિ સદ્‌ગુણોની વૃદ્ધિ બતાવી છે.

આ ચાર દૃષ્ટિઓ અપુનર્બંધક - અવસ્થામાં હોય છે, માર્ગાભિમુખ માર્ગપતિતને ચાર દૃષ્ટિઓ હોય છે. શેષ ચાર દૃષ્ટિઓ સમ્યગ્દૃષ્ટિ -દેશવિરત શ્રાવક અને સર્વવિરત સાધુ ભગવંતોને હોય છે.

શ્રદ્ધાયુક્ત આત્મતત્ત્વનો બોધ એ આંતરિક આત્મતત્ત્વનો અનુભવ સ્વસંવેદનરૂપ હોય છે તે જ્ઞાનપ્રકાશનો આવિર્ભાવ પ્રથમ મિત્રા દૃષ્ટિમાં અલ્પમાત્રામાં હોય છે પછી ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો જાય છે તે આત્મદૃષ્ટિની નિર્મળતા જાણવા માટે તૃણાગ્નિ વિગેરે આઠ દૃષ્ટાન્તો જણાવેલા છે. તે નીચે પ્રમાણે કોષ્ટકથી સમજવું.

દૃષ્ટિનિર્મલશ્રદ્ધાયુક્ત બોધદોષ પરિહારયોગનાં અંગ ગુણ-પ્રાપ્તિ

| દૃષ્ટિ | પ્રકાશની ઉપમા | દોષ પરિહાર | યોગના ભંગ | ગુણ પ્રાપ્તિ |
|---|---|---|---|---|
| ૧. મિત્રા | તૃણનો અગ્નિ | ખેદ | યમ | અદ્વેષ |
| ૨. તારા | છાણનો અગ્નિ | ઉદ્વેગ | નિયમ | જિજ્ઞાસા |
| ૩. બલા | લાકડાનો અગ્નિ | ક્ષેપ | આસન | તત્ત્વ શુશ્રૂષા |
| ૪. દીપ્રા | દીપ-પ્રભા | ઉત્થાન | પ્રાણાયામ | તત્ત્વ-શ્રવણ |
| ૫. સ્થિરા | રત્ન-પ્રભા | ભ્રાન્તિ | પ્રત્યાહાર | સૂક્ષ્મબોધ |
| ૬. કાન્તા | તારાનો પ્રકાશ | અન્યમુદ્ | ધારણા | તત્ત્વમીમાંસા |
| ૭. પ્રભા | સૂર્યનો પ્રકાશ | રૂગ્ | ધ્યાન | તત્ત્વ-પ્રતિપત્તિ |
| ૮. પરા | ચન્દ્રનો પ્રકાશ | આસંગ | સમાધિ | આત્મપ્રવૃત્તિ |

(૧) આ રીતે મિત્રા દૃષ્ટિમાં સાધકનો જ્ઞાનપ્રકાશ તૃણ-ઘાસના અગ્નિતુલ્ય હોવાથી અલ્પકાલ ટકે છે.

તથા અલ્પવીર્ય (શક્તિ) હોવાથી સ્મરણ શક્તિ મંદ હોય તેથી ચૈત્યવંદનાદિ ક્રિયામાં ઉપયોગની શુદ્ધિ રહેતી નથી.

(૨) તારા દૃષ્ટિમાં છાણાના અગ્નિકણ જેવો તત્ત્વબોધ હોય છે, મિત્રા દૃષ્ટિ-કરતાં બોધ વધુ વખત રહે છે છતાં વીર્યની વિકલતા હોય છે.

(૩) બલાદૃષ્ટિમાં સાધકનો તત્ત્વબોધ કાષ્ઠાગ્નિના કણ

જેવો હોય છે તથા બન્નેથી બોધની સ્થિતિ અને વીર્ય વિશેષ વધવાથી ધર્મ ક્રિયા પ્રીતિપૂર્વક થાય છે.

(૪) દીપ્રાદષ્ટિમાં તત્ત્વનો બોધપ્રકાશ દીપકની પ્રભાતુલ્ય વિશિષ્ટ પ્રકારનો અને વધુ સ્થિતિયુક્ત હોય છે તેથી અનુષ્ઠાનમાં વીર્યોલ્લાસ પણ વધારે હોય છે. પ્રભુ સાથે સમાપત્તિ - એકતાનો અનુભવ થવાથી ગ્રન્થિભેદની પૂર્વ ભૂમિકા-ચરમયથા - પ્રવૃત્તિ- કરણના વિશુદ્ધ પરિણામ - ગુરુભક્તિના પ્રભાવે ઉત્પન્ન થાય છે. આ દષ્ટિમાં પ્રથમ ગુણસ્થાનકનો પ્રકર્ષ પ્રાપ્ત થાય છે.

(૫) સ્થિરા દષ્ટિમાં સાધકનો આત્મનુભવ-રત્નની કાંતિ સમાન સ્થિર હોય છે. મુખ્યતયા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને આ દષ્ટિ હોય છે તેથી અપ્રતિપાતી, પ્રવર્દ્ધમાન અપાયરહિત પરસંતાપ રહિત અને આત્મતુપ્તિકારક હોય છે. આ ભૂમિકામાં દર્શનમોહનીય (મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીય-સમ્યક્ત્વમોહનીય)ના ક્ષય-અથવા ઉપશમ-કે ક્ષયોપશમ સાથે અનંતાનુબંધી કષાયનો પણ ક્ષય-ઉપશમ કે ક્ષયોપશમ થયેલો હોવાથી સામ્ય-પ્રશમભાવ પૂર્વની દષ્ટિઓ કરતાં વિશેષ વિશુદ્ધ હોય છે. તેનું કારણ એ છે કે - પૂર્વની મિત્રાદિ ચારદષ્ટિઓમાં પાંચ યમ-(અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તથા પાંચ નિયમો શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાનનું દઢતાપૂર્વક પાલન થવાથી આસન અને ભાવપ્રાણયામની નિપુણતા પ્રાપ્ત થયેલી છે. તેમજ ધ્યાનમાં અંતરાયભૂત ચિત્તનાં દોષો-ખેદ, ઉદ્વેગ ક્ષેપ,

અને ઉત્થાન દોષનો અભાવ થવાથી દીપકની પ્રભા જેવો જ્ઞાનપ્રકાશ પ્રગટેલો હોય છે. તેના પ્રભાવે ગ્રંથિભેદ થતાં ભ્રાન્તિદોષ પણ દૂર થવાથી રત્નની પ્રભાતુલ્ય આત્મતત્ત્વનો અનુભવપ્રકાશ પ્રગટે છે, કહ્યું પણ છે:

**स्थिरायां दर्शन नित्यं प्रत्याहारवदेव च।**
**कृत्यमभ्रान्तमनघं, सूक्ष्मबोध समन्वितम् ॥२॥**

સ્થિરાદૃષ્ટિમાં આત્મદર્શન - તત્ત્વબોધ સ્થિર, નિત્ય હોય છે. સૂક્ષ્મ આત્માનું સ્વરૂપ ધ્યાન વડે જ અનુભવાય છે તેથી દેહમાં આત્મભ્રાન્તિ થતી નથી. ઈન્દ્રિયજય સહજ રીતે થાય છે, ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન વિધિપૂર્વક કરાય છે. આત્મા એક પરમ આંતર જ્યોતિ સ્વરૂપ, અરૂપી, સર્વરોગ-બાધારહિત છે. તે જ આ વિશ્વમાં પરમતત્ત્વ છે, શેષ આત્મા સિવાયના સર્વ જડ પદાર્થો એ ઉપદ્રવ - રૂપ છે. અસાર છે માટે હેય છે. એમ જાણી સાધક આત્મ-ધ્યાનમાં સ્થિર થાય છે.

(૬) કાન્તાદૃષ્ટિમાં તત્ત્વજ્ઞાનનો પ્રકાશ તારામંડલ જેવો સ્થિર-શાંત હોય છે તેથી તત્ત્વની વિચારણા ધારણા-સ્થિરતાપૂર્વક કરે છે, અન્ય અશુભવિચારો આવતા નથી. યોગનું ધારણા અંગ અહીં સિદ્ધ થાય છે. તેથી આત્મસ્વભાવમાં સહજ રીતે યોગી સ્થિર બને છે. તેના વિશુદ્ધ સદાચાર વડે સર્વ લોકો પ્રીતિ ધારણ કરે છે. અન્ય - મુદ્દોષનો નાશ થઈ જવાથી પ્રત્યેક સદનુષ્ઠાન સ્થિરતા, ધીરતાપૂર્વક

થાય છે. તેથી આ કાન્તા દૃષ્ટિવાળો દેશવિરતિ સાધક ગંભીર - ઉદાર અને વિનિયોગ- આશયથી યુક્ત હોય છે.

(૭) પ્રભાદૃષ્ટિમાં આત્મતત્ત્વની પ્રતિપત્તિ - અનુભૂતિ અત્યન્ત-સ્પષ્ટ હોય છે, સૂર્ય સમાન - તેજસ્વી સૂક્ષ્મ જ્ઞાન પ્રકાશ અને નિર્મળ ધ્યાન હોય છે તેથી અપૂર્વ - આત્મિક સહજ સુખ- નિર્વિકારતા, પરમ પ્રશમનો આનંદ પ્રાપ્ત થાય છે. સતત ધ્યાન દશા વર્તતી હોય છે.

ગુણસ્થાનક છઠા-સાતમામાં પ્રમત્ત - અપ્રમત્ત અવસ્થાના ઉત્તરોત્તર વિશુદ્ધ સંયમ સ્થાનકોની જેમ જેમ વિશેષ વૃદ્ધિ થાય છે તેમ તેમ તેજોલેશ્યા - આત્મિકઆનંદ, પ્રશમ સુખ વધે છે. અને સમાધિનું પરમ સુખ અનુભવતો યોગી પ્રભુનું સ્પષ્ટતર દર્શન કરે છે.

(૮) પરાદૃષ્ટિમાં રહેલા સાધકનો તત્ત્વબોધ ચન્દ્રના પ્રકાશ જેવો શીતલ નિર્મલ હોય છે. આસંગદોષનો અભાવ થવાથી પરમસમાધિ, નિર્વિકલ્પ ધ્યાન દશાવર્ત્તતી હોય છે. ચંદનની સુવાસની જેમ સર્વપ્રવૃત્તિઓ આત્મસાત્ બની જાય છે. નિરતિચાર આચારવાળો પ્રતિક્રમણાદિ ક્રિયારહિત હોય છે. તે ક્ષપક શ્રેણિમાં આરુઢ થાય છે. આઠમા અપૂર્વ-કરણ ગુણસ્થાનકે મુખ્યધર્મ-સંન્યાસરૂપ સામર્થ્યયોગ પ્રાપ્ત કરે છે ત્યારે ક્ષાયોપશમિક ક્ષમાદિધર્મોની નિવૃત્તિ થાય છે. અને ક્ષાયિક ક્ષમાદિ ગુણો પ્રગટે છે, જેના પ્રભાવે ઘાતી કર્મનો સર્વથા ક્ષય અનુક્રમે થાય છે. તે આ પ્રમાણે :-
આઠમા અપૂર્વકરણના અંતે - હાસ્યાદિ છ નોકષાયોનો ક્ષય

થવાથી નવમાગુણઠાણે છાસઠ કર્મ પ્રકૃતિ ઉદયમાં હોય છે, તેમાંથી ત્રણવેદ, સંજવલન ત્રિકનો ક્ષય થતાં દશમાં ગુણઠાણે સાઠ કર્મ પ્રકૃતિ ઉદયમાં હોય છે, તેમાંથી સૂક્ષ્મ લોભનો ક્ષય થવાથી ૧૧માં ગુણઠાણે ૫૯ ઉદયમાં હોય, તેમાંથી ઋષભનારાચ દ્વિકનોક્ષય થતાં ૧૨માં ગુણઠાણે માત્ર ૫૫ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય છે.

આ પ્રમાણે સમ્યક્ત્વાદિનવ ગુણઠાણાઓમાં મોહનીયાદિ ચાર ઘાતી કર્મોના નાશથી જેમ જેમ મલીનતા ઓછી થાય છે અને સમતાની શુદ્ધિ - નિર્મળતા વૃદ્ધિ પામે છે તેમ તેમ તે સાધકને પરમાત્મ- પ્રભુનું સ્પષ્ટ-સ્પષ્ટતર સ્પષ્ટતમ રીતે દર્શન થાય છે.

**सर्वमोहक्षयात् साम्ये, सर्वशुद्धे सयोगिनि ( नः )।**
**सर्व- शुद्धात्मनस्त्वेष प्रभुः सर्वस्फुटीभवेत् ॥ ७॥**

મોહનો સંપૂર્ણ ક્ષય થવાથી સામ્યની પૂર્ણશુદ્ધિ થતાં સંપૂર્ણ શુદ્ધાત્મા એવા સયોગી કેવળીને આ પરમાત્મા સર્વ રીતે સ્પષ્ટ થાય છે. અર્થાત્ તે સ્વયં પણ પરમાત્મા બને છે.

**ભાવાર્થ :** મોહનીય કર્મનો ક્ષય અને શેષ જ્ઞાનાવરણીયાદિ ત્રણ ઘાતી કર્મનો પણ સંપૂર્ણ ક્ષય થવાથી તેરમા - સયોગી ગુણઠાણે સામ્યભાવ પૂર્ણ શુદ્ધ થાય છે તેથી સંપૂર્ણ વિશુદ્ધ બનેલા કેવળજ્ઞાની સર્વજ્ઞ-સર્વદર્શી એવા તે આત્માને પરમાત્મા સર્વ પ્રકારે સ્પષ્ટ થાય છે. અર્થાત્ પરમાત્માનો પૂર્ણ સાક્ષાત્કાર થાય છે. તે ધ્યાન અને સમતાયોગનું પ્રકૃષ્ટ ફળ છે. તેમ જ આ તેરમા ગુણસ્થાનક

સુધી પહોંચવામાં વૃત્તિ- સંક્ષયયોગ પણ સહાયક થાય છે. વૃત્તિ - સંક્ષયયોગનું સ્વરૂપ આ પ્રમાણે છે :

**अन्यसंयोगवृत्तीनां यो निरोधस्तथा तथा ।**
**अपुनर्भावरूपेण स तु तत्संक्षयो मतः ॥ ३६६ ॥**

અન્ય તત્ત્વના સંયોગથી ઉત્પન્ન થયેલી વિકલ્પરૂપ કે પરિસ્પ૦ન્દ રૂપ વૃત્તિઓનો ફરી ક્યારેય ઉત્પન્ન થાય નહિ તેવો નિરોધ કરવો તે વૃત્તિ- સંક્ષયયોગ કહેવાય છે.

મનની પ્રવૃત્તિ વડે વિકલ્પાત્મક વૃત્તિઓ ઉત્પન્ન થાય છે અને કાયા-શરીરની વ્યાપાર વડે પરિસ્પન્દ રૂપ વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. તેમાંથી વિકલ્પ રૂપ વૃત્તિઓ સર્વથા ક્ષય પામવાથી તેરમા સયોગી ગુણઠાણે કેવળજ્ઞાન - દર્શન ક્ષાયિક અનંત ચારિત્ર અને અનંત વીર્ય ગુણ પ્રગટ થાય છે.

કાયિક વ્યાપાર જન્ય પરિસ્પન્દ રૂપ વૃત્તિઓનો નિરોધ તેરમા ગુણઠાણેના અંતે થવાથી. ચઉદમા અયોગી ગુણસ્થાનકે શૈલેષીકરણ સિદ્ધ થાય છે. તેમાં આત્માની મેરુ પર્વત તુલ્ય આત્મ-સ્વભાવમાં નિશ્ચળતા હોય છે. તેનો કાલ પાંચ હ્રસ્વસ્વરના ઉચ્ચારણ કાલ જેટલો હોય છે.

તે શૈલેશીકરણના અંતે એક સમયમાં આત્મા ઋજુશ્રેણિએ ઊર્ધ્વ ગમન કરે છે અને સદા આનંદદાયી, અક્ષય - અનંત અવ્યાબાધ, સર્વશારીરિક બાધાઓથી રહિત એવા મોક્ષને પ્રાપ્ત કરે છે. આ વૃત્તિ- સંક્ષય- યોગનું પ્રકૃષ્ટ પૂર્ણ ફળ છે.

પૂર્વમાં કહેલા અધ્યાત્મ-ભાવના-ધ્યાન અને

સમતાયોગના સતત અભ્યાસથી પણ મનની અશુભવૃત્તિઓનો નિરોધ અને તેના કારણભૂત અશુભ કર્મ-પ્રકૃતિઓનો ક્ષય અનુક્રમે થાય છે. અને તેના પ્રભાવે વૃત્તિસંક્ષયયોગ- પૂર્ણરૂપેસિદ્ધ થાય છે.

અંશ-રૂપે અન્ય-સંયોગજન્ય વિકલ્પરૂપવૃત્તિઓ અને કાયાની પરિસ્પન્દ રૂપ વૃત્તિઓનો નિરોધ અધ્યાત્માદિ સર્વ યોગોમાં થાય છે. તેના દીર્ઘકાલીન અભ્યાસથી તે બન્ને પ્રકારની વૃત્તિઓનો અનુક્રમે પૂર્ણ રૂપે ક્ષય થાય છે.

મોહના સંપૂર્ણ ક્ષયથી સર્વ શુદ્ધ સમતાવાલા, સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામેલા સયોગી કેવલીને તે પરમાત્માનું પ્રત્યક્ષ-દર્શન થાય છે. સંપૂર્ણ વિશ્વના ભૂત ભાવિ વર્તમાન કાલના સર્વભાવોનું પ્રયત્ક્ષ દર્શન અને જ્ઞાન થાય છે, જેમાં સિદ્ધ ભગવંતોનાં પૂર્ણ શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષ જુએ છે તેવી રીતે સર્વ સંસારી જીવોની સત્તામાં રહેલા શુદ્ધ સ્વરૂપને પણ પ્રત્યક્ષ જુએ છે, અને જાણે છે.

**कषाया अपसर्पन्ति, यावत् क्षान्त्यादि ताडिताः।**
**तावदात्मैव शुद्धोऽयं, भजते परमात्मताम् ॥८॥**

જ્યારે ક્ષમાદિ દશ યતિધર્મો - (સદ્‌ગુણ) વડે તર્જના કરાયેલા કષાયો દૂર થાય છે - ક્ષય થાય છે (કે ઉપશાન્ત થાય છે) ત્યારે શુદ્ધ થયેલો આ આત્મા જ પરમાત્મતાને પરમાત્મ-પદને પામે છે.

**વિવેચન :** પૂર્વે મોહનાક્ષયથી પૂર્ણ સામ્યની શુદ્ધિ

થવાથી શુદ્ધાત્માને પરમાત્માનું પ્રત્યક્ષદર્શન થાય છે એમ બતાવ્યું છે.

તે મોહ કષાય રૂપ છે તેનો જય-ક્ષમાદિ-ધર્મોના અભ્યાસ વડે થાય છે. કષાય - એટલે સંસારનો આય-લાભ-વૃદ્ધિ, તેના કારણથી જ જીવ સંસારમાં અનાદિકાલથી પરિભ્રમણ કરે છે. તે કષાયોનો જય ક્ષમાદિ ગુણો દ્વારા થાય છે, ક્ષમાદિના સેવનથી જેટલા પ્રમાણમાં ક્રોધાદિ કષાયો - ઓછા થાય છે, તેટલા પ્રમાણમાં સામ્યની શુદ્ધિ વધે છે, (વૃદ્ધિ પામે છે.) અને જે સામ્યશુદ્ધિ ઉપશમ કે ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી હોય છે, તે અલ્પકાલ રહે છે. ફરી કષાયોની પ્રબલતા થવાથી મલીન અશુભભાવો ઉત્પન્ન થાય છે. તેથી સાધકને સામ્યનો આનંદ અનુભવાતો નથી. સામ્યશુદ્ધિ હોય ત્યારે પરમાત્માનું દર્શન થાય છે, તેનો પરમાનંદ સમાધિ અવસ્થામાં જ અનુભવી શકાય છે. એમ જાણનારો સાધક પરમાત્માએ કહેલી ભૂમિકાને ઉચિત સદ્નુષ્ઠાનોનું સતત આરાધન કરીને પુનઃ તે કષાયોનો નિરોધ કરી પુનઃ સામ્યશુદ્ધિ પ્રાપ્ત થતાં સમાધિ દશામાં પરમાત્માનાં દર્શન મિલનનો પરમાનંદ "અનુભવે છે ત્યારે સત્તાએ શુદ્ધ છું," એવો અનુભવ સાધક્ને અવશ્ય થાય છે.

**अपसर्पन्ति ते यावत् प्रबलीभूय देहिषु ।**
**स तावन् मलीनीभूत्तो, जहाति परमात्मताम् ॥९॥**

જ્યાં સુધી તે કષાયો પ્રબળ થઈને જીવો ઉપર આક્રમણ કરતા હોય છે. મલીનતા પેદા કરતા હોય છે ત્યાં સુધી

તે જીવો મલીન હોવાથી પરમાત્માનો અનુભવ કરી શકતા નથી. પરંતુ પરમાત્માને તજી દે છે.

**ભાવાર્થ** : કષાયોના ઉપશમથી તથા ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી સમાધિમાં મગ્ન થયેલો યોગી પરમાત્મા સાથે એક્તા સિદ્ધ કરી અભેદ ધ્યાન વડે સ્વ સત્તામાં રહેલી પરમાત્મતાનો અન્તર્મુહૂર્ત સુધી અનુભવ કરી શકે છે, તે પછી. ઉપશાન્ત થયેલા કષાયો પ્રબલ બનીને ઉદયમાં આવે છે. ત્યારે મલીન ભાવવાળો તે સાધક પરમાત્માના ધ્યાનથી ચલિત થતાં સ્વસત્તામાં રહેલી પરમાત્માને ભૂલી જાય છે. અર્થાત્ પરમાત્મ- ભાવને ભૂલી દેહાત્મભાવ - બહિરાત્મભાવને પામે છે. ગુણસ્થાનકની અપેક્ષાએ ચાર કષાયો અને દર્શન મોહનીયાદિનો ક્ષયોપશમ સાતમા ગુણઠાણા સુધી હોય છે, તે પછી આઠમા ગુણઠાણાથી ઉપશમ અથવા ક્ષય કરવાનો હોય છે. ઉપશમ શ્રેણીવાળો યોગી આઠમે ગુણઠાણે હાસ્યાદિષટ્કનો ઉપશમ કરે છે. અને નવમે ગુણઠાણે - સંજ્વલન ક્રોધ-માન માયા અને ત્રણ વેદનો ઉપશમ કરે છે. અને દશમા ગુણઠાણે સૂક્ષ્મ લોભનો પણ ઉપશમ કરી અગ્યારમે ગુણઠાણે સંપૂર્ણ મોહનીયનો ઉપશમ થવાથી વીતરાગ-દશા પરમાત્માનો સાક્ષાત્ અનુભવ કરે છે. પરંતુ અન્તર્મુહૂર્ત પછી ઉપશાન્ત થયેલા કષાયો ફરીને ઉદયમાં આવે છે.

આ ગુણઠાણું જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત માત્ર રહે છે. તે પછી સત્તામાં રહેલા કષાયો

ઉદયમાં આવવાથી પતન થાય છે. પ્રતિપાત - બે રીતે થાય છે, ભવક્ષયથી અને અદ્ધાક્ષયથી.

(૧) **ભવક્ષય :** આયુષ્યપૂર્ણ થવાથી મૃત્યુ પામે તો તે અવશ્ય અનુત્તર દેવલોકમાં જાય ત્યાં ઉત્પત્તિના પ્રથમ સમયે ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત થાય.

(૨) **અદ્ધાક્ષય :** ઉપશાન્ત મોહ ગુણઠાણાનો કાલ પૂર્ણ થવાથી પતન થાય તો જે ક્રમે તે જીવ ઉંચે ચડ્યો હોય તે જ ક્રમે પડે છે. પડતાં સાતમાં અને છઠ્ઠા ગુણઠાણા સુધી તો આવે જ છે, ત્યાં જો સ્થિર ન થાય તો પાંચમે અને ચોથા ગુણઠાણે પણ આવે છે. તો કોઈક જીવ ત્રીજે થઈને પહેલે અને કોઈક બીજે સાસ્વાદન ગુણઠાણે થઈ પહેલે મિથ્યાત્વ ગુણઠાણે આવી ઊભો રહે છે. અને અત્યાર સુધી કરેલા પ્રબળ પુરુષાર્થનું ફળ હારી જાય છે.

આ રીતે કષાયોના ઉપશમથી પ્રાપ્ત થતી સમાધિ દશામાં પરમાત્માનાં અભેદ ધ્યાનના પ્રભાવે અનુભવેલી પરમાત્મતા, વીતરાગતાનો પણ તે ઉપશાન્ત કષાયોનો પ્રબલ વિપાકોદય થવાથી મલીન બનેલો સાધક ત્યાગ કરે છે. પરમાનંદરસથી પૂર્ણ ભરેલા આત્માને ભૂલી જાય છે. અને દેહભાવને પામે છે - કહ્યું પણ છે : શ્રુત કેવળી - ચઉદપૂર્વધરોપણ ઉપશમ શ્રેણિમાં આરુઢ થયેલા વીતરાગતા - પરમાત્મતાનો પરમ આનંદ અનુભવવા છતાં અશુભ કર્મની પ્રબળતા થતાં - મિથ્યાત્વ દશાને પામી અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ

કરે છે. તેથી આ કષાયોનો કદી વિશ્વાસ કરવો નહિ પણ ક્ષમાદિ ગુણો દ્વારા તે કષાયોનો નિગ્રહ-નાશ કરવો જોઈએ.

**कषायास्तन्निहन्तव्या स्तथा तत्सहचारिणः ।**
**नोकषायाः शिवद्वारार्गलींभूता मुमुक्षुभिः ॥ १० ॥**

તેથી તે મોક્ષ દ્વારમાં અર્ગલા રૂપ ચાર ક્રોધાદિ કષાયોનો તથા તેના સહચારી - સદા સાથે રહેનારા એવા નોકષાયોનો મુમુક્ષુઓએ નાશ કરવો જોઈએ.

**ભાવાર્થ :** મોક્ષદ્વારની અર્ગલા - ભોગળ સમાન કષાયો છે. સમતા - સમાધિરૂપ ચારિત્ર એ મોક્ષનું દ્વાર છે, તે સમતાના અવરોધક ક્રોધાદિ ચાર કષાયો છે. અને તે કષાયોને ઉત્તેજિત કરનારા હાસ્યાદિ નોકષાયો છે.

મુમુક્ષુ - સાધકોને મોક્ષમાં શીઘ્ર જવાની તીવ્ર અભિલાષા હોય છે તેથી તેમને પ્રેરણા આપતા શ્રી ગ્રન્થકાર મહર્ષિ કહે છે. આ ચારે ક્રોધાદિ કષાયોનો ક્ષમાદિ ગુણોથી નિગ્રહ કરવો જોઈએ.

લેશ માત્ર પણ કષાયને અવકાશ આપવો નહિ. તેમાં ક્રોધ એ અગ્નિતુલ્ય છે. એક અગ્નિનો કણ પણ જેમ વધીને સમગ્ર ઘર કે ગામને બાળીને ભસ્મ કરી દે છે. તેમ થોડો પણ ક્રોધ-દ્વેષ ભાવ એક જીવ પ્રત્યે પણ થવાથી તે આત્માના સમસ્ત ક્ષમાદિ ગુણોનો નાશ કરે છે. એમ જાણીને સાધકે તે દ્વેષ - ભાવને - મૈત્રી ક્ષમા વડે દૂર કરવા પ્રબળ - પુરુષાથ કરવો જોઈએ તેવી રીતે માન - માયા - અને

લોભકષાય તથા તેને સહાય કરનારા હાસ્યાદિનોકષાયોનો પણ તેના પ્રતિપક્ષી સદ્ગણો વડે. નિગ્રહ કરવો જોઈએ. તે હવે બતાવે છે.

**हन्तव्यः क्षमया क्रोधो, मानो मार्दवयोगतः ।**
**माया चार्जव भावेन, लोभसंतोष पोषतः ॥ ११ ॥**

ક્ષમા ગુણ વડે ક્રોધનો, મૃદુતા - કોમલતાના યોગથી માનનો ઋજુતાભાવથી માયાનો અને સંતોષની પુષ્ટિથી લોભનો નાશ કરવો જોઈએ.

**ભાવાર્થ :** કષાયોનો નાશ - નિગ્રહ ક્ષમાદિ ગુણોના સતત અભ્યાસથી જ થઈ શકે છે, તેથી અનુક્રમે ચારે કષાયોનો જયકરવા ક્ષમાદિગુણોનું સ્વરૂપ વર્ણવે છે.

ક્રોધ એ જ્વર છે. અત્યન્ત વિષય દુષ્ટ જ્વર છે. તેથી આંખો લાલચોળ થઈ જાય છે, હોઠ ફડફડે છે. બાહ્ય અને અન્તરમાં તાપ - સંતાપ ઉત્પન્ન થાય છે. ક્રોધના આવેશથી મનુષ્ય પોતાની સૂધબૂધ ગુમાવી, વિવેકશૂન્ય બની વિવિધ કુચેષ્ટાઓ કરતો હોય છે - તે દુષ્ટ ક્રોધજ્વરનો નાશ કરવા માટે ક્ષમારૂપી પરમ સંજીવની ઔષધિ તુલ્ય ક્ષમાનું સદા સેવન કરવું જોઈએ, ગમે તેવા અપરાધી જીવને પણ ક્ષમા આપવી, તેના પ્રત્યે લેશ માત્ર દ્વેષ ન કરવો મૈત્રી ભાવ રાખવો જેથી ક્ષમાગુણની પુષ્ટિ થાય છે.

આત્માના નિરન્તર વૃદ્ધિ પામતા આનંદને ક્રોધાગ્નિની જ્વાલાઓ નષ્ટ કરે છે, ચેતનના ચિદાનંદમય કોમળ દેહને ક્રોધ સંતપ્ત બનાવે છે. માટે સાધક કરુણાના પ્રફુલ્લિત લતા

મંડપમાં પોતાના આત્માને રાખી સદા ક્ષમારૂપી ગોશીર્ષ ચંદન રસના વિલેપન વડે શાંતિ આપે છે. કહ્યું પણ છે

**"ક્ષમા સાર ચંદન રસે, સિંચો ચિત્ત પવિત્ત,"**
**દયાવેલમંડપ તલે, રહો - લહો સુખમિત ॥ (સમતાશતક)**

ક્ષમાના નિરંતર સેવનથી પ્રશમની પ્રસન્નતા વધે છે. તેથી આત્માનું સહજ સુખ અનાયાસે - પ્રયત્ન વિના પણ સતત અનુભવી શકાય છે. આ રીતે ક્ષમા અને પ્રશમની અનુપમ જોડીને સાધક સદા સાથે જ રાખે છે. તેથી ક્રોધ સુભટનો પ્રબલ પરાજય થવાથી ભાગી જાય છે.

સાધકે માનનો, ગર્વનો નાશ મૃદુતાથી કોમળ સ્વભાવથી કરવો જોઈએ. અભિમાન, ગર્વ એ ઉચ્ચા આઠ શિખરવાળો ઉચ્ચપર્વત છે. તેના ઉપર ચઢેલો વ્યક્તિ બધાને લઘુ તુચ્છ ગણે છે, અભિમાની શિષ્ય પોતાના તારક ગુરુને પણ તુચ્છ ગણે છે. અભિમાની હંમેશાં પોતામાં રહેલી વિશેષતાઓને જ જુએ છે તેથી બીજા ગુણી પુરુષોના ગુણો તેને દેખાતા નથી, અભિમાન પર્વતના આઠ ઉચ્ચા શિખરો છે તે સમ્યગજ્ઞાનના પ્રકાશને રોકે છે ને આત્મિક સુખનો અવરોધ કરે છે. કુલ, જાતિ, રૂપ, શ્રુત, તપ, બલ ઐશ્વર્ય આ આઠ પ્રકારના મદ કરવાથી જીવ નીચ ગોત્ર - કુળ વગેરેને પામે છે. બીજા ભવોમાં તે બળહીન, રૂપહીન બને છે. માટે એવા માન - મહીધરને છેદવા મૃદુતા રૂપ વજ્ર ધારણ કરી સાધકે નમ્રતા કોમળતા - મૃદુતાના અભ્યાસથી અભિમાનનો નાશ કરે છે અને આંતરિક સુખ શાંતિનો અનુભવ કરે છે. કહ્યું પણ છે -

**માન મહીધર છેદ તૂં, કર મૃદુતા પવિ છાત,**
**જયું સુખ મારગ સરલતા, હોવે ચિત્ત વિખ્યાત ॥**

આપણાં ચિત્તમાં અશાંતિ, અસમાધિ ઉત્પન્ન કરનાર મિથ્યા અભિમાન છે, તેને નમ્રતા વડે દૂર કરવાથી ચિત્તશાંતિ, સમાધિ સરળતાથી પ્રાપ્ત થાય છે.

ત્રીજો કષાય માયા છે, તેનો નાશ આર્જવ-સરલતા દ્વારા કરવો. સમગ્ર, સંસાર મૂઢ, જીવો વિશ્વમાં વિકાસ પામતા માયારૂપી વેલડીઓના મંડપ નીચે નિરંતર બેભાન બની સૂઈ રહે છે. અર્થાત્ અનેક પ્રકારે છલ, પ્રપંચ - કપટ, દંભ, ઢોંગ - ધતિંગ પાખંડનું વારંવાર સેવન કરે છે. આ માયારુપી લતાઓનો ચંદરવો સમગ્ર બ્રહ્માંડમાં ફેલાયેલો છે. તે સંતાપ ઉત્પન્ન કરનારી છાયા આપે છે.

માયા કરીને માણસ નિરાંત અનુભવે છે, પરંતુ તે પોતે જ છેતરાય છે. માયાવીને ક્યારે પણ શાંતિ મળતી નથી. સદા શોક સંતાપ અને ભયથી તેનું મન વ્યગ્ર રહે છે. તેથી સદા ચિંતાઓ વડે સંતપ્ત બનેલા માયાવીના જ્ઞાનનયન મીંચાઈ જાય છે. કહ્યું પણ છે.

**વિકસિતમાયાવેલી ઘર, ભવઅટવી કે બીચ.**
**સોવત હૈ નિત મૂઢનર, નયન જ્ઞાન કે મીંચ**

માયા વાંકી ગતિવાલી, બહારથી મૃદુ દેખાવા છતાં અંદરથી કઠોર સ્વભાવવાળી, નિરંતર સાપણની જેમ ડસ્યા કરે છે. ભાવ-પ્રાણને હરી લે છે. અને સકલ ગુણોનો નાશ કરે છે. માયાવી માણસનો કોઈ વિશ્વાસ કરતો નથી. માયાની

આવી ભયંકરતા જાણી સાધકે સરલતા રૂપી જાંગુલી મંત્રનું એકાગ્રતા પૂર્વક સતત સ્મરણ કરવું જોઈએ, જેના પ્રભાવે માયા નાગણ પાસે જ ન આવે અનાદિના અભ્યાસથી માયા-છલ-પ્રપંચ કરવાની કુટેવનો હૃદયની સરલતા દ્વારા નિગ્રહ કરવો જોઈએ.

લોભ એ કષાયોનું મૂળ છે, સર્વદોષો, સર્વપાપોનું કારણ છે, સર્વ પ્રકારના દુઃખો - આપત્તિઓ વિપત્તિઓને લોભ જ આમંત્રે છે. સામ્યશતકમાં લોભના અપાયો બતાવ્યા છે-

લોભરૂપી વૃક્ષના આલંબને તૃષ્ણારૂપી વેલ વૃદ્ધિ પામે છે અને તે મહેનત-પરિશ્રમરૂપી ફૂલોથી વિકસિત થાય છે અને તેમાંથી દુઃખ, અશાન્તિ, ભય, શોકરૂપી ફળો ઉત્પન્ન થાય છે.

લોભના કારણે જ અનેક તૃષ્ણાઓ ઉત્પન્ન થાય છે તે તૃષ્ણાને શાન્ત કરવા જીવ ખૂબ મહેનત કરે છે, શારીરિક માનસિક કષ્ટ સહન કરે છે.

વિષયતૃષ્ણા - ધનતૃષ્ણાના કારણે રાજામહારાજાઓ મહાભયંકર યુદ્ધ કરે છે. મોટા વ્યાપારીઓ સમુદ્રમાં મોટાં વહાણો લઈ મુસાફરી કરે છે. આ રીતે ખેડૂતો, મજૂરો દિનરાત ધન કમાવવા સખત મહેનત કરતા હોય છે. પરંતુ ગમેં તેટલું ધન મળવા છતાં લોભ વધતો જ રહે છે. લાભથી લોભ ઘટતો નથી પણ વધતો જાય છે. કહ્યું પણ છે

**લોભમેઘ ઉન્નતભયે, પાપપંક બહુ હોત,**
**ધર્મહંસ રતિ નહુ લહે, મોહન જ્ઞાન ઉદ્યોત**

લોભરૂપી મેઘ ચઢી આવે ત્યારે પાપરૂપી કાદવ બહુ

થાય, ધર્મરૂપી હંસને આનંદ ન થાય. લોભીને તત્ત્વજ્ઞાન ક્યારે પણ ગમે નહિ તેથી અજ્ઞાન અંધકાર ગાઢ થઈ જાય. લોભ એ સ્વયંભૂરમણ સમુદ્રથી પણ વધુ વિશાળ અને ગંભીર - ઊંડો છે તેથી તેનું શોષણ કરવા સંતોષને હૃદયમાં ધારણ કરી પરવસ્તુની સ્પૃહા સર્વથા તજવી જોઈએ.

**हर्षः शोको जुगुप्सा च, भयं रत्यरती तथा।**
**वेदत्रयं च हन्तव्यं तत्त्वज्ञैर्दृढधैर्यतः ॥ १२॥**

હર્ષ (હાસ્ય), શોક, જુગુપ્સા, ભય, રતિ અને અરતિ તથા પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ આ ત્રણે વેદોનો પણ પ્રબલ પ્રયત્ન - દૃઢ ધૈર્યથી નાશ કરવો જોઈએ.

**ભાવાર્થ :** ક્રોધાદિ ચારે કષાયોને ઉત્તેજિત કરનારા સદા સહચારી એવા નવ નોકષાયોનો નાશ કરવા માટે પણ પ્રબલ પુરુષાર્થ કરવો જોઈએ. કેમકે આ સર્વે મોહરાજાનો પરિવાર છે, તેને જીત્યા વિના રાગદ્વેષનો નાશ થઈ શક્તો નથી. વસ્તુતઃ નવે કષાયો અને ચારે કષાયો પણ રાગ અને દ્વેષ સ્વરૂપ જ છે. તેમાં માયા, લોભ હર્ષ, રતિ, અને ત્રણે વેદની ઉત્પત્તિ રાગથી થાય છે, તથા ક્રોધ, માન, ભય, શોક, જુગુપ્સા અને અરતિની ઉત્પત્તિ દ્વેષના કારણે થાય છે.

પુત્રાદિના જન્મ અને ધનસંપત્તિની પ્રાપ્તિથી હર્ષ ઉત્પન્ન થાય છે. તે જ પુત્રાદિ સ્વજનોના મરણથી તથા ધન, સન્માનની હાનિ થતા શોક સંતાપ થાય છે. કુત્સિત વસ્તુ કે વ્યક્તિને જોવાથી જુગુપ્સા થાય છે. ભય સાત પ્રકારે

થાય છે. મનુષ્યને મનુષ્યથી ભય, પશુ ચોરાદિથી ભય, અકસ્માત્ ભય, આજીવિકાભય, અપયશભય અને મરણનો ભય એમ સાત ભય છે. ઈષ્ટ વસ્તુ, વિષયો મળતાં રતિ અને અનિષ્ટ વસ્તુ, વિષયોમાં અરતિ થાય. સ્ત્રી-પુરુષને પરસ્પર મળવાની ઈચ્છા તે પુરુષવેદ સ્ત્રીવેદ અને બન્નેની અભિલાષાને નપુંસકવેદ કહેવાય, આ નવે કષાયોના ઉત્તેજક હોય છે. તેનો નાશ-તત્ત્વજ્ઞાનીઓ દૃઢ વિવેક - વૈરાગ્ય અને ધૈર્ય દ્વારા કરે છે.

**रागद्वेषमयेष्वेषु हतेष्वान्तरवैरिषु ।**
**साम्येसुनिश्चले यायादात्मैव परमात्मताम् ॥१३॥**

રાગદ્વેષ સ્વરૂપ આ અન્તરંગ શત્રુઓનો સર્વથા નાશ થવાથી અત્યન્ત નિશ્ચલ સમતા પ્રાપ્ત થાય છે, ત્યારે આત્મા જ પોતાની પરમાત્મતાને વિશુદ્ધ ચેતનાને પૂર્ણ અનુભવે છે.

**ભાવાર્થ :** ચારે ક્રોધાદિ કષાયો અને નવ નોકષાયો રાગદ્વેષરૂપ જ છે, રાગદ્વેષના પરિવાર ભૂત છે. અને તે જીવના સામ્ય ગુણરૂપ ચારિત્રના અવરોધક હોવાથી અંતરંગ શત્રુઓ છે, અને તે કાળા નાગ જેવા ભયંકર છે. જ્યારે આ અંતરંગ શત્રુરૂપી વિષધરોમાંથી એક વિષધર પણ જીવને ડસે છે ત્યારે વિવેકરૂપી ભાવ પ્રાણનો નાશ થાય છે તેથી ક્ષણવાર પણ ક્રોધાદિ કષાયોને આધીન થવું નહિ. પરંતુ ક્ષમાદિ ધર્મોના સતત સેવન વડે રાગદ્વેષાદિ આન્તર શત્રુઓનો સર્વથા ક્ષય કરવો. અનેક ભવોના પ્રબલ પુરુષાર્થથી જ્યારે આન્તર શત્રુરૂપ રાગદ્વેષાદિનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે

સમતા અત્યન્ત નિશ્ચળ બનતાં તે આત્મા પરમાત્માને પ્રાપ્ત કરે છે. તે ગુણસ્થાનકના ક્રમથી પૂર્વમાં બતાવેલી સામ્યશુદ્ધિની અનુક્રમે વૃદ્ધિ થવાથી સંપૂર્ણ મોહનો ક્ષય બારમે ગુણઠાણે થતાં પૂર્ણ સામ્યશુદ્ધિના યોગે સયોગી કેવળીને પરમાત્માનું પૂર્ણ-સ્પષ્ટ-પ્રત્યક્ષ દર્શન થાય છે. અર્થાત્ ભેદ અને અભેદ પ્રણિધાન વડે પરમાત્માનાં ધ્યાનમાં અત્યન્ત નિશ્ચલ બની સ્વસત્તામાં રહેલ પરમાત્મ-સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવે છે.

**सन तावद् देहिनां भिन्नः, सम्यग्यावन्न लक्ष्यते।**
**लक्षितस्तु भजत्यैक्यं रागाद्यटज्झजनमार्जनात् ॥१४॥**

તે પરમાત્મા ત્યાં સુધી જ પ્રાણીઓને નહિ જાણવામાં આવે ત્યાં સુધી આત્માથી ભિન્ન ભાસે છે જ્યાં સુધી તે સારી રીતે ઓળખાયા નથી. પણ રાગાદિ મલીનતાના નાશથી ઓળખાયેલા તે પરમાત્મા પોતાના આત્માથી અભિન્ન જણાય છે, એકતા પામેલા હોય તેમ અનુભવ થાય છે.

**ભાવાર્થ** : તે પરમાત્મા સર્વજીવોમાં સત્તારૂપે રહેલા હોવા છતાં રાગદ્વેષાદિ દોષોની મલીનતાના કારણે ઓળખાતા નથી. પ્રભુ - અન્તર્યામી પાસે રહેવા છતાં ભિન્ન ભાસે છે.

**[1]પરમ નિધાન પ્રગટ મુખ આગલે, જગત ઓલંઘી જાય,**
**જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધપલાય.**
**(આનંદઘન ચોવીશી)**

પરમ સુખનાં નિધાન રૂપ પરમાત્મા પ્રત્યેકની જીવ આગળ પ્રત્યક્ષ પ્રગટ રૂપે રહેલા છે, છતાં સમસ્ત જગત

પ્રભુની જ્ઞાન જ્યોતિ વિના, એક અંધ પુરુષ પાછળ બીજા આંધળાઓ દોડતા હોય તેમ - અંતરમાં જ વિરાજમાન પ્રભુને ઓળંગી-ભૂલી જઈ બાહ્ય ભૌતિક - ભાવોમાં પ્રભુને શોધતા હોય છે. કહ્યું પણ છે:

**બાહિર દૃષ્ટિ દેખતાં, બાહિર મન ધાવે,**
**અન્તર દૃષ્ટિ દેખતાં, અક્ષય પદ પાવે.**

**(સીમંધર સ્તવન ૧૨૫-ગાથા)**

બહિરાત્મ-દૃષ્ટિવાળા જીવોનું મનબાહ્ય-ભાવમાં જ સદા ભ્રમણ કરે છે. તેથી તે પોતાના શરીરને જ આત્મા માની તેનાં સુખે સુખી અને તેનાં દુઃખે પોતાને દુઃખી માનતો હોવાથી શરીર-ઈન્દ્રિય સ્વજનાદિને પોષવા અનેક હિંસાદિપાપો, સેવે છે, વિષય-કષાયોને આધીન બને છે, પરંતુ જ્યારે પુણ્યોદયે સદ્‌ગુરુનો સુયોગ મળે છે. ત્યારે તેઓ જ્ઞાનાંજન કરીને પાસે રહેલા અન્તર્યામી પ્રભુના દર્શન કરાવે છે. કહ્યું પણ છે.

**પ્રવચન અંજન જો સદગુરુ કરે, દેખે પરમ નિધાન.**
**હૃદયનયણ નિહાલે જગધણી, મહિમા મેરુ સમાન.**

**(આનંદઘન ચોવીશી)**

સાધકની યોગ્યતા વિકાસ પામતાં, પ્રભુની કૃપાથી પ્રભુ પ્રત્યે પરમ પ્રીતિ અને ભક્તિ પેદા થાય છે, અને પ્રભુનાં દર્શન મિલનની તીવ્ર ઝંખના થતાં સદ્‌ગુરુ, સમ્યગ્‌જ્ઞાન - વિદ્યારૂપી અંજન વડે મિથ્યાત્વ - અવિદ્યાના અંધકારને

દૂર કરે છે. ત્યારે અંતરમાં સદા વિરાજમાન મેરુ સમાન મહામહિમાવાળા પરમાત્માનું દર્શન સાધકને અવશ્ય થાય છે.

શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ સર્વજીવો સત્તાએ સિદ્ધ સમાન છે, તથા સર્વ જીવોના આઠ રુચક પ્રદેશો સદા નિરાવરણ હોવાથી નિશ્ચલ હોય છે. પરંતુ તેનો અનુભવ પરમાત્માનાં સાલંબન - અને નિરાલંબન ધ્યાનના સતત અભ્યાસ દ્વારા અનુક્રમે ગ્રન્થિભેદ થવાથી થાય છે.

શ્રી અરિહંત પરમાત્માના શુદ્ધ દ્રવ્ય- ગુણ-પર્યાયનું ધ્યાન કરી સાધકે પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનું ધ્યાન કરવું જોઈએ. “મારો આત્મા પણ સત્તાએ શુદ્ધ છે. સિદ્ધ સમાન છે, કેવળ જ્ઞાનાદિ અનંત શુદ્ધગુણ-પર્યાયમય છે, શુદ્ધ ચેતના જ મારું સ્વરૂપ છે. હું કર્મમળથી રહિત, નિરંજન નિરાકાર પરમજ્યોતિ સ્વરૂપી છું.” આ રીતે પ્રભુ સાથે અભેદ ભાવે ધ્યાન કરતો સાધક પ્રભુને પોતાના આત્મામાં એકતા પામેલા જુએ છે.

**यादशोऽनंतवीर्यादिगुणोऽतिविमलः प्रभुः ।**
**ताद्दशास्ते तेऽपि जायन्ते, कर्ममालिन्यशोधनात् ॥१५॥**

જેવા અનંત વીર્યાદિ ગુણોવાળા તથા અત્યન્ત નિર્મલ પ્રભુ છે. તેવા તેમનાં ધ્યાનમાં તન્મય બનીને પ્રભુ સાથે એકત્વ- સિદ્ધ કરનાર સાધકો પણ અનુક્રમે કર્મની મલીનતાનો સર્વથા નાશ કરી અને વીર્ય આદિ ગુણો પ્રગટ કરી પૂર્ણ નિર્મલ બને છે.

**ભાવાર્થ :** ધ્યાતા જ્યારે ધ્યેય રૂપ પરમાત્માનું અભેદ ધ્યાન કરે છે, ત્યારે પરમાત્માના પૂર્ણ કેવળ જ્ઞાનાદિ અનંત ગુણોની નિર્મળતા, પૂર્ણતાનું ચિંતન, ધ્યાન અને તે ગુણોમાં તન્મયતા થવાથી ધ્યાતાની ચેતના પણ પ્રભુમય - પ્રભુના ગુણ સ્વરૂપને પામે છે, તે સમયે ઉપયોગથી ભાવ નિક્ષેપે ધ્યાતા પરમાત્મા કહેવાય છે.

યોગ ગ્રન્થોમાં તેને સમાપત્તિ-સમાધિ કહે છે અને તે, પ્રભુના સાલંબન ધ્યાનના સતત અભ્યાસથી અનુક્રમે કર્મમલની શુદ્ધિ વડે વિશુદ્ધ સમતાની વૃદ્ધિ થતાં સિદ્ધ થાય છે. કહ્યું પણ છે :

**आत्मा मनीषिभिरयं त्वदभेदबुद्ध्या,**
**ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभावः ।**
**पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं**
**किं नाम नो विषविकारमपाकरोति ॥**

હે ! જિનેન્દ્ર દેવ ! જે યોગી પુરુષો આપ સાથે અભેદ બુદ્ધિ થી આત્માનું ધ્યાન ધરતા રહે છે, તે આપ જેવા પરમાત્મા જ બને છે. જળને અમૃત માનીને શ્રદ્ધાપૂર્વક પીવામાં આવે તો તે અવશ્ય વિષના વિકારનો નાશ કરે જ છે. (કલ્યાણ મંદિર)

આત્મા વસ્તુતઃ જિનેશ્વર પરમાત્મા સદશ અનંત વીર્યાદિ ગુણોથી યુક્ત, શુદ્ધ સ્ફટિક તુલ્ય સત્તાએ નિર્મલ છે. પરંતુ જ્યાં સુધી મિથ્યાત્વમોહ અને અનન્તાનુબન્ધી

કષાયોની પ્રબલતાના કારણે મલીનતા હોય છે ત્યાં સુધી તેને દેહમાં આત્મબુદ્ધિ થતી હોવાથી પ્રભુનું દર્શન થતું નથી

**જ્ઞાન પ્રકાશે રે મોહ તિમિર હરે, જેહને સદ્ગુરુસૂર,**
**તે નિજ દેખે રે સત્તા ધર્મની, ચિદાનંદ ભરપૂર.**

સદ્ગુરુરૂપી સૂર્ય, સમ્યગ્જ્ઞાનના તેજસ્વી પ્રકાશ વડે મોહાંધકારનો નાશ કરે છે ત્યારે સાધક અપૂર્વકરણ - પ્રબલ વીર્યોલ્લાસ વડે અનાદિનિબિડ ગ્રન્થિ (તીવ્ર રાગદ્વેષાદિરૂપ)નો ભેદ કરીને સમ્યગ્દર્શન પામે છે ત્યારે સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા પરમાત્મા સાથે એકતા અનુભવે છે.

તે પછી દેશવિરતિ આદિ ગુણસ્થાનકોમાં અનુક્રમે ધ્યાન, વિજ્ઞાન, સમતા અને વીર્ય શક્તિ વિશેષ પ્રબલ થવાથી પ્રભુ સાથે એકતા - અભેદ ભાવ વિશુદ્ધ, વિશુદ્ધતર બને છે, તેમ તેમ આત્માનો પરમાનંદ વૃદ્ધિ પામતો રહે છે. તેરમા ગુણસ્થાનકે ઘાતીકર્મનો ક્ષય થવાથી આત્મા જ અનંત વીર્યાદિ ગુણોના ક્ષાયિક ભાવને પામી સ્વયં પ્રભુમય બને છે. અને શેષ અઘાતી કર્મોનો પણ શૈલેશીકરણ દ્વારા ક્ષય કરી સિદ્ધિ પદને પામે છે. સર્વપ્રકારના સાધનો [२]અને આલંબનોનો સર્વથા ત્યાગ કરવાથી પરપરિણતિનો નાશ થતાં અક્ષય દર્શન, જ્ઞાન, ચારિત્રમય આત્મા આનંદ-ઘન સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

**आत्मानो देहिनो भिन्नाः, कर्मपंककलंकिताः ।**
**अदेहः कर्म निर्मुक्तः, परमात्मा न भिद्यते ॥१६॥**

દેહધારી સંસારી આત્માઓ કર્મપંકથી મલીન હોવાથી ભિન્ન દેહવાળા હોવાથી ભિન્ન ભિન્ન છે પરંતુ કર્મકલંકથી સર્વથા મુક્ત થયેલા અશરીરી સિદ્ધ પરમાત્મા એકરૂપ હોય છે. તેથી તે સિદ્ધ ભગવંતોનો પરસ્પર ભેદ નથી.

**ભાવાર્થ** : આત્માની શુદ્ધ સંગ્રહનયની અપેક્ષાએ એકતા હોવા છતાં વ્યવહાર નયે ભિન્નતા છે, વ્યવહાર નય દેહ, ઈન્દ્રિયાદિ કર્મકૃત અવસ્થાને જીવની માને છે. તેથી કર્મની વિચિત્રતા હોવાથી દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીય જીવોને તથા એકેન્દ્રિયાદિ જીવોને તે નય ભિન્ન-ભિન્ન કહે છે.

જીવત્વ જાતિ એક હોવા છતાં કર્મની મલીનતાને લઈને જીવોના - ૫૬૩ ભેદો [1]વિસ્તારથી બતાવ્યા છે. પરંતુ સમસ્ત કર્મથી મુક્ત, દેહરહિત એવા સર્વ સિદ્ધ પરમાત્મા તુલ્ય હોવાથી તેમનામાં કોઈ પ્રકારનો ભેદ નથી. શાસ્ત્રોમાં સિદ્ધોના ૧૫ ભેદ વર્ણવેલા છે, તે તેમનાં અંતિમ ભવની અપેક્ષાએ છે, જે જીવ તીર્થંકર થઈને મોક્ષમાં જાય તે જિનસિદ્ધ કહેવાય. અને અન્ય જીવો અજિન સિદ્ધ કહેવાય. તેવી રીતે અનન્તર સિદ્ધ - ચરમસમયે સિદ્ધ થાય તે, અને બે સમયાદિ પૂર્વે સિદ્ધ થયેલા તે પરંપર સિદ્ધ કહેવાય ઈત્યાદિ સિદ્ધોના ભેદો એ કાલકૃત અવસ્થાની અપેક્ષાએ જાણવા.

**संख्ययाऽनेकरुपोऽपि, गुणतस्त्वेक एव सः ।**
**अनन्तदर्शनज्ञानवीर्यानन्द गुणात्मकः ॥ १७ ॥**

સંખ્યા વડે અનેક સિદ્ધ હોવા છતાં ગુણની અપેક્ષાએ તે પરમાત્મા એક જ છે. અને તે પ્રભુ અનંત દર્શન, જ્ઞાન, વીર્ય અને આનંદ ગુણ સ્વરૂપ છે.

**ભાવાર્થ :** સિદ્ધ ભગવંતો શાશ્વત છે. ભૂતકાળમાં અનંત સિદ્ધ થયા છે, ભાવીમાં અનંત સિદ્ધ થશે, વર્તમાનમાં પણ મહા વિદેહક્ષેત્રથી સંખ્યાતા સિદ્ધ થાય છે, એમ સંખ્યાની અપેક્ષાએ સિદ્ધ ભગવંત અનંત હોવા છતાં તે સર્વે ગુણની અપેક્ષાએ તુલ્ય છે. પ્રત્યેક સિદ્ધ પરમાત્મામાં અનંત કેવલ દર્શન, કેવળજ્ઞાન, સમ્યકત્વ, વીર્ય, આનંદ, ચારિત્ર, અવ્યાબાધ સુખ, અક્ષયસ્થિતિ, અરૂપી, અગુરુલઘુ, અનંતદાન, અનંતલાભ, અનંતભોગ, અનંતઉપભોગ આદિ અનંતગુણો રહેલા છે. તેવી રીતે સર્વસિદ્ધ પરમાત્મામાં પણ અનંતદર્શન, જ્ઞાન, વીર્ય, આનંદાદિ અનંત ગુણો તુલ્યરૂપે રહેલા છે તેથી ગુણની સદશતાને લઈ સિદ્ધ પરમાત્મા એક જ છે. જિનશાસનની આ અનુપમ સ્યાદદ્વાદ દષ્ટિએ પ્રત્યેક વસ્તુનું ચિંતન કરવાથી જીવાદિ તત્ત્વોનો વાસ્તવિક બોધ થાય છે. દ્રવ્યપ્રમાણથી સિદ્ધો અનંત સંખ્યાવાળા હોવા છતાં તે સર્વમાં સિદ્ધતા સદશ હોવાથી સિદ્ધ ભગવાન એક છે. તે હકીકત સુવર્ણના દષ્ટાન્તથી સમજાવે છે.

**जातरूपं यथा जात्यं, बहुरूपमपि स्थितम् ।**
**सर्वत्रापि तदेवैकं, परमात्मा तथा प्रभुः ॥ १८ ॥**

ઉત્તમ સુવર્ણ, અનેક પ્રકારના અલંકારો, કડાં-કુંડલાદિમાં રહેલું હોય છે. છતાં સર્વત્ર સર્વવસ્તુઓમાં તે વિશુદ્ધ સુવર્ણ

એક જ છે, તેવી રીતે સિદ્ધ પરમાત્મા પણ એક છે.

**ભાવાર્થ :** અનંત સિદ્ધોની સિદ્ધતા એક છે તે દૃષ્ટાન્તથી સ્પષ્ટ સમજાવે છે. જાતિ સુવર્ણ અત્યન્ત શુદ્ધ થયેલું સોનું ગમે તે ઘાટ, કે અલંકારાદિ રુપે હોય તોપણ તે સર્વત્ર-સર્વ વસ્તુઓમાં એક જ સુવર્ણ કહેવાય છે. તેવી રીતે સિદ્ધશિલાના ૪૫ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રમાં રહેલા અનંત સિદ્ધ ભગવંતોમાં એક જ સિદ્ધતા છે.

જેમ સુવર્ણના અલંકારો કે સ્વર્ણમુદ્રાઓ આદિ સર્વલોકમાં કોઈપણ સ્થાને લાખો કરોડો હોય તે સર્વમાં સુવર્ણ એક જ છે. તેમજ વ્યક્તિની અપેક્ષાએ જ્યાં એક સિદ્ધ પોતાની અવગાહનામાં રહેલા છે, તેટલી અવગાહનામાં જ અન્ય અનંત સિદ્ધો રહેલા છે. તેઓ અરૂપી અને અગુરુલઘુ ગુણવાળા છે, તેથી પરસ્પર બાધારહિતપણે અવ્યાબાધ, અનન્ત સુખ, આનંદ, શાશ્વતકાળ સુધી ભોગવે છે. અને ભવિષ્ય કાળમાં જે આત્માઓ સર્વકર્મોનો ક્ષય કરી અનંત જ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરશે તે સર્વ આત્માઓમાં સિદ્ધતા, સર્વગુણોની અનંતતા અને પૂર્ણતા સદૃશ હોવાથી તે સિદ્ધ પરમાત્મા એક જ છે.

**आकाशवदरुपोऽसौ, चिद्रूपो नीरुजः शिवः ।**
**सिद्धिक्षेत्रगतोऽनंतो, नित्यःशं परमश्नुते ॥११ ॥**

તે સિદ્ધ પરમાત્મા આકાશની જેમ અરૂપી છે, ચિન્મય, નીરોગી, કલ્યાણસ્વરૂપ, સિદ્ધશિલા ઉપર રહેલા, નિત્ય, સંખ્યા

વડે અનન્ત, સદા પરમ પ્રકૃષ્ટ અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે.

**ભાવાર્થ :** સિદ્ધ પરમાત્મા આકાશતુલ્ય અમૂર્ત છે. જીવમાત્રનું મૂળ સ્વરૂપ અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ રૂપ છે પરંતુ સંસારી અવસ્થામાં નામકર્મના ઉદયે જીવ, ઈન્દ્રિય અને શરીરધારી મનુષ્ય, અને દેવ, તિર્યંચ, નારકી આદિ અવસ્થા પર્યાયવાળો કહેવાય છે, નામાદિ સર્વકર્મોનો ક્ષય થતાં અરૂપી સિદ્ધ બને છે. તથા શુદ્ધ ચેતના કેવલજ્ઞાન, દર્શન યોગમય હોવાથી ચિદ્રૂપ છે. સર્વ રોગોથી રહિત હોવાથી આરોગ્યવાળા છે. સર્વપ્રકારના ઉપદ્રવોથી રહિત હોવાથી શિવ-કલ્યાણમય છે. તથા તે પરમાત્મા સદા ''સિદ્ધિ ગતિ'' ના સ્થાનને પામેલા છે. એક સિદ્ધની અવગાહનામાં અનંત સિદ્ધ રહેલા હોવાથી અનંત, સાદિ અનંત કાલની સ્થિતિવાળા હોવાથી અવિનાશી, અનંત-અક્ષય-અવ્યાબાધ પરમ - સર્વોત્કૃષ્ટ સુખનો અનુભવ કરે છે.

તે સિદ્ધ પરમાત્માના એક એક પ્રદેશમાં અનંત- અક્ષય- અવ્યાબાધ સુખ રહેલું છે, તેના પર્યાય - અવિભાગ અંશો સમગ્ર લોકાલોકમાં પણ સમાઈ શકે નહિ માટે અનંત હોય છે. તે સુખ, સહજ, અકૃત્રિમ, સ્વાધીન, એકાન્તિક, અનંત, નિરૂપ, નિરૂપચરિત અને નિર્દ્વન્દ હોય છે.

સિદ્ધ ભગવંતોનાં નિરૂપમ, નરૂપદ્રવ, અક્ષય, અવ્યાબાધ સુખની તુલના - ઉપમાનો અભાવ હોવાથી સ્વયં તીર્થંકર ભગવંતો પણ જાણવા છતાં વર્ણવી શકતા નથી. તોપણ

દૃષ્ટાન્ત દ્વારા તે સુખની અનંતતા, નિર્મળતા, અતિશાયિતા આગમોમાં કહી છે. જેમ - શુભ અને ઈષ્ટ શબ્દોનાં શ્રવણ, મનોહર રૂપનાં દર્શન, મધુરાદિ ઈષ્ટ રસના સ્વાદ, સુગંધી પદાર્થના ઈષ્ટ ગંધ અને મૃદુ, ઈષ્ટ સ્પર્શવાળી વસ્તુઓના સ્પર્શ દ્વારા જગતના જીવો પોતપોતાની રુચિ પ્રમાણે સુખની કલ્પના કરી આનંદનો આસ્વાદ ભિન્ન ભિન્ન રીતે કરે છે, તેવી રીતે શ્રી સિદ્ધ ભગવંતો પોતાના અસંખ્ય પ્રદેશોમાં વ્યાપ્ત અનંત જ્ઞાન, અનન્ત દર્શન, અનંત ચારિત્ર, અનંતદાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય, અવ્યાબાધ સુખાદિ અનંત ગુણોનો ભિન્ન ભિન્ન આનંદ અનુભવે છે, અનંત ગુણોના આનંદનો આસ્વાદ પણ અનંત હોવાથી સિદ્ધ ભગવંતો પરમાનંદી, પૂર્ણાનંદી છે.

સર્વસંસારી દેવ મનુષ્યાદિના ત્રણે કાલનું સુખ ભેગું કરી, તેનો અનંતવાર વર્ગ કરવામાં આવે તોપણ એક સિદ્ધના એક સમયનું સુખ તેના કરતાં અનંતગણું છે. વસ્તુતઃ તે સિદ્ધોનું અવ્યાબાધ સુખ, સહજ, અકૃત્રિમ, સ્વાધીન, નિરૂપચરિત, અક્ષય, અનંત, અનુપમ હોવાથી ક્ષણિક, પરાધીન, કૃત્રિમ એવા ભૌતિક સુખ સાથે તુલના થઈ શકતી નથી.

- અનુત્તરવાસી સર્વાર્થ - સિદ્ધના દેવોનાં સુખથી અનંત ગણું સુખ સર્વવિરતિ સાધુને હોય છે, તેથી અનંતગણું સુખ ક્ષપક-શ્રેણિસ્થ સાધુને હોય તેથી ક્ષીણમોહીને, તેથી કેવલ જ્ઞાનીને અને તેથી સિદ્ધ પરમાત્માને અનંતગણું સુખ હોય છે.

**येनैवाराधितो भावात्, तस्यासौ कुरुते शिवम् ।**
**सर्वजंतुसमस्यास्य, न परात्मविभागिता ॥ २० ॥**

જે આત્મા ભાવપૂર્વક આ પરમાત્માની આરાધના કરે છે, તેને શાશ્વત શિવ સુખ પ્રદાન કરે છે. કેમ કે સર્વ જીવોને તુલ્ય દૃષ્ટિએ જોનારા પ્રભુને સ્વ અને પરનો વિભાગ કોઈ પ્રત્યે હોતો નથી.

**ભાવાર્થ** : આ શ્લોકમાં શ્રી અરિહંત અને સિદ્ધ પરમાત્માનો પ્રકૃષ્ટ પરોપકાર બતાવે છે : સંસારી કર્માધીન જીવ સ્વતઃ, પ્રભુના આલંબન વિના કોઈ પણ પ્રકારની આધ્યાત્મિક વિશુદ્ધિ મેળવી શકતો નથી. પણ શ્રી અરિહંત પરમાત્માના અનુગ્રહથી જ જીવો અનાદિ નિગોદરૂપ અવ્યવહાર રાશિમાંથી નીકળી, અનુક્રમે ધર્મયોગ્ય સામગ્રી મેલવી બોધિ અને સમાધિની પ્રકૃષ્ટ આરાધના દ્વારા શાશ્વત સુખ પામે છે. વીતરાગસ્તોત્રમાં કહ્યું છે :

હે નાથ ! આપના પ્રસાદ - અનુગ્રહથી જ મારા જેવા દીન, અનાથ, અશરણને આત્મ- શુદ્ધિની આવી ભૂમિકા પ્રાપ્ત થઈ છે. હવે ઉદાસીનતા વડે આપ મારી ઉપેક્ષા, કરો એ ઉચિત નથી.

જો આપ પણ મારી પ્રસન્નતાની અપેક્ષા રાખી પ્રસન્ન થાઓ, તો હે પ્રભુ ! આપની પ્રસન્નતા વિના મારા ચિત્તની પ્રસન્નતા શી રીતે થશે ? ન્યાયની દૃષ્ટિએ આ અન્યોન્યાશ્રય દોષનું નિવારણ કરી હે કૃપાળુ પ્રભુ ! મારા ઉપર પ્રસન્ન

થાઓ "**तित्थयरा मे पसीयंतु**"

ચતુર્વિંશતિસ્તવમાં સ્વયંશ્રી ગણધરભગવંતો એ સર્વ તીર્થંકર ભગવંતોની સ્તવના કરીને પૂર્ણ-આરોગ્ય, બોધિલાભ, અને વરસમાધિની યાચના કરી છે.

પરમાત્માની સ્તુતિ - ધ્યાન અને આજ્ઞાપાલનથી જ ઘાતી કર્મોનો ક્ષય થતાં નિર્મળ બોધિ અને શ્રેષ્ઠ સમાધિ, સાધકને અવશ્ય પ્રાપ્ત થાય છે, તેના પ્રભાવે અનુક્રમે પૂર્ણ આરોગ્યરૂપ મોક્ષ મલે છે. પરમાત્માના અચિન્ત્ય સામર્થ્ય અનુગ્રહના પ્રભાવે જ બોધિ અને સમાધિ આદિ ભવ્ય જીવોને મલે છે માટે શ્રી [૧]તીર્થંકરો ભગવંતો જ અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, શરણદાતા, બોધિદાતા અને સમાધિરૂપ ધર્મના દાતા છે એમ કહેવું ઉચિત છે, કારણ કે તે પરમાત્મા તથાવિધ વિશુદ્ધ પરિણામના અવન્ધ્ય હેતુ છે.

લલિત - વિસ્તરાવૃત્તિમાં પણ કહ્યું છે - શ્રી તીર્થંકર પરમાત્મા જ ભવ્ય જીવોને અભય - ચિત્ત પ્રસન્નતા, ચક્ષુ, માર્ગ, શરણ અને બોધિ આપે છે. અર્થાત્ ભૂતકાળમાં સિદ્ધ થયેલા, વર્તમાને સિદ્ધ થતાં અને ભાવીમાં સિદ્ધ થવાના હોય તે સર્વે સાધકોને માર્ગાનુસારિતા, પ્રથમ મિત્રાદૃષ્ટિથી લઈ શૈલેશી- કરણ સુધીની સર્વવિશુદ્ધ, વિશુદ્ધતર ભૂમિકાઓનું સામર્થ્ય શ્રી અરિહંત પરમાત્મા જ આપે છે, અન્ય કોઈ આપવા સમર્થ નથી કે સ્વતઃ પણ એવું સામર્થ્ય સાધક મેળવી શકતો નથી. કારણ કે (૧) શ્રી તીર્થંકર ભગવંતોમાં ગુણોનો પ્રકર્ષ પ્રગટેલો છે તેથી જ (૨) તેઓ અચિન્ત્ય

શક્તિથી પૂર્ણ છે. તેથી (૩) તેઓ સ્વયં સદા અભયભાવમાં રહેલા છે તે કારણથી જ તેઓ બીજાધાનાદિ સર્વ પ્રકારો વડે અન્ય જીવોમાં ગુણ સંપાદન કરી, પરમ પ્રકૃષ્ટ ઉપકાર કરે છે. તેઓનો પરોપકાર કરવાનો સ્વભાવ છે

સમગ્ર લોકને ભાવઉદ્યોત - સમ્યગ્જ્ઞાનના પ્રકાશ વડે સૂર્યની જેમ સહજ સ્વભાવથી જ પ્રકાશિત કરી અજ્ઞાનના ગાઢ અંધકારને દૂર કરે છે તેથી જ તે તીર્થંકર પરમાત્મા લોકના ઉદ્યોતકર કહેવાય છે. તથા તેઓ જગતના ચિંતામણિ, જગતના નાથ, જગતના ગુરુ, જગતના રક્ષક, જગતના બંધુ, જગતના ધર્મસાર્થવાહ, જગતના સર્વ ભાવોને જાણનારા અને ધર્મનું યથાર્થ સ્વરૂપ પ્રતિપાદન કરનારા છે. અને જગના સર્વ જીવોને આનંદ આપે છે. કારણ કે તે પરમાત્મા અભ્યુદય સાધક અને મોક્ષ સાધક ધર્મના ઉપદેશ વડે ઐહિક અને આમુષ્મિક સુખ આનંદ ઉત્પન્ન કરે છે. તેમ જ તેમની સૌમ્ય શાંત મુદ્રાનાં દર્શન માત્રથી લોકોને આનંદ પ્રાપ્ત થાય છે. શ્રી પંચસૂત્રમાં પણ કહ્યુ છે :

તે અરિહંત પરમાત્મા અને સિદ્ધ ભગવંતો અચિન્ત્ય શક્તિવાળા, વીતરાગ, સર્વજ્ઞ, પરમ કલ્યાણ સ્વરૂપ અને સર્વજીવોના પરમકલ્યાણના હેતુભૂત છે.

તે પરમાત્મા સર્વજીવોને આત્મતુલ્ય - સમદષ્ટિથી જુએ છે. તેથી તેમને પોતાના- પારકાનો ભેદ હોતો નથી.

તે પ્રભુ કેવલજ્ઞાન અને કેવલદર્શન વડે સર્વજીવ રાશિમાં સત્તાએ રહેલ સિદ્ધ સ્વરૂપનું દર્શન કરે છે. અર્થાત્

સર્વને સિદ્ધ સ્વરૂપે જુએ છે જાણે છે. તથા તે સિદ્ધતાને પ્રગટ કરવાનો માર્ગ, ઉપાય બતાવે છે. તેમની આજ્ઞાની આરાધના ભાવપૂર્વક કરનારને અવશ્ય મોક્ષનું શાશ્વત સુખ આપે છે. હવે પ્રભુ - આજ્ઞાની આરાધનાનો ઉપાય બતાવે છે.

**कृतकृत्योऽयमाराद्धः, स्यादाज्ञापालनात् पुनः ।**
**आज्ञा तु निर्मलं चित्तं, कर्तव्यं स्फटिकोपमम् ॥ २१ ॥**

પૂર્ણ કૃતકૃત્ય થયેલા આ પ્રભુની આજ્ઞાનું પાલન કરવાથી પ્રભુની આરાધના થઈ શકે છે. અને પોતાના ચિત્તને સ્ફટિકરત્ન તુલ્ય નિર્મળ, અત્યન્ત સ્વચ્છ કરવું તે જ પ્રભુની આજ્ઞા છે.

**ભાવાર્થ :** જિનેશ્વર ભગવાનની આરાધના ભાવપૂર્વક કરવાથી અવશ્ય તેઓ શાશ્વત સુખ આપે છે, ભક્ત સાધકને પોતાના જેવું જ પદ આપે છે. પરંતુ દૂર રહેલા પરમાત્માની આરાધના શી રીતે થઈ શકશે ? આ પ્રશ્નનું સમાધાન કરતાં ગ્રન્થકાર મહર્ષિ કરે છે :

જે પરમાત્માએ સર્વકર્મોનો ક્ષય કરી, સર્વથા કૃતકૃત્ય બની, અક્ષય- અનંત- અવ્યાબાધ શાશ્વત સુખ - આનંદ પ્રાપ્ત કર્યો છે. તેમની આજ્ઞા પાળવાથી ભાવપૂર્વક તે પ્રભુની જ આરાધના થાય છે. કારણ કે આજ્ઞા અને આજ્ઞાકારક પ્રભુનો અભેદ છે. જિનાગમ એ પ્રભુની આજ્ઞારૂપ છે. તે જિનાગમને અનુસારે જે સાધક વિધિ નિષેધરૂપ અનુષ્ઠાનોનું નિષ્કામ ભાવે આરાધન કરે છે. તેનું ચિત્ત નિર્મળ - સ્વચ્છ

બને છે ચિત્તની અશુભ - મલીન વૃત્તિઓ નાશ પામે છે અને સર્વ જીવો પ્રત્યે મૈત્રી, સમતા - તુલ્ય વૃત્તિ થાય છે. માન અપમ ાનના પ્રસંગોમાં પણ કોઈના પ્રત્યે રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી. તેમજ સુખદુઃખ એ શાતા - અશાતાવેદનીય કર્મનું ફળ છે એમ જાણી સમભાવે ભોગવે છે. પણ હર્ષશોક કરતો નથી. આ રીતે સમતાનાં સેવનથી ચિત્તને અત્યન્ત નિર્મલ બનાવવું એ જ પ્રભુની આજ્ઞા છે.

**ज्ञानदर्शनशीलानि, पोषणीयानि सर्वदा ।**
**रागद्वेषादयो दोषा, हन्तव्याश्च क्षणे क्षणे ॥ २२ ॥**

સમ્યગ્દર્શન, જ્ઞાન અને સંયમ - ચારિત્ર ગુણની સદા પુષ્ટિ, વૃદ્ધિ કરવી, તથા રાગ-દ્વેષાદિદોષોનો પ્રત્યેક ક્ષણે - પલેપલે નાશ કરવો એ જ તે પરમાત્માની આજ્ઞા છે.

**ભાવાર્થ :** ચિત્તને નિર્મલ બનાવવા માટે તેનાં સર્વ સાધનોનું સેવન સદા કરતા રહેવું તેમ જ ચિત્તને મલીન કરનારા દોષોનો ક્ષણે ક્ષણે નાશ કરવો અત્યન્ત આવશ્યક છે તેથી આત્મગુણોની વૃદ્ધિ અને રાગદ્વેષાદિ દોષોની નિવૃત્તિ કરવી એ જ જિનાજ્ઞા છે, એ જ દ્વાદશાંગીનો સાર છે.

આત્માનાં મુખ્ય ગુણો સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. તેની આરાધના કરવી તે જ મુક્તિનો મંગલ માર્ગ છે. નિશ્ચયથી રત્નત્રયીને વિશુદ્ધ અને પૂર્ણ બનાવવી તે જિનાજ્ઞાની આરાધના છે અને વ્યવહારથી તેના કારણે પ્રભુભક્તિ, ગુરુવિનય, તત્ત્વ જિજ્ઞાસા, અને વિધિ-નિષેધના

સર્વ અનુષ્ઠાનોનું આરાધન કરવું તે જિનાજ્ઞા છે, તે સ્વયં ગ્રંથકારશ્રી પણ પ્રતિપાદન કરશે. તે પ્રભુ [૨]પૂજા, સ્તવન, વ્રતચર્યાધ્યાનાદિના સતત સેવનથી જ ચિત્તની નિર્મલતા, સમતા અને સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ ગુણોની પુષ્ટિ, વૃદ્ધિ થાય છે. અને રાગદ્વેષ-વિષય કષાયાદિ દોષોનો નિરોધ અને નાશ થાય છે. અને તેથી પરમાત્માનું દર્શન - મિલનનો આનંદ વૃદ્ધિ પામે છે તે પછી સાધક ગુણસ્થાનકના ક્રમે કેવલ જ્ઞાન પામે ત્યારે સ્વયં પરમાત્મા બને છે.

**एतावत्येव तस्याज्ञा, कर्मद्रुमकुठारिका ।**
**समस्तद्वादशांगार्थसारभूताऽतिदुर्लभा ॥ २३ ॥**

પરમાત્માની આટલી જ આજ્ઞા તે સર્વકર્મ-વૃક્ષનો મૂળથી ઉચ્છેદ કરવામાં કુઠારતુલ્ય છે, તેમજ સમગ્ર દ્વાદશાંગી રૂપજિનાગમના પરમ સારભૂત છે અને તેની પ્રાપ્તિ અતિ દુર્લભ છે.

**ભાવાર્થ** : સમ્યગ્રત્નત્રયીની આરાધનારૂપ જિનાજ્ઞા સમસ્ત આગમોનો પરમસાર છે. તેની પ્રાપ્તિ, દેવ ગુરુ ધર્મની વિધિપૂર્વક સેવા કરવાથી થાય છે.

દેવાધિદેવ, વીતરાગ પરમાત્મા જ પરમ દેવ છે. તે પરમાત્માની આજ્ઞા અનુસાર સંયમ પાળનારા પાંચ મહાવ્રતધારક નિર્ગ્રન્થ સાધુ મહાત્મા જ ગુરુ છે. અહિંસા સંયમ તપરૂપ ધર્મ છે આ તત્ત્વત્રયીનો સુયોગ મળવો અતિદુર્લભ હોય છે.

દેવાધિદેવ પરમાત્માની સેવાભક્તિ વડે સમ્યગ્દર્શન-આત્માના સહજ શુદ્ધ સ્વરૂપની રુચિ થાય છે, તેથી દેવ સમ્યગ્દર્શન આપે છે. સદ્ગુરુ સમ્યગ્જ્ઞાન આપે છે. અને ધર્મ સદ્ આચરણ રૂપદ્રવ્ય ચારિત્ર અને સ્વરૂપ રમણતારૂપ ભાવચારિત્ર પ્રાપ્ત કરાવે છે. અર્થાત્ દેવગુરુ ધર્મરૂપ તત્ત્વત્રયીની ઉપાસના દ્વારા સમ્યગ્- દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયીની પૂર્ણતા પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ બનવું જોઈએ. જિનાજ્ઞા સર્વપ્રકારના કર્મનો ક્ષય કરવા તીક્ષ્ણ કુઠાર સમાન છે, સમગ્ર આગમોના પરમ રહસ્યભૂત જિનાજ્ઞાનું ભાવપૂર્વક આરાધન-પાલન કરવું જોઈએ.

**विश्वस्यवत्सलेनापि त्रैलोक्यप्रभुणपिच ।**
**साक्षाद् विहरमाणेन श्रीवीरेण तदा किल ॥ २४॥**
**ते एव रक्षिता दुःखभैरवाद्, भवसागरात्।**
**इयं यैः स्वीकृता भक्तिनिर्भरैरभयादिभिः ॥ २५ ॥**

સમગ્ર વિશ્વજંતુઓ ઉપર પરમ વાત્સલ્ય ભાવવાળા, ત્રણેલોકના સ્વામી શ્રી મહાવીર સ્વામી ભગવાન, સાક્ષાત્ વિચરતા હતા ત્યારે પણ, ભક્તિથી પૂર્ણહૃદયવાળા-અભયકુમારાદિ જેમણે પ્રભુની આજ્ઞાનો સ્વીકાર કર્યો તેમનો આ ભયંકર ભવસાગરથી ઉદ્ધાર કર્યો હતો.

**ભાવાર્થ :** પરમતારક શ્રીતીર્થંકર પરમાત્માનો તેમની આજ્ઞા સાથે અભેદ છે. તેથી તેમની આજ્ઞા તેમની હાજરી કે ગેરહાજરીમાં પણ ભવ્ય જીવોનું રક્ષણ કરે છે. આજ્ઞાની

આરાધના મોક્ષ આપે છે અર્થાત્. પ્રભુ-પોતે આજ્ઞાપાલન કરનારને શિવનું શાશ્વત સુખ આપે છે, આ સિદ્ધાન્તને સાક્ષાત્ વિચરતા ભગવાન મહાવીર દેવના દૃષ્ટાન્તથી દૃઢ કરે છે. વિશ્વવત્સલ, ત્રણ લોકનાનાથ ભગવાન શ્રી મહાવીરદેવે પણ તેઓ જ્યારે સાક્ષાત્ પૃથ્વીતળ ઉપર વિચરતા હતા ત્યારે ભક્તિપૂર્ણ હૃદયવાળા અભયકુમાર, મેઘકુમાર, ધન્ના, શાલીભદ્ર આદિ તથા સુલસા, ચંદનબાળા, મૃગાવતી આદિ જેમણે પ્રભુની આજ્ઞાને સ્વીકારી તેનું પાલન કર્યું. તે સર્વનો આ દુઃખથી ભરેલા ભયાનક ભવસાગરથી ઉદ્ધાર કર્યો. ખરેખર પ્રભુ આજ્ઞા એ ભવસાગરને તરવા માટે જહાજ છે.

**यैस्तु पापभराक्रान्तैः कालशौकरिकादिभिः ।**
**न स्वीकृता भवाम्भोधौ, ते भ्रमिष्यन्ति दुःखिता ॥ २६॥**

તીવ્ર પાપના ભારથી અત્યન્ત દબાઈ ગયેલા કાલશૌકરિક કસાઈ આદિ ભગવાનની આજ્ઞા નહિ સ્વીકારવાથી દુઃખી થઈ ભવસમુદ્રમાં જ ભટકતા રહેશે.

**ભાવાર્થ :** આજ્ઞા એ જહાજ છે. તીર્થ છે. તીર્થંકર પરમાત્મા સ્વયં પોતાના પૂર્વના ભવોમાં તીર્થની આરાધના કરીને જ અંતિમ જન્મમાં તીર્થની સ્થાપના કરે છે ભવ્ય જીવોને ઉપદેશ આપી, ભવસાગરથી પાર ઉતારી શાશ્વત સુખરૂપ મોક્ષ આપે છે. પરંતુ જે જીવો અચરમાવર્તમાં હોય છે, અથવા અભવ્ય કાલશૌકરિક કપિલાદાસી જેવા હોય છે. તેઓના મોહનીયાદિ પાપ - અશુભ કર્મો ઉત્કૃષ્ટ

સ્થિતિવાળા હોવાથી તેઓ ક્યારે પણ જિનાજ્ઞાની શ્રદ્ધા કે આરાધના કરતાં નથી, તેથી દુઃખી, દીન બની ભવમાં જ ભટકતા રહે છે.

જે ભવ્યજીવો ચરમાવર્ત અને અપુનર્બંધક અવસ્થાને પામે છે, તેઓ જિનાજ્ઞા પ્રત્યે રુચિ, પ્રેમ વાળા બને છે અને શ્રદ્ધાપૂર્વક તેનું પાલન કરે છે. ત્યારે ભવભ્રમણથી મુક્ત બને છે. સૂર્ય પોતાનો તેજસ્વી પ્રકાશ સમગ્ર વિશ્વને આપે છે. પરંતુ જન્માન્ધ તેનો લાભ મેળવી શકતો નથી તેવી રીતે જિનાજ્ઞા- જિનશાસન, સૂર્યની જેમ સમ્યગ્‌જ્ઞાનનો નિર્મલ પ્રકાશ સર્વને સર્વત્ર આપે છે પરંતુ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, અભવ્ય જીવો જન્માન્ધની જેમ તે પ્રકાશનો એક અંશ પણ પામી શકતો નથી તેથી અવિદ્યા - અજ્ઞાનના ગાઢ અંધકારમાં ભવભ્રમણ કરતા જન્મમરણાદિ દુઃખો ભોગવે છે.

**सर्वजंतुहिताऽऽज्ञैवाज्ञैव मोक्षैकपद्धतिः ।**
**चरिताऽऽज्ञैव चारित्रमाज्ञैव भवभंजनी ॥ २७॥**

જિનાજ્ઞા જ સર્વ જીવોનું સદા હિત કરનારી છે.

જિનાજ્ઞા જ મુક્તિનો એક રાજમાર્ગ છે.

જિનાજ્ઞાનું વિધિપૂર્વક આચરણ જ ચારિત્ર છે અને જિનાજ્ઞા જ આ ભયાનક ભવભ્રમણનો ક્ષય કરનારી છે.

**ભાવાર્થ** : જિનાજ્ઞાનું મહત્ત્વ બતાવે છે.

શ્રી તીર્થંકર પરમાત્માએ ત્રસ સ્થાવરરૂપ સર્વજીવોની

હિંસાનો સર્વથા ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો છે. શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં ષડ્જીવનિકાયનું સૂક્ષ્મ સ્વરૂપ બતાવી તે જીવોનું સર્વ રીતે સંરક્ષણ કરવાનું કહ્યું છે.

સામાયિક ધર્મ વડે સર્વસાવદ્યયોગોનો અર્થાત્ મનવચન અને કાયા દ્વારા હિંસાદિના કરણ, કરાવણ અને અનુમોદન નો ત્યાગ થાય છે, તે સામયિક વડે સર્વ જીવોનું સંપૂર્ણ રીતે સંરક્ષણ થાય છે. તેથી શ્રી તીર્થંકર પરમાત્મા સ્વયં પણ દીક્ષા ગ્રહણ કરીને સર્વ- વિરતિરૂપ સામાયિકની પ્રતિજ્ઞા લે છે અને તે સામાયિક ધર્મ સર્વ સાધુસાધ્વીને આપે છે. શ્રાવક શ્રાવિકા પણ દેશવિરતિ સામાયિક સ્વીકારી સ્થૂલથી હિંસાદિનો ત્યાગ કરે છે આ રીતે સામાયિક એ સર્વ સાવદ્ય યોગોના ત્યાગ રુપ અને સર્વ નિરવદ્ય યોગોના આસેવનરૂપ હોવાથી સર્વ જીવોને હિતકર, શ્રેયસ્કર, ક્ષેમંકર, અને શિવંકર છે તે સામાયિક જ જિનાજ્ઞારૂપ હોવાથી મુક્તિનો મંગલ રાજમાર્ગ છે.

સામાયિકના ત્રણ પ્રકાર શ્રી આવશ્યક સૂત્રમાં કહ્યા છે. સમ્યક્ત્વ-સામાયિક, શ્રુત-સામાયિક અને ચારિત્ર સામાયિક એ ત્રણે સમ્યગદર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રરૂપ હોઈ મુક્તિનો મંગલ માર્ગ છે. જિનાજ્ઞા-શ્રુત -ધર્મ અને ચારિત્ર-ધર્મરૂપ હોવાથી મુક્તિનો મંગલ માર્ગ દેખાડી ચારિત્રનું વિધિપૂર્વક આચરણ કરાવી ભવ્ય જીવોને મુક્તિનું શાશ્વત સુખ આપે છે તેથી આજ્ઞાનું આચરણ એ જ ચારિત્ર છે અને તે ચારિત્ર જ સર્વ પ્રકારના કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી

ભવભ્રમણનો નાશ કરે છે અર્થાત્ પ્રભુ, આજ્ઞાના પાલન વડે ભવનો નાશ થાય છે. આત્મ - સ્વભાવમાં રમણ કરવું. રાગદ્વેષાદિ દોષોથી વિરમવું એ નિશ્ચય ભાવ- ચારિત્ર છે. પાંચ મહાવ્રતોનું પાલન તથા પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચન માતાનું આરાધન અપ્રમત્તપણે કરવું. એ વ્યવહારથી ચારિત્ર છે. જે ભાવચારિત્રની પ્રાપ્તિ અને તેની ઉત્તરોત્તર વિશુદ્ધિમાં કારણરૂપ છે.

યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે :

મોહના ત્યાગથી આત્મા, આત્મા વડે આત્મામાં આત્માને જાણે છે, તે જ તેનું ચારિત્ર છે, તે જ જ્ઞાન છે, અને તે જ દર્શન છે પરમાત્માનાં સાલંબન-ધ્યાન વડે અનુક્રમે પરમાત્મા સાથે તન્મયતા સિદ્ધ થવાથી આત્માનો સાક્ષાત્કાર, થાય છે. ગ્રન્થકાર મહર્ષિ જિનાજ્ઞાનું ધ્યાન, યોગ, સ્તુતિ, પૂજા-અને વ્રતપાલનાદિ દ્વારા આરાધન કરવાનું કહે છે -

**इयं तु ध्यानयोगेन भावसारस्तुतिस्तवैः ।**
**पूजादिभिः सुचारित्रचर्यया पालिता भवेत् ॥ २८॥**

ધર્મ-શુક્લ ધ્યાન યોગ વડે, તથા ભાવવાહી સ્તુતિ સ્તવો વડે તથા જિનપૂજાદિ દ્વારા તેમજ વિશુદ્ધ ચારિત્રનાં આચરણ વડે જિનાજ્ઞાનું પાલન, આરાધન થાય છે.

**ભાવાર્થ :** શ્રી જિનેશ્વર ભગવંતની સર્વજંતુ હિતકારિણી આજ્ઞાનું વિધિપૂર્વક આરાધન અનેક રીતે થઈ શકે છે. તેનું વિસ્તારથી કથન જિનાગમોમાં થયેલું છે. અહી સંક્ષેપથી

મુખ્ય ચાર પ્રકારો બતાવે છે.

(૧) ધ્યાનયોગ (૨) ભાવવાહી સ્તુતિ સ્તવનો (૩) પૂજા, વંદન નામસ્મરણાદિ (૪) વિશુદ્ધ ચારિત્રનું પાલન. ધ્યાન યોગના સતત અભ્યાસથી જ પરમાત્મા સાથે એક્તા રૂપ સમાપત્તિ સિદ્ધ થતાં પ્રભુનું સ્પષ્ટ - સ્પષ્ટતર સ્વરૂપ અનુભવાય છે. તેથી સમસ્ત દ્વાદશાંગીનો સાર ધ્યાનયોગ છે, શેષ સર્વ સદનુષ્ઠાનો ધ્યાનની પુષ્ટિ અને શુદ્ધિ માટે છે. ધ્યાનશતક અને ધ્યાન-વિચાર ગ્રન્થમાં ધ્યાનનું સ્વરૂપ ધ્યાનના ભેદો - પ્રભેદો અને ધ્યાતા વગેરેના લક્ષણો વિસ્તારથી વર્ણવેલાં છે. તેમાં ધ્યાનનું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે.

**चिंता-भावना पूर्वको स्थिरोऽध्यवसायः ध्यानम् .**

ચિંતન અને ભાવનાપૂર્વક સ્થિર - નિશ્ચલ આત્મ પરિણામ - અધ્યવસાય એ ધ્યાન છે.

**ચિંતા :** એટલે ચિંતન. તે તત્ત્વ - અને પરમતત્ત્વ ચિંતન રૂપ હોવાથી સમગ્ર દ્વાદશાંગી રૂપ શ્રુતજ્ઞાનનું અર્થ-ચિંતન કરવાનું તેમાં સૂચિત થાય છે. કારણ કે તે શ્રુત-ચિંતાના સાતપ્રકારોમાં સમાવિષ્ટ છે.

**ભાવના :** અભ્યાસ રૂપ છે. ભાવનાના ચાર પ્રકાર કહ્યાં છે. ધ્યાન યોગમાં આરોહણ કરવાની ઈચ્છા વાળા સાધક્નો અભ્યાસ, જ્ઞાન - ભાવના, દર્શન - ભાવના, ચારિત્ર-ભાવના તથા વૈરાગ્ય - ભાવના રૂપે ચાર પ્રકારનો છે.

આગમની પરિભાષાથી વિચારીએ તો ચિંતા એ ગ્રહણ-શિક્ષા રૂપ અને ભાવના એ આસેવન - શિક્ષા સ્વરૂપ છે.

આ રીતે જિનાગમના અર્થચિંતન અને પંચાચારના સતત અભ્યાસ દ્વારા વિશુદ્ધ - નિશ્ચલ અધ્યવસાયરૂપ ધ્યાન -દશા પ્રગટે છે. અને ઉત્તરોત્તર ગુણસ્થાનકના ક્રમે વૃદ્ધિ પામે છે.

**ધ્યાનના ભેદો :** શુભ - ધ્યાનના મુખ્ય બે ભેદ છે :

(૧) ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાન. શેષ સર્વ ભેદો બન્ને ધ્યાનોમાં અન્તર્ભૂત થયેલા છે.

ધર્મધ્યાનના ચાર પ્રકાર કહ્યા છે - આજ્ઞાવિચય, અપાય- વિચય, વિપાક વિચય અને સંસ્થાનવિચય.

**(૧) આજ્ઞાવિચય :** પરમઆપ્તપુરુષ શ્રી જિનેશ્વરપરમાત્મા છે. તેમનું વચન, પ્રવચન એ આજ્ઞા છે. જિન વચનરૂપ જિનાગમ (દ્વાદશાંગી) એ આજ્ઞા છે. તેના અર્થનો નિર્ણય કરવો તો વિચય છે. અથવા પરમા-આપ્ત પુરુષ શ્રી જિનેશ્વર પરમાત્માનું ધ્યાન એ જ આજ્ઞા છે.

**જિનાજ્ઞાનનું ધ્યાન :** અનંત ઉપકારી, સકલજીવલોકના પરમ- બંધુ, પરમ આપ્તપુરુષ શ્રી જિનેશ્વરપરમાત્માના ત્રિકાલા- બાધિત વચનોના સંગ્રહ રૂપ દ્વાદશાંગી અર્થની દૃષ્ટિએ અતિ નિપુણ છે તેમાં આત્મદ્રવ્યાદિ, તેના ગુણે અને પર્યાયોનું અર્થાત્ અવસ્થાઓનું સૂક્ષ્મ - યથાર્થ સ્વરૂપ બતાવેલું છે જિનાજ્ઞા શાશ્વત - સદા- વિદ્યમાન છે, અને તે સર્વ જીવોની પીડા દૂર કરી આત્યન્તિક હિત કરે છે, જિનાજ્ઞાના ત્રિવિધ પાલનથી અનંતા આત્માઓ મોક્ષમાં ગયા છે, ભવિષ્યમાં પણ અનંતા આત્માઓ મોક્ષને પામશે, વર્તમાનમાં પણ મહાવિદેહથી મોક્ષ પામે છે. આથી જિનાજ્ઞા,

સર્વ કર્મોનો સમૂલક્ષય કરી જીવને શિવ બનાવવા સમર્થ છે.

જિનાજ્ઞા અનેકાન્ત - સ્યાદ્વાદ - સ્વરૂપ હોવાથી તેના વડે સત્ય અને સંપૂર્ણ પદાર્થનું જ્ઞાન થાય છે. જિનેશ્વર ભગવંતનું પ્રત્યેક વચન અનંતઅર્થ યુક્ત હોય છે તેથી જિનાજ્ઞા અર્થની અપેક્ષાએ અનંત છે. આ પ્રમાણે જિનાજ્ઞાનું એકાગ્ર ચિત્તે ધ્યાન થાય તે આજ્ઞા વિચય - ધર્મ-ધ્યાન કહેવાય છે.

(૨) **અપાય વિચય :** રાગ, દ્વેષ મિથ્યાત્વ - કષાયાદિના સેવનથી આ ભવ અને પરભવમાં મહાન દુઃખો ભોગવવા પડે છે, વગેરે ચિંતન કરવું તે અપાય વિચય ધર્મધ્યાન છે.

(૩) **વિપાક વિચય :** મિથ્યાત્વાદિ હેતુઓથી બંધાયેલા કર્મોના વિપાક-ફળનું ચિંતન કરવું તે વિપાક વિષય ધર્મ ધ્યાન છે.

(૪) **સંસ્થાન વિચય :** જિનવચન અનુસાર જગતમાં રહેલા સર્વ દ્રવ્યોનાં આકાર - પ્રકાર, પ્રમાણ, આધારાદિનું ચિંતન તથા દ્રવ્યોના ઉત્પાદ- વ્યય-ધ્રૌવ્યાદિનું ચિંતન કરવું તે સંસ્થાન વિચય ધર્મ ધ્યાન છે. તે સર્વનો વિસ્તાર, ધ્યાન વિચાર, ધ્યાન શતકાદિમાંથી જાણવો.

ધ્યાન - વિચારમાં ધ્યાનના મુખ્ય ૨૪ ભેદો બતાવ્યા છે. જિનેશ્વર પરમાત્મા સાથે તન્મય બનવા માટે પ્રભુનાં નામ - આકૃતિ - દ્રવ્ય અને ભાવ સ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ કારણ કે પ્રભુના નામાદિ નિક્ષેપ પ્રભુનાં જ ચાર સ્વરૂપ છે. ભક્તને પ્રભુનાં નામ અને મૂર્તિમાં સાક્ષાત્ પ્રભુ જ દેખાય છે, કહ્યું પણ છે.

**मंत्रमूर्तिं समादाय, देवदेवः स्वयं जिनः ।**
**सर्वज्ञः सर्वगः शान्तः, सोयं साक्षाद् व्यवस्थितः ॥ १ ॥**

જે સર્વજ્ઞ, સર્વવ્યાપી અને પ્રશાન્ત છે તે દેવાધિદેવ જિનેશ્વર પરમાત્મા પોતે મંત્ર અને મૂર્તિના માધ્યમથી સાક્ષાત્ ઉપસ્થિત છે આવી શ્રદ્ધા પૂર્વક સાધકે પદસ્થાદિ ચાર પ્રકારનાં ધ્યાન વડે પ્રભુનાં ચારે સ્વરૂપનું આલંબન લેવું જોઈએ.

(૧) પદસ્થ ધ્યાન વડે નામ અરિહંત પરમાત્મા સાથે એકતા થાય છે.

(૨) રૂપસ્થધ્યાન વડે સ્થાપના અરિહંત પરમાત્મા સાથે એકતા થાય છે.

(૩) પિંડસ્થ ધ્યાનમાં પ્રભુની છદ્મસ્થ અવસ્થાના ચિંતન વડે દ્રવ્ય - અરિહંત સાથે તન્મયતા થાય છે.

(૪) રૂપાતીત ધ્યાનમાં પરમાત્માના કેવળ - જ્ઞાનાદિ ગુણોનાં ધ્યાન વડે ભાવ - અરિહંત પરમાત્મા સાથે તન્મયતા સિદ્ધ થાય છે. આ ચારે ધ્યાનનું સ્વરૂપ પણ યોગશાસ્ત્રાદિમાં વર્ણવેલું છે.

ધ્યાનયોગની યોગ્યતા, અધ્યાત્મ - યોગરુપ - તત્ત્વ ચિંતા અને ભાવનાયોગરૂપજ્ઞાનાદિ પાંચે આચારોનાં સતત અભ્યાસથી પ્રગટે છે. જેમ જેમ ચિંતા, ભાવનાનો અભ્યાસ વધે છે તેમ તેમ ધ્યાનની શુદ્ધિ - અને નિશ્ચળતા વૃદ્ધિ પામે છે તેથી પરમાત્માની આજ્ઞાની વિશુદ્ધ - વિશુદ્ધતર આરાધના થાય છે.

(૨) જિનેશ્વર પરમાત્માની ભાવવાહી સ્તવન - સ્તોત્રો દ્વારા સ્તુતિ કરવાથી, પ્રભુના સદ્ભૂત જ્ઞાનાદિ અનન્ત ગુણોનું મધુર સ્વરે ગાન કરવાથી પણ જિનાજ્ઞાનું આરાધન, પાલન થાય છે, કેમકે જિનેશ્વર દેવનું બહુમાન એ જિનાજ્ઞાનું જ બહુમાન છે.

સ્વયં ગણધર ભગવંતો 'લોગસ્સસૂત્ર' દ્વારા પ્રભુની સ્તુતિ અને તેમના નામોનું કીર્તન કરે છે. શ્રીતીર્થંકર પરમાત્માનાં ગુણકીર્તનથી પ્રભુમાં રહેલા પ્રકૃષ્ટ ગુણોનું બહુમાન થાય છે અને ગુણ બહુમાનથી ભક્તના અશુભકર્મોનો ક્ષય થવાથી નિર્મલ બોધિ અને સર્વ શ્રેષ્ઠ સમાધિ પ્રાપ્ત થાય છે. શ્રી ગણધરો પણ કીર્તન, વંદન, પૂજન કરવા દ્વારા પ્રભુ પાસે ઉત્તમ બોધિ અને સમાધિની યાચના કરે છે.

'ચઉવિસત્થો' બીજું આવશ્યક છે. તે નવકારની જેમ સર્વ તે આવશ્યક ક્રિયાઓમાં વ્યાપક છે. સામાયિક ધર્મની પ્રાપ્તિનું તે પ્રધાન સાધન છે. કારણ કે તેમાં ચોવીસ તીર્થંકર ભગવંતોનું નામ કીર્તન, સ્તવન, વંદન છે. અને પરમાત્માનાં નામ સ્તવન, સ્તુતિ મંગલ વડે જીવ સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્ર રૂપ બોધિ લાભ મેળવે છે. બોધિલાભથી સહજ સમાધિ મળે છે અને તેના પ્રભાવે મુક્તિનું શાશ્વત સુખ અવશ્ય પ્રાપ્ત થાય છે માટે ધ્યાનયોગની જેમ પ્રભુના ભાવવાહી સ્તુતિ, સ્તોત્રો દ્વારા પણ જિનાજ્ઞાનું સમ્યગ્ આરાધન થાય છે.

**१. आरुग्गबोहिलाभं समाहि वरमुत्तमं दिंतु**

ચૈત્યવંદનનું મહત્ત્વ શ્રી લલિતવિસ્તરા વૃત્તિ અને શ્રી ચૈત્યવંદન ભાષ્યમાં બતાવેલા ૨૪ દ્વારો તથા ૨૦૭૪ સ્થાનોનું ચિંતન, મનન, નિદિધ્યાસન કરવાથી સારી રીતે સમજી શકાય છે. તેમાં પણ ત્રણે પ્રકારના ચૈત્યવંદનમાં શક્રસ્તવ, નામસ્તવ, ચૈત્યસ્તવ, શ્રુતસ્તવ અને સિદ્ધસ્તવ દ્વારા જિનેશ્વર ભગવંતના ચારે નિક્ષેપરૂપ સ્વરૂપોની ભાવવાહી સ્તુતિ કરાય છે.

ઉત્કૃષ્ટ ચૈત્યવંદનરુપ દેવવંદનમાં બોલાતા સૂત્રોના ગંભીર અર્થો વિચારવાથી પરમાત્મા પ્રતિ અત્યન્ત બહુમાન, ભક્તિભાવ જાગે છે. કહ્યું પણ છે. ચૈત્યવંદન ભાષ્ય શ્લોક ૫૮

**गंभीर महुर सद्दं महत्थजुत्तं हवइ थुत्तं**

મહાન - વિશાલ અર્થોથી યુક્ત ગંભીર મધુર - શબ્દોવાળું સ્તોત્ર કહેવાય છે.

દેવવંદનમાં પાંચ દંડકનો પ્રયોગ થાય છે, તેમાં બાર અધિકાર કહ્યા છે તે આ પ્રમાણે :

[1]શક્રસ્તવમાં બે અધિકારો છે, તેમાં પ્રથમમાં ભાવજિનને અને બીજામાં દ્રવ્યજિનને નમસ્કાર થાય છે. ત્રીજા ચૈત્યસ્તવમાં એક સ્થાપના જિનને, ચોથા અધિકારમાં નામજિનને અને પાંચમામાં ત્રિભુવનમાં રહેલા સ્થાપના જિનને નમસ્કાર થાય છે, છઠામાં વિહરમાન જિનને, સાતમામાં શ્રુતજ્ઞાનને નમન થાય છે. અને આઠમામાં સર્વસિદ્ધ ભગવંતોની સ્તુતિ કરાય છે. નવમા અધિકારમાં તીર્થાધિપતિ શ્રીમહાવીર સ્વામીની સ્તુતિ તથા દશમામાં ગિરનાર તીર્થ અને અગિયારમામાં અષ્ટાપદ તીર્થને નમસ્કાર થાય છે, બારમામાં સમ્યગ્દૃષ્ટિ

દેવોનું સ્મરણ કરાય છે.

આ પ્રમાણે ચૈત્યવંદનમાં શ્રી અરિહંત - પરમાત્મા, શ્રી સિદ્ધ ભગવંત, જિનચૈત્ય - જિનપ્રતિમા, શ્રુતજ્ઞાન, સ્થાવર જંગમરૂપ તીર્થ અને નામાદિચાર જિનેશ્વરોની ભાવવાહી સ્તુતિ, વંદન - નમસ્કાર થાય છે.

સાધુ-સાધ્વીજીને દિવસમાં સાતવાર ચૈત્યવંદન કરવાનું વિધાન છે, તેમ જ શ્રાવક શ્રાવિકાને પણ સાત - પાંચ કે ત્રણવાર ચૈત્યવંદન કરવાનું હોય છે. તેમાં નિત્ય પ્રતિક્રમણ કરનારને સાતવાર, અન્યને પાંચવાર તથા જઘન્યથી ત્રણ સન્ધ્યાએ પૂજા કરતી વેળા ત્રણ ચૈત્યવંદન કરવાનું વિધાન છે. તે ચૈત્યવંદનમાં આઠ પ્રકારના પાપક્ષપણ, વંદન આદિ નિમિત્તો માટે શ્રદ્ધાદિ બાર હેતુઓ વડે, બાર આગાર સાથે, ઓગણીસ દોષરહિત કાઉસ્સગ કરવાનું વિધાન છે. તે કાઉસ્સગ ધ્યાન - અને સમાધિ રૂપ છે. 'ચૈત્યવંદન'નું અનુષ્ઠાન એ અષ્ટાંગ યોગરૂપ હોવાથી સાધક માટે આવશ્યક છે.

ચૈત્યવંદનમાં વર્ણત્રિક, મુદ્રાત્રિક અવસ્થાત્રિકના પાલન સાથે પ્રણિધાન અર્થાત્ મન વચન કાયાની એકાગ્રતા કરવાથી સ્થાનાદિ પાંચ યોગો અને અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતા યોગની પણ આરાધના થાય છે. જે સાધક સર્વ દોષરહિત, શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ચૈત્યવંદન કરે છે તે દેવેન્દ્રોથી પૂજિત થઈ શીઘ્ર પરમપદને પામે છે. શ્રી નવકાર મહામંત્ર, ઉવસગ્ગહરં, સંતિકરં, તિજયપુહત્ત, નમિઉણ, અજિતશાન્તિ, ભક્તામર, કલ્યાણ મંદિર, બૃહચ્છાન્તિ. આ

નવસ્મરણોનો પ્રતિદિન પાઠ કરવાથી સર્વપ્રકારના રોગ, ઉપદ્રવ, વ્યાધિ-સાત મહા ત્ભયાદિ નાશ પામે છે. તે નવ સ્મરણો મંત્ર-યંત્ર તંત્રની દૃષ્ટિએ પણ મહાવિશાળ, ગંભીર રહસ્યોથી ભરેલા છે. મહાપ્રભાવિક છે. તેના પ્રભાવે સમગ્ર લોકમાં વ્યાપેલા મહામરકી, પ્લેગાદિ રોગો - ઉપદ્રવો શમે છે અને સર્વને શાન્તિ - તુષ્ટિ - પુષ્ટિ પ્રાપ્ત થાય છે. તે સર્વ લાભો તેનાં મંત્રાક્ષરોના જાપ - પૂજાદિ કરવાથી સાધકને અવશ્ય પ્રાપ્ત થાય છે. શ્રી ઋષિમંડલસ્તોત્રમાં કહ્યું છે : શ્લોક-૫૯-૬૦-૬૧-૬૨-૬૩ આ સ્તોત્રમાં બતાવેલા મંત્રનો વિધિપૂર્વક જાપ કરવાથી સર્વ પ્રકારની વ્યાધિઓ નાશ પામે છે, આપત્તિઓ દૂર થાય છે. પ્રતિદિન-૧૦૮ વાર જાપ કરનારો સાધક અવશ્ય ભૂતપ્રેતાદિ ઉપદ્રવોથી પણ મુક્ત થાય છે. સ્તોત્રપૂજાનું પ્રકૃષ્ટ ફળ પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન અને સાતમા ભવમાં પરમાત્મ- પદની પ્રાપ્તિ છે. કહ્યું પણ છે : આઠ મહિના સુધી આ સ્તોત્રનો પ્રાતઃ કાલે પાઠ કરનારો સાધક મહાતેજસ્વી જિનબિંબનું દર્શન કરે છે. અને આ રીતે શ્રીતીર્થંકર પરમાત્માની મૂર્તિનાં દર્શન થતાં સાધક સાતમા ભવમાં અવશ્ય પરમાનન્દ-પદને પામે છે.

શ્રી ઋષિમંડલનું ધ્યાન કરનારો સાધક વિશ્વવંદનીય બને છે. કલ્યાણની પરંપરા પામી અનુક્રમે અક્ષયપદ પ્રાપ્ત કરે છે. જ્યાંથી ફરી સંસારમાં આવવું પડતું નથી.

આ સ્તોત્ર પ્રભાવશાળી હોવાથી મહાન સ્તોત્ર છે, સર્વ સ્તુતિઓમાં પરમ ઉત્તમ સ્તુતિ છે, તેનાં પઠન - સ્મરણ

અને જાપથી અવિનાશી પદ પ્રાપ્ત થાય છે. શ્રી સિદ્ધસેનસૂરિજી કૃત કલ્યાણ-મંદિર સ્તોત્ર અને શક્રસ્તવમાં પણ શ્રી તીર્થંકર પરમાત્માના પ્રકૃષ્ટ ભાવને પ્રાપ્ત થયેલા સદ્‌ગુણોની ભાવવાહી સ્તુતિ કરીને તેનું પ્રકૃષ્ટ ફળ બતાવેલું છે. તે આ પ્રમાણે -

પરમ-મંત્રાક્ષરોથી ગર્ભિત આ શક્રસ્તવ અષ્ટ મહાસિદ્ધિઓ આપે છે. સર્વ પાપોને દૂર કરી, સર્વ શુભકર્મોનું સર્જન કરે છે. સર્વદોષોનું હરણ કરી, સર્વ ગુણોને પુષ્ટ કરે છે. મહાપ્રભાવિક હોઈ અનેક લાખ-કોટિ સમ્યગ્‌દૃષ્ટિ દેવોથી સુસેવિત છે. પૂર્વના પ્રબળ પુણ્યોદયથી આ સ્તોત્ર પ્રાપ્ત થાય છે.

આ સ્તોત્રમાં ૧૧ આલાપક છે. તેનું પઠન-પાઠન-જાપ- ગુણન- શ્રવણ કરવાથી સાધકને આલોક-પરલોકમાં વિશિષ્ટ પ્રકારના સુખ સંપત્તિ અને અનુક્રમે શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે. તથા પરમાત્માના કેવળ જ્ઞાનાદિ ગુણો અને પરાર્થ સંપત્તિની સ્તવના કર્યા પછી તેમની સાથે વિશિષ્ટ પ્રકારનો સમ્બન્ધ જોડી માધુર્ય - ઉપાસના કરવાની કલા પણ બતાવી છે.

**लोकोत्तमोनिष्प्रतिमस्त्वमेव त्वंशाश्वतं मंगलमप्यधीश ।**
**त्वामेकमर्हन् शरणं प्रपद्ये, सिद्धर्षिसद्धर्ममयस्त्वमेव ॥ १॥**

હે સ્વામી ! આપ જ અદ્વિતીય લોકોત્તમ છો, શાશ્વત - મંગલરૂપ છો, તથા આપ જ સિદ્ધ, સાધુ અને સદ્‌ધર્મરૂપ છો. અરિહંત દેવ ! હું એક આપનું જ શરણ સ્વીકારું

છું. તથા હે પ્રભુ ! તમે જ મારા માતા છો, પિતા છો, નેતા - સ્વામી છો, પરમ દેવ, ગુરુ અને ધર્મ પણ તમે જ છો. મારા પ્રાણ છો, સ્વર્ગ, મોક્ષરૂપ છે, સત્ત્વ, તત્ત્વ, ગતિ અને મતિ છો.

આ રીતે પ્રભુ સાથે સ્વામી - સેવક ભાવ વગેરેના સમ્બન્ધ સ્થાપિત કરીને તેમની ઉપાસના કરવાથી માધુર્ય રસનો આસ્વાદ અનુભવી શકાય છે, તેના દીર્ઘકાળના અભ્યાસ પછી સાધક પ્રભુ સાથે તન્મયતા - એકતા સિદ્ધ કરે છે. ત્યારે તેને સમગ્ર જગત પણ પ્રભુમય દેખાય છે.

**जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगत् ।**
**जिनो जयति सर्वत्र, यो जिनः सोहमेवच ॥**

હે પ્રભુ ! આપ જ સર્વજીવરાશિને અભયદાનનાં અને સમ્યગ્જ્ઞાન દર્શન-ચારિત્ર રૂપ રત્નત્રયીના દાતા છો, તથા સ્વગુણપર્યાયના ભોક્તા છો, સર્વજગત જિનમય છે, કારણ કે સર્વ જીવોમાં સત્તા રૂપે આપ સ્વયં વસેલા છો. તેથી જ સમગ્ર લોકમાં સર્વત્ર આપ જ જયવંતા વર્તો છો માટે હું પણ જિનરૂપ છું. જે જિનેશ્વર છે, તે જ હું છું. અર્થાત્ હું પણ શુદ્ધ સિદ્ધસ્વરૂપી આત્મા છું અન્ય સર્વ દ્રવ્યો મારાથી ભિન્ન છે, પ્રભુની એકતા પરમાત્માભક્તિનું પ્રકૃષ્ટ ફળ છે.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરિજીએ શ્રી વીતરાગ સ્તોત્રમાં પરમાત્માનું સ્વરૂપ તથા અનંત ઉપકારોનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તેમાં પ્રભુની શરણાગતિ, સ્વદુષ્કૃતોની ગર્હા

અને સુકૃતોની અનુમોદના વગેરે આરાધનાના સુંદર ભાવોને સ્પષ્ટ રીતે સમજાવ્યા છે.

આ રીતે પૂર્વાચાર્યોએ પરમાત્માની અત્યન્ત ભાવવાહી સ્તુતિઓ, સ્તવનો, પૂજાઓ, ચૈત્યવન્દનોની રચના કરીને ચતુર્વિધ સંઘ ઉપર મોટો ઉપકાર કર્યો છે. જેનાં આલંબનથી આ યુગમાં પણ પ્રભુના ગુણગાન દ્વારા જિનાજ્ઞાનું પાલન થાય છે.

(૩) પરમાત્માની દ્રવ્ય પૂજા પણ જિનાજ્ઞા - સ્વરૂપ છે. જેમ ધ્યાનયોગ અને પરમાત્માની ભાવવાહી સ્તુતિ કરવાથી જિનાજ્ઞાનું પાલન થાય છે તેવી રીતે શ્રાવકવર્ગને વિવિધ પ્રકારે પ્રભુની પૂજા કરવાથી પણ જિનાજ્ઞાનું આરાધન થાય છે. સ્વભૂમિકાને ઉચિત અનુષ્ઠાનોનું આરાધન કરવું એ જ જિનાજ્ઞાનું પાલન છે. એ જ ઉત્તમ યોગ છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં તથા શ્રી લલિત - વિસ્તાર ગ્રંથમાં પૂજાના ચાર પ્રકાર બતાવ્યા છે. અગ્ર, અંગ, સ્તોત્ર અને પ્રતિપત્તિ. (૧-૨) તેમાં અંગપૂજા અને અગ્રપૂજામાં જલ-ચંદન-પુષ્પ-ધૂપ દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ એમ અષ્ટ પ્રકારી પૂજા શ્રાવક શ્રાવિકાને નિત્ય કરવાનું વિધાન છે. તે દ્રવ્ય પૂજા કહેવાય છે. સ્તોત્ર અને પ્રતિપત્તિએ ભાવપૂજા છે.

(૩) પરમાત્માના જ્ઞાનાદિ ગુણોની સ્તુતિ કરવી તે સ્તોત્ર પૂજા છે.

(૪) પરમાત્માની આજ્ઞાનું વ્રતો મહાવ્રતોના પાલન વડે આરાધન કરવું તે પ્રતિપત્તિ પૂજા કહેવાય છે.

શ્રી યોગીરાજ આનંદઘનજીએ પણ શ્રી સુવિધિજિનસ્તવનમાં ઉપરોક્ત ચારે પ્રકારની પૂજાનું સ્વરૂપ સમજાવી પૂજા વિધિપૂર્વક - અત્યન્ત ઉલ્લાસપૂર્વક કરવાનું કહ્યું છે.

**દ્રવ્ય ભાવ શુચિભાવ ધરીને હરખે દેહરે જઈએ રે,**
**દહતિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરી થઈ એ રે ૨.**

દ્રવ્ય અને ભાવથી પવિત્ર બની, અતિ હર્ષોલ્લાસ સાથે મંદિરે જવું. મનને એકાગ્ર બનાવી, દશત્રિક અને પાંચ અભિગમ સાચવવા અર્થાત્ ત્રણવાર નિસીહી-પ્રણામ, પ્રદક્ષિણા કરી ત્રણદિશાનું નિરીક્ષણ વર્જવું. ત્રણવાર પ્રમાર્જના કરવી. (૬) અંગ - અગ્ર અને ભાવપૂજા કરવી (૭) પિંડસ્થ, પદસ્થ, રૂપાતીત ત્રણ પ્રભુની અવસ્થાવાઓ ભાવવી (૮) ચૈત્ય - વંદન સમયે યોગમુદ્રા-જિનમુદ્રા અને મૂકતા-શુક્તિ મુદ્રા ધારણ કરવી (૯) વર્ણ-અર્થ અને મૂર્તિનું આલંબન લેવું. જેથી (૧૦) પૂજા અને ચૈત્યવંદનમાં મન-વચન અને કાયાનું પ્રણિધાન (એકાગ્રતા) થાય, પાંચ અભિગમઃ (૧) પ્રભુના દર્શન સમયે અચિત્તવસ્તુ તજવી (૨) અચિત્ત - અલંકારાદિ ધારણ કરવા (૩) મનની એકાગ્રતા રાખવી (૪) અખંડ ઉત્તરાસણ ધારણ કરવું. (૫) શ્રી જિનેશ્વર દેવનાં દર્શન થતાં જ અંજલિ હાથ જોડવા.

**"કુસુમ અક્ષત વરવાસ સુગંધી, ધૂપદીપ મનસાખી રે**
**અંગ પૂજાપણ ભેદ સુણી એમ, ગુરુ મુખ આગમ ભાખી રે છે."**

સુગંધી પુષ્પ, શ્રેષ્ઠ અક્ષત - વાસક્ષેપ, ધૂપ અને દીપ એ પાંચ પ્રકારની અંગપૂજા આગમમાં કહી તે સદ્‌ગુરુમુખે સાંભળી મનમાં ધારણ કરવી.

**"એહનું ફળ દોય ભેદ સુણી જે, અનંતરને પરંપર રે,**
**આણા પાલણ ચિત્ત પ્રસન્ની, મુગતિ સુગતિ સુર મંદિર રે."**

આ જિન પૂજાનું ફળ બે પ્રકારથી સાધકને અવશ્ય મલે છે.

(૧) **અનંતર ફળ** : તત્કાળફળ - ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

(૨) **પરંપર ફળ** : પરભવમાં સદ્‌ગતિ - મનુષ્ય દેવગતિ અને પરંપરાએ મુક્તિનું શાશ્વત સુખ જિનપૂજાના પ્રભાવે મળે છે. તેથી શ્રી જિનેશ્વર ભગવંતોની ઉત્તમ દ્રવ્યોથી ઉત્તમ શ્રદ્ધાળુ પુરુષો હંમેશાં અખંડ રીતે પૂજા કરે છે તેના પ્રભાવે પુન્યાનુબંધી પુન્ય પુષ્ટ થાય છે. શ્રેણિક મહારાજા - દેવપાલાદિ પ્રભુ પૂજા કરીને તીર્થંકર પદ પામશે - નાગકેતુ આદિ કેવળ - જ્ઞાન પામી તે જ ભવે સિદ્ધિ પદ પામ્યા છે. કુમારપાલ મહારાજા પુષ્પપૂજાના પ્રભાવે અઢાર દેશનું રાજ્ય પામી સર્વત્ર અમારિપડહ બજાવી અનેક જિનમંદિરોનાં નિર્માણ, જીર્ણોદ્ધાર કરાવ્યા છે અને અપૂર્વ શાસન પ્રભાવના કરી, ગણધર બની ત્રીજા ભવે મુક્તિ પદ પામશે.

**"તુરિય ભેદ પડિવત્તિ પૂજા, ઉપશમ ખીણ સયોગીરે,**
**ચઉહાપૂજા ઈમ ઉત્તરજઝયણે, ભાખી કેવલ ભોગી રે."**

ઉપશાન્તમોહ, ક્ષીણમોહ અને સયોગી - કેવલી - ગુણ સ્થાન કે પ્રતિપત્તિપૂજાની પરાકાષ્ઠા હોય છે તે પ્રતિપત્તિ પૂજાનો ચોથો ભેદ છે. પૂજાનાં આ ચાર ભેદો "શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર"માં કેવળજ્ઞાનીઓએ કહેલા છે. શ્રી ઉમાસ્વાતિમહારાજે પણ તત્ત્વાર્થ ભાષ્ય કારિકામાં કહ્યું છે.

**अभ्यर्चनादर्हतां मनःप्रसादः ततः समाधिश्च**
**ततो हि निश्रेयसमतो हि तत्पूजनं न्यायम् ॥**
**(तत्वार्थकारिका)**

પરમ પુરુષોત્તમ શ્રી અરિહંત પરમાત્માની પૂજા કરવાથી ચિત્ત પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. પ્રસન્નતાથી સહજસમાધિ સિદ્ધ થાય છે. સમાધિથી સિદ્ધિનું શાશ્વત - અવ્યાબાધ- અક્ષય અનંત સુખ સાધકને સ્વયં પરમાત્મા આપે છે. તેથી સર્વસાધકોએ ભવસ્થિતિનો પરિપાક કરવા માટે સંસારસાગરથી તારનાર જહાજ તુલ્ય જિનપૂજા પરમ આદર - બહુમાન પૂર્વક કરવી જોઈએ. પૂજ્યની પૂજા કરવાથી પૂજક સ્વયં પૂજ્યતાને પામે છે શ્રાવકને દ્રવ્ય પૂજા વડે શુભભાવની વૃદ્ધિ થતાં સર્વવિરતિના પરિણામ ઉત્પન્ન થાય છે.

(૪) ચારિત્રના વિશુદ્ધ આચરણથી જિનાજ્ઞાનું ઉત્કૃષ્ટ આરાધન થાય છે. કારણ કે જિનાગમોમાં ષડ્જીવનિકાયનું સૂક્ષ્મ સ્વરૂપ બતાવીને તે સર્વ જીવોની રક્ષા કરવા અહિંસા - સંયમ - તપરૂપ ધર્મનું આચરણ મન વચન અને કાયાથી કરવાનું કહ્યું છે.

પાંચ મહાવ્રતો, અષ્ટ પ્રવચન માતા રુપ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિથી યુક્ત ચારિત્રની વિશુદ્ધિ ઉત્તરોત્તર વધે છે તેમ તેમ સાધક ધ્યાનયોગમાં, ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનમાં વધુ સ્થિર-નિશ્ચલ બને છે.

ક્ષમાદિ દશ પ્રકારનો યતિ ધર્મ એ જ વિશુદ્ધ ચારિત્ર છે. સમતા - સામ્યની શુદ્ધિ અને વૃદ્ધિથી અત્યન્ત શુદ્ધ-શુદ્ધતર બનેલું ચારિત્ર કેવળજ્ઞાન અને મુક્તિનું પરમ શાશ્વત સુખ આપે છે.

સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર - વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્રના આ પાંચ પ્રકારો આત્માની ઉત્તરોત્તર થતી શુદ્ધિના દ્યોતક છે.

બારમાસના ચારિત્ર પર્યાયમાં સાધુ એવું આત્મિક સુખ અનુભવે છે કે જેની તુલના અનુત્તર વાસી દેવનાં સુખ સાથે પણ થઈ શકતી નથી. તે પછી ચારિત્રનું અનુપમ સુખ વૃદ્ધિ પામતું જાય છે. એમ ભગવતી આદિ સૂત્રોમાં કહ્યું છે. અષ્ટકર્મના સંચયનો જે નાશ કરે છે તે ચારિત્ર, અક્ષય અનંત અવ્યાબાધ સુખનું કારણ છે. ચક્રવર્તી મહારાજા પણ ચારિત્ર ગ્રહણ કરી તેનું પાલન કરે છે. તેને ચારિત્રનું સામ્રાજ્ય ષટ્ખંડ પૃથ્વીના રાજ્યથી પણ વિશાલ અને સર્વ શ્રેષ્ઠ જણાય છે.

એક રંકને ચારિત્ર પ્રત્યે આદર ઉત્પન્ન થતાં ઈન્દ્ર અને નરેન્દ્રો પણ તેની સેવા કરે છે. તે ચારિત્રનો પ્રભાવ છે.

સર્વ તીર્થંકર ભગવંતો પણ મહા વિશાળ ઋદ્ધિ-સમૃદ્ધિનો ત્યાગ કરીને ચારિત્ર ગ્રહણ કરે છે. સર્વસાવદ્યયોગોના

પરિહાર રૂપ સામાયિકની પ્રતિજ્ઞા ઉચ્ચરે છે ત્યારે તેમને અપ્રમત્ત ગુણસ્થાનક અને ચોથું મનઃ પર્યવજ્ઞાન એક સાથે ઉત્પન્ન થાય છે. પાંચમહાવ્રતોનાં આચરણ રૂપ વ્યવહાર ચારિત્રના વિશુદ્ધ પાલનથી આત્મસ્વભાવમાં રમણતારૂપ નિશ્ચયચારિત્ર પ્રાપ્ત થાય છે.

આત્મસ્વભાવમાં લીન બનેલા મુનિને સમતાનું જે અદ્ભુત સુખ - આનંદ અનુભવાય છે. તે સુખ ઇન્દ્રને પણ હોતું નથી. સર્વમુમુક્ષુ આત્માઓએ ચારિત્રના વિશુદ્ધ આરાધન દ્વારા જિનાજ્ઞાનું પાલન અવશ્ય કરવું જોઈએ. જેથી આ જન્મમાં પણ જીવનમુક્તિનો પરમાનંદ અનુભવી શકાય છે. અને તેના પ્રભાવે વિદેહમુક્તિનું શાશ્વત સુખ પણ અવશ્ય પ્રાપ્ત થાય છે.

ધ્યાનયોગ, ભાવવાહી સ્તુતિ અને જિનપૂજાદિનું આરાધન એ ચારિત્ર ગ્રહણ અને તેનાં વિશુદ્ધ આચરણમાં સહાયક સાધનો છે. તેથી શ્રાવક શ્રાવિકાને પ્રભુની દ્રવ્યપૂજા પણ અવશ્ય કર્તવ્ય છે. તે સ્પષ્ટ રીતે સ્વયં ગ્રન્થકાર શ્રી વર્ણન કરે છે.

**आराधितोऽस्त्वसौ भावस्तवेन व्रतचर्यया ।**
**तस्यपूजादिना द्रव्यस्तवेन तु सरागता ॥ २९ ॥**

વ્રત - મહાવ્રતના વિશુદ્ધ આચરણ રૂપ ભાવસ્તવ દ્વારા આ વીતરાગ પરમાત્માની જ આરાધના થાય છે. અને પૂજાઆદિ રૂપ દ્રવ્ય સ્તવ વડે તે પરમાત્માની પ્રશસ્ત

રાગરૂપ ભક્તિ થાય છે.

**ભાવાર્થ :** પૂર્વના શ્લોકમાં બતાવેલા વિશુદ્ધ ચારિત્ર અને જિનપૂજાદિ અનુષ્ઠાનોનું મહત્ત્વ બતાવે છે : તેનાં આરાધનથી પરમાત્માનો સાક્ષાત્ અનુગ્રહ તથા પ્રભુનો અનુરાગ વૃદ્ધિ પામે છે. વિશુદ્ધ ચારિત્ર એ જિનાજ્ઞારૂપ હોવાથી તેનાં આચરણથી જિનાજ્ઞાનું ભાવપૂર્વક આરાધન થાય છે. વિશુદ્ધ વ્રતો મહાવ્રતોનું પાલન પ્રભુનો ભાવસ્તવ છે. ભાવસ્તવથી પરમાત્માનો સાક્ષાત્ અનુગ્રહ પ્રાપ્ત થાય છે. પ્રભુની ભાવપુર્વકની આરાધના વડે વિશુદ્ધ સ્વભાવમાં લીનતા - તન્મયતા રૂપ ભાવચારિત્ર પ્રગટે છે, તેથી આત્મા મોક્ષનું શાશ્વત સુખ અલ્પકાળમાં પામે છે. અર્થાત્ વિશુદ્ધ ચારિત્રના પાલન વડે આરાધેલા પ્રસન્ન થયેલા પ્રભુ ચારિત્રનાં આરાધક સાધુને શિવસુખ આપે છે. તેમજ તે પ્રભુની દ્રવ્યપૂજાદિ રૂપ દ્રવ્યસ્તવ દ્વારા પરમાત્માની પ્રીતિ અને ભક્તિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. પરમપુરુષોત્તમ પરમાત્મા પ્રત્યેની પરમ પ્રીતિ પ્રશસ્ત રાગ રૂપ હોઈ મુક્તિનો મંગલમાર્ગ છે. પ્રભુનો અવિહડ પ્રેમ, પૂજાદિ અનુષ્ઠાનો દ્વારા વૃદ્ધિ પામતો પ્રભુ સાથે એકતા કરાવે છે. પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ રૂપ ચાર પ્રકારનાં અનુષ્ઠાનો કહ્યા છે.

તે ચાર અનુષ્ઠાનો સર્વયોગોમાં, ક્રિયાઓમાં વ્યાપક છે. સર્વ પ્રથમ - પ્રીતિ - ભક્તિ અનુષ્ઠાન રુપ પૂજાદિ દ્વારા પ્રભુ અને પ્રભુવચન પ્રત્યે આદર બહુમાન વૃદ્ધિ પામતાં વચન અનુષ્ઠાન રૂપ ચારિત્રનું વિશુદ્ધ પાલન થઈ શકે છે.

અને તે વચન અનુષ્ઠાન વડે અસંગ અનુષ્ઠાન રૂપ સહજ સમાધિ સિદ્ધ થાય છે.

પ્રભુપૂજા દ્વારા સાધકના મનવચન અને કાયા ત્રણે યોગો પવિત્ર બને છે, અનાદિકાળથી અનંત પુદ્ગલિક પદાર્થોથી બંધાયેલી પ્રીતિ તૂટે છે અને પ્રભુ સાથે પ્રીતિનો સંબંધ જોડાય છે અને તે પ્રીતિ ગાઢ બનતાં ભક્તિ સ્વરૂપ બને છે. કહ્યું છે.

**[1]પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ,**
**પરમપુરુષથી રાગતા, એકત્વતા તો હો દાખી ગુણે-ગેહ.**

પરમતારક પરમાત્માના પ્રેમનું આ પરમ સામર્થ્ય છે કે તે ભક્તને પર પદાર્થનો સંગ છોડાવીને પરમાત્મપદ અવશ્ય આપે છે. પ્રભુનો અનુરાગ એ પ્રભુ અનુગ્રહનું કારણ છે. જેમ જેમ ભક્તનો અનુરાગ વધે છે. તેમ તેમ તેને પ્રભુના અનુગ્રહનો પ્રગટ અનુભવ થાય છે. પ્રભુ ગુણોનું ગાન કરવાથી ભક્તનાં મનમાં પ્રભુની પ્રીતિ વિસ્તૃત થાય છે.

**"સુમતિનાથ ગુણ શું મિલીજી, વાધે મુજમન પ્રીતિ,**
**તેલ બિન્દુ જેમ વિસ્તરેજી જળ માંહે ભલી રીતિ."**
**"સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ."**

મહાસોભાગી એવા જિનેશ્વર ભગવંત શ્રી સુમતિનાથ પ્રભુ સાથે અવિહડ પ્રેમ લાગ્યો છે, તેલમાં રહેલા જળ બિન્દુની જેમ પ્રભુ પ્રત્યેની પ્રીતિ વિસ્તરે છે.

**"પીવત ભરભર પ્રભુ ગુણપ્યાલા, તેમ મુજ પ્રેમ અભંગ"**

હે પ્રભુ ! આપના ગુણામૃતરસનું પાન પ્યાલા ભરી ભરીને કરું છે. તેમ આપનો પ્રેમ અભંગ બને છે. અને તે પ્રભુ - પ્રેમ જ અક્ષય - પદ પ્રદાન કરે છે.

પ્રભુની અષ્ટપ્રકારી, સત્તર અને એકવીસ પ્રકારી પૂજા દ્વારા શ્રાવક પ્રભુ પ્રત્યે પોતાનો પ્રેમ પ્રદર્શિત કરે છે. વિવિધ પ્રકારના ઉત્તમ પુષ્પો, ફળ, નૈવેદ્ય વગેરે પ્રભુ પાસે ભેટ ધરીને ગીત - નૃત્ય વાજિંત્રાદિ દ્વારા ભક્તિરસમાં ઝીલે છે.

ઈન્દ્રાદિ સર્વ દેવો શ્રી તીર્થંકર પરમાત્માની પ્રકૃષ્ટ દ્રવ્યો દ્વારા પૂજા કરે છે. અને તેથી ભાવોલ્લાસવૃદ્ધિ પામે છે. તેનાં ફળ રૂપે ઉત્તમકુળમાં જન્મ લઈ સર્વવિરતિ સ્વીકારી અનુક્રમે મોક્ષના શાશ્વત સુખને શીઘ્ર પ્રાપ્ત કરે છે.

રાવણ રાજા અષ્ટાપદ તીર્થ ઉપર પ્રભુની પ્રકૃષ્ટ ભાવે ગીત-નૃત્ય-વાજિંત્ર પૂજા દ્વારા તીર્થંકર નામ કર્મ બાંધ્યું હતું. તેથી દ્રવ્યપૂજાદિ દ્વારા પ્રકૃષ્ટ પ્રેમભાવ ઉત્પન્ન થતો હોવાથી શ્રાવક શ્રાવિકાએ દ્રવ્યપૂજા અવશ્ય કરવી જોઈએ.

**चिन्तामण्यादि कल्पस्य स्वयं तस्य प्रभावतः ।**
**-कृतो द्रव्यस्तवोऽपि स्यात्, कल्याणाय तदर्थिनाम् ॥३०॥**

ચિંતામણિ, કલ્પવૃક્ષાદિ સમાન તે પરમાત્માના પ્રભાવથી તે પ્રભુનો કરેલો દ્રવ્ય સ્તવ-(દ્રવ્ય પૂજાદિ) પણ કલ્યાણના અભિલાષી સાધકોના પરમકલ્યાણનો હેતુ બને છે.

**ભાવાર્થ** : દ્રવ્યસ્તવનો પરમ પ્રભાવ બતાવે છે : જેમ ચિંતામણિ-આદિ જે મનોવાંછિત ફળ આપે છે તે આ લોકની ભૌતિક સંપત્તિ માત્ર આપી શકે પરંતુ શ્રી ત્રિભુવનતારક પરમાત્મા તો બાહ્ય સંપત્તિ સાથે અંતરંગ ગુણ - સંપત્તિ તથા સ્વર્ગ અને મોક્ષ પણ આપવા સમર્થ છે. તેથી તે પરમાત્માના પ્રભાવથી તેમની દ્રવ્યપૂજા પણ મહાન સંપત્તિ, રાજ્ય સમૃદ્ધિ અને સ્વર્ગાદિ આપે છે. કહ્યું પણ છે :

"શ્રી તીર્થંકર પરમાત્માની કરેલી પૂજા પાપ - અશુભકર્મોનો નાશ કરે છે, દુર્ગતિ દૂર કરે છે. સર્વ આપત્તિઓનું નિવારણ કરે છે, પુણ્યનો સંચય કરે છે, લક્ષ્મીને વિસ્તારે છે, આરોગ્ય પુષ્ટ કરે છે, સુખ, સોભાગ્ય આપે છે. સર્વગુણી પુરુષો પ્રત્યે પ્રીતિ-પ્રેમ પેદા કરે છે. યશકીર્તિ પ્રસારે છે, સ્વર્ગ અને મોક્ષનું શાશ્વત સુખ આપે છે."

પરમાત્માની દ્રવ્યપૂજા શુભાશયથી કરનારો સાધક પૂર્વના કરેલા અશુભકર્મોનો ક્ષય કરે છે તેથી દુઃખ દુર્ભાગ્ય દારિદ્ર અને દુર્ગતિ નાશ પામે છે. તથા પૂજા સમયે અત્યન્ત શુભભાવનો પ્રવાહ પેદા થવાથી પુન્યાનુબંધી પુન્ય પુષ્ટ બને છે. તેથી આરોગ્ય, સુખ, સૌભાગ્ય, યશ અને વૃદ્ધિ પામે છે કલ્યાણકામીનું કલ્યાણ પૂજા કરે છે.

**स्वर्गापवर्गदो द्रव्यस्तवोत्रापि सुखावहः ।**
**हेतु चित्त प्रसन्नेतत्, कर्तव्यो गृहिणा सदा ॥ ३१ ॥**

પ્રભુનો દ્રવ્ય સ્તવ-(દ્રવ્યપૂજા) આલોકમાં પણ સુખ

આપે છે. અને પરલોકમાં સ્વર્ગ અને મોક્ષ પણ આપનાર છે તેમજ ચિત્ત પ્રસન્નતાનું પ્રધાન કારણ હોવાથી ગૃહસ્થ સાધકે પ્રભુ પૂજા - (દ્રવ્યસ્તવ) સદા - નિત્ય કરવી જ જોઈએ.

**ભાવાર્થ :** દ્રવ્યપૂજાએ ચિત્ત પ્રસન્નતા અને અનુક્રમે વિરતિના પરિણામ ઉત્પન્ન કરનાર હોવાથી ગૃહસ્થ જીવનમાં રહેલા સર્વ સાધકો માટે અવશ્ય કર્તવ્ય છે. પૂજા શાસ્ત્રવિહિત હોવાથી પ્રભુ પૂજા દ્વારા જિનાજ્ઞાનું પાલન થાય છે દુર્ગતીનારી જગતગુરુ પરમાત્માની પુષ્પપૂજાના પ્રણિધાનથી દેવલોકમાં ઉત્પન્ન થઈ "એમ જિનાગમમાં કહ્યું છે" (પંચાશક ૪ ૪૯)

શ્રાવક કુટુંબાદિ માટે આરંભ સમારંભ કરતો હોય છે પણ જિનપૂજા નિમિત્તે પુષ્પાદિ ચઢાવવામાં શંકાશીલ બની ઓછા ફૂલ ચઢાવે અથવા પુષ્પપૂજાદિ ન કરે તો તે પોતાની બોધિનો નાશ કરે છે. તથા વિવેક, ઉદારતા ગુણની હાનિ થાય છે. (પંચાશકશ્લોક ૧૨-૩૦ ભક્તિ બત્તીસી) જિનપૂજા શ્રદ્ધાપૂર્વક કરનાર આ લોકમાં પણ સર્વ પ્રકારનું સુખ, સંપત્તિ, સૌભાગ્ય યશ-કીર્તિ પામે છે. પરલોકમાં પણ સ્વર્ગ-સદ્ગતિ-રાજ્ય- સમૃદ્ધિ-તીર્થંકર ગણધરાદિ પદ પામી અનુક્રમે જન્મમરણાદિ દુઃખોથી મુક્ત બની, મુક્તિનું અક્ષય - અનંત - અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરે છે. ચિત્ત પ્રસન્નતાનાં કારણ રૂપ જિનપૂજા સર્વ ગૃહસ્થ સાધકોએ અવશ્ય કરવી જોઈએ.

**भवेद् विरतिरप्यस्य यथाशक्ति पुनर्यदि ।**
**ततः प्रक्षरितः सिंहः कर्मनिर्मथनं प्रति ॥ ३२ ॥**

જો દ્રવ્યસ્તવની સાથે તે ગૃહસ્થ સાધકને યથાશક્તિ વ્રત-નિયમાદિ વિરતિ પણ હોય તો તે શ્રાવક કર્મનો નાશ કરવા માટે સિંહતુલ્ય સજ્જ - તત્પર બનેલો છે, એમ જાણવું.

**ભાવાર્થ :** દ્રવ્યસ્તવ - દ્રવ્યપૂજાદિ ભાવસ્તવનું કારણ છે. તે પ્રભુની પૂજા વિવિધ ઉત્તમ દ્રવ્યો, જળ-ચંદન-સુગંધી-પુષ્પાદિ, ધૂપ-દીપ-અક્ષત-નૈવેદ્ય-ફળ આદિ દ્વારા નિત્ય કરવાથી વિરતિ - હિંસાદિ પાપોથી નિવૃત્તિના પરિણામ પેદા થાય છે. અને તેથી અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રતરૂપ બારવ્રત અથવા યથાશક્તિ સ્થૂલ પ્રાણાતિપાતવિરમણરૂપ એક વ્રત પણ સ્વીકારે છે. અને વિરતીના ભાવ વડે સાધક મોહનીયાદિકર્મોનો જય કરવા માટે સિંહની જેમ સજ્જ થાય છે.

સિંહ એકલો હોવા છતાં હજારો હાથીઓને જીતવા સમર્થ છે. તેવી રીતે શૂરવીર સાધક શ્રાવક પણ આણંદ અને કામદેવની જેમ યથાશક્તિ વ્રતો સ્વીકારી, દૃઢતાપૂર્વક પાલન કરી સ્વર્ગ અને મોક્ષસુખ પામે છે.

સામાયિક અને પૌષધ વ્રતમાં ધ્યાન અને કાયોત્સર્ગ દ્વારા પરમાત્મા - અને જીવાદિ તત્ત્વોનું ચિંતન કરવાથી પરિણામો વિશુદ્ધ બને છે. તેનાથી નિર્મલ અવધિજ્ઞાન પણ આણંદ શ્રાવકની જેમ પ્રાપ્ત થાય છે. તથા કોઈક શ્રાવકને

સર્વવિરતિ ગ્રહણ કરવાની ભાવના પણ ઉદયન મહારાજાની જેમ ઉત્પન્ન થાય છે.

**श्रावको बहुकमापि, पूजाद्यैः शुभ भावतः ।**
**दलयित्वाऽखिलं कर्म, शिवमाप्नोति सत्वरम् ॥ ३३ ॥**

ઘણા સાવદ્ય કર્મવાળો શ્રાવક પણ જિનપૂજાદિ રૂપ દ્રવ્યસ્તવનું ભાવપૂર્વક આરાધન કરવા દ્વારા સર્વ કર્મોનો અનુક્રમે ક્ષય કરીને શીઘ્ર મોક્ષ પામે છે.

**ભાવાર્થ :** જેઓ નગરશેઠ કે અનેક દેશના રાજા-મહારાજા હોવા છતાં પરમાત્માની નિત્ય, ઉલ્લાસપૂર્વક દ્રવ્યપૂજા કરે છે. તેના દ્વારા તેમના શુભભાવો આત્મલક્ષી બને છે અને તેઓ સર્વ બાહ્ય-પગ્રિહ પરિવાર અને સુખ સંપત્તિની મોહ-માયા છોડી તેજ ભવમાં ચારિત્રગ્રહણ કરી મોક્ષ-પદ પ્રાપ્ત કર્યું. એવા અનેક દૃષ્ટાન્તો શાસ્ત્રોમાં જોવા મળે છે. નાગકેતુ પ્રભુની પુષ્પપૂજા કરતા તંબોલિયો સર્પ દંશ દે છે, પરંતુ શુભ ધ્યાનના પ્રભાવે વિષનું નિવારણ થાય છે અને ક્ષપક શ્રેણિ માંડી કેવલ જ્ઞાન પ્રાપ્ત કરે છે.

સુવ્રતશેઠ અને સુદર્શન શેઠ પ્રભુની નિત્ય દ્રવ્ય-ભાવ પૂજા કરવા સાથે મૌન એકાદશી વ્રત તથા શ્રીનવકાર મહામંત્રની આરાધનના કરે છે. તેના પ્રભાવે શૂળીનું સિંહાસન અનેં અસત્યકલંકનું નિવારણ થાય છે. ગુરુ ભગવંત પાસે ચારિત્ર ગ્રહણ કરી અનુક્રમે મોક્ષ પામે છે.

સિંધુ - સૌવીરદેશના સ્વામી ઉદાયનરાજા શ્રીમહાવીર

પ્રભુની ગોશીર્ષચંદનની મૂર્તિ મળતાં પ્રભાવતી રાણી સાથે તે પ્રભુની ભાવપૂર્વક પૂજા કરે છે. આ દ્રવ્યપૂજાના પ્રભાવે દેશવિરતિ ધર્મશ્રાવકપણું પામે છે, પૌષધ સમયે વિશુદ્ધ ભાવના ભાવે છે, "ભગવાન મહાવીર દેવ મારાં નગરમાં પધારે તો ચારિત્ર ગ્રહણ કરૂં" પ્રભુ પધારતા ભાવપૂર્વક દીક્ષા ગ્રહણ કરી વિશુદ્ધ ચારિત્ર પાળી - કેવલ જ્ઞાન અને શાશ્વત સુખ પામે છે. અનેં અસત્યકલંકનું નિવારણ થાય છે. ગુરુ ભગવંત પાસે ચારિત્ર ગ્રહણ કરી અનુક્રમે મોક્ષ પામે છે.

સિંધુ - સૌવીરદેશનાં સ્વામી ઉદાયનરાજા શ્રીમહાવીર પ્રભુની ગોશીર્ષચંદનની મૂર્તિ મળતાં પ્રભાવતી રાણી સાથે તે પ્રભુની ભાવપૂર્વક પૂજા કરે છે. આ દ્રવ્યપૂજાના પ્રભાવે દેશવિરતિધર્મ શ્રાવકપણું પામે છે, પૌષધ સમયે વિશુદ્ધ ભાવના ભાવે છે, "ભગવાન મહાવીર દેવ મારાં નગરમાં પધારે તો ચારિત્ર ગ્રહણ કરૂં" પ્રભુ પધારતા ભાવપૂર્વક દીક્ષા ગ્રહણ કરી વિશુદ્ધ ચારિત્ર પાળી - કેવલ જ્ઞાન અને શાશ્વત સુખ પામે છે.

**येनाज्ञा यावदाराद्धा, स तावल्लभते सुखम् ।**
**यावद् विराधिता येन, तावद् दुःखं लभेत सः ॥३४॥**

જે જીવ જિનાજ્ઞાનું જેટલું આરાધન-પાલન કરે છે; તે જીવ તેટલું સુખ અવશ્ય પામે છે. અને જે જીવ જિનાજ્ઞાની જેટલી વિરાધના કરે છે, તે જીવ તેટલું જ દુઃખ પામે છે.

**ભાવાર્થ** : પરમોપકારી અનન્ત કરુણાસાગર શ્રી

તીર્થંકર પરમાત્માની સર્વ જંતુહિતકારી, સુખકારી આજ્ઞાનું સ્વરૂપ અને તેના પાલનના ઉપાયો બતાવીને તેનું ફળ શું છે ? તે આ ગાથામાં બતાવે છે.

જે સાધક જેટલા પ્રમાણમાં જિનાજ્ઞાનું જ્ઞાન-શ્રદ્ધાન કરવા દ્વારા ભાવોલ્લાસપૂર્વક વિધિ સાથે પાલન કરે છે, તેટલા પ્રમાણમાં બાહ્ય આંતરિક સુખ અને સંપત્તિ પામે છે. તથા જિનાજ્ઞાનું જેટલા પ્રમાણમાં જે વિરાધન કરે છે. આજ્ઞાનું ઉલ્લંઘન કરી હિંસાદિ પાપોનું સેવન કરે છે - વિષયોમાં આસક્ત બની રાગદ્વેષાદિ દોષોને વધારે છે, તેટલા પ્રમાણમાં તે આ લોકમાં દરિદ્રતા, રોગ, શોક, સંતાપ, વિપત્તિ, દુઃખ પામે છે અને પરલોકમાં દુર્ગતિ, નીચ કુલ-જાતિ આદિ ભયંકર દુઃખો ભોગવે છે. જન્મ-જરા મરણની પરંપરા વધારે છે.

કહ્યું પણ છે : ‘‘હે વીતરાગ ! તારી સેવાથી પણ તારી આજ્ઞાનું પાલન પ્રકૃષ્ટ ફળ આપે છે. કારણ કે આજ્ઞાની આરાધના જ મોક્ષનું શાશ્વત સુખ આપે છે. આજ્ઞાની વિરાધના જ ભવમાં ભ્રમણ કરાવી જન્મ-મરણાદિ દુઃખની પરંપરા સર્જે છે.

ત્રણે કાળનાં સર્વ તીર્થંકરોની આજ્ઞા સર્વત્ર એક સમાન હોય છે. તેમાં લેશમાત્ર કોઈ ભેદ પડતો નથી.

સર્વ તીર્થંકરોની આજ્ઞા શું છે?

**आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।**
**आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः ॥**

જિનેશ્વર પરમાત્માની ત્રિકાલ વ્યાપી આજ્ઞા છે. "હેયનો ત્યાગ કરવો અને ઉપાદેયનો આદર કરવો." હિંસાદિ પાપો આશ્રવ હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે. અને અહિંસાદિ ધર્મો સંવરરુપ હોવાથી ઉપાદેય છે. આદરવા યોગ્ય છે. હિંસાદિ પાપો ભવપંરપરા અને દુઃખ પરંપરાના હેતુ છે અને અહિંસાદિ ધર્મો એ મોક્ષ - શાશ્વત સુખના હેતુ છે. જિનાજ્ઞા એ જ સમસ્ત દ્વાદશાંગીનું રહસ્ય છે. સારભૂત સંક્ષિપ્ત મુષ્ટિ જ્ઞાન છે અને અન્ય સર્વ આગમો તેનો વિસ્તાર છે.

શ્રી પ્રશ્ન - વ્યાકરણ ગ્રન્થના પ્રથમ અધિકારમાં હિંસાદિ પાંચ આશ્રવો, તેના કટુક ફળોનું વિસ્તારથી વર્ણન છે. બીજા અધિકારમાં અહિંસાદિ પાંચ સંવરોનું સ્વરૂપ અને તેના ફળરૂપે સ્વર્ગ તથા અનુક્રમે કેવલજ્ઞાન, મોક્ષનું અક્ષય-અનંત સુખ પ્રાપ્ત થાય છે. એમ પ્રતિપાદન કર્યું છે. શ્રી વિપાકસૂત્રમાં પણ હિંસાદિથી પ્રાપ્ત થતાં અસાતા- રોગ શોકાદિ દુઃખોના તેમજ અહિંસાદિ ધર્મથી મળતા સુખોના દૃષ્ટાન્તો વિસ્તારથી બતાવેલા છે. જિનાજ્ઞાનું મહત્ત્વ સમજી ઉત્તમ જીવો તેનું વિધિપૂર્વક પાલન કરવા તત્પર બને. અને આજ્ઞાની વિરાધનાથી બચવા, હિસાદિ પાપો-વિષયકષાય-રાગદ્વેષાદિ દોષોનો સર્વથા ત્યાગ કરવા પ્રયત્નશીલ બને. જિનાગમોનું ગુરુમુખે શ્રવણ કરવાથી સંવેગ અને વૈરાગ્ય વૃદ્ધિ પામે છે.

**सदा तत्पालने लीनैः, परमात्मात्मनात्मनि ।**
**सम्यक् ज्ञायते ज्ञातो, मोक्षं च कुरुते प्रभुः ॥३५॥**

તે જિનાજ્ઞા પાલનમાં સદા લીન-ઉપયુક્ત સાધકો તે પરમાત્માને પોતાના આત્મામાં આત્માનુભવ વડે જાણે છે અને આત્મામાં સારી રીતે જણાયેલા પ્રભુ સાધકનેમોક્ષ આપે છે.

**ભાવાર્થ** : હેયનો ત્યાગ અને ઉપાદેયનું આસેવન કરવા રૂપ પ્રભુની વ્યવહાર-આજ્ઞાનાં પાલનમાં તત્પર બનેલો સાધક નિશ્ચયથી જિનાજ્ઞાનું પાલન કરી શકે છે.

નિશ્ચયથી આજ્ઞાઃ- પરમાત્માના પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં લીન બની, સત્તાએ પોતાના શુદ્ધ આત્મસ્વભાવમાં નિશ્ચલ બનવું તેમજ પરભાવથી વિરમવું તે નિશ્ચયનયની અપેક્ષાએ જિનાજ્ઞા છે. કહ્યું પણ છે :

**"આગમ નોઆગમ તણો, ભાવ તે જાણો સાચોરે;**
**આતમ - ભાવે થિર હોજો, પર ભાવે મત રાચો રે."**

**आत्मानमात्मनावेत्ति, मोहत्यागाद् यदात्मनि ।**
**तदेवतस्य चारित्रं, तज्ज्ञानं तच्व दर्शनम् ॥**

મોહના ત્યાગથી જે આત્મા સ્વ આત્મામાં આત્મભાવ કે સંવેદન વડે આત્માને સત્તાએ શુદ્ધ જાણે છે તે જ તેનું ચારિત્ર છે, તે જ જ્ઞાન છે, તે જ દર્શન છે.

શ્રી આચારાંગ સૂત્રમાં પણ કહ્યું છે : જે મુનિપણું છે તે જ સમ્યક્ત્વ છે જે સમ્યક્ત્વ છે તે જ મુનિ પણું, મૌન છે.

જગતના સમગ્ર તત્ત્વને જે જાણે છે, તે મુનિ છે, આ રીતે સમ્યક્ જ્ઞાન દર્શન-ચારિત્રની એકતા થવી તે મૌન-મુનિપણું કહેવાય છે.

જ્ઞાનસાર - મૌનાષ્ટકમાં પણ કહ્યું છેઃ

**आत्मात्मन्येवयच्छुद्धं जानात्यात्मानमात्मना ।**
**सेयं रत्नत्रयेज्ञप्तिरुच्याचारैकता मुनेः ॥२॥**

**સ્વોપજ્ઞટબો- અર્થ :** આત્મા, આત્મસ્વભાવરૂપ આધારને વિષે, શુદ્ધ-કર્મોપાધિ રહિત, એકત્વ-પૃથકત્વ પૃથકપરિણત, અભેદ અને ભેદરૂપે પૃથક્ પરિણતિવાળા સ્વદ્રવ્યરૂપ આત્માને આત્મા વડે જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા એમ દ્વિવિધ પરિજ્ઞાએ જાણે તે આ રત્નત્રયમાં જ્ઞાન-રુચિ-શ્રદ્ધા અને આચરણની અભેદ પરિણતી મુનિને હોય છે. આ જ કારણથી જે શ્રુત જ્ઞાનથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે, તે અભેદ નયની અપેક્ષાએ શ્રુતકેવળી છે તથા જે કેવળ સંપૂર્ણ શ્રુતને જાણે તે ભેદનયથી શ્રુતકેવળી છે એમ સમય પ્રાભૃતમાં કહ્યું છે.

ભાવમુનિ પરમાત્માની આજ્ઞાનું પાલન નિશ્ચય અને વ્યવહાર બન્ને રીતે કરે છે. સર્વનય સાપેક્ષ ચારિત્ર ગુણમાં લીન બનેલ મુનિ સર્વનયોનો સાપેક્ષપણે આશ્રય કરે છે તેથી સદા સમવૃત્તિવાળો તે આત્મિક સુખનો અનુભવ કરે છે. જિનેશ્વર ભગવંતોના સર્વનયાશ્રિત શાસનને ભાવિત બનાવી, અન્યને પ્રકાશિત કરે છે તે ધન્ય છે. પરમાત્માની

પૂર્ણકૃપાનો સાક્ષાત્કાર તેને અવશ્ય થાય છે.

દુર્લભ એવું પ્રભુદર્શન પ્રભુકૃપાએ સુલભ બને છે. પ્રભુની - કૃપા તેમના પ્રત્યે પરમપ્રેમ, પરાભક્તિ ધારણ કરી તેમના આજ્ઞા પાલવાથી પ્રાપ્ત થાય છે. સાધક જ્યારે પૂર્ણ પ્રેમ, ભક્તિ અને આજ્ઞાપાલન વિશુદ્ધ ભાવપૂર્વક કરે છે ત્યારે પરમાત્માની પૂર્ણકૃપાનો તે યોગ્ય પાત્ર બને છે.

શ્રી તીર્થંકર પરમાત્માની અચિન્ત્ય શક્તિના પ્રભાવથી જ જીવો આત્મિક-વિશુદ્ધિ, ચિત્ત - પ્રસન્નાદિ ગુણો પામે છે. સ્વતઃ કે અન્ય કોઈ દ્વારા ગુણ પ્રાપ્ત થતો નથી. માટે ગણધર ભગવંતો લોગસ્સાદિ સૂત્રોમાં પ્રભુ પાસે બોધિ, સમાધિ, પૂર્ણ - આરોગ્યની યાચના કરે છે.

શ્રી ગ્રન્થકાર મહર્ષિ પણ પ્રભુના અનુગ્રહને સ્પષ્ટ સમજાવવા માટે જ "યોગસાર" જેવો ગંભીર અર્થોથી ભરેલો ગ્રન્થ સંઘને આપી ગયા છે.

ગ્રન્થના આ પ્રથમ પ્રસ્તાવમાં જ દેવતત્ત્વનું યથાર્થ સ્વરૂપ સમજાવી રહ્યા છે. તેમાં વીતરાગ પરમાત્મા જ સુદેવ છે. તેમના ધ્યાન દ્વારા આરાધક તેમના શુદ્ધ સ્વરૂપમાં તન્મય બની અનુક્રમે વીતરાગ બને છે

શ્રી વીતરાગ તીર્થંકર પરમાત્માનો આવો જ સ્વભાવ છે કે પોતાના ધ્યાનમાં લીન બનેલા ભક્ત સાધકને સ્વતુલ્ય પરમાત્મપદ પ્રદાન કરવું. માટે તેઓ જ- શ્રદ્ધેય છે. તેઓ જ ધ્યેય છે. તેમનું જ શરણ સ્વીકારી જે ભવ્ય જીવ તેમની આજ્ઞાનું વિધિપૂર્વક પાલન કરે છે. તે અવશ્ય ભવસાગરને

પાર કરી સ્વયં પરમાત્મ - પદને પ્રાપ્ત કરે છે. શ્રી તીર્થંકર પરમાત્મા વીતરાગ, કૃતકૃત્ય હોવા છતાં તેમની આજ્ઞાનું આરાધન કરનારા ભક્તને માર્ગાનુસારીતાથી લઈ શૈલેશીકરણ સુધીની વિશુદ્ધ-વિશુદ્ધતર ભૂમિકાઓ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય આપે છે. સાચો ભક્ત પરમાત્માનો અનુગ્રહ અનુભવે છે અને પ્રભુને કહે છે :

"હે પ્રભુ ! મહામુનિઓ આપને પરમ પુરુષ કહે છે, સૂર્યસદૃશ કાન્તિવાળા, અંધકારરહિત અને નિર્મળ એવા આપને નાથરૂપે સ્વીકારી, આપ જેવા સમર્થ સ્વામીના અચિન્ત્ય પ્રભાવથી જ મૃત્યુને જીતે છે.

હે મુનીન્દ્ર ! આપના શરણ સિવાય મુક્તિપદનો અન્ય કોઈ કલ્યાણકારી માર્ગ નથી. આપ જ મોક્ષ માર્ગના ઉપદેશક અને માર્ગરૂપ છો. આપના ધ્યાન અને આજ્ઞાપાલનથી જ અનંતા જીવો મુક્તિસુખ પામ્યા છે, પામે છે અને પામશે.

**बुद्धो वा यदिवा विष्णुर्यद्वा ब्रह्माथवेश्वरः ।**
**उच्यतांसजिनेन्द्रो वा, नार्थभेद स्तथापिहि ॥३६॥**

તે પ્રભુને બુદ્ધ કહીએ અથવા બ્રહ્મા કે વિષ્ણુ, ઈશ્વર કે શંકર કહીએ અથવા જિનેન્દ્ર દેવ કહીએ તોપણ અર્થભેદ નથી કારણ કે નામમાત્રના ભેદથી વસ્તુતઃ વીતરાગતાદિ ગુણોનો ભેદ થતો નથી.

**ભાવાર્થ :** સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ પરમાત્માને ભિન્ન ભિન્ન નામોથી ઓળખાવે છે.

જેમના રાગદ્વેષાદિ સર્વ દોષો ક્ષય પામેલા છે અને જેમના કેવલજ્ઞાનાદિ સર્વ ગુણો પ્રગટ થયેલા છે તે પ્રભુને બુદ્ધ, વિષ્ણુ, બ્રહ્મા, મહાદેવ અથવા જિનેન્દ્ર પણ કહી શકાય છે તેથી અર્થભેદ થતો નથી.

ભક્તામર સ્તોત્રમાં પણ કહ્યું છે, હે પ્રભુ ! આપ જ અવ્યય છો, અવિનાશી હોવાથી આપ વિભુ છો, કેવલ જ્ઞાન વડે સર્વવ્યાપી છો, અસંખ્ય છો, આદિ બ્રહ્મા છો, ઈશ્વર મહાદેવ છો, અનન્ત છો, અનંગકેતુ છો. યોગીશ્વર છો. કેમ કે સર્વયોગોને સિદ્ધ કર્યા છે. સંખ્યા વડે અનેક હોવા છતાં પણ ગુણોથી એક છો. જ્ઞાન જ આપનું સ્વરૂપ હોઈ જ્ઞાનસ્વરૂપી છો, પૂર્ણ, નિર્મળ, શુદ્ધ છો. એમ યોગીઓ કહે છે.

આપ જ બુદ્ધ છો, દેવો અને ગણધરોથી પણ પૂજિત છો. આગમોનો બોધ આપનારા હોઈ બુદ્ધ છો, આપ જ શંકર છો, ત્રણે ભુવનના જીવોને સુખ આપનારા છો. હે મહાધૈર્યવાળા ! પ્રભુ શિવમાર્ગની વિધિ બતાવનારા હોઈ આપ જ વિધાતા છો, હે ભગવાન ! તમે જ પ્રત્યક્ષ પુરુષોત્તમ છો.

**મમૈવ દેવો દેવઃસ્યાત્, તવનૈવેતિ કેવલં ।**
**મત્સરસ્ફૂર્જિતિં સર્વમજ્ઞાનાનં વિજૃંભિતમ્ ॥૩૭॥**

મારા માનેલા દેવ જ સાચા દેવ છે, તારો (દેવ એ સાચો દેવ) નહીં જ. એમ બોલવું - એ સર્વ કેવળ અજ્ઞાનીઓનાં ઈર્ષ્યાથી ઉત્પન્ન થયેલા ઉદ્ગારો છે.

**ભાવાર્થ** : દેવનું યથાર્થ સ્વરૂપ વીતરાગતા છે. સર્વ દોષ રહિતતા અને સર્વગુણસંપન્નતા જેમાં હોય એ જ સુદેવ છે. તેમને જિનેન્દ્ર-દેવ, તીર્થંકર આદિ અનેક નામોથી સંબોધી શકાય છે. બુદ્ધ-વિષ્ણુ-શંકર મહાદેવાદિ એક હજાર આઠ નામો, એકસો આઠ નામોના સ્તોત્રો આજે પણ જોવા મળે છે.

ભક્ત આત્મા તે સર્વનામોમાંથી કોઈ પણ નામથી પ્રભુનું સ્મરણ ભજન કરી શકે છે. પરમાર્થથી પરમાત્મદેવ તો એક જ છે. નિષ્કામભાવે તે પરમાત્માનું કરેલું સ્મરણ અનન્ત અક્ષય અને અવ્યાબાધ સુખ આપે છે. કેટલાક મોહાધીન જીવો દ્વેષ-માત્સર્ય વશ થઈ કહે છે જે મારા દેવ છે- તે જ સાચા દેવ છે. તારા માનેલા દેવને દેવ ન કહેવાય ઈત્યાદિ પરસ્પર ખંડન-મંડન, વાદ-વિવાદ કરનારા અજ્ઞાની જીવો પરમાત્માની ઉપાસના કરી શકતા નથી. સ્વ-પરનું શ્રેય સાધી શકતા નથી. પરંતુ દ્વેષ, માત્સર્ય, વૈરભાવ રાખી, હિંસાદિ પ્રવૃત્તિઓ કરી સ્વ-પરનું અહિત જ કરતા હોય છે. તે લોકોને પરમાત્માનું સ્વરૂપ ક્યારે પણ જાણવા સમજવા મળતું નથી. આ અજ્ઞાન જ તેમને આવી અહિતકારી પ્રવૃત્તિઓનું મૂળ કારણ બને છે.

**यथावस्थित विज्ञात, तस्वरुपास्तु किंक्कचित्।**
**विवदन्ते महात्मानस्तत्व विश्रान्त दृष्टयः ?॥३८॥**

જે મહાત્માઓએ પરમાત્માનું સ્વરૂપ યથાર્થ રીતે જાણ્યું

છે, અને જેમની અન્તર દૃષ્ટિ આત્મસ્વભાવમાં જ લીન બનેલી છે, તે મહાત્માઓ ક્યારે પણ વાદવિવાદ કરી શકે ખરા ? અર્થાત્ કરતા નથી.

**ભાવાર્થ :** જ્ઞાનીપુરુષોનું લક્ષણ બતાવે છે : જે જીવાદિ તત્ત્વોનું અને દેવ - ગુરુ, ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજી તેમની ભક્તિ ઉપાસના કરે છે. અને તેના પ્રભાવે આત્મસ્વરૂપમાં વિશ્રાન્તિ પ્રાપ્ત કરનારા જ્ઞાની પુરુષો ક્યારે પણ દેવાદિ તત્વોના વિષયમાં વાદવિવાદ કરતા નથી. કારણ કે વાદવિવાદ કરવાથી પરસ્પર વૈમનસ્ય વધે છે. સમતા-સમાધિના સાધનો જે ક્ષમા-મૈત્રી, મૃદુતા કરુણાદિ સદ્ગુણો છે તે વાદ-વિવાદ કરવાથી નાશ પામી જાય છે. અથવા પ્રગટ થઈ શક્તા નથી. સાચો તત્ત્વજ્ઞાની સદા વાદ-વિવાદથી દૂર રહી આત્મસ્વભાવમાં જ મગ્ન બને છે.

વીતરાગ દશાને પામેલા, સર્વજ્ઞ, સર્વદર્શી, દેવેન્દ્રોથી પૂજિત, ત્રિભુવનગુરુ તીર્થંકર પરમાત્મા જ દેવ છે. એવું દેવતત્ત્વનું સ્વરૂપ જાણીને તેમના જ ધ્યાનમાં તન્મય બનવાથી આત્મા પોતાના આત્મ સ્વભાવમાં મગ્ન બને છે. અને અન્ય લોકોને પરમાત્માનું યથાર્થ સ્વરૂપ સમજાવી ભ્રાન્તિ, અજ્ઞાનરૂપી અંધકારને સર્વથા દૂર કરે છે.

**स्वरूपं वीतरागत्वं, पुनस्तस्य न रागिता ।**
**रागोयद्यत्र तत्रान्ये, दोषा द्वेषादयो ध्रुवं ॥३९॥**

પરમાત્માનું લક્ષણ વીતરાગપણું જ છે, નહિ કે

સરાગતા કેમ કે જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષાદિ અન્ય દોષો પણ અવશ્ય હોય છે.

**ભાવાર્થ** : પ્રભુનું સ્વરૂપ વીતરાગતા છે, વીતદ્વેષ, વીતમદ, વીતકલ્પનાવાળા તથા રતિ, અરતિ, હાસ્ય-ભય અને શોકાદિ દોષોથી સર્વથા રહિત હોય અને સર્વજ્ઞ, સર્વદર્શી અવ્યાબાધ સુખ, સહજ આનંદ વગેરે. અનંતગુણોથી યુક્ત હોય તે જ પરમાત્મા પરમદેવ છે. જે પ્રભુમાં અંશમાત્ર પણ રાગ નથી તેમનામાં શેષ દ્વેષાદિ દોષોનો પણ સર્વથા અભાવ હોય છે.

જે વ્યક્તિમાં અલ્પ પણ રાગ હોય છે તેનામાં અન્ય દ્વેષાદિ દોષો પણ અવશ્ય હોય છે. કેમ કે એક વ્યક્તિ કે એક વસ્તુ પ્રત્યે અત્યંત રાગ હોય તો તે સિવાયની અન્ય વ્યક્તિ પ્રત્યે અથવા અન્ય વસ્તુ પ્રત્યે દ્વેષ તિરસ્કાર થાય છે. વીતરાગ પરમાત્મામાં રાગાદિ દોષોનો સર્વથા અભાવ હોય છે કારણ કે રાગાદિ દોષોને ઉત્પન્ન કરનારા ચાર પ્રકારના જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોનો તેમણે સર્વથા ક્ષય કર્યો છે. તેના ફળ સ્વરૂપે તેમને અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને અનંત દાન લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય શક્તિ પૂર્ણ પ્રગટ થઈ છે. રાગાદિ દોષોનો જ્યાં સદ્ભાવ હોય ત્યાં વીતરાગતા હોતી નથી.

**तै र्दोषैः र्दूषितो देवः कथं भवितुमर्हति ।**
**इत्थं माध्यस्थ्य मास्थाय, तत्त्वबुद्धयावधार्यताम् ॥४०॥**

તે રાગાદિ દોષોથી દૂષિત થયેલો વ્યક્તિ દેવરૂપ થવા

માટે કયી રીતે યોગ્ય બની શકે ? આ રીતે નિપુણ પુરુષોએ માધ્યસ્થ ધારણ કરી તત્ત્વદષ્ટિએ વિચાર કરવો જોઈએ.

**ભાવાર્થ** : જેને રાગના ચિહ્નરૂપે સ્ત્રી અને દ્વેષના કારણભૂત શુલ ચક્રાદિ શસ્ત્રો ધારણ કરેલા પ્રત્યક્ષ દેખાતા હોય તથા પશુ-પક્ષી સિંહાદિ વાહનો ઉપર બેઠેલા, નેત્ર, ગાલ અને મુખના વિકારોથી વિકૃત-આકૃતિ વાળા હોય અને હાસ્ય, નૃત્યગીતાદિ હાવભાવવાળા હોય તેવી વ્યક્તિઓ રાગ-દ્વેષાદિ દોષોથી સ્વયં દૂષિત હોય તો દેવ થવાને શી રીતે યોગ્ય બની શકે ? તે મધ્યસ્થ દષ્ટિવાળા પોતાની નિર્મલ પ્રજ્ઞા વડે સ્વયં વિચાર કરી શકે છે.

મુમુક્ષુ સાધક રાગાદિ સર્વ દોષોથી સર્વથા મુક્ત બનવા માટે પ્રભુભક્તિ, સમ્યગ્ જ્ઞાન અને ચારિત્ર રૂપ મોક્ષ માર્ગની સાધના કરતો સદા વીતરાગદેવનું જ સ્મરણ દર્શન-પૂજન-ધ્યાન કરે છે પણ રાગાદિ દોષયુક્ત દેવોનું સ્મરણ કરતો નથી.

રાગીનો સંગ કરવાથી રાગ દશા વૃદ્ધિ પામે છે રાગ-દ્વેષ વધવાથી ભવભ્રમણરૂપ સંસાર વૃદ્ધિ પામે છે. પરમ ગુણી પરમાત્માનો સંગ કરવાથી સદ્ગુણો ઉત્પન્ન થાય છે. રાગ-દ્વેષાદિ દોષો નાશ પામે છે.

**यद्वा रागादिभि र्दोषै सर्व संक्लेशकारकै: ।**
**दूषितेन शुभेनापि, देवेनैव हि तेन किम् ॥४१॥**

અથવા સર્વ પ્રકારના સંક્લેશ ઉત્પન્ન કરનારા રાગદ્વેષાદિ દોષોથી દૂષિત એવા દેવ કદાચ શુભ કામના પૂરી કરનારા

હોઈ સારા લાગતા હોય તોપણ તેથી શું ? મોક્ષસાધક સાધનામાં તે સહાયક બની શકે નહિ.

**ભાવાર્થ** : રાગદ્વેષાદિ દોષો એ અનેક પ્રકારના સંક્લેશ વ્યાકુલતા, ભય શોકાદિ પેદા કરે છે. તે રાગાદિ દોષોથી વ્યાપ્ત બનેલા દેવ દુનિયામાં સારા પ્રભાવશાળી ગણાતા હોય અનેક બાહ્ય ચમત્કાર - પરચો પણ તેમનો જોવા મળતો હોય તો પણ મોક્ષની સાધનામાં તેમનું શું પ્રયોજન છે ? કેમ કે જીવમાત્રમાં રહેલી ઉપયોગ લક્ષણવાળી ચેતનાનો એવો સ્વભાવ છે કે તે જ્યારે રાગીદ્વેષી દેવનું ધ્યાન કરે છે ત્યારે તે ધ્યેયમાં તન્મય બની જાય છે. અર્થાત્ સ્વયં રાગદ્વેષમય બને છે તેથી યોગી પુરુષો કૌતુકથી પણ અશુભ આલંબનોનો ત્યાગ કરવાનું કહે છે. અશુભ નિમિત્ત મળતાં અશુભ સંકલ્પવિકલ્પોની હારમાળા ચાલે છે. તેથી મન-આકુલ વ્યાકુલ બને છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થવાથી ધર્મધ્યાન માટે સાધક અયોગ્ય બને છે માટે રાગી દેવને તજી શ્રી વીતરાગનું જ સ્મરણ, ધ્યાન કરવું જોઈએ છે.

**वीतरागं यतो ध्यायन्, वीतरागो भवेद भवि ।**
**इलिका भ्रमरी भीता, ध्यायन्ती भ्रमरीं यथा ॥ ४२ ॥**

જેમ ભયભીત થયેલી ઈયળ ભ્રમરીનું ધ્યાન કરતી ભ્રમરી બને છે તેમ શ્રી વીતરાગ પરમાત્માનું ધ્યાન કરતો સાધક પણ વીતરાગ બને છે.

**ભાવાર્થ** : શ્રી વીતરાગ પરમાત્માનું ધ્યાન નિત્ય આદરપૂર્વક કરવાથી ભક્ત સાધક પણ સ્વયં વીતરાગ સ્વરૂપને

પામે છે પરમાત્માનો પોતાનો એવો સ્વભાવ છે કે પોતાના ભક્તને પોતાના તુલ્ય પદ પ્રદાન કરવું. શાસનનાયક શ્રી મહાવીર સ્વામીજીએ સુલસા-રેવતી, શ્રેણિક-ઉદયન આદિ નવ આત્માઓને તીર્થંકરપદ પ્રદાન કર્યું હતું.

**"જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે,**
**ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે."**

**(આનંદઘનજી)**

જ્યારે ધ્યાતા જિન સ્વરૂપ થઈ જિનવરનું અભેદપણે ધ્યાન કરે છે ત્યારે તે સ્વયં ઉપયોગ રૂપે તીર્થંકર થાય છે અને તે સમાપત્તિ ધ્યાનના પ્રભાવે તીર્થંકર નામકર્મ બાંધે છે. તેના ઉદયે ભાવિમાં તીર્થંકર બને છે.

જેમ ઈયળને ભ્રમરી ચટકો લગાડી ઘરમાં પૂરી દે છે તે સમયે ભય પામેલી ઈયળનું ધ્યાન ભ્રમરીમાં હોવાથી ભ્રમરીરૂપે પોતાના મૃતદેહમાં ઉત્પન્ન થાય છે. અથવા અન્ય જીવ પણ ઉત્પન્ન થઈ શકે છે. તેવી રીતે જિનેશ્વર પરમાત્માના ધ્યાનમાં તન્મય બનેલો સાધક પણ જિનેશ્વર બને છે પરંતુ પ્રભુનાં ધ્યાન વિના પ્રભુ બની શકે નહિ.

**रागादिदूषितं ध्यायन्, रागादि विवशो भवेत् ।**
**कामुकः कामिनीं ध्यायन्, यथा कामैक विह्वलः ॥४३॥**

રાગાદિ દોષયુક્ત દેવનું ધ્યાન કરનારો રાગાદિ દોષોને આધીન થાય છે. જેમ કામી પુરુષ સ્ત્રીના રૂપ-લાવણ્યાદિનું ચિંતન કરતો કામવાસનાથી અત્યંત વ્યાકુળ બને છે.

**ભાવાર્થ** : જીવ જ્યારે જે વ્યક્તિનું ચિંતન-ધ્યાન કરે છે ત્યારે તેનો ઉપયોગ તે વ્યક્તિના આકારને ધારણ કરે છે. એ નિયમને સ્પષ્ટ દૃષ્ટાંત દ્વારા સમજાવે છે

જેમ કામવાસનાથી પીડિત વ્યક્તિ સ્ત્રીના હાવભાવ, રૂપ-લાવણ્યનું ચિંતન કરે તો તેની કામવાસના વધુ ઉત્તેજિત થાય છે તેવી રીતે રાગ-દ્વેષી દેવોનું ધ્યાન કરનારો પણ રાગાદિ દોષોને આધિન થાય છે.

મોક્ષની તીવ્ર અભિલાષાવાળા સાધકને રાગદ્વેષાદિ દોષોની ભયંકરતાનું જ્ઞાન હોય છે તેથી રાગદ્વેષાદિને હેય-ત્યાજ્ય માની તેનો નાશ કરવા માટે પ્રબળ પુરુષાર્થ કરે છે. જેમણે આ રાગદ્વેષાદિ દોષોનો સર્વથા ક્ષય કર્યો હોય તથા તે દોષોને દૂર કરવા અહિંસા- સંયમ-તપ, જ્ઞાન-ધ્યાન સમાધિમાં નિરંતર પ્રવૃત્તિ કરતા હોય છે તેવા શ્રી અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિ ભગવંતોની ઉપાસના કરે છે.

પરન્તુ અન્ય મુગ્ધ લોકો રાગાદિ દોષયુક્ત દેવોનું ધ્યાન-પૂજન વગેરે કરે છે તેથી તેમના રાગાદિ દોષો વૃદ્ધિ પામે છે. રાગદ્વેષ- વિષય કષાય એ જ સંસારનું મૂળ કારણ છે. તેનો સર્વથા ક્ષય થયા વિના મોક્ષ પ્રાપ્ત થતો નથી.

**रागादयस्तु पाप्मानो, भव-भ्रमण कारणम् ।**
**न विवादोऽत्रकोऽप्यस्ति, सर्वथा सर्वसंमतेः ॥४४॥**

"દુષ્ટ રાગદ્વેષાદિ દોષો જ સંસાર પર્યટનનું મૂળ કારણ છે." આ હકીકત નિર્વિવાદ છે, આમાં કોઈનો વિરોધ નથી પરંતુ સર્વપ્રકારે સર્વની સંમતિ છે.

**ભાવાર્થ** : સંસાર પરિભ્રમણનું મૂળ કારણ જ રાગ-દ્વેષાદિ ક્રોધાદિ - કષાયો અને વિષયાસક્તિ છે.

અનાદિકાળથી વિષયાસક્ત જીવ કટુવિપાકી અશુભ કર્મો બાંધે છે. તેના ફળરૂપે ચાર ગતિસ્વરૂપ સંસારમાં જન્મ-જરા- મરણ, આધિ-વ્યાધિ-રોગશોકાદિની ભયંકર તીવ્ર વેદના અનુભવે છે. આ સિદ્ધાંતનો બધા દર્શનકારો સ્વીકાર કરે છે. તેમાં કોઈનો વિરોધ, વિવાદ નથી. કોઈ દર્શન તેને અવિદ્યા અજ્ઞાન  કહે. કોઈ ક્લેશ કે વાસના કહે છે. સર્વ જીવોને તે રાગદ્વેષાદિના સંયોગથી સંસાર અને તેના સમૂલ ક્ષયથી મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે માટે મોક્ષની ઇચ્છાવાળા સાધકોએ રાગદ્વેષાદિ દોષોનો નાશ કરવા માટે વીતરાગ દેવની ઉપાસના તેમનું સ્મરણ ધ્યાન કરવું જોઈએ. વીતરાગ પરમાત્માએ સ્વયં રાગ - દ્વેષાદિ દોષોનો જે સમતા, ધ્યાન સમાધિ, અહિંસા, સંયમ, તપ આદિ અનુષ્ઠાનોના સેવન દ્વારા ક્ષય કર્યો છે. તે જ અહિંસાદિ - ધર્મ અને ધ્યાન સમાધિ વગેરેનું પ્રતિપાદન અન્ય સાધકોના ઉપકાર માટે કર્યું છે.

**वीतरागमतो ध्यायन्, वीतरागो विमुच्यते ।**
**रागादि मोहितं ध्यायन् , सरागो बध्यते स्फुटम् ॥८५॥**

આ કારણથી વીતરાગનો ધ્યાન કરનારો સ્વયં વીતરાગ બનીને ભવભ્રમણથી મુક્ત થાય છે પરંતુ રાગાદિથી ગ્રસ્ત દેવોનું ધ્યાન કરનારો સરાગી બની અશુભ કર્મથી બંધાય છે.

**ભાવાર્થ** : આત્માનો ઉપયોગ જે ધ્યેયમાં જોડાય તેવો

બને છે જે સાધક વીતરાગ પરમાત્માના કેવલજ્ઞાન-દર્શન-ચારિત્રાદિ - અનંત ગુણોનું ધ્યાન કરે છે તે સમયે તેનો ઉપયોગ વીતરાગ અને તેમના ગુણોના ચિંતનમાં જોડાયેલો હોવાથી ધ્યાતા સ્વયં વીતરાગ સ્વરૂપને ધારણ કરે છે. કહ્યું પણ છે :

**અરિહંત પદ ધ્યાતો થકો, દ્રવ્ય ગુણ પજ્જાય રે,**
**ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે ॥**

જે સાધક શુદ્ધ-દ્રવ્યગુણ પર્યાય વડે અરિહંત પદનું ધ્યાન કરે છે, તે સાધક જીવત્વજાતિની એકતા દ્વારા ભેદનો છેદ કરી સ્વયં અરિહંત પદને પામે છે

રાગાદિ દોષથી દૂષિત દેવનું સ્મરણ કરનારો સ્વયં રાગાદિમાં રંગાયેલો અશુભ કર્મોનો બંધ કરે છે. તે અશુભ કર્મોનો કટુકવિપાક ભોગવવા તિર્યંચ ગતિમાં વારંવાર ઉત્પન્ન થાય છે. અને ત્યાં પણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને વશ થઈ આ ભવમાં ભટકે છે.

**य एव वीतरागः स देवो, निश्चीयता ततः ।**
**भविनां भवंदम्मोलिः स्वतुल्यपदवीप्रदः ॥४६॥**

તેથી જે વીતરાગ હોય તે જ દેવ છે. એમ સર્વ સાધકોએ નિશ્ચય કરવો જોઈએ અને વીતરાગ દેવ જ સર્વ ભવ્ય જીવોના રાગદ્વેષરૂપ સંસારનો સર્વથા ક્ષય કરવામાં વજ્રતુલ્ય છે, તેમજ સ્વતુલ્યપદના પ્રદાતા છે.

**ભાવાર્થ** : જેમણે રાગદ્વેષાદિ સર્વ દોષોનો સમૂલ ક્ષય

કર્યો છે તેને જ દેવ કહેવાય. સર્વ મુમુક્ષુ સાધકોએ નિર્ણય કરી લેવો જોઈએ. જ્યાં સુધી રાગદ્વેષની હયાતી હોય ત્યાં સુધી આત્માને નવા કર્મનો બંધ ચાલુ રહે છે. અને જ્ઞાનાદિ ગુણો પૂર્ણરૂપે પ્રગટ થતા નથી. રાગદ્વેષાદિનો પૂર્ણ ક્ષય કરવા માટે વીતરાગ પરમાત્માનું આલંબન લેવું જોઈએ. તેઓ સ્વયં જિન - રાગદ્વેષના વિજેતા છે અને આશ્રિત ભક્તને જિન બનવાનો, રાગદ્વેષ જિતવાનો માર્ગ બતાવે છે. અર્થાત્ પોતાના જેવો જિન બનાવે છે.

શ્રી તીર્થંકર પરમાત્મા સ્વયં અવિનાશી ભાવને પ્રાપ્ત હોવાથી સંસાર સાગર તરી ગયા છે. અને શરણાગત સેવકને પણ તારે છે. તરવાનો સાચો માર્ગ બતાવે છે, તીર્થના આલંબનથી સર્વને તારે છે. પરમાત્મા પોતે બુદ્ધ છે. અર્થાત્ ચરાચર જગતના સર્વ ભોવોને, સર્વ દ્રવ્ય ગુણ અને પર્યાયોને જાણે છે. આત્મજ્ઞ છે. સર્વજ્ઞ છે. અને ઉપદેશ દ્વારા ભવ્ય જીવોને પ્રતિબોધ કરે છે. જ્ઞાન-પ્રકાશ આપે છે. પોતાના જેવા જ્ઞાની બુદ્ધ બનાવે છે. શ્રી તીર્થંકર પરમાત્મા સ્વયં કર્મોથી મુક્ત છે અને પોતાના આશ્રિત સેવકને પણ સર્વ કર્મોથી પૂર્ણ મુક્ત બનાવે છે.

**जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं बुद्धाणं बोहयाणं, मुत्तानं मोअगाणं**

(નમુત્થર્ણસૂત્ર)

શ્રી તીર્થંકર પરમાત્મા જિન - જાપક છે, તીર્ણ-તારક છે. બુદ્ધ-બોધક અને મુક્ત-મોચક છે. તેઓ જ ભવ્ય જીવોના

ભવનાશક અને સ્વતુલ્યપદ પ્રદાયક છે. તેમજ પરમાત્મપદની પૂર્વ ભૂમિકાઓ જે સમ્યગ્ દર્શના - બોધિ, સમાધિ તેના દાતા પ્રભુ જ છે.

**मत्प्रसत्तेस्त्वत्प्रसाद स्त्वप्रासादियं पुनः ।**
**इत्यन्योन्याश्रयं भिन्धि, प्रसीद भगवन् मयि ॥४७॥**

(વીતરાગ સ્ત્રોત)

મારી પ્રસન્નતાથી આપની પ્રસન્નતા થાય અને આપની પ્રસન્નતા થવાથી મારી પ્રસન્નતા થાય આ પ્રમાણેનો અન્યોન્યાશ્રય દોષનો ભેદ કરી આપ મારા પર પ્રસન્ન થાઓ.

ભક્તોનો અનુરાગ અને ભગવાનનો અનુગ્રહ બન્ને મળીને મોક્ષરૂપી કાર્યને સિદ્ધ કરે છે ભક્તિથી પૂર્ણ ભરેલા હૃદયવાળા શ્રી હેમચન્દ્ર આચાર્ય ભગવાન કહે છે : મારી પ્રસન્નતા, યોગ્યતાને જોયા વિના આપ કૃપાલુ મારા ઉપર પ્રસન્ન થાઓ અને હું તમારો પ્રેષ્ય છું, દાસ છું, સેવક છું, કિંકર છું. એમ આપ મારો સ્વીકાર કરો, તે સિવાય મારે બીજું કાંઈ કહેવું નથી. સાચો ભક્ત ભક્તિ સિવાય પ્રભુ પાસે બીજું કંઈજ માગે નહિ.

પરમાત્મા પોતે સમગ્ર વિશ્વ ઉપર પરમ ઉપકાર કરે છે. સૂર્યના પ્રકાશની જેમ પ્રભુ સહજ સ્વભાવથી સતત ઉપકારની વૃષ્ટિ કરે છે. તેમના પ્રત્યે અનુરાગ પ્રેમ-ભક્તિ અને આજ્ઞાપાલન દ્વારા ઉત્તમ સાધકોને પ્રભુની કરુણાનો સાક્ષાત્કાર થાય છે.

**પ્રશ્ન** : પરમાત્મા વીતરાગ હોવાથી તેમનામાં કરુણા શી રીતે હોય ? કરુણા હોય તો વીતરાગતા કેમ રહે ?

**ઉત્તર** : જિનશાસન સ્યાદ્વાદમય છે. તેથી પરસ્પર વિરુદ્ધ જણાતા અનેક ધર્મો આત્મામાં હોઈ શકે છે. જીવાદિ વસ્તુ માત્ર અનંત ધર્મથી યુક્ત હોય છે એમ જૈન દર્શન સ્વીકારે છે. પરમાત્મામાં કરુણા અને વીતરાગતા વગેરે ગુણો એકસાથે હોઈ શકે છે. રાગાદિ સર્વ દોષોનો ક્ષય થવાથી પરમાત્મામાં ક્ષાયિક - ભાવની પૂર્ણ કરુણા હોય છે. તેઓ સમગ્ર વિશ્વ જંતુઓ ઉપર સતત ઉપકાર કરે છે. શ્રી ગણધર ભગવંતો અને ગીતાર્થ આચાર્ય ભગવંતોએ પ્રભુની કરુણા-અનુગ્રહ પરોપકાર શક્તિનું વિસ્તારથી વર્ણવી છે સ્તવી છે.

હે પ્રભુ ! આપમાં પરમ ઉદાસીન ભાવ હોવા છતાં આપ સતત સમગ્ર વિશ્વ જંતુઓ ઉપર પરમ ઉપકાર કરો છો. પરમ વૈરાગ્યનિષ્ઠ અને જગતના સંરક્ષક એવા આપને કોટિ વંદન હો.

હે નાથ ! સર્વ પ્રાણીઓ પ્રત્યે ઉપેક્ષા હોવા છતાં આપમાં પરમ ઉપકારિતા છે. આ દુર્ઘટ ઘટના શી રીતે ઘટી શકે ?

હે ભગવાન ! પરસ્પર વિરુદ્ધ ભાસતા ધર્મો આપમાં જ ઘટે છે. અન્ય કોઈમાં ઘટતા નથી જેમ આપમાં પ્રકૃષ્ટ નિર્ગ્રન્થતા છે સાથે ઉચ્ચ ચક્રવર્તીતા પણ છે.

આપ અસંગ હોવા છતાં જગતના ઈશ સ્વામી છો.

આપ મમતારહિત છો. છતાં કૃપા - કરુણાથી પૂર્ણ છો. આપ મધ્યસ્થ છો છતાં જગતના ત્રાતા-રક્ષક છો. એવા આપનો હું દાસ છું, કિંકર છું; પ્રભુ આપ અનાહુત- બોલાવ્યા વિના પણ દીન-દુઃખીને સહાય કરો છો. કારણ વિના પણ સર્વ પ્રત્યે વાત્સલ્યભાવવાળા છો. પ્રાર્થના કર્યા વિના પણ આશા પૂર્ણ કરો છો. બાહ્ય સમ્બન્ધ વિના પણ સર્વ જીવોના સાચા બંધુ છો.

આપમાં અદ્‌ભુત પ્રશમરસ ભર્યો છે. આપનું અદ્‌ભુત રૂપ છે, સર્વ જીવો પ્રત્યે અપાર અદ્‌ભુત કરુણા છે. સર્વ પ્રકારના અદ્‌ભુત આશ્ચર્યોના ભંડાર એવા હે ભગવાન આપને કોટિ કોટિ વંદન હો.

હે પ્રભુ ! આપ મૈત્રીના પવિત્ર પાત્ર છો, પ્રમોદ ભાવનાના આનંદથી સુશોભિત છો, કરુણા અને ઉપેક્ષાભાવ વડે પૂજ્ય અને પરમ યોગ સ્વરૂપ એવા આપને હું વારંવાર વંદન કરું છું.

શ્રી નંદીસૂત્રમાં શ્રી તીર્થંકર પરમાત્માની સ્તુતિ કરતાં કહ્યું છે, 'હે પરમાત્મન્ ! આપ જગત જીવની યોનિઓના જ્ઞાતા છો, જગતના ગુરુ છો અને સર્વ જગત જીવોને આનંદ આપનારા છો, જગતના નાથ અને જગતના બંધુ છો તથા જગતના પિતામહ-પરમપિતા એવા આપ જય પામો.

શ્રી તીર્થંકર પરમાત્મા જગતના સર્વ જીવોને આનંદિત કરે છે. પરમાત્માના નામસ્મરણ માત્રથી પણ જીવો આનંદ પામે છે પ્રભુની સૌમ્ય અને શાંત મુદ્રા - મૂર્તિના દર્શનથી

ભવ્ય જીવો પવિત્રતા અને પ્રસન્નતા અનુભવે છે. પ્રભુ દર્શનના પ્રભાવથી અનેક જીવો બોધિ, સમ્યગ્ દર્શન પામી અનુક્રમે કેવળજ્ઞાન અને મોક્ષસુખ પામે છે. તીર્થંકર પરમાત્મા સ્વયં ભવ્ય જીવોને જગતહિતકારી અભ્યુદય - સાધક અને મોક્ષસાધક અપૂર્વ ધર્મના ઉપદેશ દ્વારા ઐહિક અને આમુષ્મિક સુખ-શાંતિ અને આનંદનો માર્ગ બતાવે છે.

જગતના સર્વજીવોને આનંદ આપવો અને તેમનું યોગક્ષેમ કરવું એ તીર્થંકર શ્રી પરમાત્માની પરાર્થ સંપત્તિ છે. પરમાત્માએ બતાવેલો ધર્મ, પિતા તુંલ્ય સર્વ જીવોનું રક્ષણ કરે છે તે ધર્મના પ્રતિપાદક હોવાથી પરમાત્મા જ પરમપિતા કહેવાય છે તથા ભવ્ય જીવોના ભાવનાશક અને સ્વતુલ્ય-પદ-પ્રદાયક હોવાથી તેઓ જ દેવાધિદેવ છે.

■■■

# द्वितिय प्रस्ताव
# तत्त्वसारोपदेशक

**सर्वेऽपि साम्प्रतं लोकाः प्रायस्तत्त्वपराङ्मुखाः ।**
**क्लिश्यन्ते स्वाग्रहग्रस्ता, दृष्टि रागेण मोहिताः ॥ १ ॥**

વર્તમાન કાળમાં સર્વ જીવો પ્રાયઃ તત્ત્વથી વિમુખ બનેલા-સ્વ-આગ્રહને વશ થઈ દૃષ્ટિરાગથી મોહિત થયેલા - ક્લેશ - અનુભવે છે - દુઃખી થાય છે.

**ભાવાર્થ :** કરુણાથી અત્યન્ત આર્દ્રહૃદયવાળા શ્રી ગ્રન્થકાર મહર્ષિ તત્ત્વનું રહસ્ય વર્ણવતાં પહેલાં વર્તમાન-કાળમાં લોકોની મનઃ સ્થિતિનું દર્શન કરાવે છે.

આજે ઘણાખરા લોકો તો પોતપોતાના આગ્રહને આધીન બનેલા છે, તથા પોતાના મતનો અત્યન્ત આગ્રહ રાખતા હોવાથી તત્ત્વથી વિમુખ બનેલા છે અને તત્ત્વદૃષ્ટિ વિના જીવો પરસ્પર એકબીજા સાથે ક્લેશ કરીને દુઃખી બને છે જીવાદિ તત્ત્વોના જ્ઞાનથી તત્ત્વચિંતન થઈ શકે છે, પરંતુ દૃષ્ટિરાગના મોહથી મૂઢ બનેલા જીવો સાધુ પુરૂષોનો સત્સંગ કરતા નથી, તેમની પાસે તત્ત્વ-ઉપદેશનું શ્રવણ કર્યા વિના આત્મતત્ત્વની શ્રદ્ધા થતી નથી, શ્રદ્ધાપૂર્વકના જ્ઞાન વિના તત્ત્વનો અનુભવ થઈ શક્તો નથી. જીવને તત્ત્વથી વિમુખ બનાવનાર દૃષ્ટિરાગ છે, પોતાના દર્શનની માન્યતાનો

એકાન્ત આગ્રહ-'મારું તે સાચું'નો આંધળો કદાગ્રહ એ દૃષ્ટિરાગ છે.

**दृष्टिरागो महामोहो, दृष्टिरागो महाभवः ।**
**दृष्टिरागो महामारो, दृष्टिरागो महाज्वरः ॥ २ ॥**

દૃષ્ટિરાગ એ મહા મોહરૂપ છે, દૃષ્ટિરાગ એ સંસારભ્રમણ કરાવનાર હોવાથી સંસાર છે, દૃષ્ટિરાગ એ મહાજ્વર છે - અને દૃષ્ટિરાગ એ મહામૃત્યુ છે.

**ભાવાર્થ** : દૃષ્ટિરાગ એ મિથ્યાત્વ મોહનો જ એક પ્રકાર હોવાથી, મહામોહ છે, સંસાર વૃદ્ધિનું મુખ્ય કારણ હોવાથી મહાસંસાર છે, દૃષ્ટિરાગી જીવો દીર્ઘકાળ સુધી ચાર ગતિ રૂપ સંસારમાં ભ્રમણ કરે છે. દૃષ્ટિરાગ એ તાપ-સંતાપ ઉત્પન્ન કરનારો હોવાથી મહાજ્વર છે, દુષ્ટ જ્વર છે. બીજા જ્વરો માત્ર શરીરમાં તાપ ઉત્પન્ન કરે છે જ્યારે દૃષ્ટિરાગ તો આત્મામાં રાગદ્વેષાદિનો આંતર-તાપ ઉત્પન્ન કરે છે અને અંતે તે સર્વ ભાવપ્રાણોનો નાશ કરે છે માટે દૃષ્ટિરાગ એ મહામૃત્યુ છે. આ દૃષ્ટિરાગ એ એવો દુરન્તદોષ છે જે સજ્જનોને પણ સતાવે છે. કહ્યું પણ છે : કામરાગ અને સ્નેહરાગને દૂર કરવો કઠિન નથી પણ સરળતાથી સાધક દૂર કરી શકે છે પરંતુ દુષ્ટ એવા દૃષ્ટિરાગનો ઉચ્છેદ, સજ્જનો પણ દુઃખેથી કરી શકે છે. દૃષ્ટિરાગી મનુષ્ય પોતાની ખોટી વાત-માન્યતાને છોડવાની અને બીજાની સાચી વાત-માન્યતાને સ્વીકારવાની ઉદારતા દાખવી શકતો નથી.

**पतितव्यं जनैः सर्वै, प्रायः कालानुभावतः ।**
**पापो मत्सरहेतुस्तद्, निर्मितोऽसौ सतामपि ॥ ३ ॥**

કળિકાળના પ્રભાવથી - પ્રાયઃ સર્વલોકોનું પતન થવા સંભવ છે. તેથી સજ્જનોને પણ માત્સર્ય ઉત્પન્ન કરાવે એવા આ દુષ્ટ દૃષ્ટિદોષનું નિર્માણ થયું છે.

**ભાવાર્થ :** સંતપુરુષોના મનમાં હંમેશા શુભ ભાવનાઓનો સ્રોત વહેતો હોય છે. ગ્રન્થકાર મહર્ષિ પણ શુભભાવનાથી ભાવિત બનેલા હોવાથી વર્તમાનકાલીન જીવોની તત્ત્વ-વિમુખતા જોઈ - તે જીવોને દોષ આપતા નથી પરન્તુ કાળના પ્રભાવે જ તે જીવોમાં દૃષ્ટિદોષ છે એમ વર્ણવે છે. દૃષ્ટિદોષની દુષ્ટતા બતાવી તેનો ત્યાગ કરવાની પ્રેરણા આપે છે.

કલિકાળમાં જન્મેલા ઘણાખરા લોકોનું અધઃપતન દુર્ગતિગમન સંભવિત છે, તે કારણથી જ જાણે. સજ્જન પુરુષો પણ પરસ્પર માત્સર્યભાવ ધારણ કરીને વાદવિવાદમાં નિરર્થક પોતાનું માનવજીવન સમાપ્ત કરી દે છે, પણ ગુણદૃષ્ટિ અને મૈત્રી-માધ્યસ્થ ભાવો દ્વારા તત્ત્વદૃષ્ટિ કેળવીને અન્તર્મુખ બનવાનો સાચો પ્રયત્ન કરી શકતા નથી. આ દૃષ્ટિદોષનાં સર્જનમાં ખરેખર આ કલિકાલ પોતાનો પ્રભાવ પાથરી રહ્યો હોય તેમ લાગે છે.

**मोहोपहतचितास्ते, मैत्र्यादिभिरसंस्कृताः ।**
**स्वयं नष्टा जनं मुग्धं, नाशयन्ति च धिग् हहा ॥४॥**

જેઓ દષ્ટિરાગરૂપ મોહથી હણાયેલા ચિત્તવાળા છે, તથા મૈત્રી આદિ ભાવનાઓના સંસ્કાર વિનાના છે તેઓ પોતે નાશ પામે છે અને બીજા મુગ્ધ લોકોને પણ ધર્મથી ભ્રષ્ટ બનાવે છે આવા મોહાધીન જીવોને ધિક્કાર હો.

**ભાવાર્થ :** દષ્ટિદોષથી દૂષિત હૃદયવાળાને પોતાના મતનો અત્યન્ત આગ્રહ હોય છે તેથી તે બીજા સર્વ મતોનો વિરોધ કરે છે. અનેક પ્રકારની કુયુક્તિઓ દ્વારા બીજાના સત્ય સિદ્ધાન્તને પણ દૂષિત બનાવવા, ખોટા ઠરાવવા તે સદા પ્રયત્ન કરે છે આવી તુચ્છ વૃત્તિને લઈને તેનું ચિત્ત હંમેશા કલુષિત રહે છે. મૈત્રી આદિ ભાવનાઓનો અંશ પણ તેના હૃદયમાં ઉત્પન્ન થઈ શકતો નથી. શુભભાવનાથી ભાવિત બન્યા વિના સ્વપરનું હિત શી રીતે સાધી શકાય ?

જીવનમાં ગુણદષ્ટિ અને તત્ત્વદષ્ટિ પ્રાપ્ત કર્યા વિના નિષ્ફળ જાય છે. પોતાનું હિત નહિ કરનારો બીજાનું હિત કરી શકતો નથી. પરંતુ અહિતના ઉપદેશ દ્વારા બીજાઓને ઉંધા માર્ગે દોરીને અને અતો ભ્રષ્ટ-તતો ભ્રષ્ટ બનાવે છે. માટે જ આવા કદાગ્રહી જીવો લોકોના ધિક્કારને પાત્ર બને છે.

**परे हितमति मैत्री, मुदिता गुणमोदनम् ।**
**उपेक्षा दोषमाध्यस्थ्यं, करुणा दुःखमोक्षधीः ॥ ५ ॥**

અન્ય જીવોનું હિત ચિંતવવું તે મૈત્રીભાવના છે, ગુણી પુરુષોના ગુણો જોઈ આનંદ પામવો તે પ્રમોદભાવના છે, બીજાના દોષો પ્રત્યે માધ્યસ્થ રાખવું તે ઉપેક્ષાભાવ છે.

અને દુઃખી જીવોનાં દુખને દૂર કરવાની બુદ્ધિ તે કરુણાભાવના કહેવાય છે.

**ભાવાર્થ :** ચાર ભાવનાઓનું સ્વરૂપ-લક્ષણ બતાવે છે.

મનમાં ઉત્પન્ન થતાં ક્રોધ, ઈર્ષ્યા, અહંકાર વગેરે દુર્ભાવોનું પરિવર્તન કરવા માટે તેના પ્રતિપક્ષી મૈત્રી-પ્રમોદ કરુણા અને માધ્યસ્થ ભાવનાનો અભ્યાસ કરવો જરૂરી છે.

(૧) **મૈત્રી :** સર્વજીવોનું હિત ચિંતન કરવું. સર્વ જીવોનું મંગલ-કલ્યાણ થાઓ, સર્વલોકો પરહિત કરવામાં તત્પર બનો, સર્વના રાગાદિ દોષો નાશ પામો અને સર્વત્ર સદા સમસ્ત જીવ રાશિ સુખી થાઓ. કોઈને પણ લેશમાત્ર દુઃખ ન થાઓ એવી ભાવના રાખવી એ જ મૈત્રીભાવ છે.

(૨) **મુદિતા-પ્રમોદ :** ગુણીજનોના ગુણો સાંભળી-જોઈ હર્ષ અનુભવવો. આનંદિત થવું. ધન્ય-ધન્યની ધ્વનિ નીકળવી. શ્રી તીર્થંકર પરમાત્માદિ પંચ પરમેષ્ઠિ ભગવંતોના ગુણોનું ગાન કરવું. શ્રાવક-શ્રાવિકાઓ અને સમ્યગ્-દૃષ્ટિ અને માર્ગાનુસારી સાધકોની સાધના જોઈ પ્રમોદ પામવો "તેવા ગુણો મારામાં પણ પ્રગટ થાઓ" એવી ભાવના સાથે સર્વગુણી પુરુષોની યથાયોગ્ય સેવા કરવી તે મુદિતાભાવના છે.

(૩) **ઉપેક્ષા :** બીજા જીવોમાં રહેલા રાગાદિ દોષો પ્રત્યે માધ્યસ્થ્ય ભાવ રાખવો તે ઉપેક્ષાભાવના કહેવાય છે. ઉત્કટ દોષવાળા જીવોને ધર્મનો ઉપદેશ આપતાં તેમને દ્વેષ ઉત્પન થવાની સંભાવના જાણી મૌન રાખવું ભવિષ્યમાં તેની યોગ્યતા વૃદ્ધિ પામે ત્યારે હિતોપદેશ આપવો. કેટલાક જીવોમાં

સ્વચ્છંદતા, અવિનય, કષાય આદિ દોષો એવા ઉત્કટ કોટિના હોય છે કે હિતબુદ્ધિથી તેમને સમજાવવાનો પ્રયત્ન ઊલટો પડે છે. સુધરવાને બદલે વધુ બગડે છે એવા અયોગ્ય જીવો પણ ભવિષ્યમાં યોગ્યતા પ્રાપ્ત કરી આત્મહિતમાં પ્રયત્નશીલ બને તેવી હિતકારી ભાવના સાથે અયોગ્ય જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવ રાખવો તે ઉપેક્ષા છે.

(૪) **કરુણા ભાવના :** બાહ્ય અને આંતર દુ:ખોથી પીડા પામતાં જીવોનાં દુખોને દૂર કરવાની બુદ્ધિ તે કરુણા ભાવના છે.

દુ:ખી પ્રત્યે દ્રવ્ય કરુણા, અને દોષી પ્રત્યે ભાવ કરુણા, તેમના દુ:ખ અને દોષ દૂર થાઓ એવી ભાવના સાથે શક્ય પ્રયત્ન કરવો તે કરુણા છે.

પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ મૈત્રીભાવ ધારણ કરવાથી સંતમહાત્માઓનો સમાગમ મળે છે, તેમનામાં રહેલા સદ્‌ગુણો પ્રત્યે આદરભાવ જાગે છે. તેમના ગુણોની પ્રશંસા કરવાથી વાણી પવિત્ર બને છે. ભાવનમસ્કાર દ્વારા કાયા પાવન બને છે. અન્યના સુકૃતોની અનુમોદના કરવાથી પુણ્યનો પ્રભાવ વધે છે. સ્વદોષનું દર્શન થાય છે. બીજા જીવોમાં રહેલા ગુણો દેખાય છે અને દોષોની ઉપેક્ષા થવાથી માધ્યસ્થ્યભાવ આવે છે. તેથી નિંદાનો ત્યાગ થાય છે. મૈત્રી, મુદિતા, મધ્યસ્થભાવથી ભાવિત સાધક બીજા જીવોને દુ:ખી જોઈ તે દુ:ખોને દૂર કરવા સતત કરુણાભાવ વડે, આર્દ્ર હૃદયવાળો બની, જિનશાસનની આરાધના કરે છે, બીજાને

પણ પ્રેરણા આપી જિનશાસનના આરાધક બનાવે છે.

**मैत्री निखिलसत्त्वेषु, प्रमोदो गुणशालिषु ।**
**माध्यस्थ्यमविनेयेषु, करुणा दुःखदेहिषु ॥ ६. ॥**

સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ, ગુણી પુરુષો પ્રત્યે પ્રમોદ - ભાવ, અવિનીત-અયોગ્ય જીવો પ્રત્યે માધ્યસ્થ્યભાવ અને દુઃખી- દુઃખો વડે પીડિત જીવો પ્રત્યે કરુણાભાવ ધારણ કરવો તે મૈત્રી - પ્રમોદ - ઉપેક્ષા અને કરુણા એ ચાર ભાવનાઓ છે.

**ભાવાર્થ :** ચાર ભાવનાઓનું સ્વરુપ સમજી તેનો યથાયોગ્ય સ્થાને વિનિયોગ - પ્રયોગ કરવાની કલા શીખવી જોઈએ છે.

(૧) **મૈત્રી :** મૈત્રીના વિષય સર્વ જીવો છે. જીવમાત્રનાં હિતનું ચિંતન કરવું એ મૈત્રીભાવના કહેવાય છે. કહ્યું પણ છે "**मित्ति मे सव्व भूएसु**" જગતમાં રહેલા સર્વ જીવો પ્રત્યે મારે મિત્રતાનો સંબંધ છે કોઈ પણ જીવ સાથે વેરભાવ નથી. સર્વે જીવો મારા પ્રિય બંધુઓ છે, મારો કોઈ શત્રુ નથી.

જગતમાં કોઈ જીવ પાપ ન કરો, કોઈ પણ દુઃખી ન થાઓ. સર્વજીવો કર્મ-મુક્ત બની પરમ સુખી થાઓ આવી વિચારણાને મૈત્રી ભાવના કહે છે. જીવાસ્તિકાય એક જ છે કેમકે જીવત્વ જાતિ એક છે. સંખ્યાથી - જીવો અનંત હોવા છતાં ચેતના - ઉપયોગ લક્ષણથી આત્મા એક છે. તેથી સર્વ જીવોના હિત ચિંતનથી, પીડાના પરિહારથી, જીવોને સુખ શાતા આપવાથી સાધકનું હિત થાય છે.

**પ્રમોદ ભાવના :** ગુણહિનતા દૂર કરીને જો ગુણ સમૃદ્ધ બનવું છે, તો ગુણીજનો પ્રત્યે પ્રમોદભાવ કેળવવો જરૂરી છે. ક્ષમાદિ ગુણોના ધારક સાધુ - સાધ્વી અને સમ્યગ્ રત્નત્રયીના આરાધક શ્રાવક - શ્રાવિકાના સદ્ગુણોની પ્રશંસા કરતાં હૈયું આનંદ અનુભવે, તન મન-નયનો હર્ષથી પુલકિત બની જાય. જિનશાસનની, ચતુર્વિધ સંઘની સેવાભક્તિ કરવામાં તન-મન-ધનનું અર્પણ થાય. પરમ પુરુષ પરમાત્મા અને સદ્ગુરુની શરણાગતિ સ્વીકારી તેમની આજ્ઞાનુંપાલન કરવામાં જ માનવજીવનની સાર્થકતા સમજી તેમનાં ચરણોમાં જીવન સમર્પિત કરવું, એ સર્વ પ્રમોદભાવનાનું ફળ છે. સર્વગુણી પુરુષો, સંતો એ પ્રમોદભાવનાના ભંડાર છે તેથી તેમના ગુણો ગાવાથી તથા તેમના સુકૃતોની ભાવપૂર્વક અનુમોદના કરવાથી પ્રમોદ-આનંદ વૃદ્ધિ પામે છે.

**માધ્યસ્થ્ય ભાવના :** અવિનીત, ધર્મને અયોગ્ય, ધર્મદ્વેષી આદિ દોષોથીયુક્ત જીવો પ્રત્યે ઉપેક્ષા - માધ્યસ્થભાવ રાખવો તે તેમના માટે હિતકર છે. જેથી તેમના હૃદયમાં દ્વેષ - વૃદ્ધિ ન પામે - "મૈત્રી અને કરુણા ભાવથી પૂર્ણ ભરેલા શ્રી તીર્થંકર ભગવંતોના પ્રભાવથી તેમના ઉત્કટ દોષો નાશ પામો, અને ભવિષ્યમાં તે જીવો અહિતથી, હિંસાદિ દોષોથી નિવૃત્ત થાઓ, પરહિતમાં તત્પર બની આત્મહિતના સાધક બનો, અહિંસા, સંયમ, તપરુપ ધર્મના આરાધક બનો". આ રીતે અવિનીત જીવો પ્રત્યે મૈત્રી અને કરુણાયુક્ત માધ્યસ્થભાવ રાખવો એ સ્વ-પર આત્મા માટે હિતકર અને સુખકર છે.

**કરુણા** : સંસારી જીવો સર્વત્ર પોતાના શારીરિક-માનસિક દુઃખોથી પીડિત છે. તેમાં રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિજન્ય દુઃખો એ દ્રવ્યદુઃખ છે. અને રાગ-દ્વેષ મોહજન્ય વિષય-કષાય કે જેનાથી સંતાપ-સંક્લેશ ઉત્પન્ન થાય છે તે ભાવદુઃખ છે અને તેના કારણે જીવને અનંત-જન્મ-જરા-મરણની પીડાઓ, યાતનાઓ નરકનિગોદ તિર્યંચાદિ ગતિઓમાં વારંવાર ભોગવવી પડે છે આ દ્રવ્ય અને ભાવ દુઃખોથી દુઃખી જીવો પ્રત્યે કરુણા ભાવના રાખી, તેમના દુઃખનાશ માટે યથાશક્ય પ્રયત્ન કરવો જોઈએ.

શ્રી તીર્થંકર પરમાત્મા સર્વોત્કૃષ્ટ કરુણાના ભંડાર હોય છે. જે પૂણ્યાત્માઓ પોતાના પૂર્વના ત્રીજા ભવમાં જે ઉત્કૃષ્ટ કરુણા ભાવ દ્વારા તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે. એ ઉત્કૃષ્ટ કરુણા સર્વ જીવવ્યાપી હોય છે. "સર્વ જીવોને હું જિન શાસનનો રસિક બનાવું" આ સંકલ્પમાં જીવ માત્ર પ્રત્યે અગાધ કરુણા વણાયેલી હોય છે. તેના પ્રભાવે જ તેઓ તીર્થંકરનામ કર્મનો બંધ કરે છે. ગણધર, યુગપ્રધાન, આચાર્ય પદ વગેરે શાસન પ્રભાવક પદોના અધિકારી પણ એ જ જીવો બને છે. જેઓએ પોતાના હૃદયને દેશ, ગામ અને કુટુંબ પરિવારના જીવોના કલ્યાણની, કરુણાની ભાવનાથી ભાવિત બનાવ્યો હોય છે.

## ચાર ભાવનાઓનું મહત્ત્વ

**धर्मकल्यद्रुमस्यैता, मूलं मैत्र्यादि भावनाः ।**
**यैर्न ज्ञाता न चाभ्यस्ता, स तेषामतिदुर्लभः ॥ ७॥**

આ મૈત્રી, પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્ય ભાવના એ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ છે. જે સાધકોએ આ ચાર ભાવનાઓ જાણી નથી, તેનો અભ્યાસ કર્યો નથી, તે સાધકોને ધર્મ મળવો દુર્લભ છે. એટલે ભાવના વિના ધર્મ ઉત્પન્ન થતો નથી.

**ભાવાર્થ** : ક્ષમાદિ ધર્મો કલ્પવૃક્ષ તુલ્ય છે. જીવના સર્વ મનોવાંછિત પૂર્ણ કરે છે. આ ક્ષમાદિ ધર્મની ઉત્પત્તિ મૈત્ર્યદિ ચાર ભાવનાઓના સતત અભ્યાસથી જ થાય છે. મૈત્રી આદિ ચાર ભાવના એ ધર્મનું મૂળ છે. મૂળ વિના વૃક્ષ ટકી શકતું નથી. તેમ ચાર ભાવનાઓ વિના ધર્મનો પ્રારંભ પણ થતો નથી. ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષાદિ દશવિધ યતિધર્મને આત્મસાત્ બનાવવા માટે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓનો વારંવાર અભ્યાસ કરવો જરૂરી છે. જે સાધક મૈત્રી આદિ ભાવનાઓનું સ્વરૂપ જાણતો નથી, જાણ્યા છતાં તેનો અભ્યાસ કરી જીવનમાં તેને ભાવિત બનાવતો નથી તેને ક્ષમાદિ ધર્મની પ્રાપ્તિ અત્યન્ત દુર્લભ બને છે. અર્થાત્ મૈત્રી આદિ ભાવના વિના ક્ષમા-નમ્રતા આદિ ધર્મો-આત્મામાં પ્રગટ થતા નથી. આધ્યાત્મિક સાધનામાં પ્રવેશ અને પ્રગતિ મેળવવા ઉત્સૂક સાધકને મૈત્ર્યાદિ ભાવનાઓનો અભ્યાસ સર્વ પ્રથમ કરવો જોઈએ.

**अहो विचित्रं मोहान्ध्यं, तदन्धैरिह यज्जनैः ।**
**दोषा असन्तो पीक्ष्यन्ते, परे सन्तोऽपि नात्मनि ॥ ८ ॥**

- અહો મોહનું અંધપણું અત્યન્ત વિચિત્ર છે, મોહથી

અંધ બનેલા લોકોને બીજામાં દોષો નહિ હોવા છતાં દોષો દેખાય છે અને પોતામાં વિદ્યમાન દોષો પણ દેખાતા નથી.

**ભાવાર્થ :** મૈત્ર્યાદિ ભાવનાઓ મોહની મંદતા થવાથી ઉત્પન્ન થાય છે, મોહની ઉત્કટતામાં દ્વેષ, માત્સર્ય, વૈર, કઠોરતાદિ દોષો ની ઉપસ્થિતિ હોય છે, વિવેકચક્ષુ મીંચાઈ જાય છે. મોહનો અંધાપો એવો વિચિત્ર છે કે તેને આધીન જીવને બીજામાં દોષો ન હોય તોપણ દેખાય છે, અને પોતામાં દોષો ભરેલા છે. છતાં એક પણ દોષ દેખાતો નથી. આવા મોહાન્ધ જીવને પોતાનાં દુષ્કૃત - પાપ પ્રત્યે તિરસ્કાર થતો નથી. પણ હર્ષપૂર્વક પાપની પ્રવૃત્તિ કરે છે. અને દોષ દૃષ્ટિના કારણે બીજા જીવોમાં ગુણોનું દર્શન નહિ થવાથી તેમનાં સુકૃતોની અનુમોદના કરી શકતો નથી, પોતાની આંખોથી બીજાના એક-એક દોષનું નિત્ય દર્શન કરનાર વ્યક્તિ પોતાના અગણિત દોષો તરફ નજર સુધ્ધાં પણ કરતો નથી આ મોહનો અંધાપો આશ્ચર્યજનક નથી શું ?

**मदीयं दर्शनं मुख्यं, पाखंडान्यपराणि तु ।**
**मदीय आगमः सारः परकीयास्त्वसारकाः ॥ ९ ॥**
**तात्त्विका वयमेवान्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः ।**
**इति मत्सरिणो दूरोत्सारितास्तत्त्वसारतः ॥ १० ॥**

મારો મત સહુથી શ્રેષ્ઠ - પ્રધાન છે, બીજા બધા મતો પાખંડ છે. મારું આગમ સારભૂત છે, અન્ય સર્વ અસારભૂત છે. અમે તત્ત્વજ્ઞાની છીએ, બીજા બધા જ તત્ત્વથી અજાણ અને ભ્રાન્ત છે. આ પ્રમાણે માનનારા કેવળ મત્સરી

છે અને તત્ત્વના સારથી દૂર રહેલા છે.

**ભાવાર્થ :** મોહના ગાઢ અંધકારથી અંધ થયેલા મત્સરી લોકો પોતાના દર્શનને સત્ય માને છે, બીજા દર્શનોને પાખંડ-અસત્ય માને છે. પોતાના શાસ્ત્રને પ્રધાન ગણે છે બીજાનાં શાસ્ત્રોને તુચ્છ કહે છે. તથા વિદ્વત્તાના અહંકારથી ગ્રસ્ત હોવાથી લોકોમાં પોતાની પ્રશંસા કરતા કહે છે. જગતના સર્વ તત્ત્વોના જ્ઞાતા અમે છીએ. શેષ મતાવલંબીઓ. ભ્રાન્ત હોવાથી તત્ત્વજ્ઞાની નથી આ રીતે માત્સર્યદોષથી ગ્રસ્ત થયેલા લોકો તત્ત્વના સારભૂત સમતાના આનંદને પ્રાપ્ત કરી શકાતા નથી. પરસ્પર વાદ વિવાદ કરીને વૈરવિરોધ - વૈમસ્યની વૃદ્ધિ કરતા રહે છે અને મહાદુર્લભ એવા માનવજન્મને હારી જાય છે.

**यथाऽऽहतानि भांडानि, विनश्यन्ति परस्परम् ।**
**तथा मत्सरिणोऽन्योन्यं ही दोषग्रहणाद् हताः ॥ ११ ॥**

જેમ માટીનાં વાસણો પરસ્પર અથડાવાથી નાશ પામે છે. તેવી રીતે ઈર્ષ્યાળુ-મત્સરી જીવો પરસ્પર દોષ ગ્રહણ કરીને નાશ પામે છે.

**ભાવાર્થ :** મોહાન્ધતાને લઈ મત્સરી પુરુષોને બીજામાં દોષં જ દેખાય છે, ગુણ દેખાતા નથી, અન્યોન્ય એકબીજાના દોષ દેખવા કે બોલવાથી પરસ્પર દ્વેષભાવ વધે છે, તેનાથી ભવભ્રમણ વધે છે. માટીનાં વાસણ જેમ પરસ્પર અથડાવાથી ભાંગી જાય છે. તેમ પરસ્પર દોષ ગ્રહણ કરવાથી વૈરવિરોધ વધે છે. પ્રેમનો સંબંધ તૂટી જાય છે. અનેક ભવો સુધી

વૈરભાવનો અનુબંધ (પરંપરા) ચાલે છે, અગ્નિશર્માએ ગુણસેન ઉપર, કમઠે મરૂભૂતિ ઉપર વૈરભાવ રાખીને અનેક ભવો સુધી તેમની સાથે શત્રુતાનો વ્યવહાર કર્યો, મરણાન્ત કષ્ટો આપ્યા છતાં ગુણસેન અને પાર્શ્વનાથ ભગવાને જીવમૈત્રીના ભાવને અતૂટ રાખી તેમની ઉપર પ્રેમ અને કરુણાની જ વૃષ્ટિ કરી અન્તે પરમપદ પ્રાપ્ત કર્યું.

**परं पतन्तं पश्यन्ति, न तु स्वं मोहमोहिताः ।**
**कुर्वन्तः परदोषाणां, ग्रहणं भवकारणं ॥ १२ ॥**

મોહથી મૂર્છિત જીવો સંસારના કારણભૂત પરદોષોનું ગ્રહણ કરી પોતે, પોતાના આત્માને ભવસાગરમાં પટકે છે. તે તેમને દેખાતું નથી. પરંતુ બીજા જીવોને પડતા જુએ છે.

**ભાવાર્થ :** પરદોષનું દર્શન અને કથન એ ભવભ્રમણનું કારણ છે. બાહ્ય દૃષ્ટિવાળાને બીજા જીવો પાપ કરી દુર્ગતિમાં પડતા દેખાય છે પરંતુ પોતે પર નિંદા અને પરદોષોની ચિંતા કરી દુર્ગતિમાં પડશે તે દેખાતું નથી. એ આશ્ચર્ય છે. બીજાના દોષો જોવાની જેમ સાધક જો પોતાના દોષ દેખતો થઈ જાય તો તે ભવભ્રમણથી મુક્ત બની જાય. કહ્યું પણ છે :

**कार्यं च किं ते परदोषदृष्टया -**
**कार्यं च किं ते परचिंतया च**
**वृथा कथं खिद्यसे बालबुद्धे ?**
**कुरु स्वकार्यं त्यज सर्वमन्यद् ॥**

પરદોષદર્શનથી તારે શું પ્રયોજન છે ? પારકી પંચાત કરવાથી પણ તને શો લાભ થવાનો છે ? હે બાલબુદ્ધિવાળા ચેતન ! પરદોષ દૃષ્ટિ અને પરની ચિંતા કરીને તું વ્યર્થ ખેદ શા માટે પામે છે ? બીજું બધું છોડીને તારું આત્મકલ્યાણ કરી લે.

**यथा परस्य पश्यन्ति, दोषान् यद्यात्मनस्तथा ।**
**सैवाजरामरत्त्वाय, रससिद्धिस्तदा नृणां ॥ १३ ॥**

જેવી રીતે મનુષ્યો પરના દોષો જુએ છે તેવી રીતે જો પોતાના દોષો જોવા લાગે તો આ સ્વદોષ દૃષ્ટિ તેમના માટે અજરામર - મોક્ષપદની રસસિદ્ધિ છે.

**ભાવાર્થ :** જેમ પરદોષ દર્શન ભવભ્રમણનું કારણ છે તેમ સ્વ-દોષ દર્શન એ મોક્ષનું કારણ છે. સ્વદોષ - દુષ્કૃતની નિંદા-ગર્હા, કરેલાં પાપોનો ઘોર પશ્ચાત્તાપ એ ઘર કરી ગયેલા દોષો અને દુર્ગુણોને નબળા પાડી નિર્મૂળ કરે છે. સ્વદોષ-દૃષ્ટિ એ મોક્ષ-સુખનો આસ્વાદ કરાવનાર છે.

જેમ સુવર્ણ-રસની સિદ્ધિથી કરોડો મણ લોઢું સોનું બની જાય છે તેમ સ્વદોષ દૃષ્ટિથી આત્મામાં સમતારસની સિદ્ધિ થાય છે. સમતા એ સામાયિક - સમાધિ રૂપ છે, અને એજ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ મુક્તિનો મંગલ માર્ગ છે. સમતાની, ગુણસ્થાનકના ક્રમે જેમ જેમ ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે, તેમ તેમ આત્મિક આનંદ વધતો રહે છે.

આત્મિક આનંદનો અનુભવ જ આત્માને અજરામર પદનો અર્થાત્ - મુક્તિનો પરમાનંદ આપે છે.

**रागद्वेषविनाभूतं, साम्यं तत्त्वं यदुच्यते ।**
**स्वशंसिनां क्व तत्, तेषां परदूषणदायिनाम् ॥ १४ ॥**

રાગદ્વેષના નાશથી જે સામ્ય-સમતા ઉત્પન્ન થાય છે, એ જ તત્ત્વ છે, તે સામ્ય જ પોતાની પ્રશંસા કરનારા અને પરની નિંદા કરનારા, પરને દોષ દેનારાને ક્યાંથી હોય ? ન હોય.

**ભાવાર્થ :** સામ્યયોગ એ શ્રેષ્ઠ તત્ત્વ છે, સર્વ શાસ્ત્રો, આગમ, ઉપનિષદ્, વેદ, પુરાણોમાં સામ્યયોગની પ્રધાનતા બતાવી છે, સામ્ય વિના કોઈપણ સાધકને કેવલજ્ઞાન અને મોક્ષનું શાશ્વત સુખ મળતું નથી. માટે જ સર્વ શાસ્ત્રોનો સારભૂત તત્ત્વ સામ્ય છે. સામ્ય યોગની ઉત્પત્તિ રાગદ્વેષના જયથી થાય છે. રાગદ્વેષને જીતવાના ઉપાયો બતાવે છે. સ્વપ્રશંસાના ત્યાગથી રાગનો જય થાય છે, અને પર દોષ દૃષ્ટિના ત્યાગથી દ્વેષ ઉપર વિજય પ્રાપ્ત થાય છે. રાગદ્વેષના જયથી સામ્યયોગની સિદ્ધિ થાય છે, જેટલા અંશમાં રાગદ્વેષ રૂપ ક્રોધાદિકષાયોનો નાશ થાય છે. તેટલા અંશમાં આત્મશુદ્ધિ કરનાર સામ્ય શુદ્ધ-શુદ્ધતર બને છે.

પોતાની પ્રશંસા કરનારને સ્વનામ અને સ્વરૂપ પ્રત્યે તીવ્ર રાગ હોય છે, અને પરનિંદા કરનારમાં બીજા પ્રત્યે તીવ્ર દ્વેષ હોય છે. તેથી તેના જીવનમાં સામ્ય-યોગ-સમતા

પ્રગટતી નથી. સમતાના અર્થી સાધકે સ્વપ્રશંસા અને પરનિંદાનો ત્યાગ કરવો ઉચિત છે.

**मानेऽपमानेनिंदायां, स्तुतौ वा लोष्टुकांचने ।**
**जीविते मरणे लाभालाभे रंके महर्द्धिक्रे ॥ १५ ॥**
**शत्रौ मित्रे सुखे दुःखे, हृषीकार्थे शुभाशुभे ।**
**सर्वत्रापि यदेकत्वं, तत्त्वं तद् भेद्यतां परं ॥ १६ ॥**
**( युग्मम् )**

માનમાં કે અપમાનમાં, સ્તુતિમાં કે નિંદામાં માટીમાં કે સોનામાં, જીવનમાં કે મરણમાં, લાભમાં કે હાનિમાં, રંકમાં કે રાજામાં, શત્રુમાં કે મિત્રમાં, સુખમાં કે દુઃખમાં, ઈન્દ્રિયોના શુભ વિષયોમાં કે અશુભ વિષયોમાં- આ બધામાં જે એકતા (સમાનતા) છે, એજ તત્વ છે. તેથી વિરુદ્ધ અતત્વ છે.

**ભાવાર્થ :** સામ્યયોગને સિદ્ધ કરવાની કલા બતાવે છે. જીવનમાં જ્યારે પણ સન્માન કે અપમાનનો પ્રસંગ આવે ત્યારે સમતા રાખવી પરંતુ હર્ષશોક ન કરવો તેમજ કોઈ આપણી નિંદા કરે તો નારાજ ન થવું, કોઈ સ્તુતિ કરે તો રાજી ન થવું સુખમાં જીવવાની અને દુઃખના પ્રસંગે મરવાની આભિલાષા ન કરવી પણ બન્ને પ્રસંગોમાં સમતા ધારણ કરવી. માટી અને સ્વર્ણ -બન્નેને પુદ્‌ગલરૂપે સમાન માનવું. સુવર્ણ વગેરે સંપત્તિનો લાભ થાય કે હાનિ થાય તોપણ સમભાવ રાખવો. તથા કોઈ દરિદ્રી કે કોઈ રાજાદિ

સમૃદ્ધિમાન વ્યક્તિ હોય તો પણ બન્નેને, તુલ્ય હિતોપદેશ વગેરે આપવો પણ બન્નેમાં ભેદભાવ ન રાખવો તે સામ્ય-સમતા કહેવાય છે શત્રુ અને મિત્ર પ્રત્યે પણ તુલ્ય ભાવ, સમભાવ રાખવો. સુખ-શાતા, દુઃખ-અશાતા બન્ને કર્મજન્ય છે, એમ માની સમભાવે ભોગવવા પણ સુખમાં લીન ન બનવું, દુઃખમાં દીન ન બનવું.

પાંચે ઈન્દ્રિયોના ઈષ્ટ કે અનિષ્ટ વિષયોમાં રાગદ્વેષ ન કરવા, સમતા રાખવી તે સામ્યયોગ છે અને એ જ તત્ત્વ છે. કારણ કે સમસ્ત શાસ્ત્રોમાં બતાવેલા અનુષ્ઠાનો અને - વિધિનિષેધના નિયમોનું પાલન જીવનમાં સમતા સિદ્ધ કરવા માટે જ છે.

યોગ બિન્દુમાં કહ્યું છે : અધ્યાત્મ, ભાવના અને ધ્યાન યોગના સતત અભ્યાસથી સમતાયોગ ઉત્પન્ન થાય છે. તે સમતાયોગમાં અનાદિ અવિદ્યા જન્ય વાસના ના કારણે થતી ઈષ્ટાનિષ્ટની કલ્પના સર્વથી દૂર થાય છે એટલે કે તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મ, તેના સતત અભ્યાસરૂપ ભાવના અને સ્થિર દીપશિખા તુલ્ય, સ્થિર આત્મ - પરિણામરૂપ ધ્યાનના અભ્યાસથી ઈષ્ટ-અનિષ્ટ વસ્તુઓ અને વિષયોમાં સમભાવ રહે છે. અને તેનો ક્રમિક વિકાસ થતાં સમતા સ્થિર નિશ્ચલ બને છે. ત્યારે સમતાયોગની સિદ્ધિ થાય છે. અને આ સામ્યયોગ જ ઉત્તમ નિર્વિકલ્પ સમાધિ છે અને એ જ સમ્યગ્ જ્ઞાનની પરિપક્વતા છે. પરમ ફળશ્રુતિ છે.

**अष्टांगस्यापि योगस्य सारभूतमिदं खलु ।**
**यतो यमादिव्यासोस्मिन् सर्वोप्यस्यैव हेतवे ॥१७॥**

ખરેખર અષ્ટાંગયોગનો પણ સાર આ સમતા જ છે. કારણ કે યોગશાસ્ત્રમાં યમનિયમાદિનો જે વિસ્તાર છે તે સમાધિને સિદ્ધ કરવા માટે જ છે. સમાધિ સમતારૂપ જ છે.

**ભાવાર્થ :** યોગશાસ્ત્રમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ આઠ યોગના અંગ બતાવવામાં આવ્યા છે. એમાં યમનિયમાદિ ચાર હઠયોગ અને પ્રત્યાહારાદિ ચાર રાજયોગ કહેવાય છે. તેમાં સાત અંગો સાધન છે અને સમાધિ સાધ્ય છે.

સમાધિ માટે યમાદિ યોગોની સાધના કરવાની છે. પ્રત્યાહારમાં ઇન્દ્રિયો, અને મનને ઇષ્ટાનિષ્ટ વિષયોમાંથી નિવૃત્ત કરવાનું હોય છે.

ધારણાના અભ્યાસથી ચિત્તને એક શુભ આલંબનમાં સ્થિર કરી, ધ્યાન વડે પરમાત્મામાં તન્મયતા સાધવાની છે. આ યોગાંગોના દીર્ઘકાળના સતત અભ્યાસ વડે સમાધિ સિદ્ધ થાય છે. પાંચ યમ, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ જે વ્રત અને મહાવ્રતરૂપ છે. તેમજ શૌચ મનની પવિત્રતા, સંતોષ, સ્વાધ્યાય, તપ, ઈશ્વર-પ્રણિધાન એ પાંચ નિયમ છે તે સદાચારરૂપ હોવાથી મન, વચન અને કાયાની શુદ્ધિ કરે છે. તથા પદ્માસનાદિ આસન વડે કાયાની સ્થિરતા,

અને પ્રાણાયામથી પ્રાણોની શુદ્ધિ થાય છે.

**क्रियते दधिसाराय, दधिमन्थो यथा किल ।**
**तथैव साम्यसाराय, योगाभ्यासो यमादिकः ॥१८॥**

જેમ માખણ મેળવવા માટે દહીંનું મંથન કરાય છે, તેવી રીતે સામ્ય-સમતા રૂપી સાર મેળવવા માટે યમનિયમ આદિ યોગોનો અભ્યાસ કરાય છે.

**ભાવાર્થ** : દુનિયામાં લોકો જેમ દહીનું મંથન- વલોણું કરી માખણ મેળવે છે. તેવી રીતે યમનિયમાદિ યોગોનો સતત અભ્યાસ કરીને યોગીપુરુષો જીવનમાં સમાધિ મેળવે છે. આ સમાધિ દશામાં આત્મા-સહજ સુખનો અનુભવ કરી, પરમ તૃપ્તિ અનુભવે છે. કહ્યું પણ છે : "સમયગ્જ્ઞાનરૂપ અમૃતરસનું પાન કરી, સમ્યક્ ક્રિયા રૂપી કલ્પવેલીનાં ફળો ખાઈ, સામ્યરૂપી તાંબુલનો આસ્વાદ કરી મુનિ પરમતૃપ્તિ અનુભવે છે." આ આત્મતૃપ્તિ, આત્માની અનુભૂતિ રૂપ છે, તેમાં સમ્યક્જ્ઞાન, સમ્યક્ક્રિયા અને સમતા એ ત્રણેની એકતા અનુભવાય છે. જ્ઞાન, ક્રિયા, અને સામ્ય એ ત્રણ આત્મતૃપ્તિનાં મુખ્ય સાધનો છે. વિસ્તારથી આચારાંગાદિસૂત્રોમાં તેનું વર્ણન કરેલું છે. જિજ્ઞાસુઓએ તે ગ્રન્થોનો ગુરુનિશ્રાએ અભ્યાસ કરવો જોઈએ.

**अद्य कल्येऽपिकैवल्यं, साम्येनानेन नान्यथा ।**
**प्रमादः क्षणमप्यत्र, ततः कर्तुनसांप्रतम् ॥ १९ ॥**

આજે કે કાલે અથવા આ જન્મમાં કે ભવાન્તરમાં

પણ સમતાયોગથી જ કેવળજ્ઞાન પ્રગટ થશે. સમતા સિવાય અન્ય કોઈ ઉપાયથી નહિ. તેથી સમતા મેળવવામાં એક ક્ષણ માત્ર વિલંબ પ્રમાદ કરવો ઊચિત નથી.

**ભાવાર્થ** : કેવળ જ્ઞાનનું અંતરંગ, પ્રધાન કારણ સમતા છે. શેષ, સમ્યક્ત્વ, જ્ઞાન, ચરિત્ર, તપ, ધ્યાનાદિ સમતાના સાધનો હોવાથી કેવળ જ્ઞાનના પરંપર કારણો છે. આજે કે કાલે, આ જન્મે કે બીજા ભવમાં ગમે તે કાળે કે ગમે તે ક્ષેત્રમાં સમતાની પરાકાષ્ઠાને, સામ્યના પ્રકર્ષને પ્રાપ્ત માટે જ છે. ગુણ સ્થાનક ક્રમની અપેક્ષાએ આત્મા બારમા ગુણસ્થાનકે મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી યથાખ્યાત ચારિત્રને પામે છે અને ત્યારે સમતાની પરાકાષ્ઠા આવે છે. અને પછી તેરમા ગુણઠાણે કેવળ જ્ઞાન પામે છે.

સમતાનો આ અસાધારણ મહિમા આપણને એજ પ્રેરણા આપે છે કે જીવનમાં શીઘ્રાતિશીઘ્ર સમતા સિદ્ધ કરવી જોઈએ અને તેના જે પ્રભુભક્તિ, જ્ઞાન, ચારિત્ર- તપ, જપ, ધ્યાનાદિ અનુષ્ઠાનો છે, તેના સેવનમાં ક્ષણ માત્ર પણ પ્રમાદ સેવવો ન જોઈએ. જ્ઞાન, ધ્યાનના સતત અભ્યાસથી જ સમતા વૃદ્ધિ પામે છે. માટે સમતાપૂર્વક તે અનુષ્ઠાનોની આરાધના કરવી જોઈએ. સમતા વિના તે અનુષ્ઠાનો મોક્ષસાધક બનતા નથી, પણ નિષ્ફળ થાય છે.

**किं बुद्धेन किमीशेन, किं धात्रा किमु विष्णुना ।**
**किं जिनेन्द्रेण रागाद्यैर्यदि स्वं कलुषं मनः ॥२०॥**

રાગાદિ દોષોથી પોતાનું ચિત્ત જો કલુષિત થયેલું છે,

તો બુદ્ધ, મહાદેવ, બ્રહ્મા, વિષ્ણુ અથવા જિનેન્દ્ર દેવ મળી જાય તોપણ શું ? મન શુદ્ધિ વિના લાભ થવાનો નથી.

**ભાવાર્થ :** ચિત્ત શુદ્ધિ માટે દેવતત્વની ઉપાસના કરવામાં આવે છે. પણ ચિત્ત જ રાગાદિ દોષોથી મલિન બનેલું હોય તો દેવોની ઉપાસનાથી આત્મશુદ્ધિનો લાભ કઈ રીતે થાય ? રાગાદિ દોષો નબળા પડે નિર્મૂળ બને એવા લક્ષ્ય અને પ્રયત્નપૂર્વક દેવતત્ત્વની ઉપાસના કરવાની હોય છે.

પરમ પુણ્યોદયે વિશ્વનાયક પરમાત્મા જિનેશ્વરદેવ જેવા પરમ તારક ભગવાન મળી જવા છતાં જમાલી અને ગોશાલાની જેમ જે વ્યક્તિ રાગદ્વેષ અને મોહાદિ દોષોથી સંક્લિષ્ટ ચિત્તવાળા બની તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરે અને, પ્રભુએ કહેલા જીવાદિ તત્ત્વોને સત્ય ન માને, દેવ-ગુરુનો અનાદર કરે, પોતાની બુદ્ધિને આગળ કરે, પ્રભુના વચનમાં શ્રદ્ધા ન રાખે તેમની નિશ્રા ન સ્વીકારે, લોકોમાં શાસ્ત્રના નામથી પોતાની વાતને જ પુષ્ટ કરે, પણ નય સાપેક્ષ વિચાર કે ઉપદેશ ન કરે લોકોમાં ભ્રમ ઉભો કરી, મિથ્યાત્વની વૃદ્ધિ કરે તે ગોશાલા અને જમાલીની જેમ આત્મશુદ્ધિથી વંચિત રહી ભવમાં ભટકે છે.

**किं नाग्न्येन सितै रक्तैः किं पटैः किं जटाभरैः।**
**किं मुंडमुंडनेनापि, साम्यं सर्वत्र नो यदि ॥२१॥**
**किं व्रतैः किं व्रताचारैः, किं तपोभिर्जपैश्च किम्।**
**किं ध्यानैः किं तथा ध्येयैर्न चित्तं यदि भास्वरम्?॥२२॥**

જો જીવનમાં સર્વત્ર સમભાવ નથી તો નગ્નતા-વસ્ત્રરહિત બનવાથી, કે શ્વેત અથવા લાલ વસ્ત્ર ધારણ કરવાથી શું ? જટા વધારવાથી કે માથું મૂંડાવવાથી પણ શું ?

જો ચિત્ત નિર્મળ નથી થયું. તો અહિંસાદિ વ્રતોથી કે વ્રતોના આચારથી શું ? તથા અનેક પ્રકારના તપ અને અનેક પ્રકારના જપથી શું ? તેમજ ધ્યાનના અને ધ્યેયના અનેક આલંબનોથી પણ શો લાભ ? અર્થાત્ ચિત્ત શુદ્ધિ વિના આ બધું એકડા વિનાના મીંડા જેવું છે.

**ભાવાર્થ :** વસ્ત્રાદિ ઉપકરણો હોવાથી સાધુ ને સંયમમાં ઉપકારક બને છે. લોચનું વિધાન પણ કાયક્લેશરૂપ હોવાથી સમતા અને સહનશક્તિ કેળવવા માટે છે. જિનકલ્પમાં નગ્નતા પણ દેહભાવથી પર બની સમતા કેળવવા માટે છે. ધ્યાન સમતામાં સ્થિરતા મેળવવા માટે છે. સમતાના લક્ષ્ય વિના તે બધા નિષ્ફળ જાય છે માટે સમતાપૂર્વક વ્રતો, મહાવ્રતો, જ્ઞાનાદિ પાંચ આચારોનું પાલન કરવું જોઈએ. અનશનાદિ બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્તાદિ અભ્યંતર તપ, મંત્ર, જાપ, વિવિધ ધ્યાન-ભેદો, અરિહંતાદિ ધ્યેયના આલંબનો ચિત્તની સ્વસ્થતા, સમતા સિદ્ધ કરવા માટે છે. રાગદ્વેષાદિ વડે ચિત્તની ચમળતા ઉત્પન્ન થતાં તપ, જપ, ધ્યાનાદિ નિષ્ફળ બને છે. અર્થાત્ ચપળચિત્તથી કરેલાં જપ, ધ્યાનાદિ વડે સમતા ઉત્પન્ન થતી નથી.

કહ્યું પણ છેઃ દુર્લભ એવી અણિમાદિ આઠ સિદ્ધિઓ, રસાયન, અંજન, ધાતુવાદના પ્રકારો, વિવિધ ધ્યાનભેદો,

મંત્રો અને સમાધિયોગ પણ ચિત્તની અપ્રસન્નતા- ચપળતા થતાં વિષતુલ્ય અહિતકર બને છે. (હૃદયપ્રદીપ શ્લો.-૩૦)

ચિત્તમાં સંકલ્પ વિકલ્પોની જાળ પેદા કરાવનાર વિષયવાસના છે, અથવા ક્રોધાદિક કષાયોની ભીષણ અગ્નિજ્વાળા છે. તેનાથી વ્યાકુળ ચિત્તવાળી વ્યક્તિઓ ક્યારે પણ યથાસ્થિત તત્ત્વનો અનુભવ કરી શકતી નથી પણ સંસારનાં દુઃખોથી કદર્થના પ્રાપ્ત કરનારા તેમને સ્વપ્નમાં પણ સમાધિનું સુખ મળતું નથી. (શ્લો ૩૧)

વિષયવાસના અને કષાયોની ક્રૂરતા-કટુતાને વશ થયેલા જીવો કદાચ બાહ્ય સાધુવેશ ધારણ કરે કે નગ્ન રહે, માથું મુંડન કરાવે કે જટા ધારણ કરે. વ્રત-અહિંસાદિ પાળે, તીવ્ર તપ કરે, નવકારાદિ મંત્રો જપે કે અનેક પ્રકારના ધ્યેયોનું વિવિધ રીતે ધ્યાન કરે તો પણ ચિત્તમાં સમતા નિર્મળતા નહિ હોવાથી આત્માનો આનંદ અનુભવી શકાય નહિ. જીવનમાં સમતા પ્રાપ્ત કરવા પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ.

**किं क्लिष्टेन्द्रियरोधेन, किं सदा पठनादिभिः ।**
**किं सर्वस्वप्रदानेन, तत्त्वं नोन्मीलितं यदि ॥२३॥**

જો સમાધિ-સમતા વડે આત્મતત્ત્વનો અનુભવ ન કર્યો કે તેનું લક્ષ્ય પણ નથી રાખ્યું તો ક્લેશદાયક ઇન્દ્રિયનિરોધથી શો લાભ ? સદા પઠનપાઠન કરવાથી શું ? સર્વસંપત્તિનું દાન કરવાથી પણ શું છે ?

**ભાવાર્થ :** સમતા વિના ઈન્દ્રિયોનો નિરોધ, જય કરવાથી પણ વિશેષ લાભ નથી. શરીરના સ્વાસ્થ્ય માટે પણ લોકો બ્રહ્મચર્ય પાળે છે. શાસ્ત્રોનું મનન-પાઠન પણ, વાદ-વિવાદ કરવા માટે, બીજાનો પરાજય કરવા માટે તથા વક્તા, પંડિત બનવા માટે અનેક લોકો કરે છે. પરંતુ તેથી કર્મનિર્જરા થતી નથી. સમતાનો લાભ, સાધી શકાતો નથી. કોઈ પોતાની મનોકામના પૂર્ણ કરવા માટે કે નામના મેળવવા માટે સર્વસંપત્તિ નું દાન કરે છે.

પ્રેમાળ પતિ-પત્ની અરસ-પરસ જીવન સમર્પિત કરે છે, દાસદાસીઓ શેઠને, સુભટો પોતાના સ્વામી - રાજા મહારાજાને જીવન સમર્પિત કરે છે. પરન્તુ આ સર્વ સમર્પણ ભાવના હેતુ સ્વાર્થ સિદ્ધ હોવાથી નિષ્ફળ જાય છે. જો સાધક આત્મશુદ્ધિ મેળવવા માટે ઈન્દ્રિયોનો નિરોધ કરે, શાસ્ત્ર- જિનાગમનો સ્વાધ્યાય કરે ષડ્જીવનિકાયના રક્ષણ માટે સંયમ સ્વીકારી ગુરુચરણોમાં જીવન સમર્પણ કરે, તો તેના તપ-જપ-જ્ઞાન-ધ્યાન આદિ સર્વ અનુષ્ઠાનો સમતાસાધક બનવાથી સફળ બને છે.

## નિર્મળ મન એ જ તત્ત્વ

**नांचलो मुखवस्त्रं न, न राका न चतुर्दशी ।**
**न श्राद्धादि प्रतिष्ठा वा, तत्त्वं किन्त्वमलं मनः ॥२४॥**

વસ્ત્રનો છેડો કે મુખવસ્ત્ર (મુહપત્તિ) એ કાંઈ તત્ત્વ નથી. પૂર્ણિમા કે ચતુર્દશી અથવા શ્રાવકોએ કરાવેલી પ્રતિષ્ઠા વગેરે પણ તત્ત્વ નથી. પરંતુ નિર્મલ ચિત્ત જ તત્ત્વ છે.

**ભાવાર્થ** : કેટલાક લોકો ધર્મના ઉપકરણો-સાધનો આદિને જ તત્ત્વ અર્થાત્ ધર્મનો સાર માની લે છે. ધર્મનો સાર મનઃશુદ્ધિ છે. ચિત્તને નિર્મળ બનાવવું એ છે. ચિત્તને નિર્મળ બનાવવાનાં મુખ્ય સાધનો સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. રાગ-દ્વેષાદિ દોષોનો ક્ષણે ક્ષણે નાશ થાય એવા લક્ષ્ય સાથે શાસ્ત્રવિહિત આરાધનામાં પ્રયત્ન કરવો જોઈએ. ધર્મના મર્મ-રહસ્યોને નહિ પામેલા લોકો બાહ્ય વસ્તુઓને, આચારપાલનનાં સાધનને તત્ત્વ માની પરસ્પર વાદવિવાદ કરે છે. તેમને સમતાની મહત્તા સમજાવવા પૂજ્ય ગ્રન્થકારશ્રી કહે છે કે અમુક ગચ્છવાળા મુહપત્તિના ઠેકાણે વસ્ત્રનો છેડો રાખે છે, અમુક મુહપત્તિનો ઉપયોગ બોલતી વખતે કરે છે, અમુક ગચ્છવાળા પૂર્ણિમાના દિવસે પાક્ષિક પ્રતિક્રમણ કરે છે, અમુક ચતુર્દશીને દિવસે કરે છે. જિનમંદિરમાં પ્રભુની પ્રતિષ્ઠા કેટલાક શ્રાવકો દ્વારા કરાવવાનો આગ્રહ રાખે છે તે સિવાય બીજા પણ અનેક મતભેદો છે એ તત્ત્વ નથી પરંતુ ચિત્તને રાગદ્વેષરહિત નિર્મળ કરવું એ જ તત્ત્વ છે.

**दृष्ट्वा श्रीगौतमं बुद्धेस्त्रिःपञ्चशततापसैः।**
**भरतप्रमुखैर्वापि क्व कृतो बाह्यकुग्रहः ॥ २५ ॥**

**અર્થ** :- શ્રી ગૌતમસ્વામીને જોઈને પ્રતિબોધ પામેલા પંદરસો તાપસોએ તથા ભરત ચક્રવર્તી વગેરે બાહ્ય વસ્તુનો કદાગ્રહ ક્યાં કર્યો હતો ?

**ભાવાર્થ** : આત્મજ્ઞાન કે કેવળજ્ઞાનના પ્રગટીકરણ માટે અમુક બાહ્ય વસ્તુ જોઈએ જ, એવો કોઈ કદાગ્રહ રાખવામાં આવ્યો નથી, પરંતુ કોઈ પણ પ્રકારનો બાહ્ય વસ્તુનો કદાગ્રહ જ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં બાધક બને છે, એ હકીકત છે.

આગ્રહ કદાગ્રહનો ભાવ રાગ-દ્વેષાત્મક છે, રાગદ્વેષના જય માટે કદાગ્રહની વૃત્તિ અને પ્રવૃત્તિ છોડવી જરૂરી છે.

અષ્ટાપદતીર્થ ઉપર યોગસાધના કરતાં પંદરસો તાપસો સૂર્યકિરણોના આલંબને પર્વત ઉપર આરોહણ કરતાં શ્રી ગૌતમસ્વામીને જોઈ વિચારવા લાગ્યા કે અમે વર્ષોથી તપશ્ચર્યા કરીએ છીએ, તોપણ હજી પર્વત ઉપર ચડી પહોંચવાનું સૌભાગ્ય પામી શક્યા નથી અને આ યોગીશ્વર કેવા સડસડાટ ચડી જાય છે. કેવી હશે તેમની સાધના ? કેવી હશે તેમની તપશ્ચર્યા ? તેઓ પાછા પધારે ત્યારે તેમના ચરણોમાં સમર્પિત થઈ જઈએ. આવી રીતે મનોમન ગુરુ તરીકે સ્વીકારેલા ગૌતમ સ્વામી જેવા પાછા આવ્યા, એટલે તરત જ સમર્પિત બની ગયા.

શ્રી ગૌતમસ્વામીના મુખે ભગવાન મહાવીરદેવના લોકોત્તર સ્વરૂપનું શ્રવણ કરવાથી તેમના ભાવોમાં એવી વિશુદ્ધિ પ્રગટી કે સમવસરણ સુધી પહોંચતા પહેલા જ પંદરસો તાપસોને કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું. તેમાં બાહ્ય કોઈ વેષ કે ક્રિયા કારણ ન હતા, પણ વિશુદ્ધ આત્મપરિણામ - સામ્યભાવ જ મુખ્ય કારણરૂપ હતો. ભરત મહારાજા, પૃથ્વીચંદ્ર અને ગુણસાગર આદિને પણ બાહ્ય કોઈ ઉપકરણ કે ક્રિયા વગેરે કારણો હાજર ન હોવા છતાં વિશુદ્ધ ભાવનાના બળે કૈવલ્ય પ્રગટ થયું હતું.

**दृढप्रहारीवीरेण चिलातीपुत्रयोगिना ।**
**ईलापुत्रादिभिश्चैव सेवितो योग उत्तम : ॥ २६ ॥**

**અર્થ** :- દઢપ્રહારી જેવા શૂરવીરે, ચિલાતીપુત્ર જેવા યોગીએ અને ઈલાચીપુત્ર જેવાઓએ પણ સર્વોત્તમ સમતાયોગ જ સેવ્યો હતો. (બાહ્ય વસ્તુનો આગ્રહ ક્યારે પણ કર્યો નથી.)

**ભાવાર્થ** :- જીવ ગમે તેવો પાપી, ક્રૂર કે વિલાસી હોય, પણ સમતાને શરણે જાય, સામ્યને આત્મસાત્ બનાવે તો પાપી પાવન બની જાય, ક્રૂર કરુણાપૂર્ણ બની જાય અને વિલાસી વિરાગી બની જાય.

રોજની ચાર-ચાર હત્યા કરનારો ક્રૂર દઢપ્રહારી પણ નાના બાળકનું રુદન સાંભળીને દ્રવિત બની જાય છે. પોતાના ભયંકર પાપો બદલ પશ્ચાત્તાપ કરે છે. નિષ્કારણ ગો, બાળ, સ્ત્રી અને બ્રાહ્મણની હત્યાઓ કરી મેં મારા આત્માને પાપોથી ભારે બનાવ્યો છે. ક્યાં અને ક્યારે આ પાપોના કરજથી હું છૂટી શકીશ ?

સાધુ મહાત્માની પાસે જઈ આત્માની શુદ્ધિ અને શાંતિનો માર્ગ પૂછે છે, તેમના ઉપદેશ પ્રમાણે ચારિત્ર અંગીકાર કરે છે, અભિગ્રહપૂર્વક ઘોર તપ કરે છે, લોકો દ્વારા થતાં ઘોર તિરસ્કાર, પરાભવ અને ઉપસર્ગો સમતાભાવે સહન કરે છે. આ સમતાના પ્રભાવે છ મહિનામાં જ ઘાતીકર્મોનો ક્ષય થાય છે અને દઢપ્રહારી કેવલી બની મોક્ષમાં જાય છે.

ચિલાતીપુત્ર તલવારના એક જ ઝાટકે એક શ્રેષ્ઠી-કન્યાનું મસ્તક ધડથી અલગ કરી, હાથમાં તેનું માથું લઈને જંગલ તરફ દોડતો જાય છે. કાયોત્સર્ગ ધ્યાનસ્થ મુનિને

જોઈ શાંતિનો ઉપાય પૂછે છે. મુનિ "ઉપશમ, વિવેક અને સંવર," આ ત્રણ શબ્દોમાં જ શાંતિનો, સમતાનો માર્ગ બતાવે છે. તેનું ચિંતન-મનન કરી કષાયોને શમાવે છે. સ્વ-પરનો વિવેક કેળવે છે. પુદ્ગલથી સર્વથા ભિન્ન આત્મ-તત્ત્વને જાણે છે. સંવરસ્વરૂપ ચારિત્ર અને ધ્યાન-તપ વડે ઘાતી-અઘાતી કર્મો ખપાવી મોક્ષ પ્રાપ્ત કરે છે. શ્રેષ્ઠિપુત્ર ઈલાચીકુમાર એક નટકન્યાના રૂપમાં મોહિત બને છે તેને મેળવવા પોતે નટ કળામાં કુશળ બની નૃત્ય કરે છે. એક વખત રાજાને રીઝવી વિપુલ ધનસંપત્તિ મેળવવા નૃત્ય કરી રહ્યો છે, ત્યારે રાજા સ્વયં નટકન્યાનો અનુરાગી બન્યો હોવાથી ઈલાચીને તેની કળા પાછળ ખુશ થઈને સુંદર ઇનામ આપવાને બદલે મનમાં એવું ઇચ્છે છે કે વાંસ ઉપર ચડેલો આ ઈલાચી નીચે પડીને મરી જાય, તો આ કન્યા મને મળી જાય.

આ તરફ વાંસ ઉપર નૃત્ય કરતાં ઈલાચીની નજર ગોચરી વહોરતાં એક મુનિ ઉપર પડે છે. સ્વરૂપવાન સ્ત્રી પ્રેમપૂર્વક આહાર લેવા આગ્રહ કરે છે, છતાં તેની સામે દૃષ્ટિસુધ્ધાં પણ કરતાં નથી. આ દૃશ્ય જોતાં જ તેનો આત્મા જાગી ઊઠે છે, વૈરાગ્યવાસિત બને છે જાતિસ્મરણજ્ઞાનથી પૂર્વભવ જાણી, વિશુદ્ધ ચારિત્રની ભાવનામાં મગ્ન બને છે. ભાવનો પ્રકર્ષ થતાં ક્ષપકશ્રેણી માંડે છે. ચાર ઘાતીકર્મોનો ક્ષય કરે છે, અને કેવળજ્ઞાની બને છે.

આ ત્રણે મહાત્માઓ સર્વોત્તમ સમતાયોગના આલંબને

જ કેવળી બન્યા હતા. તેમણે બાહ્યક્રિયાનો કોઈ આગ્રહ રાખ્યો ન હતો. બાહ્યક્રિયાઓ પણ સંયમમાં સહાયક બની હૃદયમાં સમતાભાવ પ્રગટ કરે જ છે પરંતુ સમતા વિના તેનો આગ્રહ રાખવાથી રાગ-દ્વેષનું કારણ બને છે. માટે ઉત્તમ સાધકો સમત્ત્વને પ્રાધાન્ય આપી શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોનું વિધિપૂર્વક પાલન કરી મોક્ષની સાધના કરે છે, મોક્ષ પ્રાપ્ત કરે છે.

પૂજ્ય આનંદઘનજી મ. કહે છે : શાસ્ત્ર નિરપેક્ષ વ્યવહાર અર્થાત્ અનુષ્ઠાનો વગેરે મોક્ષસાધક બનતાં નથી, માટે તે અશુદ્ધ વ્યવહાર છે, અને તેનું ફળ ભવભ્રમણ છે, જ્યારે શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોનું આચરણ એ શુદ્ધ વ્યવહારરૂપ હોવાથી મોક્ષસાધક છે.

તપ-સંયમ આદિ અનુષ્ઠાનો સમતાપૂર્વક જ કરવાના જિનાગમના વિધાનને જાણવા છતાં પણ તેની તરફ દુર્લક્ષ્ય કરી અશુદ્ધ વ્યવહારમાં જ રચ્યાપચ્યા રહેવું અને તેનો જ આગ્રહ રાખવો તે મોહાધીનતા છે. તેવા જીવો ભવમાં ભટકે છે.

**येन केन प्रकारेण देवताराधनादिना ।**
**चित्तं चन्द्रोज्जवलं कार्यं किमन्यैर्ग्रहकुग्रहैः ॥ २७॥**

**અર્થ** :- દેવતાની આરાધના, પરમાત્માની ભક્તિ આદિ કોઈપણ પ્રકારની આરાધના વડે ચિત્તને ચન્દ્ર જેવું નિર્મળ કરવું જોઈએ. અન્ય આગ્રહ - કદાગ્રહોથી શું ?

**ભાવાર્થ** :- ચિત્તને નિર્મળ બનાવવું એ જ જિનાજ્ઞા

છે. શેષ રત્નત્રયીની આરાધના તથા વિધિ - નિષેધરૂપ. અનુષ્ઠાનો વગેરેનું પાલન ચિત્તની નિર્મળતા - વિશુદ્ધિ માટે જ કરવાના છે. તેના પાલનમાં - આરાધનામાં વિક્ષેપરૂપ કદાગ્રહનો ત્યાગ કરવો જોઈએ.

મોક્ષસાધક અનેક યોગો છે. તેમાં શ્રેષ્ઠ અને સરળ ભક્તિયોગ છે. ભક્તિ દ્વારા પરમ તારક, વિશ્વવત્સલ વીતરાગ પરમાત્મા સાથે સંબંધ જોડાય છે. પરમાત્માના નામમંત્રનું સ્મરણ, તેમની પ્રશાંત વીતરાગમુદ્રાના (મૂર્તિના) દર્શન-વંદન-પૂજન-ધ્યાન કરવાથી ચિત્ત શીઘ્ર નિર્મળ બને છે, સ્થિર બને છે.

અન્ય દર્શનોમાં પણ જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગમાં ભક્તિયોગને જ શ્રેષ્ઠ માન્યો છે. પરમાત્મા સાથેના પ્રેમનો સંબંધ ભક્તિ દ્વારા પ્રગાઢ બને છે. પરમાત્મા પ્રત્યે જેમ અનુરાગ વધે છે, તેમ તેમ ભક્તને પરમાત્માનો અનુગ્રહ સ્પષ્ટરૂપે અનુભવવા મળે છે. અત્યંત દુર્લભ પ્રભુનું દર્શન અને મિલન પણ ભક્તિ દ્વારા પ્રભુ-કૃપા-પ્રાપ્ત ભક્તને સુલભ બની જાય છે.

"પાતંજલ યોગદર્શન"માં પણ 'ઈશ્વર પ્રણિધાન' ને સમાધિનું સાધન કહ્યું છે. પાંચ પ્રકારના નિયમોમાં પણ તેનો નિર્દેશ છે.

જિનાગમોમાં પ્રભુ-ભક્તિને સમાધિરૂપ સામાયિકનું પ્રધાન કારણ ગણ્યું છે.

શ્રી અરિહંત પરમાત્માના સદ્ભુત ગુણોની સ્તુતિ સ્તવના

કરવાથી કેવળજ્ઞાનાદિ અનંત ગુણોનું બહુમાન થાય છે. ગુણ-બહુમાન એ ગુણ-પ્રાપ્તિનું મંગળદ્વાર છે.

પ્રકૃષ્ટ ગુણી પરમાત્માના બહુમાનથી ગુણ-આવારક અશુભ કર્મોનો ક્ષય થાય છે. મિથ્યાત્વ મોહનીય અને ચારિત્રમોહનીયનો હ્રાસ અને નાશ થવાથી સાધકને બોધિ અને સમાધિની પ્રાપ્તિ થાય છે.

**भत्तीए जिणवरिंदाणं, खिज्जंति पुव्वसंचिया कम्मा।**
**गुण-पगरिस बहुमाणो, कम्म-वनदवाणलो जेण ॥**

શ્રી જિનેશ્વર પરમાત્માની ભક્તિથી પૂર્વભવોના સંચિત અનેક કર્મો ક્ષય પામે છે, કારણ કે પ્રકૃષ્ટ ગુણી તીર્થંકર પરમાત્માનું બહુમાન, એ કર્મવનને બાળવા માટે દાવાનળ છે.

પરમાત્માના ગુણ-કીર્તન, સ્મરણ, વંદન, ધ્યાન અને આજ્ઞાપાલનથી મોહનીયકર્મનો અવશ્ય નાશ થાય છે. મોહનું બળ ઘટવાથી ચિત્ત નિર્મળ બને છે.

પ્રત્યેક સાધકે જીવનમાં પરમાત્મ-ભક્તિને પ્રધાન બનાવીને સ્વ-ભૂમિકાને ઉચિત બીજા શાસ્ત્ર-વિહિત અનુષ્ઠાનોમાં આદરપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ.

**तथा चिन्त्यं तथा वाच्यं चेष्टितव्यं तथा तथा ।**
**मलीमसं मनोऽत्यर्थंयथा निर्मलतां व्रजेत् ॥ २८ ॥**

અર્થ : મલિન મન જે રીતે નિર્મળ થાય, તે રીતે વિચારવું, તે રીતે બોલવું અને તે રીતે વર્તવું જોઈએ.

**ભાવાર્થ** : મનુષ્યને મળેલી, મન-વચન અને કાયા

આ ત્રણે શક્તિઓનો ઉપયોગ મનને ઉજ્વળ અને નિર્મળ બનાવવાના લક્ષ્યથી કરવામાં આવે, તેમાં જ તેની સફળતા છે, સાર્થકતા છે.

અધ્યાત્મ આધારિત કોઈપણ સાધના મનને નિર્મળ બનાવવાના લક્ષ્યવાળી જ હોય છે. મનને સ્થિર બનાવવાના પ્રયોગ કે પ્રયત્નની વાસ્તવિક સફળતા પણ મનની નિર્મળતા ઉપર જ નિર્ભર છે. સમળ મન વધુ સમય સ્થિર રહી શકતું નથી, વાસ્તવિક સ્થિરતા પ્રાપ્ત કરી શકતું નથી. સાધના ચાહે યોગની હોય, ધર્મની હોય કે અધ્યાત્મની હોય, તેમાં ઉદ્દેશ અને પ્રયત્ન મન, વચન અને કાયાને વધુ ને વધુ નિર્મળ અને પવિત્ર બનાવવાનો જ હોવો જોઈએ.

પરમ કૃપાળુ પરમાત્માની કૃપા, તેમની આજ્ઞાનું પાલન કરવાથી અનુભવી શકાય છે અને આજ્ઞાપાલન ચિત્તને, નિર્મળ બનાવવાથી થાય છે.

મનની નિર્મળતા માટે વાણી અને કાયાની પ્રવૃત્તિને સ્વચ્છ અને સુંદર બનાવવી જરૂરી છે.

આત્મતત્ત્વના ચિંતનથી, શાસ્ત્ર-સ્વાધ્યાયથી મનને નિર્મળ બનાવવું. આગમ-ગ્રન્થોનું અધ્યયન-અધ્યાપન, શાસ્ત્રપાઠ, સ્તોત્રપાઠ, પરમાત્મ-સ્તવના, પ્રભુનામ-કીર્તન, ધર્મોપદેશ અને હિતવચન દ્વારા વાણીને નિર્મળ બનાવવી અને... કાયાની શુદ્ધિ માટે અહિંસાનું પાલન, જયણા અર્થાત્ કોઈને બાધા-પીડા ન થાય એવી સાવધાનીપૂર્વકની પ્રત્યેક પ્રવૃત્તિ, સંતપુરુષોની સેવા, પરોપકાર, પરમાત્મ-પૂજા, ભક્તિ વગેરે-

પ્રવૃત્તિઓ વિધિપૂર્વક-પ્રેમપૂર્વક નિત્ય કરવી જોઈએ.

જૈનશાસનમાં અષ્ટ પ્રવચન માતાના પાલનનું વિધાન છે તેના પાલનથી સાધકના મન, વાણી અને કાયા અશુભમાંથી શુભ અને શુદ્ધ બને છે.

**चञ्चलस्यास्य चितस्य सदैवोत्पथचारिणः ।**
**उपयोगपरैः स्थेयं योगिभिर्योगकांक्षिभिः ॥२१॥**

અર્થ :- યોગસાધનાના અભિલાષી યોગીઓએ સદા ઉન્માર્ગગામી, ચંચળ ચિત્તને એકાગ્ર કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

**ભાવાર્થ** :- મનનો સ્વભાવ જ ચંચળતા છે. સતત સંકલ્પ-વિકલ્પ કરતાં રહેવાનો એનો સ્વભાવ હોવાથી જ તેને વાનરની ઉપમા આપવામાં આવી છે.

મન સતત ગતિશીલ છે. ઘડીમાં તે આકાશને આંબી જાય છે, ઘડીમાં તે પાતાળમાં પહોંચી જાય છે. ક્ષમાના વિચારો કરતું કરતું તે ક્રોધના વિચારો કરવા લાગી જાય છે. ત્યાગના વિચારમાંથી રાગના વિચારમાં ચાલ્યું જાય છે, તો ક્યારેક રાગભાવમાંથી ત્યાગભાવમાં પણ આવી જાય છે.

ત્યાગી, તપસ્વી અને મુમુક્ષુ યોગીઓને પણ ઉન્માર્ગે ચડાવી દેતાં મનનો જરાપણ ભરોસો કરવા જેવો નથી. ક્લેશવાસિત મન સંસાર છે, સંક્લેશરહિત મન મોક્ષ છે. બંધ અને મોક્ષનું મુખ્ય કારણ મન જ છે. તેથી યોગીપુરુષો મનને સાધવા નિરંતર પ્રયત્નશીલ રહે છે.

મન ઉપર પ્રભુત્વ મેળવવાની કળા જિનાગમોમાં બતાવી છે તેનો સંક્ષિપ્ત સાર અહીં ગ્રન્થકાર મહર્ષિ જણાવે છે.

મનને વશ કરવા, સ્વાધીન બનાવવા સર્વ પ્રથમ તેને નિર્મળ-પવિત્ર બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. ચિત્તને ચંચળ - અસ્થિર બનાવનાર હકીકતમાં રાગ-દ્વેષ અને મોહ છે. રાગાદિ દોષોને, કામ-ક્રોધાદિ દુર્ભાવોને પોષવામાં નિમિત્તરૂપ બનતી બાહ્ય વસ્તુઓ, વ્યક્તિઓ અને તેના સંયોગ-વિયોગમાં મનની સમતુલા જળવાઈ રહે, રાગાદિ પ્રસંગોમાં મન હર્ષઘેલું ન બને અને દ્વેષ-શોકાદિની પરિસ્થિતિમાં ખેદ-નિરાશાવાળું ન બને, તે માટે જ્ઞાની પુરુષોના ઉપદેશને યાદ કરી મધ્યસ્થભાવ- સમભાવ કેળવવાનો અભ્યાસ રોજ કરવો જોઈએ.

મોહાધીન જીવોનો મંત્ર છે.- "આ દેખાતું શરીર જ હું અને ધન-સ્વજનાદિ મારા" આ અહંકાર અને મમકારના ભાવમાંથી જ અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પો ઉત્પન્ન થાય છે. તેનો ક્ષય સમ્યક્ જ્ઞાન અને વૈરાગ્યના અભ્યાસથી થાય છે.

"અહં-મમ" એ મોહજન્ય મંત્ર છે. તેણે જ આખા જગતને અંધ બનાવી દીધો છે. ભવભ્રમણ અને જન્મ-મરણની પરંપરા વધારી દીધી છે.

કરુણાસાગર શ્રી તીર્થંકર પરમાત્માએ મોહાધીન જીવોની આ કરુણ-સ્થિતિ જોઈને તેમને મોહના સકંજામાંથી છોડાવવાનો

મોહને જીતવાનો પ્રતિમંત્ર આપ્યો - "नाहं-न मम' ।

"આ દેખાતું શરીર હું નથી. ધન, સ્વજનાદિ મારા નથી. હું શુદ્ધ આત્મા છું, અસંખ્યપ્રદેશી ચૈતન્યદ્રવ્ય છું. પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ મારું સ્વરૂપ છે. શુદ્ધ ચેતના સાથે મારો એવો તદ્રૂપ સંબંધ છે કે એ કદી મારાથી જુદી નથી થતી, હું તેનાથી ક્યારેય જુદો પડતો નથી. આ સિવાય બાકી સર્વ શરીર, ધન, ઘર, મકાન, જમીન આદિ પુદ્ગલ દ્રવ્યો છે, તે મારા નથી. બહારની કોઈ વસ્તુ કે વ્યક્તિનો હું સ્વામી, કર્તા કે ભોક્તા નથી, પરંતુ મારા જ્ઞાનાદિ ગુણપર્યાયોનો જ હું કર્તા-ભોક્તા છું."

આ રીતે શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું ચિંતન-ધ્યાન કરવું, તેમાં રમમાણ થવું એ જ શ્રેયકારી છે. પરદ્રવ્યના વર્ણાદિ ગુણોમાં, રમવું, આનંદ માનવો, આસક્ત થવું એ સર્વથા અહિતકારી છે.

આ પ્રમાણે વ્યવહારનય અને નિશ્ચયનયની દૃષ્ટિએ દ્રવ્ય, ગુણ, પર્યાયનું યથાર્થજ્ઞાન મેળવી, તેનું ચિંતન, મનન ભાવન કરવાથી મન નિર્મળ બને છે. સ્થિર બને છે. મનને એકાગ્ર કરવાનો અર્થ છે, એક લક્ષ્ય ઉપર કેન્દ્રિત કરીને તેના વિષયમાં જ ચિંતન-પરિશીલન કરવું.

કોઈપણ વસ્તુના વાસ્તવિક હાર્દને, રહસ્યને જાણવા આડી-અવળી વિખરાતી ચિંતનશક્તિને કેન્દ્રિત કરી તેમાં ને તેમાં જ જોડવી, તે એકાગ્રતા છે.

એકાગ્રતામાં મન વધુ સક્રિય બને છે, ગતિશીલ બને

છે, ત્યારે જ વસ્તુના વાસ્તવિક હાર્દને, રહસ્યને પ્રાપ્ત કરે છે. મનને શૂન્ય કે નિષ્ક્રિય બનાવવું એ એકાગ્રતાનો અર્થ નથી.

સમ્યગ્જ્ઞાનથી મન નિર્મળ અને એકાગ્ર બને છે. માટે જ સંતપુરુષો, સદા જ્ઞાન અને ધ્યાનમાં લીન રહે છે. પરમાત્માના સ્વરૂપમાં તન્મય બની. સ્વાત્મ-સ્વરૂપમાં મગ્નતા પ્રાપ્ત કરે છે.

**सुकरं मलधारित्वं सुकरं दुस्तपं तपः ।**
**सुकरोऽक्षनिरोधश्च दुष्करं चित्तशोधनम् ॥३०॥**

અર્થ :- વસ્ત્ર અને શરીર ઉપર મલ ધારણ કરવો સરળ છે. માસક્ષપણ આદિ તપ કરવું સરળ છે. ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો (તેને વશ કરવી) પણ સરળ છે, પરંતુ ચિત્તની શુદ્ધિ કરવી અત્યંત દુષ્કર છે.

**ભાવાર્થ** :- ચિત્તશુદ્ધિ વિના ધ્યાન-સમાધિ લાગતાં નથી. તે વિના આત્મિક આનંદ અનુભવાતો નથી.

જીવ અનાદિકાળથી ઈન્દ્રિયજન્ય સુખો મેળવવા અને માણવા અનેક પ્રકારે હિંસાદિ પાપ-પ્રવૃત્તિ કરે છે. તેનાથી તેનું ચિત્ત રાગ-દ્વેષ આદિના કારણે વધુ મલિન બને છે.

ચિત્તશુદ્ધિનું દુષ્કર કાર્ય બીજા કોઈ જન્મમાં થયું નથી, થઈં શક્તું નથી. આ દુર્લભ મનુષ્ય જન્મમાં કપરું પણ ચિત્તશુદ્ધિનું જ કાર્ય કરવા જેવું છે.

મેલા રહેવું, ભૂખ્યા રહેવું, ઈન્દ્રિયો ઉપર નિયમન કરવું, આ કઠિન કાર્ય પણ ધર્મ વગેરેના ઉદ્દેશથી સરળતાપૂર્વક

કરી શકાય છે.

ઘર-સંસાર છોડી સંયમધર્મ અંગીકાર કરનારા ત્યાગી પુરુષોને વસ્ત્ર કે શરીર ઉપર મેલ ધારણ કરવો, માસક્ષપણાદિ તપ કરવા, સ્વચ્છંદ ઇન્દ્રિયોને વશ કરવી, એ સરળ અને સુગમ છે, પણ ચંચળ ચિત્તને નિર્મળ બનાવી પરમાત્મામાં તન્મય કરવું એ અત્યંત દુષ્કર છે.

બાહ્ય મલિનતા, તપ-ત્યાગ, અને ઇન્દ્રિયોના નિરોધનું લક્ષ્ય ચિત્તશુદ્ધિ ન હોય તો એ અભિમાનપોષક બની જાય છે. તેના દ્વારા પણ જગતમાં ત્યાગી, સંયમી તરીકેની કીર્તિ વધવાથી અહંકાર પોષાતો રહે છે, અને મનની શુદ્ધિને બદલે મલિનતાની જ વૃદ્ધિ થાય છે. માટે જ ગ્રન્થકારશ્રી 'દુષ્કરં ચિત્તશોધનમ્' કહીને સાધકને ચિત્તશુદ્ધિ તરફ સજાગ બનાવે છે.

**पापबुद्धया भवेत् पापं को मुग्धोऽपि न वेत्यदः।**
**धर्मबुद्धया तु यत् पापं तश्चिन्त्यं निपुणैर्बुधैः ॥३१॥**

અર્થ : પાપબુદ્ધિથી હિંસાદિ કરાય તે પાપ છે, એ કોણ, ભોળો માણસ પણ નથી જાણતો ? પરંતુ ધર્મબુદ્ધિથી જે પાપ થાય છે, તે ચતુર વિદ્વાનોએ વિચારવા યોગ્ય છે.

**ભાવાર્થ** :- હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ આદિ અઢાર પાપ છે.

પ્રાય : બધા આસ્તિક દર્શનો હિંસાદિ પાપને મહાપાપ તરીકે સ્વીકારે છે, અને ક્રોધ, માન, રાગ, દ્વેષ વગેરેને અવિદ્યા-વાસનારૂપે માને છે.

જે લોકો ધર્મબુદ્ધિથી યજ્ઞાદિકર્મમાં જીવોનો વધ કરે

છે, દેવ-દેવીને બલિ આપે છે, પંચાગ્નિ તપ કરે છે, તેને હકીકતમાં ધર્મ કહી શકાય ખરો ?

ધર્મબુદ્ધિથી સ્વકલ્પિત પ્રવૃત્તિ ધર્મ ન કહી શકાય. ધર્મ તેને જ કહી શકાય, જે શાસ્ત્રવિહિત અને સ્વ-પર ઉપકારક હોય. આત્મહિતકર હોય.

**श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वाचैवावधार्यताम् ।**
**परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥**

સાંભળો ! સાંભળીને હૃદયમાં બરાબર ધારણ કરીને રાખો ! બીજા જીવોને સુખ, શાંતિ, અભય આપી ઉપકાર કરવાથી પુણ્યનો સંચય થાય છે. અને દુઃખ, અશાંતિ, ભય, પીડા આપવાથી પાપનો સંચય થાય છે. સર્વ શાસ્ત્રોનો સાર એટલો જ છે કે બીજા જીવોને પીડા આપવાથી પીડા મળે છે. સુખ આપવાથી સુખ મળે છે.

**अणुमात्रा अपि गुणा दृश्यन्ते स्वधियाऽऽत्मनि ।**
**दोषास्तु पर्वतस्थूला अपि नैव कथंचन ॥३२॥**
**त एव वैपरीत्येन विज्ञातव्याः परं वचः ।**
**दिग्मोह इव कोऽप्येष महामोहो महाबलः ॥३३॥**
**(युग्मम्)**

અર્થ :- પોતાનામાં રહેલા અણુ જેટલા નાના પણ ગુણો પોતાની બુદ્ધિથી દેખાય છે, પરંતુ પર્વત જેટલા પણ મોટા દોષો પોતાને કોઈ રીતે બિલકુલ દેખાતા નથી. આ દિશાભ્રમ જેવો એક મહા બળવાન મહામોહ છે. તે બાબતને વિપરીત રીતે જોવી જોઈએ. એવું જિનવચન છે.

**ભાવાર્થ** :- પોતાનો નાનો ગુણ મોટો દેખાય, તેને વારંવાર ગાવાનું મન થાય, અને પોતાનો મોટો દોષ દૃષ્ટિમાં જ ન આવે, તેને છુપાવવાનું મન થાય, આ મનોદશા પ્રબળ મોહની સૂચક છે.

પોતાને મહાન ગુણી-ગુણિયલ માનનાર વ્યક્તિમાં અહંકાર વધુ હોય છે. બીજાના ગુણો તે જોઈ કે ગાઈ શકતો નથી. બીજાના નાનકડા કોઈ દોષને આગળ કરી તેની નિંદા કરવામાં વધુ રસ પડે છે, આનંદ આવે છે, અને પોતાની પ્રશંસા કરવા, કરાવવા અને સાંભળવામાં વધુ રાજીપો અનુભવે છે.

સ્વ-પ્રશંસા અને પરનિંદાનો રસ એ મિથ્યાત્વનું લક્ષણ છે. પોતાનો નાનો પણ દોષ મોટો દેખાય અને કાંટાની જેમ ખટકે તેવી મનોદશા ત્યારે પ્રગટે છે, જ્યારે મિથ્યાત્વમોહની સ્થિતિ ક્ષીણપ્રાય થઈ જાય. આવા ઉત્તમ પુરુષો ગુણોના ભંડાર અને અત્યંત નમ્ર હોય છે.

**धर्मस्य बहुधाऽध्वानो लोके विभ्रमहेतवः ।**
**तेषु बाह्यफटाटोपात्तत्त्वविभ्रान्तदृष्टयः ॥३८॥**
**स्वस्वदर्शनरागेण विवदन्तो मिथो जनाः ।**
**सर्वथैवात्मनो धर्मंमन्यन्ते नपरस्य तु ॥३५॥ ( युग्मम् )**

અર્થ :- ધર્મના ભિન્ન ભિન્ન માર્ગો લોકમાં વિભ્રમ-ભ્રાંતિના કારણ છે. તે ધર્મ-માર્ગોમાં બાહ્ય આડંબરના યોગે તત્ત્વના વિષયમાં ભ્રાન્તદૃષ્ટિવાળા લોકો સ્વ-સ્વ મતના રાગથી પરસ્પર વિવાદ કરે છે. અને પોતાના, ધર્મને જ સાચો માને છે, પણ બીજાના ધર્મને ધર્મ માનતાં નથી.

**ભાવાર્થ** :- જગતમાં અનેક પ્રકારના દર્શનો છે. ધર્મો છે. તેમાં પણ પરસ્પર અનેક મતભેદો છે. પૂ. આનંદઘનજી મહારાજના શબ્દોમાં : "મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ," ગમે તે મતવાળા, ધર્મવાળા પાસે જઈને તેમના મત કે ધર્મની બાબતમાં પૂછવામાં આવે, તો "અમારો જ ધર્મ સાચો છે," આ એક જ જવાબ મળે છે.

ધર્મના જુદા જુદામાર્ગો અને મત-મતાંતરો સામાન્ય બુદ્ધિવાળા લોકોને મતિભ્રમ ઉત્પન્ન કરે છે. આમાં કયો માર્ગ, કયો મત સાચો હશે ? એ નિર્ણય ન કરી શકવાથી ઘણા લોકો મૂંઝવણ અનુભવે છે.

ભિન્ન ભિન્ન ધર્મના અનુરાગી-અનુયાયી લોકો જ્યારે પોતાના ધર્મને જ સાચો માને છે, અને બીજાના ધર્મને ખોટો ઠરાવવા પ્રયત્ન કરે છે, ત્યારે પરસ્પર વાદ, વિવાદ અને ક્લેશ ઉત્પન્ન થાય છે. પોતાની માન્યતાની પુષ્ટિ અને બીજાની માન્યતાનું ખંડન કરે છે. પરિણામે મિથ્યાત્વ અને મમત્વ વધે છે. ધર્મનું વાસ્તવિક સ્વરૂપ અને રહસ્ય નહીં જાણવાથી સમતાનું સુખ મેળવી શકતા નથી.

**यत्र साम्यं स तत्रैव किमात्मपरचिन्तया ।**
**जानीत तद्विनो हंहो ! नात्मनो न परस्य च ॥३६॥**

અર્થ :- જ્યાં સમતા છે, ત્યાં જ ધર્મ છે. તેમાં આ ધર્મ પોતાનો, અને આ ધર્મ પારકો, એવી ચિંતા, વિચારણાનું શું પ્રયોજન છે ? ખરેખર, સમતા વિનાનો ધર્મ પોતાનો કે બીજાનો ધર્મ હોઈ શકે નહીં :

**ભાવાર્થ** :- સર્વજ્ઞ કથિત સામાયિકધર્મનું વિસ્તૃત નિરૂપણ જિનાગમોમાં છે.

સમ - રાગ - દ્વેષ રહિત અવસ્થા.

આય - પ્રાપ્તિ અથવા લાભ.

રાગ-દ્વેષ રહિત ચિત્તની અવસ્થા પ્રાપ્ત થવી, તે સામાયિક છે, અથવા સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ, તે સામાયિક છે.

સામ્ય સ્વરૂપ આ સામાયિક દ્વારા જ આત્માની, ગુણસ્થાનકના ક્રમથી ઉત્તરોત્તર વિશેષ વિશુદ્ધિ થાય છે.

ગ્રન્થકાર મહર્ષિ પ્રત્યેક દર્શન મતવાળાઓને ધર્મનું સ્પષ્ટ રહસ્ય બતાવતાં એ જ કહે છે કે ધર્મનો ઉદ્ભવ અને પ્રકર્ષ ત્યાં જ છે, જ્યાં સમતા છે, સમભાવ છે. જે વ્યક્તિ કે જે મતના આચાર, વિચાર અને ઉચ્ચારમાં અર્થાત્ મન, વચન અને કાયાની પ્રવૃત્તિમાં, અનુષ્ઠાનોમાં, ઉપદેશમાં સમતા છે, ત્યાં ધર્મ અવશ્ય છે. તે સમતા વિના કે સમતાના લક્ષ્ય વિના કરાતા, તપ, જપ, યજ્ઞ આદિ સર્વ કાર્યો, અનુષ્ઠાનો માત્ર કાયકષ્ટરૂપ છે.

કાયકષ્ટરૂપ આસનો :- પ્રાણાયામ મન-વાણી કે કાયાને ગોપવવાનો બાહ્ય આડંબર કરવા માત્રથી ધર્મ પ્રગટતો નથી. ચિત્તના પરિણામોમાં રાગ-દ્વેષ, મહત્ત્વાકાંક્ષા, સ્પૃહા, સ્પર્ધા, અદેખાઈ આદિ સમતાનાશક દુર્ભાવોનો ઘટાડો ન થાય, તેને નબળા પાડવાનો કે નિર્મૂળ કરવાનો પ્રયત્ન ન થાય, તો સાચા અર્થમાં યોગ કે ધર્મ પ્રગટી શકતો નથી, યોગ, ધર્મ કે અધ્યાત્મનું પ્રગટીકરણ સદ્ગુણોથી થાય છે.

પોતાને કે બીજાના ધર્મને - મતને મધ્યસ્થ દૃષ્ટિથી અર્થાત્ રાગ-દ્વેષરૂપ પક્ષપાત વિના વિચારવો અને પરસ્પર વાદ-વિવાદ, ખંડન-મંડન કરવાનું છોડી સમતાભાવ કેળવવા પ્રગટ કરવા સમુચિત પુરુષાર્થ કરવો એમાં જ મનુષ્યજન્મની સફળતા છે.

**क्षान्त्यादिर्दशधा धर्म : सर्वधर्मशिरोमणिः ।**
**सोऽपि साम्यवतामेव मैत्र्यादिकृतकर्मणाम् ॥३७॥**

અર્થ :- ક્ષમા આદિ દશ પ્રકારનો ધર્મ, સર્વધર્મોમાં શિરોમણિ છે, શ્રેષ્ઠતર છે. તે ધર્મ પણ મૈત્રી આદિ ભાવનાઓથી ભાવિત બનેલા સમતાવાળા આત્માઓને જ હોય છે.

**ભાવાર્થ** :- ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ માનસિક પવિત્રતા, અકિંચન - નિર્મમતા અને બ્રહ્મચર્ય આ દશ પ્રકારનો યતિધર્મ સર્વ પ્રકારના ધર્મોમાં શિરોમણિ છે. સર્વ શ્રેષ્ઠ ધર્મ છે.

આ દશવિધ ધર્મના અભ્યાસથી, આચરણથી સાધકના મન, વાણી અને કાયા શુદ્ધ-પવિત્ર બને છે. સમતા અને સમાધિ સહજ રીતે વિકસે છે, અર્થાત્ આત્મસાત્ બને છે અને વિકસિત બનતી સમતા દ્વારા ક્ષમાદિ ધર્મો વધુ સુદૃઢ બને છે.

- મૈત્ર્યાદિ ચાર ભાવો ધર્મનું મૂળ છે. સર્વશ્રેષ્ઠ ક્ષમાદિ ધર્મો પણ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવોથી ભાવિત એવા સમતાવાન મુનિને જ હોય છે. ધર્મના અર્થી સાધકોએ જીવનમાં સમતા મેળવવા અને મૈત્ર્યાદિ ભાવો કેળવવા સતત પ્રયત્ન - અભ્યાસ કરવો જોઈએ.

આ મૈત્રી આદિ ભાવનાઓ અનેક જન્મોના અભ્યાસથી ભાવિત બને છે, ત્યારે જ. સમતા વાસ્તવિક રીતે આત્મસાત્ બને છે, ક્ષમાદિ ધર્મો સ્વભાવભૂત બને છે અને કેવળજ્ઞાન આદિ ક્ષાયિકભાવના ગુણો પ્રગટ થાય છે.

**साम्यं समस्तधर्माणां सारं ज्ञात्वा ततो बुधाः ।**
**बाह्यं दृष्टिग्रहं मुक्त्वा चित्तं कुरुत निर्मलम् ॥३८॥**

અર્થ :- હે સુજ્ઞ પુરુષો ! સર્વ ધર્મોનો સાર સમતા છે, એમ જાણીને બાહ્ય દષ્ટિનો, મતભેદોનો આગ્રહ છોડી ચિત્તને નિર્મળ બનાવો.

**ભાવાર્થ** : કોઈ પણ ધર્મ હોય, ધર્મનો કોઈ પણ પ્રકાર હોય, પણ એ સર્વનો સાર સામ્ય છે, સમતા છે. તપ, જપ, દાન, શીલ. આ બધા અનુષ્ઠાનોનું લક્ષ્ય સમતાને સિદ્ધિ કરવાનું છે. સમતાના લક્ષ્યને આંબવા માટે જ પ્રત્યેક અનુષ્ઠાનોમાં અને જીવનના પ્રત્યેક પ્રસંગોમાં સમતાનો અભ્યાસ ચાલુ રાખવાનો છે. સમતા વિના કરેલા ધર્મ-અનુષ્ઠાનોને જ્ઞાની પુરુષોએ નિષ્ફળ ગણાવ્યા છે.

ધર્મના બાહ્ય અંગોના મત-મતાંતરોને કારણે પરસ્પર ક્લેશ કદાગ્ર કરવાનું છોડી જીવમાત્ર સાથે કેળવવા યોગ્ય મૈત્રી આદિ ભાવો દ્વારા સમતામાં રહેવા, અને સમતાને સ્થિર બનાવવા પ્રયત્નશીલ બનવું જરૂરી છે.

સમતાનો અવરોધક દષ્ટિરાગ છે. તેનાથી માત્સર્યનો મેલ ઉત્પન્ન થાય છે. આ માત્સર્યના મેલને ધોઈને સાફ કરવા માટે મૈત્રી આદિ ચાર ભાવનાઓની ગંગામાં આત્માને

નિત્ય સ્નાન કરાવવું જોઈએ.

શુદ્ધધર્મમાં આત્માનો પ્રવેશ સમતાથી થાય છે.

શુદ્ધધર્મમાં આત્માનો વિકાસ સમતાથી થાય છે.

સર્વધર્મશિરોમણિ ક્ષમાદિ દશ પ્રકારનો શ્રમણધર્મ પણ સમતા તથા મૈત્રી આદિશુભ અને શુદ્ધ ભાવમાં સદા વર્તનારા સાધુ પુરુષોમાં જ યથાર્થરૂપે પ્રકાશિત થાય છે.

ક્ષમા વિના મૃદુતા આદિ ધર્મો પ્રગટ થતા નથી, અને મૈત્રી વિના ક્ષમા પ્રગટતી નથી. ક્ષમા અને મૈત્રી આ બન્ને પાયાના ગુણો છે.

**मित्ति मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ।**

સર્વ જીવો પ્રતિ મારે મૈત્રીભાવ છે, કોઈ જીવ, પ્રત્યે વૈરભાવ નથી. સર્વ જીવોની પાસે હું મારા અપરાધોની ક્ષમા માંગું છું, અને સર્વ જીવોને હું અપરાધોની ક્ષમા આપું છું.

મૈત્રી અને ક્ષમાના આ પવિત્ર જળથી ક્રોધાગ્નિ બુઝાઈ જાય છે. આત્મા શાંત અને શીતળ બને છે.

ક્ષમા જ્યારે સહજ, સ્વભાવભૂત બને છે, ત્યારે સમતાનો પ્રાદુર્ભાવ થાય છે. તેનાથી દૃષ્ટિરાગજન્ય બાહ્ય મતભેદો, ક્લેશ અને કદાગ્રહ નાશ પામે છે. પરસ્પર સ્નેહ અને સદ્‌ભાવપૂર્વક સમભાવે આત્મ-સાધના કરવાનું સત્ત્વ અને સામર્થ્ય પ્રગટે છે.

■■■

# तृतीय प्रस्ताव

# साम्योपदेश

**सहजानंदसाम्यस्य विमुखा मूढबुद्धय :।**
**इच्छंति दुःखदं दुःखोत्पाद्यं वैषयिकं सुखम् ॥१॥**

અજ્ઞાની-મૂઢ બુદ્ધિવાળા મનુષ્યો સહજ આનંદ આપનાર સામ્ય-સમતાથી વિમુખ બની દુઃખદાયી અને દુઃખથી ઉત્પન્ન થનારા વિષયસુખને ઇચ્છે છે.

**ભાવાર્થ** : સર્વ ધર્મોનો સાર સમતા છે. કારણ કે સમતા આત્માના સહજ સુખનો અનુપમ આનંદ આપે છે. તે સમતાને મેળવવા અને તેને ભાવિત બનાવવાના ઉપાયો તૃતીય પ્રસ્તાવમાં બતાવે છે.

સમતા એવો સહજ આનંદ ઉત્પન્ન કરે છે, જેની તુલના બાહ્ય સુખ સાથે થઈ શકતી નથી. જે સુખ ઇન્દ્ર-ચક્રવર્તી અને અનુત્તરવાસી દેવને મળે છે, તેનાથી અનેકગણું સમતાનું સુખ બાહ્ય વ્યાપાર રહિત સમતાવાન સાધુને હોય છે. પરંતુ અજ્ઞાની સહજ સમતાના સુખથી વિમુખ બની પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખ શોધે છે. મોહથી મૂઢ થયેલો ધનસંપત્તિને પ્રાપ્ત કરવા હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મપરિગ્રહાદિ પાપોનું સેવન કરે છે, કામાસક્ત બનીને પરસ્ત્રીનું સેવન કરે છે તેથી આ લોકમાં પણ વધ, બંધન, અયશ પામે

છે. પરલોકમાં - નરક તિર્યંચ ગતિમાં જઈ- અનેક પ્રકારની પીડા- દુઃખયાતનાઓ ભોગવે છે. વિષય - સુખ દુઃખથી ઉત્પન્ન થાય છે અને દુઃખ જ આપે છે.

**कषाया विषया दुःखमिति वेत्ति जनःस्फुटम् ।**
**तथापि तन्मुखः कस्माद्, धावतीति न बुद्धयते ॥२॥**

"વિષયો અને કષાયો દુઃખસ્વરૂપ છે." એમ સર્વબુદ્ધિશાળી મનુષ્યો સ્પષ્ટ! જાણે છે, તોપણ તેની સામે કેમ દોડે છે, તે સમજી શકાતું નથી. સામાન્ય બુદ્ધિમાન પણ દુઃખથી ગભરાય છે.

**ભાવાર્થ** : જીવમાત્ર દુઃખથી બચવા-છૂટવા ઈચ્છે છે. સુખ મેળવવા સદા પ્રયત્ન કરે છે. તેમજ "પાંચ ઈન્દ્રિયોના વિષયો અને ક્રોધાદિ ચાર કષાયો એ તાપ-સંતાપ ઊભા કરી દુઃખ પીડા આપનારા છે," એમ જાણવા છતાં મનુષ્યો તે જ વિષયોનું સેવન સુખમાટે કરે છે, પરંતુ સુખનો અંશ પણ મળતો નથી. દુઃખ અશાંતિ વધે છે. ક્રોધ, માન, માયા લોભ એ ચારે કષાયો તીવ્ર સંક્લેશ પેદા કરી સ્વપરનું અહિત કરે છે. પરલોકમાં દુર્ગતિના અનંત દુઃખો આપી સંસારની વૃદ્ધિ કરે છે. છતાં મોહાધીન લોકો વિષયો અને કષાયોની સામે દોડે છે. રાત અને દિવસ જોયા વિના ઈષ્ટ વિષયો મેળવવા, ધન-સંપત્તિ પ્રાપ્ત કરવા અનેક પ્રયત્નો કરે છે. આમ જાણવા છતાં પણ શા માટે દુઃખદાયી એવા વિષયો અને કષાયોનું સેવન કરતા હશે તે સમજી શકાતું નથી.

**सर्वसंग-परित्यागः, सुखमित्यपि वेत्ति सः।**
**संमुखोऽपि भवेत् किं न, तस्येत्यपि न बुध्यते ॥३॥**

સર્વ સંગનો ત્યાગ તે સુખ છે, આ પ્રમાણે તે મનુષ્ય જાણે છે, છતાં સર્વપ્રકારના સંગત્યાગને સન્મુખ પણ કેમ થતો નથી ? એ પણ સમજાતું નથી.

**ભાવાર્થ** : જેમ વિષય-કષાયાદિનું સેવન દુ:ખરૂપ છે એમ જાણવા છતાં પણ મનુષ્ય ધન-ધાન્યાદિ પુદ્ગલઆદિનો સંગ કરે છે. તેમ તે સર્વસંગનો ત્યાગ સુખદાયી છે, એમ પણ જાણે છે. અને એમ જાણવા છતાં તે સર્વસંગનો ત્યાગ કરતો નથી. ત્યાગને સન્મુખ પણ થતો નથી એનું કારણ પણ સમજી શકાતું નથી. કહ્યું પણ છે, હકીકત પણ છે, ત્યાગનું મૂળ સુખ છે. ભોગનું ફળ દુ:ખ છે. એમ કેટલાક લોકો જાણે છે, છતાં ભોગોને છોડી ત્યાગનો માર્ગ સ્વીકારવાને સમર્થ બની શકતા નથી. સમતાની સાધના કરવા ઈચ્છા ધરાવતા નથી. જાણવું સરળ છે પણ ત્યાગ દુર્લભ છે. કેટલાક બાહ્ય સંગનો ત્યાગ કરવા ઈચ્છવા છતાં ભોગની તૃષ્ણા અંતરમાં હોવાથી ત્યાગી બની શકતા નથી. વિષય અને કષાયનું દુ:ખમય સ્વરૂપ જાણીને તેનો ત્યાગ કરનારા વિરલ મહાત્માઓ હોય છે તેઓ જ સમતા સમાધિનું પરમ સુખ પામે છે.

**सूक्ष्माः सूक्ष्मतरा भावाः भेद्यन्ते सूक्ष्मबुद्धिभिः।**
**एतद् द्वयं तु दुर्भेदं, तेषामपि हि का गतिः ॥४॥**

જગતમાં સૂક્ષ્મ બુદ્ધિવાળા મનુષ્યો સૂક્ષ્મ, સૂક્ષ્મતર ભાવોને જાણે છે પરંતુ પૂર્વોક્ત બન્ને ભાવોનો બોધ તેમને પણ દુ:ખેથી થઈ શકે. તેથી તેમની શી ગતિ થશે ?

**ભાવાર્થ** : સૂક્ષ્મ, સૂક્ષ્મતર ભાવોને સરળતાથી જાણનારા સૂક્ષ્મ બુદ્ધિવાળા લોકો પણ "વિષયકષાયનો સંગ દુ:ખદાયી છે" એમ જાણવા છતાં વિષયો સેવે છે, ક્રોધાદિ કષાયોને આધીન બની જાય છે અને "સર્વ સંગનો ત્યાગ સુખદાયી છે" એમ જાણવા છતાં વિષયોથી વિમુખ બનતા નથી કષાયોને તજતા નથી. કારણ કે તેમને કષાયોની ક્રૂરતા સમજાઈ નથી. ચારિત્ર મોહનીય કર્મના ઉદયે સમ્યગ્દષ્ટિ પણ જાણવા છતાં વિષયોને ત્યજી શકતો નથી પરંતુ તેને બન્નેનું સૂક્ષ્મ સત્ય જ્ઞાન હોવાથી તેનું હૃદય વૈરાગ્યવાસિત હોય છે. તેથી તેને વિષયોમાં આસક્તિ થતી નથી. અન્ય જીવોને વિષય કષાયોના સ્વરૂપનું-તેની અનર્થકારકતાનું-જ્ઞાન નહિ હોવાથી ઈષ્ટ વિષયોમાં રાગ અને અનિષ્ટ વિષયોમાં દ્વેષ કરી નવા કર્મનો બંધ કરે છે. તેના યોગે સંસારમાં ભ્રમણ કરતો રહે છે.

## ક્રોધાદિનું સ્વરૂપ

**अपराधाक्षमा क्रोधो, मानो जात्यादिहंकृतिः ।**
**लोभः पदार्थतृष्णा च, माया कपटचेष्टितम् ॥५॥**

**ક્ષમા** : અપરાધની ક્ષમા ન માંગવી, ન આપવી તે ક્રોધ કહેવાય. જાતિ, કુલાદિનો મદ - અહંકાર કરવો તે

માન છે. પરપદાર્થોની સ્પૃહા-તૃષ્ણા તે લોભ કહેવાય છે. કપટ, છળ, પ્રપંચની ચેષ્ટા તે માયા છે.

**ભાવાર્થ** : સમતાના અવરોધક ક્રોધાદિ કષાયો-છે, તેનું સ્વરૂપ સંક્ષેપથી સમજાવે છે.

**ક્રોધ** : બીજા જીવોએ કોઈ પણ અપરાધ કર્યો હોય તેને ક્ષમા ન આપવી એ ક્રોધ છે. ઉપરથી આવેશનાં ચિહ્નો દેખાતાં ન હોય પણ અંતરમાં ક્રોધ ગુપ્ત રીતે હોય છે અને તે, વ્યક્તિ પ્રત્યે અણગમો પેદા કરે છે. તેથી તેના પ્રત્યે મૈત્રીભાવ થતો નથી. માટે તે ક્રોધનો વિજય કરવા, અપરાધીને પણ ક્ષમા આપવી તેમજ આપણા અપરાધોની ક્ષમા માંગવી એ જિનાજ્ઞા છે.

"સર્વ જીવો પ્રત્યે મારે મૈત્રીભાવ છે, કોઈ પણ જીવ પ્રત્યે મારા હૃદયમાં વૈરભાવ નથી. માટે હું સર્વ જીવો પાસે મારા અપરાધોની ક્ષમા માગું છું અને તે સર્વ જીવો મને ક્ષમા આપે." આ મૈત્રીભાવ ક્રોધને જીતવાનો ઉપાય છે.

આ ક્રોધના ચાર પ્રકાર છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન ક્રોધ. તેનું સ્વરૂપ કર્મગ્રંથોથી જાણવું.

**માન** : જાતિ, કુલ, બલ, રૂપ, ઋદ્ધિ, શ્રુત, લાભ, અને તપની શક્તિ એ આઠેનું અભિમાન કરવું તે માન છે. મારા જાતિ, કુલ ઊંચાં છે, મારામાં શારીરિક બળ બાહુબલી જેવું છે. હું મહાન શૂરવીર છું, હું રૂપવાન સૌંદર્યવાન છું. ઇન્દ્ર જેવું મારું સુંદર રૂપ છે. મારી પાસે

રાજ્ય-ઋદ્ધિ, સમૃદ્ધિ અને કુબેર જેવી ધનસંપત્તિ છે. હું મહાન પુણ્યવાન છું. મારા પગલે પગલે નિધાન નીકળે છે. મને પ્રતિદિન લાખો સુવર્ણમુદ્રાનો લાભ મળે છે. આ રીતે પૂર્વસંચિત પુણ્યના યોગે મળેલા ઉત્તમ કુલ, રૂપ, બળ, ઋદ્ધિ આદિનો મદ કરવાથી તે સર્વની હાનિ થાય છે. પુણ્યનો ક્ષય થતાં સ્વપ્નતુલ્ય સર્વ વસ્તુઓ ક્ષય પામે છે. તેથી ક્ષણભંગુર એવા રાજ્ય, ઋદ્ધિ, ધનસંપત્તિનો ગર્વ કરવો નહિ તથા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ગુરુપસાયે શ્રુતજ્ઞાન પ્રાપ્ત થયું હોય તોપણ તેનું અભિમાન કરવું યોગ્ય નથી. હું મહાન શ્રુતધર ગીતાર્થ છું એવો ભાવ-શ્રુતની હાનિ કરે છે માટે શ્રુતજ્ઞાની વિનીત બની, ગુરુચરણોમાં રહી જ્ઞાનધ્યાનમાં મગ્ન રહે તો સ્વ-પરનું શ્રેય સાધે છે. છટ્ઠ-અઠ્ઠમ માસક્ષમણાદિ તપ કરનાર તપસ્વીએ તપનું પણ અભિમાન ન કરવું પરંતુ "દેવગુરુની કૃપાએ તપ થયું છે, મારી શક્તિથી નહિ" એમ વિચારવું.

**માયા** : છલ, પ્રપંચ, માયા-કપટની પ્રવૃત્તિઓ વાણી મન અને કાયાવડે કરવી તે માયા છે.

માયા કરવાથી તિર્યંચ ગતિનું આયુષ્ય બંધાય છે. સ્ત્રીવેદનો બંધ થાય છે. આ લોકમાં પણ માયાવીનો કોઈ વિશ્વાસ કરતા નથી તેથી તે સર્વત્ર અવિશ્વસનીય બને છે, શ્રી મલ્લિનાથજી પૂર્વભવમાં છ મિત્રો સાથે માયાપૂર્વક વિશેષ તપ કરવાથી સ્ત્રીવેદ પામ્યા. માયા સાથે મૃષાવાદ- અસત્ય ભાષણ કરવાથી પાપ પ્રબલ બને છે. પાપ કરીને માયાવી

છુપાવે છે તેથી તે માયાશલ્ય, શલ્યની જેમ પરલોકમાં અનેક પીડાઓ આપે છે. માટે ભવભીરુ-મુમુક્ષુ માયાનો જય સરળતાથી કરે છે અને ગુરુ સમક્ષ નિખાલસતાપૂર્વક ગુપ્ત પાપોને પ્રગટ કરીને તેનો પશ્ચાત્તાપ કરી પ્રાયશ્ચિત્ત લે છે. આલોચના કરનાર ઋજુ સરલ હોય તો જ પાપોની શુદ્ધિ થાય છે. માયાપૂર્વક આલોચના કરનારા લક્ષ્મણા સાધ્વીની જેમ ભવમાં ભ્રમણ કરે છે. જ્યાં સરળતા હોય ત્યાં સમતા અવશ્ય હોય છે. સમતાનો અર્થી ક્ષમા, નમ્રતા અને સરળતાનો અભ્યાસ સતત કરે છે.

**લોભ** : પરપદાર્થની તૃષ્ણા સ્પૃહા એ લોભ છે. પરસ્પૃહા મહાદુઃખ છે, નિઃસ્પૃહતા મહાસુખ છે. અનેક પ્રકારની પર વસ્તુઓ પ્રત્યે આસક્તિ લોભના કારણે જ થાય છે. લોભ સર્વ પાપોનું મૂળ છે. સર્વદોષોની ખાણ છે. નરકાદિ દુર્ગતિદાયક પણ લોભ જ છે. લોભી લાલચુ માણસો માંગવાનું શીખે છે. માંગનાર હંમેશાં હલકો ગણાય છે. તૃણ કરતાં હલકો હોવા છતાં તે યાચક પરિગ્રહના ભારથી ભવસાગરમાં ડૂબે છે. પરવસ્તુની તૃષ્ણા એ વિષવેલ છે, કારણ કે વસ્તુ માંગતી વખતે મુખશોષ થાય છે, દીનતા આવે છે, વસ્તુ મળતાં મૂર્ચ્છા થાય છે. સમ્યગ્જ્ઞાન વડે સ્પૃહારૂપી વેલડીને સાધક છેદી નાંખે છે.

મુનિ : સર્વ સન્માન કરનારા કે નિંદા કરનારા સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખે છે. ઘણા નગરનિવાસીઓ વંદન કરવા આવ્યા હોય તો તેનું ગૌરવ લેતા નથી. લોકોમાં અત્યંત પ્રશંસા થતી હોય તો પોતાનો ઉત્કર્ષ માનતા નથી.

બીજા મુનિઓનો અપકર્ષ કરતા નથી. પોતાના મુખે પોતાની ઉચ્ચ જાતિ, બુદ્ધિ, શ્રુતજ્ઞાન, ઉગ્ર તપ આદિની પ્રશંસા કરતા નથી તેથી તે નિઃસ્પૃહ બની લોભનો જય કરે છે.

**शब्दरूपरसस्पर्शगन्धाश्च मृगतृष्णिका ।**
**दुःखयन्ति जनं सर्व, सुखाभासविमोहितम् ॥६॥**

તેમજ ઝાંઝવાના જળ જેવા શબ્દ, રૂપ, સ્પર્શ અને ગંધરૂપ પાંચ વિષયો, સુખના આભાસમાં મોહ પામેલ સર્વ લોકોને દુઃખી બનાવે છે.

**ભાવાર્થ** : ક્રોધાદિ ચાર કષાયો અને શબ્દ રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ ઇન્દ્રિયોના ઈષ્ટ-અનિષ્ટ વિષયો, રાગદ્વેષ મોહને ઉત્પન્ન કરી સર્વજીવોને દુઃખી બનાવે છે.

શબ્દાદિ વિષયો ઝાંઝવાના જળ જેવા હોવાથી સામાન્ય લોકોને સુખનો આભાસ કરાવી મોહિત કરે છે. જેમ રણભૂમિ કે ઊષર ભૂમિમાં સૂર્યનાં કિરણોના સંપર્કથી પાણી દેખાય છે. મુગ્ધ હરિણ તૃષાથી પીડાયેલો દૂરથી જળ જોઈ પાણી પીવા શીઘ્ર ગતિથી દોડે છે પરંતુ પાણી નહિ મળવાથી તૃષાની પીડા વધે છે. તેવી જ રીતે વિષયોમાં સુખ બુદ્ધિ કરનારા મુગ્ધ લોકો ઈષ્ટ વિષયોમાં આસક્ત બની તૃપ્તિ મેળવવા ઈચ્છે છે, પરંતુ વિષ જેવા વિષયોથી અતૃપ્તિની આગ વધુ પ્રજ્વલિત બને છે તેથી જીવ આ લોકમાં અનેક પ્રકારના રોગ-વ્યાધિઓની પીડા ભોગવે છે અને પરલોકમાં બ્રહ્મદત્ત ચક્રવર્તીની જેમ નરકના ભયંકર દુઃખો ભોગવે છે.

**नोपेन्द्रस्य न चेन्द्रस्य तत्सुखं नैव चक्रिणः ।**
**साम्यामृतविनिर्मग्नो, योगी प्राप्नोति यत् सुखम् ॥७॥**

જગતમાં જે સુખ સમતારૂપી અમૃત કુંડમાં નિમગ્ન યોગી પ્રાપ્ત કરે છે તે સુખ ઈન્દ્ર-ચક્રવર્તી અને વાસુદેવને પણ મળતું નથી.

**ભાવાર્થ** : પાંચ ઈન્દ્રિયના વિષયોમાં આસક્ત બનેલા દેવ-દાનવો તેમાં સુખની કલ્પના કરે છે પરંતુ તેનો વિપાક વિષ કરતાં ભયંકર છે તેથી વિવેકી પુરુષો વિષયસુખનો ત્યાગ કરી આત્મિક સુખ અનુભવવા સંયમ સ્વીકારે છે, પરમાત્માએ બતાવેલા જીવાદિ તત્ત્વોનું ચિંતન મનન કરી પરમાત્માના ધ્યાનમાં તન્મય બની સમાધિમાં આત્માના શુદ્ધ સ્વભાવનો આનંદ અનુભવે છે.

સમતાસુધાના કુંડમાં મગ્ન બનેલા તે યોગીને જે આત્મિક સુખનો અપૂર્વ આનંદ અનુભવાય છે તે સુખનો એક અંશ પણ ચક્રવર્તી વાસુદેવ કે ઈન્દ્ર મહારાજાને પણ મળતો નથી, કારણ કે વિષયસુખ કલ્પનાજન્ય, ક્ષણિક, ઝાંઝવાના જળ જેવું છે, સુખનો માત્ર આભાસ કરાવે છે.

**रागोऽभीष्टेषु सर्वेषु, द्वेषोऽनिष्टेषु वस्तुषु ।**
**क्रोधः कृतापराधेषु मानः परपराभवे ॥८॥**
**लोभः परार्थसंप्राप्तौ, माया च पर-वंचने ।**
**गते मृते तथा शोको, हर्षश्चागतजातयो ॥९॥**
**अरतिविषयग्रामे याऽः शुभे च शुभे रतिः ।**
**चौरादिभ्यो भयं चैव कुत्सा कुत्सितवस्तुषु ॥१०॥**

સર્વ ઈષ્ટ વસ્તુઓ પ્રત્યે રાગ હોય છે, અનિષ્ટ

વસ્તુઓમાં દ્વેષ હોય છે, અપરાધીઓ ઉપર ક્રોધ અને બીજા વ્યક્તિ વડે પરાભવ થતાં અભિમાન થાય છે. (૮)

બીજાની ધનસંપત્તિ પ્રાપ્ત થતાં લોભ થાય છે. બીજાને હરાવવા માટે માયા પ્રપંચ થાય, કોઈ પણ વસ્તુ ખોવાઈ જાય અથવા કોઈ સ્વજનાદિ મરી જાય ત્યારે શોક થાય છે. તથા મૂલ્યવાન વસ્તુ પ્રાપ્ત થતાં અથવા પુત્રજન્માદિ થતાં હર્ષ થાય છે. (૯)

અશુભ વિષયોમાં અરતિ તથા શુભ ઈન્દ્રિયવિષયોમાં રતિ ઉત્પન્ન થાય છે. ચોર-ગુંડાઓથી ભય ઉત્પન્ન થાય છે, દુગછનીય વસ્તુઓમાં જુગુપ્સા ઉત્પન્ન થાય છે (૧૦)

**वेदोदयश्च संभोगे, व्यलीयेत मुनेर्यदा ।**
**अन्तः शुद्धिकरं साम्यामृतमुज्जृंभते तदा ॥११॥**
**( चर्तुभिःकलापं )**

સંભોગમાં વેદનો ઉદય થાય છે. એટલે કે, ભોગની ઈચ્છા વૃદ્ધિ પામે છે પરંતુ ત્યાગી તપસ્વી-જ્ઞાની-ધ્યાની મુનિઓના રોગાદિ દોષો નાશ પામે છે ત્યારે આત્માની શુદ્ધિ કરનારું સામ્ય ઉત્પન્ન થાય છે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે.

ભાવાર્થ : સંયમજીવનમાં રાગાદિ દોષોને દૂર કરવાની શક્તિ છે. જિનાગમમાં રાગાદિ દોષોને જીતવાની કલા બતાવી છે. તેથી ગુરુનિશ્રાએ રહેનારો મુનિ તે આગમોનો અભ્યાસ કરી રાગાદિ દોષોનો સર્વથા નાશ કરવા માટે

ક્ષમાદિ દશ પ્રકારના શ્રમણ ધર્મનું પાલન કરે છે, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ, અષ્ટ પ્રવચન માતાનું આરાધન કરે છે, જ્ઞાનાદિ પાંચ આચારોનું સેવન કરે છે. તેના પ્રભાવે રાગદ્વેષાદિ દોષોનો ઉપશમ થવાથી અંતરાત્માને અત્યંત નિર્મળ બનાવનાર પરમ સમતા પ્રગટે છે. તે સામ્ય અમૃતનું પાન કરવાથી મુનિને ઈષ્ટ વસ્તુઓ કે અનુકૂળ સંયોગોમાં રાગ થતો નથી અથવા અનિષ્ટ વસ્તુઓ કે પ્રતિકૂળ સંજોગોમાં અણગમો થતો નથી પરંતુ બંને પ્રસંગોમાં સમભાવ રહે છે.

**एतेषु येन केनापि, कृष्णसर्पेण देहिना ।**
**दष्टस्य नश्यति क्षिप्रं, विवेकवरजीवितम ॥१२॥**

ઉપર બતાવેલા આ સર્પોમાં કોઈ પણ એક કાળો નાગ પણ ડસી જવાથી શ્રેષ્ઠ વિવેકજીવન શીઘ્ર નાશ પામે છે.

**ભાવાર્થ** : પૂર્વે વર્ણવેલા રાગ- દ્વેષ- કષાય- નોકષાયોમાંથી એક પણ દોષરૂપી કાળો નાગ જે જીવને ડસી જાય છે તો જીવના ભાવ પ્રાણ પળવારમાં જ નષ્ટ થઈ જાય છે. મુમુક્ષુસાધક સદ્ગુરુનો સમાગમ પામી સમ્યગ્ જ્ઞાનનો સતત અભ્યાસ કરવા દ્વારા વિવેક ભેદજ્ઞાન(ને) પ્રાપ્ત કરે છે. હેય હિંસાદિ પાપો તજી ઉપાદેય, અહિંસાદિ ધર્મોનું યથાશક્તિ સેવન કરે છે. છતાં જ્યારે રાગદ્વેષ મોહનો ઉદય થાય ત્યારે વિવેકરત્ન ખોવાઈ જાય છે. માટે વિવેકી મુમુક્ષુઓએ સતત અપ્રમત બની સર્વ રાગદ્વેષાદિ દોષોનો જય કરવા પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ. જેથી વિવેકરૂપ ચિંતામણિ

રત્નનું સંરક્ષણ થઈ શકે. વિવેકથી સમ્યગ્દર્શનરૂપી બોધિ પ્રાપ્ત થાય છે. પરમપુરુષ પરમાત્મા પ્રત્યે પ્રકૃષ્ટ પ્રેમ-ભક્તિ પેદા થાય છે. પ્રભુભક્તિના પ્રભાવે જ સહજસમાધિનું પરમ સુખ અનુભવાય છે.

**दुर्विजेया दुरुच्छेदा, एतेऽभ्यंतरवैरिणः ।**
**उत्तिष्ठमाना एवातो, रक्षणीयाः प्रयत्नतः ॥१३॥**

આ રાગાદિ દોષો ખરેખર દુ:ખે કરી જીતાય તથા દુ:ખેથી નાશ કરી શકાય એવા છે, તેથી અંતરંગ શત્રુ જેવા રાગાદિને ઉત્પન્ન થતાં જ યત્નપૂર્વક અટકાવવા.

**ભાવાર્થ** : આત્માના મૂળ ગુણોનો નાશ કરનારા આ રાગાદિ દોષો અન્તરંગ વૈરી છે અને તેઓ ઉપર વિજય મેળવવા મહાન મુનિવરો અત્યંન્ત પ્રયત્ન કરી દુષ્કર તપ-જપ- સંયમની કઠોર ક્રિયાઓ કરે છે છતાં અનેક જન્મોની સાધના દ્વારા અંતિમ ભવમાં તે રાગાદિનો નાશ થાય છે તેથી તેનો જય પણ દુ:ખેથી થઈ શકે છે. તેનો મૂળથી ક્ષય કરવા તો પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. માટે મોક્ષાર્થી સાધકોએ રાગ-દ્વેષાદિ દોષો ઉત્પન્ન થતાં જ તેને રોકવા તેની પ્રતિપક્ષી ભાવનાઓ ભાવવી ઈષ્ટ વિષયોમાં અત્યંત રાગના નિવારણ માટે અનિત્યાદિ ભાવનાઓ વારંવાર ભાવવી અને દ્વેષના નિવારણ માટે પૂર્વે બતાવેલ મૈત્ર્યાદિ ભાવનાઓનો વિચાર કરી જીવો પ્રત્યે પ્રેમ-કરુણાદિ ભાવ રાખવો તેના પ્રભાવે દ્વેષનો નાશ સરળતાથી થાય.

**यद्यात्मा निर्जितोऽमीभिस्ततो दुःखागमो महान् ।**
**यद्यात्मना जिता एते, महान् सौख्यागमस्तदा ॥१४॥**

જો આત્મા રાગાદિ દોષોથી જીતાઈ ગયો તો મોટી આપત્તિનું આગમન થાય અને જો આત્માએ રાગાદિને જીતી લીધા હોય તો મહાન સુખ અવશ્ય મળશે.

**ભાવાર્થ** : જો આપણો આત્મા હજી પણ ઈષ્ટ વસ્તુ કે વ્યક્તિ ઉપર રાગ કરતો હોય અનિષ્ટ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરતો હોય, અન્ય પણ કામક્રોધાદિને વશ થઈ જતો હોય તો આ લોક કે પરલોકમાં દુઃખ આપત્તિ આવશે એમ જાણી તે દોષોનો મૂળથી નાશ કરવા સમતા-ક્ષમા નમ્રતાદિ સદ્ગુણોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ. અને જો આ જન્મમાં પરમાત્માની આજ્ઞા પ્રમાણે ચાલી સદ્ગુરુનો સમાગમ પામી આ રાગાદિ દોષોનો જય કર્યો હોય, કષાયોનું બળ ઓછું કર્યું હોય તો તે આત્મા આ જન્મમાં પણ સમતાનું પરમ સુખ પ્રભુકૃપાએ પામે છે અને અનુક્રમે વિશુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરીને પરભવમાં સદ્ગતિ કેવલજ્ઞાન, મોક્ષનું અક્ષય અનંત અવ્યાબાધ સુખ પણ અવશ્ય પ્રાપ્ત કરશે એમ શ્રદ્ધા કરવી.

**सहजानंदता सेयं, सैवात्मारामता मता ।**
**उन्मनीकरणं तद्, यद् मुनेः शमरसे लयः ॥१५॥**

મુનિનો જે સમતા રસમાં લય થાય તે જ સહજાનંદીપણું છે, તે આત્મારામતા છે અને તે ઉન્મનીકરણ છે.

**ભાવાર્થ** : જ્યારે રાગાદિ દોષોનો જય થાય ત્યારે મુનિને પરમસમતાનું સુખ અનુભવાય છે. તેનું શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન શબ્દો દ્વારા વર્ણન કરેલું છે. તે જ સહજ સમાધિ છે. જેમાં યોગીનું મન સમરસમાં લીન હોય છે તેને લયયોગ કહે છે. તેમાં આત્મા સહજ સ્વભાવનો આનંદ અનુભવે છે તેથી તેને સહજાનંદ પણ કહે છે. તે સમરસમાં રમણતા કરવાથી આત્મા આરામ-વિશ્રામ પામે છે. તેથી તે જ આત્મારામતા છે. સમાધિમાં મન-સર્વથા સંકલ્પવિકલ્પરહિત બનેલું હોવાથી તેને ઉન્મનીકરણ પણ કહે છે. કહ્યું પણ છે : "જ્યારે યોગી બાહ્ય અભ્યન્તર ચિંતા અને ચેષ્ટારહિત બની પરમાત્માના સ્વરૂપમાં તન્મય થાય છે. ત્યારે ઉન્મનીભાવને અનુભવે છે.

આને અનુભવ દશા પણ કહેવાય છે. તે અવસ્થામાં જ સાધક યોગી-આત્મસ્વભાવ એટલે સત્તાએ શુદ્ધ સ્ફટિક રત્નતુલ્ય નિર્મલ આત્મસ્વરૂપનો અનુભવ કરે છે, પરમાનંદ રસનો આસ્વાદ કરે છે, (યોગશાસ્ત્ર પ્ર.૧૨)

**साम्यं मानसभावेषु, साम्यं वचन वीचिषु ।**
**साम्यं कायिक चेष्टासु, साम्यं सर्वत्र सर्वदा ॥१६॥**
**स्वपता जाग्रता रात्रौ, दिवा चाखिलकर्मसु ।**
**कायेन मनसा वाचा, साम्यं सेव्यं सुयोगिना ॥१७॥**

સર્વોત્તમ યોગી-માનસિક વિચારોમાં, વાણીના પ્રયોગમાં, બોલવામાં અને કાયાની પ્રવૃત્તિમાં સર્વસ્થાને સદા સમતા રાખે છે.

યોગીએ રાતે અથવા દિવસે સૂતાં કે જાગતા સર્વ કાર્યોમાં કાયા, વાણી અને મન વડે સમતાનું સેવન કરવું જોઈએ. અર્થાત્ માનસિક, વાચિક, કાયિક સર્વ પ્રવૃત્તિ સમભાવપૂર્વક કરવી જોઈએ.

**ભાવાર્થ** : પૂર્વમાં બતાવેલી સહજાનંદતા સમતાના સતત અભ્યાસથી જ પ્રાપ્ત થાય છે, તેથી સમતાનું સેવન રાત-દિવસ સૂતાં અને જાગતાં પણ કરવું જોઈએ. અને તે સમતા સર્વ કાર્યોમાં ટકી રહે તે માટે પોતાના મનના પરિણામો, વચન, વ્યવહાર અને કાયિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ

ચિત્તને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓથી ભાવિત બનાવવાથી માનસિક સમતા રહે છે. હિત-મિત-પ્રિય વચન બોલવાથી વાચિક સમતા પ્રાપ્ત થાય છે અને કાયિક પ્રવૃત્તિ જયણાપૂર્વક કરવાથી કાયિક સમતા પણ અવશ્ય સિદ્ધ થાય છે. આ રીતે જિનાજ્ઞાનો પાલક મુનિ મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિએ ગુપ્ત બની સદા સર્વત્ર સમતા રાખે છે.

**यदि त्वं साम्य संतुष्टो, विश्वं तुष्टं तदा तव ।**
**तल्लोकस्यानुवृत्त्या किं, स्वमेवैकं समं कुरु ॥१८॥**

જો તું સમતાથી સંતુષ્ટ છે, તો સમગ્ર વિશ્વ તારાથી સંતુષ્ટ બનશે. લોકોને રીઝવવાની શી જરૂર છે ? એક તારા આત્માને જ સમતાથી સંતુષ્ટ બનાવ.

**ભાવાર્થ** : માનવજીવનનો સાર સામ્યનો અનુભવ છે. જો સંયમ શ્રુત-ભક્તિ અને ધ્યાનાદિના સતત સેવનથી સમતા

સુધાનો આસ્વાદ કરી આત્મતૃપ્તિનો આનંદ અનુભવાતો હોય તો સમગ્ર વિશ્વ તારાથી સંતુષ્ટ છે કારણ કે સમતા સામાયિકરૂપ છે અને સામાયિક સર્વ જીવોને હિતકારી શ્રેયકારી અને સુખકારી છે.

સર્વસાવદ્યયોગો - હિંસાદિવ્યાપારોનો ત્યાગ અને સર્વ અહિંસાદિ નિરવદ્ય યોગોનાં સેવનરૂપ સામાયિક છે. સમતા ભાવથી સંતુષ્ટ સાધુથી સર્વજીવો સંતુષ્ટ રહે છે, સમાગમમાં આવનારને પરમ સંતોષ મળે છે. લોકોત્તર સમભાવમાં પ્રતિષ્ઠિત સાધુને લોકરંજનની જરૂર નથી. પરંતુ પોતાના આત્માને જ સમભાવથી ભાવિત બનાવવા સતત પ્રયત્ન કરવો જોઈએ. મૂર્ખ ભીલ હાથમાં રહેલા ચિંતામણિ રત્નને બોર સાટે વેચી દે છે, તેમ લોક સંજ્ઞામાં તત્પર સાધુ પોતાના ચારિત્ર રત્નને લોકરંજનવડે વેચી નાંખે છે.

**श्रुतश्रामण्ययोगानां, प्रपंचः साम्यहेतवे ।**
**तथापि तत्त्वतस्तस्माज्जनोऽयं प्लवते बहिः ॥१९॥**

શ્રુતજ્ઞાન, સંયમ - અને યોગોનો વિસ્તાર શાસ્ત્રોમાં બતાવ્યો છે, તે સર્વ સમતા મેળવવા માટે છે, છતાં લોકો તે સારભૂત સમતાથી દૂર રહી બાહ્યભાવમાં જ રાચે છે.

**ભાવાર્થ :** સમતાયોગની સર્વ યોગોમાં પ્રધાનતા છે. તે સમતા આત્મશુદ્ધિ કરી જીવને શિવ પદ આપે છે, તેથી દ્વાદશાંગીનો સાર સમતા છે. શ્રુતજ્ઞાનનું અધ્યયન-અધ્યાપન, વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ

સ્વાધ્યાય તેમજ ક્ષમાદિ દશ પ્રકારનો શ્રમણ ધર્મ અનેક પ્રકારના શુભયોગોનું જે વિધાન જિનાગમોમાં થયેલું છે તે સર્વ સમતાને પ્રાપ્ત કરવા માટે છે એમ જાણી મુમુક્ષુ સાધકો સમતાને સિદ્ધ કરવા માટે જ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરી સંયમમાં સદા તત્પર બની સામ્યસુધાનું પાન કરે છે. તોપણ કેટલાક સાધકો માન-સન્માન, કીર્તિ-પ્રસિદ્ધિના મોહમાં પડી લોકરંજન કરવામાં જ જીવન ફોગટ ગુમાવે છે. ભક્ત મિત્રો પ્રત્યે રાગ અને વિરોધી કે દુર્જનો પ્રત્યે દ્વેષ રાખે છે તેથી સમતાના આંતરિક સુખથી વંચિત રહે છે.

**स्वाधीनं स्वं परित्यज्य, विषमं दोषमंदिरम् ।**
**अस्वाधीनं परं मूढ ! समीकर्तुं किमाग्रहः ॥२०॥**

હે મૂઢ આત્મન્ ! તું દોષોથી ભરેલા, સમતાથી રહિત સદા સ્વાધીન એવા તારા પોતાના આત્માની ઉપેક્ષા કરીને પરાધીન એવા અન્યને સમતાવાન બનાવવાનો કેમ આગ્રહ રાખે છે ? અર્થાત્ તારા આત્માને જ સમભાવવાળો બનાવ.

**ભાવાર્થ** : સ્વઆત્મા પોતાને આધીન છે, પણ તે રાગ દ્વેષાદિદોષોના કારણે વિષમ બન્યો છે. છતાં તું તારા આત્માને દોષ મુક્ત બનાવી સમતાથી ભાવિત બનાવતો નથી. રાગદ્વેષ રૂપી વિષમતાને સમતાનાં સેવનથી દૂર કરતો નથી. અને - જે તારે આધીન નથી તે અન્ય લોકોને તું સમતાવાન્ બનાવવાનો કેમ આગ્રહ રાખે છે ? બીજા જીવો કર્માધીન હોઈ રાગ દ્વેષાદિનો નિગ્રહ કરી શકતા નથી.

તેથી સમતા રાખી શકતા નથી. માટે તું તારા આત્માને જ મૈત્રી - પ્રમોદ - કરૂણા અને માધ્યસ્થ્ય ભાવનાથી ભાવિત બનાવી સમતારસનો આસ્વાદ કરી લે. પણ પરાધીન એવા અન્ય જીવોને સમતાવાળા બનાવવાનો આગ્રહ રાખતો નહિ. તે કાર્ય તારે આધીન નથી, તેના પુરુષાર્થને આધીન છે.

**वृक्षस्य च्छेद्यमानस्य, भूष्यमाणस्य वाजिनः ।**
**यथा न रोषस्तोषश्च, भवेद् योगी समस्तथा ॥२१॥**

છેદવા છતાં છેદનાર ઉપર વૃક્ષને રોષ થતો નથી, શણગાર કરેલા ઘોડાને હર્ષ થતો નથી તેમ મુનિ પણ સુખ-દુ:ખના પ્રસંગોમાં હર્ષ-શોક કરતો નથી, પણ સમભાવવાળો રહે છે.

**ભાવાર્થ** : પોતાના આત્માને સમભાવથી ભાવિત કરવાનો ઉપાય બતાવે છે. જેમ વૃક્ષનો ઉચ્છેદ થવા છતાં કાપનાર ઉપર તેને રોષ થતો નથી. તેમ સાધુ ઉપસર્ગ કરનારા વ્યક્તિ ઉપર દ્વેષ કરતો નથી તેમજ શણગાર કરેલા ઘોડાને જેમ મનમાં હર્ષ ઉત્પન્ન થતો નથી તેમ સાધુનું સન્માનાદિ થવા છતાં હર્ષ થતો નથી. પરંતુ સુખ અને દુ:ખ બન્ને પૂર્વકૃત શુભાશુભ કર્મનું ફળ છે એમ જાણી સાધુ સમતા ધારણ કરે છે. માન અને અપમાનને પણ સમાન માને, વંદક અને નિંદકને તુલ્ય ગણે, કનક અને પથ્થરને પુદ્ગલના પિંડરૂપે સમાન માને તેમજ સર્વ જગતના જીવોને આત્મતુલ્ય જાણી સાધુ રાગદ્વેષ કરતો નથી પરંતુ

સમતાને ભાવિત બનાવે છે.

**सूर्यो जनस्य तापाय, सोमः शीताय खिद्यते ।**
**तद्योगी सूर्यसोमाभः, सहजानंदतां भजेत् ॥२२॥**

સૂર્ય લોકોને તાપ આપવા માટે, ચન્દ્ર શીતલતા આપવા માટે, શ્રમ કરે છે, તેવી રીતે સૂર્ય ચન્દ્રની કાન્તિ જેવો યોગી સહજાનંદતાને સેવે છે.

**ભાવાર્થ** : જીવમાત્રનો પરસ્પર ઉપકાર કરવાનો સહજ સ્વભાવ છે. તેથી સૂર્ય લોકોને દેદીપ્યમાન પ્રકાશ દ્વારા તાપ આપે છે અને ચંદ્ર શીતલ પ્રકાશ આપે છે. એમ બન્ને પોતાના સ્વભાવથી જ લોકોને સહાયક બની ઉપકાર કરે છે. તેવી રીતે મુનિ પણ સૂર્ય અને ચંદ્રની જેમ સહજાનંદતા પ્રાપ્ત કરીને લોકોને સહજ આનંદ આપે છે.

સૂર્યની જેમ જ્ઞાનનો તેજસ્વી પ્રકાશ આપે છે. સમ્યગ્ જ્ઞાન અભ્યન્તર તપ છે, તેથી અશુભ કર્મોનો ક્ષય થાય છે. તથા મુનિ ચંદ્ર જેવી સૌમ્ય અને શાન્ત મુદ્રા વડે સર્વને શીતલતા આપે છે. સહુના વિષયકષાયના તાપ-સંતાપને શીઘ્ર શમાવી ને સમતા-સુધાનું પાન કરાવે છે. મુનિના મુખ ચન્દ્રનું દર્શન પણ સમતારસ ઉત્પન્ન કરે છે. (જ્ઞાનસાર તપોષ્ટક શ્લોક.)

**यथा गुडादिदानेन, यत्किंचित् त्याज्यते शिशुः ।**
**चलं चित्तं शुभध्यानेनाऽशुभं त्याज्यते तथा ॥२३॥**

જેમ ગોળ-સાકર વગેરે આપીને બાળક પાસેથી વસ્તુ

છોડાવી શકાય છે, તેમ શુભધ્યાન વડે ચંચલચિત્તથી ઉત્પન્ન થયેલા અશુભ ધ્યાનનો ત્યાગ કરી શકાય છે.

**ભાવાર્થ** : યોગીનું મન પણ વ્યુત્થાન અવસ્થામાં ચંચલ બની જાય છે ત્યારે તે મનરૂપી બાળકને પ્રેમથી સમજાવી શુભ આલંબન વડે, પ્રભુનું નામસ્મરણ, પ્રભુમૂર્તિનું દર્શન જિનાગમમાં કહેલા જીવાદિ તત્ત્વોના ચિંતન અને મૈત્ર્યાદિ ભાવનાઓ દ્વારા પુનઃ એકાગ્ર બનાવી અશુભ ચિંતન માંથી હટાવી તેને સમાધિમાં વિલીન કરવું. સમાધિદશાનો આસ્વાદ વારંવાર કરવાથી મન અશુભ ધ્યાનમાં જતું અટકી જાય છે. (આ પ્રમાણે) માતાપિતા જેમ બાળક પાસેથી પીપરમેન્ટ-રમકડું આદિ આપી તેની પાસેથી કીમતી વસ્તુ લઈ લે છે તેવી રીતે યોગી પણ શુભ ધ્યાન વડે મનની ચંચલતા દૂર કરી મનને આત્મસમાધિમાં સ્થિર બનાવે છે.

જ્યાં સુધી અશુભ ધ્યાનનો સંભવ હોય ત્યાં સુધી મૈત્ર્યાદિ ભાવના અરિહંતાદિ નવપદોનું આલંબન ધ્યાન અવશ્ય કરવું જોઈએ.

**सर्वभूताविनाभूतं, स्वं पश्यन् सर्वदा मुनिः ।**
**मैत्र्याद्यमृतसंमग्नः, क्व क्लेशांशमपि स्पृशेत् ॥२४॥**

જે મુનિ સદા સર્વ જીવોને આત્મા સાથે અભિન્ન માને છે અને મૈત્ર્યાદિ ભાવનારૂપી અમૃતમાં નિમગ્ન રહે છે, તેને ક્લેશનો એક અંશ પણ ક્યા સ્પર્શે ?

**ભાવાર્થ** : સર્વ જીવો જીવત્વ જાતિથી એક છે, ચેતના લક્ષણથી જીવો એક છે એમ સર્વ જીવોથી મારો આત્મા

પણ જુદો નથી. એ રીતે વિચારતો મુનિ મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ્ય ભાવનારૂપી અમૃતના આસ્વાદમાં અત્યંત મગ્ન બને છે. તેથી તેને રાગદ્વેષજન્ય ક્લેશનો એક અંશ પણ કદી સ્પર્શતો નથી, અર્થાત્ સાધકનું ચિત્ત જ્યારે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ અને અનિત્યાદિ બાર ભાવનાઓ અથવા આત્મતત્વના ચિંતનમાં લીન રહે છે ત્યારે અશુભ ધ્યાન તેના ચિત્તમાં ઉત્પન્ન થઈ શકતું નથી. સદા શુભ ધ્યાનનું અમૃત પાન કરનારા યોગીને રાગદ્વેષનું વિષ ઉત્પન્ન થતું નથી. સદા સર્વત્ર સમતા સમાધિમાં જ લીન રહેનારો યોગી ક્યારે પણ લેશમાત્ર દુઃખ, સંક્લેશને સ્પર્શતો નથી પરંતુ આત્માનાં સહજ સુખ અને આનંદનો જ નિત્ય અનુભવ કરે છે.

**नाज्ञानाद् बालको वेत्ति, शत्रुमित्रादिकं यथा ।**
**तथात्र चेष्टते ज्ञानी तदिहैव परं सुखम् ॥२५॥**

બાળક જેમ અજ્ઞાની હોવાથી શત્રુ-મિત્રાદિ કાંઈ જાણતો નથી તેવી રીતે જ્ઞાની-યોગી પણ કોઈને શત્રુ-મિત્ર- ભાવે જોતો નથી પરંતુ સમતાભાવ રાખે છે ત્યારે તેને આ જન્મમાં જ પરમસુખ પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ** : મૈત્રી આદિ ભાવનાઓનું અમૃત પીનારો સાચો જ્ઞાની-યોગી કહેવાય છે. તે લઘુ બાળકની જેમ સરળ હૃદયવાળો હોય છે. બાળકને અજ્ઞાનતાના કારણે શત્રુ કે મિત્રભાવ કોઈના પણ પ્રત્યે થતો નથી તેને બધા ઉપર સમાનભાવ હોય છે તેવી રીતે જ્ઞાની સમ્યગ્ જ્ઞાન ધ્યાનમાં

સદા મગ્ન બનેલો હોય છે. તેથી તેના હૃદયમાં સર્વ જીવો પ્રત્યે પરમ મૈત્રીભાવ હોવાથી કોઈના પ્રત્યે પણ શત્રુભાવ, ઉત્પન્ન થતો નથી. ક્ષમા અને સમતાના શીતળ સરોવરમાં સ્નાન કરનારા યોગીને આ જન્મમાં જ પરમ સુખનો અનુભવ થાય છે. તેથી તે સ્વ-પરના રાગદ્વેષજન્ય તાપ-સંતાપને શમાવવા સમર્થ બને છે. તેના સમાગમથી અન્યના રાગદ્વેષ પણ શમી જાય છે.

**तोषणीयो जगन्नाथस्तोषणीयश्च सद्गुरुः ।**
**तोषणीयस्तथा स्वात्मा, किमन्यैर्बततोषितैः ॥२६॥**

વીતરાગ પરમાત્મા, સદ્ગુરુ તથા પોતાનો આત્મા એ ત્રણે સંતુષ્ટ કરવા યોગ્ય છે, તે સિવાય અન્ય લોકોને રીઝવવાનું શું પ્રયોજન છે ?

**ભાવાર્થ** : શ્રી તીર્થંકર ભગવાન વીતરાગ હોવાથી તેમને રાગદ્વેષ નથી પરન્તુ તેમના આજ્ઞાપાલનથી કર્મનો ક્ષય- અવશ્ય થાય છે. આજ્ઞાપાલકનો આત્મા વિશુદ્ધ બને છે. ચિત્તની પ્રસન્નતા વધે છે અને પરમાત્મા જ જગતના નાથ હોવાથી શરણાગતના યોગક્ષેમ કરનારા છે. તેમની કૃપાથી ભક્તના સર્વ મનોરથો પૂર્ણ થાય છે. જિનાજ્ઞાપાલનથી જિનેશ્વર પ્રભુની કૃપા મળે છે તથા સદ્ગુરુની સેવા, ભક્તિ આજ્ઞાપાલનથી પણ પરમાત્મા અને સદ્ગુરુ પ્રસન્ન થાય છે. જિનાગમોમાં કહ્યું છે, "જે પોતાના ગુરુને બહુમાનપૂર્વક માને છે, તે મને જ માને છે.

પરમાત્મા અને ગુરુની આજ્ઞા પાળનારો પોતાના આત્માને પણ સંતુષ્ટ કરે છે. તે ત્રણે સિવાય અન્યને ખુશ કરવાની આવશ્યકતા નથી. સાધક તો એ ત્રણેની પ્રસન્નતાથી

અત્યંત સંતુષ્ટ હોય છે.

**कषायविषयाक्रान्तो बहिर्बुद्धिरयं जनः ।**
**किंतेन रुष्टतुष्टेन, तोषरोषौ च तत्र किम् ॥२७॥**

સામાન્ય લોકો બહિર્દષ્ટિવાળા, વિષય કષાયોથી ઘેરાયેલા છે. તેથી તેઓ રુષ્ટ થાય કે સંતુષ્ટ થાય. પણ તારે શું ? ત્યાં રોષ કે તોષ શા માટે ?

**ભાવાર્થ** : જગન્નાથ, સદ્ગુરુ અને આત્માને સંતુષ્ટ કરનારો સાધક અન્ય કોઈને સંતુષ્ટ કરવા પ્રયત્ન કરતો નથી. તે બહિર્દૃષ્ટિવાળા પ્રત્યે મૈત્રી-કરુણા ભાવ સાથે ઉપેક્ષાભાવ રાખે છે. તેઓ રુષ્ટ કે તુષ્ટ થાય તેની ચિંતા કરતો નથી. તેમના પ્રત્યે ક્યારે પણ રોષ રાખતો નથી કે તેમની પ્રવૃત્તિથી સંતુષ્ટ થતો નથી. આત્મા અને કર્મવિપાકનું ચિંતન કરતો યોગી સમતાભાવમાં મગ્ન રહે છે. સર્વ જીવો સ્વ કર્મના ઉદયે સુખ અને દુઃખ પામે છે, જેઓ વિષયકષાયને વશ થઈ આ ભવમાં હિંસાદિ પાપોનું સેવન કરી પર-ભવમાં નરકતિર્યંચ ગતિમાં જાય છે. તે જીવો ધર્મનું શ્રવણ પણ કરવા ઈચ્છતા નથી પરમાત્મા અને ગુરુ પ્રત્યે દ્વેષ ધારણ કરે છે. તેથી તે જીવો પ્રતિ કરુણા અને ઉપેક્ષાભાવ રાખવો

**असदाचारिणः प्रायो लोकाः कालानुभावतः ।**
**द्वेषस्तेषु न कर्तव्यः, संविभाव्य भवस्थितिम् ॥२८॥**

કલિકાલના પ્રભાવે લોકો પ્રાયઃ સદાચારરહિત જીવન જીવે છે. તેથી ભવસ્થિતિનો વિચાર કરી- તેઓના પ્રત્યે

દ્વેષ કરવો નહિ.

**ભાવાર્થ** : સમતાને ભાવિત બનાવવા માટે મૈત્ર્યાદિ ભાવનાઓને ભાવિત બનાવવી જોઈએ અને તેમાં પણ માધ્યસ્થ્ય ભાવનાનો અભ્યાસ વિશેષ રીતે કરવો જોઈએ.

વર્તમાનકાલમાં પ્રાયઃ સદાચાર પાળનારા લોકો વિરલ હોય છે. અસદાચાર-હિંસાદિ કરનારા વિપુલ સંખ્યામાં મળે છે. તેનું મૂળ કારણ કલિકાળનો પ્રભાવ છે. એમ જાણી તે જીવો પ્રત્યે તિરસ્કાર-દ્વેષ કરવો નહિ, પરંતુ તે જીવોની ભવસ્થિતિ-કર્મ પરિણતિનો વિચાર કરવો.

જે જીવોની ભવસ્થિતિ પરિપક્વ થઈ નથી, હજી ચરમાવર્તમાં જીવ પ્રવેશ પામ્યો નથી ત્યાં સુધી તે જીવ મોહનીયાદિ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતો હોય છે તેથી તે તીવ્રસંક્લિષ્ટ પરિણામમાં વર્તતો હોય છે. તેમજ હિંસાદિ પ્રવૃત્તિઓ રાચીમાચીને કરતો હોય છે તે સર્વ કર્મનો કટુકવિપાક જાણી મુનિ તે જીવો પ્રત્યે પણ મધ્યસ્થભાવ રાખે છે.

**निःसंगो निर्ममः शान्तो, निरीहः संयमे रतः ।**
**यदा योगी भवेदन्तस्तत्वमुद्भासते तदा ॥ २१ ॥**

જ્યારે યોગી સર્વ સંગરહિત, મમતારહિત, ઉપશાન્ત અને સ્પૃહા-ઈચ્છારહિત થઈ સંયમમાં મગ્ન બને છે ત્યારે તેને આત્મતત્ત્વનો અન્તરાત્માવડે અનુભવ થાય છે.

**ભાવાર્થ** : આત્મતત્ત્વનો અનુભવ જે સાધનો વડે થાય છે તે સાધનો-ઉપાયોનો નિર્દેશ અનુભવી યોગીઓ કરે છે

**નિઃસંગતા** : બાહ્ય સંગનો ત્યાગ કરવાથી વિકલ્પો ઓછા થાય છે.

**નિર્મમતા** : મમતાના ત્યાગથી સમતા વૃદ્ધિ પામતી જાય છે.

**શાન્તિ** : સમતાના પ્રભાવે ચિત્તવૃત્તિઓ અત્યંત નિર્મળ થવાથી પરમ શાન્તિ મળે છે. ઉપશમ રસનો આસ્વાદ થવાથી મધુર આનંદનો અનુભવ થાય છે. આત્માના પ્રદેશે પ્રદેશે પ્રસન્નતા પ્રસરતી જાય છે.

**નિરીહતા** : બાહ્ય પદાર્થોની સ્પૃહા નાશ પામવાથી પરમ નિઃસ્પૃહતા પરમ સુખ અનુભવાય છે.

આ રીતે નિઃસંગ, નિર્મમ, ઉપશાન્ત, નિરીહ બની યોગી વિશુદ્ધ સંયમપાલનમાં સદા તત્પર રહે છે. તેના પ્રભાવે તે અન્તરાત્મ-દશાનો આનંદ અનુભવે છે. પોતાના આત્મતત્ત્વનો અનુભવ અમૃત પીએ છે.

**सद्वृक्षं प्राप्य निर्वाति, रवितप्तो यथाऽध्वगः ।**
**मोक्षाध्वस्थस्तपस्तप्तस्तथा योगी परं लयम् ॥३०॥**

જેમ સૂર્યના તીવ્ર તાપથી તપેલો મુસાફર ઘટાદાર વૃક્ષને પ્રાપ્ત કરી વિશ્રાન્તિ પામે છે તેવી રીતે મોક્ષમાર્ગમાં ચાલનારો, તીવ્ર તપ તપતો યોગી પરમ લયને પામી વિશ્રાન્તિ અનુભવે છે.

**ભાવાર્થ** : પૂર્વમાં બતાવેલ નિઃસંગતાદિ ગુણોવાળા યોગી પોતાના આત્મતત્ત્વનો અનુભવ કરે છે. તે દશાને

લય કહે છે. તે બાહ્ય આભ્યન્તર તપના બાર પ્રકારો અને વિશુદ્ધ સંયમપાલનનું ફળ છે. જેમ મુસાફર અમુક નગરમાં જવા માટે, તડકામાં ચાલતો ઉત્તમ વૃક્ષની છાયામાં વિશ્રામ કરે છે તેમ મોક્ષમાર્ગમાં સતત પ્રવૃત્તિ કરનારા મહામુનિઓ ઉગ્ર તપ સંયમની સાધના કરીને ધ્યાન અને સમાધિના નિરંતર અભ્યાસથી લય અને પરમ લય દશામાં વિશ્રામ કરે છે. અર્થાત્ : આત્મ સ્વભાવનો પરમાનંદ અનુભવે છે.

''લયયોગ'' એ સર્વ યોગોમાં સર્વશ્રેષ્ઠ યોગ છે. તેનો અનુભવ એ આત્માની અનુભૂતિ કરાવે છે. સર્વ આગમોના ઉપનિષદ્રૂપ યોગશાસ્ત્રોમાં બતાવેલા અનુષ્ઠાનો એ લયયોગને પ્રાપ્ત કરી આત્માનો અનુભવ કરવા માટે છે. તે લયયોગને સિદ્ધ કરવા માટે મુમુક્ષુ સાધકે ક્રમિક અભ્યાસ કરવો આવશ્યક છે. કહ્યું પણ છે :-

**पूजा-कोटि-समं स्तोत्रं, स्तोत्र - कोटि समो जपः ।**
**जप-कोटि- समं ध्यानं, ध्यान-कोटि समो लय : ॥**

કરોડો પૂજા સમાન સ્તોત્રનું ફળ છે. કરોડો સ્તોત્રો સમાન પ્રભુના જપનું મહત્ત્વ છે અને કરોડો ધ્યાનોના ફળરૂપ લય છે. એટલે કે કરોડોવાર પૂજા કરવાથી તેના પ્રભાવે પ્રભુની સ્તુતિ-સ્તોત્રમાં અત્યંત સ્થિરતા આવે છે તે જ દ્રવ્ય પૂજાનું ફળ છે. પછી વારંવાર પ્રભુના ગુણગાન કરવાથી જપયોગની સિદ્ધિ થાય છે, તેમજ કરોડવાર પ્રભુ નામ સ્મરણ કરવાથી ધ્યાનયોગ સિદ્ધ થાય છે અને ધ્યાનના સતત

અભ્યાસથી લય યોગની સિદ્ધિ થાય છે ત્યારે આત્મા આત્મ સ્વભાવમાં મગ્ન બની પરમ આનંદ અનુભવે છે.

પૂજામાં પ્રભુનો પ્રેમ વધે છે. સ્તુતિ સ્તોત્ર બોલવાથી પ્રેમ પ્રકૃષ્ટ ભાવને પામી ભક્તિની વૃદ્ધિ કરે છે. જપ અને ધ્યાનમાં અનુક્રમે ભક્તિ પરાકાષ્ઠાને પામી આજ્ઞાપાલનરૂપ વચન અનુષ્ઠાનની સિદ્ધિ કરે છે. તેના પ્રભાવે અસંગ અનુષ્ઠાનરૂપ લયયોગ સિદ્ધ થાય છે. માટે સાધકે પ્રભુપ્રીતિ, પ્રભુભક્તિ અને પ્રભુ આજ્ઞા-પાલનમાં સદા તત્પર બનવું.

**इति साम्यतनुत्राण-त्रात-चारित्रविग्रहः ।**
**मोहस्य ध्वजिनीः, धीरो, विध्वंसयति लीलया ॥३१॥**

આ પ્રમાણે સમતારૂપી બખ્તરથી ચારિત્રરૂપી દેહનું રક્ષણ કરતો ધીર સાધુ મોહની સેનાને રમતમાં ઊડાવી દે છે.

**ભાવાર્થ** : સમતાનું સ્વરૂપ-વર્ણન કરીને તેનું ફળ બતાવે છે. સમતા એ ચારિત્રરૂપી દેહનું રક્ષણ કરનારું બખ્તર છે. જે મુનિ સમતાને સતત સેવે છે, સુખ-દુઃખમાં, માન-અપમાનના પ્રસંગમાં રાગદ્વેષ કરતો નથી, પણ સમભાવપૂર્વક સહન કરે છે, સંસાર અને મોક્ષમાં પણ પ્રતિબંધ આસક્તિ રાખતો નથી,વાસી ચંદનતુલ્ય સમભાવ ધારણ કરે છે. કોઈ દ્વેષી વાંસલાથી શરીરને કાપે અથવા કોઈક ભક્ત ચંદનનો વિલેપન કરે તોપણ બન્ને ઉપર સમભાવ જ રાખે છે. તે મુનિ પોતાના સંયમનું રાગદ્વેષ મોહાદિ શત્રુઓથી રક્ષણ કરે છે તથા સમતા અને સમાધિ દ્વારા મોહની વિશાલ સેનાનો પણ ક્ષપક શ્રેણિમાં ક્ષણવારમાં ક્ષય કરે છે અને

કેવલજ્ઞાન પામી શાશ્વત સુખ મેળવે છે, તે જ સમતાનું ફળ છે. આ ત્રીજા પ્રસ્તાવમાં સમતાને આત્મસાત્ બનાવવાની કલા બતાવી છે.

મુમુક્ષુ સાધકે સર્વ પ્રથમ-વિષય કષાય, રાગ અને દ્વેષાદિ અન્તરંગ શત્રુઓને વિષધર સર્પ સમાન જાણી તેને ઉત્પન્ન થતાં જ અટકાવવો, તે સર્વનો ક્ષમાદિ ગુણોથી જય કરી આત્માનું રક્ષણ કરવું. આ અન્તરંગ શત્રુઓને જીતવાથી સાધક શાશ્વત સુખને શીઘ્ર પામે છે. માટે શાશ્વત સુખના અર્થી મુનિએ રાત્રિએ, દિવસે, સૂતા કે જાગતા પણ મન-વાણી અને કાયા દ્વારા સમતાનો સતત અભ્યાસ કરવો જોઈએ. સમતાથી જ સહજાનંદતા, આત્મારામતા, ઉન્મનીકરણ પ્રાપ્ત થાય છે. જગતને રીઝવવાની જરૂર નથી પરંતુ પરમાત્મા સદ્ગુરુ અને સ્વઆત્માને જ સંતુષ્ટ કરવા સદા પ્રયત્નશીલ રહેવું. જો તું સમતાથી તારા આત્માને પ્રસન્ન રાખીશ તો સમગ્ર વિશ્વ તારાથી સંતોષ પામશે.

સમતાને ભાવિત બનાવવા માટે જ સમગ્ર દ્વાદશાંગીની રચના થઈ છે. તેમજ ક્ષમાદિ ધર્મોનું સેવન કરવાનું કહ્યું છે, તે સમતારૂપી બખ્તરના પ્રભાવે જ ચારિત્રરૂપી દેહનું રક્ષણ થવાથી મોહનો અનુક્રમે ક્ષય થાય છે.

■ ■ ■

# चतुर्थ प्रस्ताव
## सत्योपदेश

**त्यक्त्वा रजस्तमोभावो, सत्त्वे चित्तं स्थिरीकुरु ।**
**नहि धर्माधिकारोऽस्ति, हीनसत्त्वस्य देहिनः ॥१॥**

રાજસ અને તામસ સ્વભાવને ત્યજી સાત્ત્વિક ભાવમાં ચિત્તને સ્થિર બનાવ. કેમ કે, સત્ત્વહીન પ્રાણીને ધર્મનો અધિકાર નથી.

**ભાવાર્થ** : તામસી અને રાજસી વૃત્તિવાળાનું ચિત્ત સદા ચપળ રહે છે. તેનો ત્યાગ કરવાથી સાત્ત્વિકી વૃત્તિમાં ચિત્ત સ્થિર બને છે. સત્ત્વશાળી પુરુષ જ ધર્મનો અધિકારી છે. યોગસાધના, ધ્યાન, ચારિત્ર અને સમતાનો ઉપદેશ સત્ત્વશાળી પુરુષ જ સ્વીકારી શકે છે અને તેનું પાલન કરી શકે છે. માટે ધર્મ-યોગાદિનો યોગ્ય અધિકારી સત્ત્વશાળી જ હોય છે. સત્ત્વહીન પુરુષ ક્યારે પણ ધર્મનું પાલન કરી શકતો નથી. આ પ્રસ્તાવમાં વિસ્તારથી આ હકીકત વર્ણવી સત્ત્વને ભાવિત બનાવવાની કલા સ્વયં ગ્રન્થકાર મહર્ષિ આપણને બતાવે છે. તેના અભ્યાસથી કાયરની કાયરતા નાશ પામશે અને આત્માનો સત્ત્વગુણ વૃદ્ધિ પામશે. સર્વ ગુણોમાં સત્ત્વ-પરાક્રમની પ્રધાનતા છે. સત્ત્વગુણના વિકાસથી ક્ષમા નમ્રતા અને જ્ઞાન-દર્શન ચારિત્રાદિ ગુણો વિકસે છે.

**हीन सत्त्वो यतोजन्तुर्बाधितो विषयादिभिः ।**
**बाढं पतति संसारे, स्वप्रतिज्ञा विलोपनात् ॥२॥**

કારણ કે, સત્ત્વહીન જીવ પાંચ ઈન્દ્રિયના વિષયોથી પીડાયેલો પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરી ફરી સંસારમાં પડે છે એટલે વિષયોમાં વધુ આસક્ત બને છે.

**ભાવાર્થ** : સત્ત્વહીન પ્રાણી ધર્મનો અધિકારી નથી. તેનું કારણ સમજાવે છે. જે જીવ સત્ત્વહીન હોય છે, તે જ્યારે વિષયવાસનાથી પીડાય છે. કષાયોથી તેનું ચિત્ત કલુષિત થાય છે, ત્યારે વ્રતો અને મહાવ્રતોની લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કરવા તત્પર બને છે. વિષ જેવા ભયંકર વિષયો, વિષ્ટાથી વધુ દુગંચ્છનીય હોવા છતાં તેને મધુર અને સુગંધી લાગે છે. પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરી તે ફરી સંસારમાં પડે છે. અર્થાત્ ગૃહવાસમાં જઈ પાંચ ઈન્દ્રિયોના મનગમતા ઈષ્ટ વિષયોનો અત્યંત આસક્તિપૂર્વક ભોગ કરે છે કંડરીક મુનિની જેમ નરકાદિ દુર્ગતિમાં જાય છે અને તિર્યંચ ગતિમાં અનેક ભવ કરી ભૂખ, તરસ, રોગ, વ્યાધિ ઉપદ્રવો આદિ પીડા ભોગવે છે. અનેક જન્મ, જરા, મરણનાં દુઃખો સહન કરે છે.

**सावद्यं सकल योगं, प्रत्याख्यायान्यसाक्षिकम् ।**
**विस्मृतात्मा पुनः क्लीबः, सेवते धैर्य वर्जितः ॥३॥**

સત્ત્વહીન કાયર પુરુષ ગુરુ આદિ ચતુર્વિધ સંઘ સમક્ષ સર્વ સાવદ્ય યોગ નો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લેવા છતાં પણ તે ભૂલી જઈને ધૈર્ય ગુમાવી ફરી તેને સેવે છે.

**ભાવાર્થ** : સત્ત્વહીન પુરુષો સર્વવિરતિ અર્થાત્ ચારિત્ર

ગ્રહણ કરે છે, ત્યારે સર્વ પાપવ્યાપારો-હિંસાદિ પ્રવૃત્તિઓનો સર્વથા ત્રિવિધ કરણ કરાવણ અને અનુમોદન વડે તથા મન વચન અને કાયાથી ત્યાગ કરે છે. છતાં વિષયવાસના પ્રબળ બનતા ગુરુ પાસે લીધેલી સર્વ ત્યાગની પ્રતિજ્ઞાને ભૂલી જાય છે અને પુનઃ ગૃહસ્થ જીવનમાં જઈ હિંસાદિ પાપો સેવવા લાગે છે. તે સમયે મોહની પ્રબળતાના કારણે એવો શુભ વિચાર પણ તે કરી શકતો નથી કે શ્રી તીર્થંકર પરમાત્મા અને ગુરુ સમક્ષ ચતુર્વિધ સંઘની હાજરીમાં મેં મારી ઈચ્છાથી સર્વ વિરતિ દીક્ષા સ્વીકારી છે. હવે હું તેને ત્યજી પુનઃ વિષયવાસના અને કષાયરૂપી કાદવ જેવા ગૃહવાસમાં જાઉં છું. આ પ્રતિજ્ઞા ભંગના પાપે ભગવાન-ગુરુ અને જિનશાસનનો મોટો અપરાધી બનીશ. તથા શાસનની હીલનામાં નિમિત્ત થવાથી હું દીર્ઘ સંસારી થઈ જઈશ.

**तावद् गुरुवचः शास्त्रं, तावत् तावच्च भावनाः ।**
**कषायविषयैर्यावद्, न मनस्तरलीभवेत् ॥४॥**

જ્યાં સુધી મન વિષયો અને કષાયોથી ચંચળ ન થાય ત્યાં સુધી જ ગુરુ વચન યાદ રહે, શાસ્ત્રનું સ્મરણ રહે અને ત્યાં સુધી જ શુભ ભાવના થઈ શકે છે.

**ભાવાર્થ** : પ્રતિજ્ઞાભંગનું મુખ્ય કારણ સત્ત્વહીનતા છે. વ્રતના ભંગના સમયે ગુરુ જ શરણ છે. કર્મરોગની ચિકિત્સા એ તપ છે અને મોહ વિષનો નાશક શાસ્ત્રસ્વાધ્યાય

એ મંત્ર છે. આ ઉપાયોનો આદરપૂર્વક અમલ કરવાથી અશુભ કર્મોનો નાશ થાય છે અને મન સંયમમાં નિશ્ચલ બને છે. સત્ત્વશાળી પુરુષ શાસ્ત્રોક્ત ઉપાયોના સેવન વડે, પોતાની પ્રતિજ્ઞાનું અખંડપણે પાલન કરે છે પરંતુ સત્ત્વહીન કાયર પુરુષો વિષય અને કષાયની પ્રબળતાથી ગુરુનું વચન ભૂલી જાય છે. શાસ્ત્રોની હિતશિક્ષા વિસરાઈ જાય છે અને શુભ ભાવો અટકી જાય છે. તેથી તેનું ચિત્ત અત્યંત ચપળ બને છે.

પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફ આકર્ષિત અને આસક્ત થયેલું ચિત્ત સદા કંચન કામિનીના જ વિચારો કરતું રહે છે. આર્તધ્યાનમાં અટવાયેલું ચિત્ત ધર્મધ્યાનથી દૂર રહે છે. ખરેખર સત્ત્વ ગુણને કેળવ્યા વિના વિષયોમાં રક્ત બનેલા મનને વિરક્ત બનાવી શકાતું નથી.

**कषायविषयग्रामे, धावन्तमतिदुर्जयम् ।**
**यः स्वमेव जयत्येकं, स वीरतिलकः कुतः ॥ ५ ॥**

વિષય અને કષાયોના સમૂહ તરફ દોડતા, અતિ દુર્જય એવા પોતાના એક મનને જે જીતે છે તે વીરોમાં તિલક સમાન સત્ત્વશાળી ક્યાંથી મળે ? વિરલ હોય છે.

**ભાવાર્થ :** અનાદિ કાળના વિષય-કષાયના કુસંસ્કારોથી પ્રેરિત થયેલું મન સતત તેમાં જ રમતું અને દોડતું રહે છે. બહુ જ કષ્ટથી જીતી શકાય એવું આ મન છે. મનોજય સહુથી શ્રેષ્ઠ યોગ છે તે ઈન્દ્રિયજય- અને કષાયજયના

અભ્યાસથી થાય છે.

**"મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી**
**પણ કહે સાધ્યું તે નવિ માનું, એક હી વાત છે મોટી॥**
**મનડું કેમ હી ન બાજે જેમ જેમ જતન કરીને રાખું**
**તેમ તેમ અળગું ભાજે હો કુથું જિન (૯)**
**(આનંદઘનજી કૃત સ્તવન)**

મનને વશમાં કરવું અત્યંત દુષ્કર હોવા છતાં જે મહાપુરુષ તેનો જય કરે છે. મનને વશમાં રાખે છે તે જ જગતમાં વીર શિરોમણિ છે પરંતુ તેવા મહાપુરુષો આ વિષમ કાળમાં ક્યાંથી મળે ? કદાચ મળે તો વિરલ- એક બે જ મળી શકે છે, તે બતાવે છે.

**धीराणामपिवैधुर्यकरै रौद्रपरीषहै: ।**
**स्पृष्ट:सन् कोऽपि वीरेन्द्र: संमुखो यदि धावति ॥६॥**

ધીર પુરુષોને પણ વ્યાકુળ બનાવે એવા ઘોર પરિષહો આવી પડતાં જે વીરેન્દ્ર તેને સામેથી સત્કારે છે તેવો કોઈક જ આ જગતમાં હોય છે.

**ભાવાર્થ** : વિષયકષાયોને જીતનારા વીર પુરુષો દુ:સહ- ક્ષુધા, પિપાસા, આક્રોશ, વધાદિ પરિષહોને પણ કર્મનો ક્ષય કરવા માટે સમતાથી સહન કરે છે. પણ લેશમાત્ર ભય કે ત્રાસ પામતા નથી. તેમજ પરિષહ અને ઉપસર્ગ કરનારા પુરુષોને ઉપકારી મિત્ર માને છે. પૂર્વસંચિત અશુભ- કર્મોનો મૂળથી ક્ષય કરવામાં સહાય કરનારા હોવાથી તેને ધન્યવાદ

આપે છે.

ગજસુકુમાલ મુનિએ જેમ સસરાને મુક્તિની પાઘડી બંધાવનાર હોવાથી મહાઉપકારી માન્યો, ધગધગતા અંગારાની ઘોર વેદનાને પણ સમતાથી સહન કરી કેવલજ્ઞાન અને શાશ્વત સુખ પામ્યા, તેવી રીતે જે મુનિ ભયાનક પરિષહોને પણ સંમુખ થઈને સમતાથી સહન કરે છે તે મહાશૂરવીર છે. તેજ કર્મશત્રુઓને પરાસ્ત કરી આત્માના અનંત ગુણ -સામ્રાજ્યને પામે છે.

**उपसर्गे सुधीरत्वं सुभीरुत्त्वमसंयमे ।**
**लोकातिगं द्वयमिदं, मुनेःस्याद यदि कस्यचित् ॥७॥**

ઉપસર્ગના પ્રસંગમાં અત્યંત ધીરતા અને અસંયમમાં ભીરુતા આ બન્ને લોકોત્તર સદ્‌ગુણો જો હોય તો કોઈક મુનિમાં હોય છે.

**ભાવાર્થ** : ગમે તેવા કષ્ટો, ઉપસર્ગો આવી પડે છતાં મેરુપર્વતની જેમ નિશ્ચળ રહેવાય, લેશમાત્ર ભયની લાગણી ન થાય અને કષ્ટ આપનાર પ્રત્યે પણ દ્વેષભાવ ન જાગે એવું સત્ત્વ કેળવવું જોઈએ.

મરણાન્ત ઉપસર્ગો કરનાર સંગમદેવ માટે શ્રી મહાવીર પ્રભુની આંખો ભીની થઈ ગઈ હતી, તેમાં તેના પ્રત્યેની કરુણા ભાવના જ કારણરૂપ હતી.

કરુણાભાવથી સમતા અને સમતાથી સાધનામાં નિશ્ચળતા આવે છે.

જેમ પરિષહ-ઉપસર્ગમાં ધીરતા જરૂરી છે. તેમ અસંયમમાં અર્થાત્ સંયમને હાનિ પહોંચાડે એવી વૃત્તિ-પ્રવૃત્તિમાં ભીરુતા-ભય જરૂરી છે. સાચો સાધક સંયમમાં લેશમાત્ર દોષ ન લાગે તેની સાવધાની રાખે. તો જ સંયમનું પરિશુદ્ધ પાલન કરવા તે તત્પર બની શકે છે. આ રીતે ધીરતા અને ભવભીરુતા બન્ને લોકોત્તર સદ્ગુણો કોઈક વિરલ આરાધક મુનિમાં જ જોવા મળે છે.

**दुस्सहा विषयास्तावत्, कषाया अतिदुःसहाः ।**
**परीषहोपसर्गाश्चाधिकदुःसहदुःसहाः ॥८॥**

વિષયો દુઃખથી સહી શકાય એવા છે, કષાયો તેના કરતાં અત્યંત દુઃસહ છે, પરંતુ પરિષહ અને ઉપસર્ગો તો બન્નેથી અધિક દુઃસહ-દુઃસહ છે.

**ભાવાર્થ** : ખરેખર વિષયોની વાસના અત્યંત અસહ્ય હોય છે. તેનો જય કરવો અત્યંત દુષ્કર છે. ધીરપુરુષો જ વિષયોનો ત્યાગ કરે છે અને બ્રહ્મચર્યાદિ વ્રતોનું પાલન કરે છે. ક્રોધાદિ કષાયોને જે આધિન થઈ જાય છે, તેના માટે કષાયો પણ અત્યંત દુઃસહ છે. તેનો જય કરવા પ્રબલ પ્રયત્નો કરવા પડે છે તે બન્નેથી પણ પરિષહ અને ઉપસર્ગોને સમતાથી સહન કરવા અતિશય દુષ્કર છે. પરિષહ અને ઉપસર્ગ સમયે કષાયોની ઉદીરણા થાય છે. વીરતા અને ધીરતાની કસોટી થાય છે. ભગવાન શ્રી મહાવીર દેવે સાડા બાર વર્ષ સુધી ઘોર પરિષહ-ઉપસર્ગોને મેરુ પર્વતની જેમ

ધીરતા-નિશ્ચલતાપૂર્વક સહન કર્યા હતા પરંતુ લેશમાત્ર પણ આત્મધ્યાનથી ચલાયમાન થયા ન હતા તેથી સ્વયં ઈન્દ્ર મહારાજા પણ તેમના ધીરતા વગેરે ગુણોની પ્રશંસા કરતા હતા, ધન્ય-ધન્ય તે મહાપુરુષોને.

**जगत्त्रयैकमल्लश्च कामः केन विजीयते ।**
**मुनिवीरं विना कं श्चित्तनिग्रहकारिणम् ॥९॥**

ચિત્તનો નિગ્રહ કરનારા કોઈક શૂરવીર મુનિ વિના ત્રણે જગતમાં અદ્વિતિય કામ (સુભટ) મલ્લને બીજો કોણ જીતી શકે ?

**ભાવાર્થ** : કામદેવના દાસ બનેલા ત્રણે ભુવનના દેવ-દાનવ માનવો વિષયવાસનાથી સદા પીડિત હોય છે કામમલ્લ સર્વમલ્લોથી પણ અપરાજિત છે. માટે તેને અજોડ, સર્વથી વિશેષતમ બલિષ્ઠ મલ્લ કહે છે. તે કામ મલ્લને જીતવાની મહાન શક્તિ દેવગુરુના આશીર્વાદથી જ પ્રગટી શકે છે. જે મહામુનિ, શ્રી તીર્થંકર પરમાત્માની પ્રીતિ-ભક્તિપૂર્વક તેમની આજ્ઞાનું સદા આરાધન કરે છે, ગુરુ ભગવંત પાસેથી-વિનયપૂર્વક આગમના ગૂઢ-ગંભીર અર્થોને ગ્રહણ કરે છે તેનો નિરંતર સ્વાધ્યાય કરે છે, આત્મા અને પરમાત્માના શુદ્ધ-સ્વરૂપનું ચિંતન મનન કરે છે, પ્રતિક્રમણ સામયિક આદિ આવશ્યક ક્રિયામાં ઉલ્લાસ અને ઉપયોગપૂર્વક પ્રવૃત્ત રહે છે, તેનું ચિત્ત ચપળતારહિત અત્યંત સ્થિર બને છે, વિષય કષાયની વૃત્તિઓ નાશ પામે છે ધર્મધ્યાન અને

શુક્લધ્યાનની યોગ્યતા પ્રગટે છે. ધ્યાનના નિરંતર અભ્યાસથી આત્મસ્વરૂપમાં લીન બનેલો મુનિ પરમ આનંદ - અનુપમ આત્મિક સુખનો આસ્વાદ કરે છે જ્યારે મુનિનું મન સર્વથા કામનારહિત બને છે. ત્યારે જ તે કામ મલ્લને પડકારી શકે છે. જીતી શકે છે.

**मुनयोऽपि यतस्तेन विवशीकृतचेतसः।**
**घोरे भवान्धकूपेऽस्मिन, पतित्वा यान्त्यघस्तलम् ॥१०॥**

કારણ કે તે કામથી વિવશ ચિત્તવાળા મુનિઓ પણ આ ભયંકર ભવરૂપી અંધકૂપમાં પડી તળિયા સુધી પહોંચી જાય છે.

**ભાવાર્થ** : ચારે ગતિના સર્વ જીવો ઉપર જેની ઘેરી અસર છવાયેલી છે તે કામ-વાસનાને જિતવા જંગે ચડેલા ઋષિ-મુનિઓને પણ આ કામ-વાસના પોતાના પંજામાં ફસાવી વ્રત-ભ્રષ્ટ બનાવી દે છે અને વાસનાવશ જીવો આત્મભાન ભૂલી તિર્યંચ અને નરકગતિમાં ઘોર દુઃખો ભોગવતા અનંતકાળ સુધી ભવભ્રમણ કરે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કુલવાલક મુનિ અને કંડરિક મુનિનું વર્ણન છે કુલવાલક મુનિ માસક્ષમણાદિ મહાન તપ કરવા છતાં ગુરુના અવિનયના કારણે (સ્ત્રી) વેશ્યાના સંપર્કથી સંયમભ્રષ્ટ બની દીર્ઘકાળ સુધી ભવભ્રમણ કરશે.

કંડરિક મુનિ પણ ૧ હજાર વર્ષ સુધી સંયમ પાળવા છતાં સંયમમાં શિથિલતા આવતાં સંયમ છોડી. ૩ દિવસ રાજ્યના સુખ ભોગવી, રૌદ્રધ્યાનમાં મરી સાતમી નરકમાં ગયા. આ રીતે કામમલ્લથી પરાજિત થયેલા કેટલાક મુનિઓ

પણ વિવેકરત્ન ગુમાવી દે છે અને સંસારરૂપી અંધકૂપમાં પડી તેના તળિયારૂપ સૂક્ષ્મ નિગોદ સુધી પણ પહોંચી જાય છે.

**तावद् धैर्यं महत्त्वं च, तावद् तावद् विवेकिता ।**
**कटाक्षविशिखान् यावद् न क्षिपन्ति मृगेक्षणाः ॥११॥**

ત્યાં સુધી જ પુરુષોનું ધૈર્ય ટકી રહે છે, ત્યાં સુધી જ મહત્ત્વ રહે છે, અને ત્યાં સુધી જ વિવેકપણુ રહી શકે છે, જ્યાં સુધી સ્ત્રીઓ પોતાનાં કટાક્ષબાણો ફેંકતી નથી.

**ભાવાર્થ** : આત્મામાં ધૈર્ય, દુનિયામાં યશ-કીર્તિ અને જીવનમાં વિવેક ગુણનો વિકાસ થયો હોય એવા સજ્જન પુરુષો અને ઋષિ-મુનિઓને પણ સારા અને પવિત્ર વાતાવરણમાં, શુભ નિમિત્તો વચ્ચે રહેવાની જે મર્યાદા છે તે આત્મહિતકર છે.

કામવાસનાનો વળગાડ અનાદિકાળથી જીવને છે. સમ્યક્જ્ઞાન, સત્ અનુષ્ઠાન અને વિવેક બુદ્ધિ દ્વારા વિચારોનું શુદ્ધિકરણ કરવા છતાં ક્યારેક કોઈ પ્રબળ નિમિત્ત મળે છે ત્યારે આત્મા ભાન ભૂલી જાય છે.

રૂપ-લાવણ્યયુક્ત સ્ત્રીના હૃદયસોંસરા ઉતરી જાય એવા કટાક્ષબાણથી વિંધાવાનો અવસર આવી જાય ત્યારે આત્મા જો વિવેક ચૂકી જાય તો ધીરતા, મહત્તા વગેરે ગુણો ક્ષણવારમાં હતા ન હતા થઈ જાય છે અને સ્ત્રીને આધીન બનેલો જીવ વિષયવાસના વશ બની સંયમ-વ્રતથી ભ્રષ્ટ બની જાય છે.

અરણિક મુનિવર વગેરે દૃષ્ટાંતો લોકપ્રસિદ્ધ છે. આ

હકીકત ધ્યાનમાં લઈને સાધક આત્માઓ માટે એવા નિમિતોથી દૂર રહેવાય તેવી કાળજી સતત રાખવી જરૂરી છે.

**गृहं च गृहवार्तां च, राज्यं राज्यश्रियोऽपि च ।-**
**समर्प्य सकलं स्त्रीणां, चेष्टन्ते दासवज्जनाः ॥१२॥**

લોકો પોતાનું ઘર અને ઘરનું કાર્ય રાજ્ય અને રાજ્ય, લક્ષ્મી આ બધું સ્ત્રીઓને સોંપીને પોતે તેના દાસની જેમ પ્રવૃત્તિ કરે છે.

**ભાવાર્થ** : સ્ત્રીમાં અત્યંત આસક્તબનેલા, કામરાગ અને સ્નેહરાગના રંગે રંગાયેલા, મનગમતા પાંચ ઈન્દ્રિયોના વિષયો ભોગવતા લોકો પત્ની ઉપરના અત્યંત રાગને લઈને પોતાનું સમગ્ર ઘર, માલમિલકત અને તેનો વહીવટ પણ સ્ત્રીને સોંપીને પોતે એક બાયલા જેવું ગુલામ તરીકેનું જીવન જીવે છે. રાજા મહારાજા પણ એવી રીતે બધું પોતાની પટરાણીને સોંપી, પોતે તેની આજ્ઞા પ્રમાણે દાસની જેમ રહે છે. તેવા પણ અનેક દાખલાઓ છે.

**सा मित्रं सैव मन्त्री च सा बन्धुः सैव जीवितम् ।**
**सा देवः सा गुरुश्चैव, सा तत्त्वं स्वामिनी च सा ॥१३॥**
**रात्रौ दिवा च सा सा सा, सर्वं सर्वत्र सैव हि ।**
**एवं स्त्र्यासक्तचित्तानां, क्व धर्मकरणे रतिः ? ॥१४॥**
**(युग्मम्)**

સ્ત્રી એ જ મારો મિત્ર છે, તે જ મંત્રી છે, તે જ બંધુ છે, તે જ જીવન છે, તે જ દેવ છે, ગુરુ છે, તે જ તત્ત્વ છે, તે જ સ્વામિની છે. આ રીતે રાતે અને દિવસે

સર્વસ્થાને જે કાંઈ સર્વ વસ્તુ છે તે તે તે સ્ત્રી જ છે. આ પ્રમાણે સ્ત્રીમાં અત્યંત આસક્ત ચિત્તવાળા પુરુષોને ધર્મ કરવામાં આનંદ ક્યાંથી આવે ?

**ભાવાર્થ** : કંચન કામિનીમાં આસક્ત ચિત્તવાળાને ધર્મમાં પ્રેમ થતો નથી તેનું કારણ એ છે કે કામાસક્ત માણસ પ્રભુના બદલે પત્નીને જ પ્રેમપાત્ર માને છે, પત્નીને જ પોતાનો પ્રાણ માને છે, તેના આધારે જ મારું જીવન છે તે જ પ્રિય મિત્ર અને કુશળ મંત્રી છે એમ માને છે. તેની સલાહથી જ બધું કામ કરે છે સ્ત્રી પ્રત્યેના દૃઢ અનુરાગથી તેને જ દેવ તરીકે પૂજે છે. ગુરુ માનીને સેવા કરે છે. તેને જ ધર્મ સમજી તેનું કહ્યું કરે છે. સ્ત્રીને જ સર્વસ્વ સોંપી ગૃહસ્વામિની બનાવે છે. રાત અને દિવસ જ્યાં જાય ત્યાં સર્વત્ર સર્વ વસ્તુમાં સ્ત્રીને જોતો રહે છે. તેથી તેને ધર્મ પ્રત્યે પ્રીતિ થતી નથી. ભગવાન અને ગુરુ પ્રત્યે પણ આદર બહુમાન પેદા થતાં નથી કારણ કે તેને ક્યારે પણ ભગવાનનું નામ યાદ આવતું નથી.

**स्त्रीसमुद्रेऽत्रगम्भीरे, निमग्नमखिलं जगत्।**
**उन्मज्जति महात्माऽस्माद, यदि कोऽपि कथंचन ॥१५॥**

અતિ ગંભીર એવા આ સ્ત્રીરૂપી સાગરમાં સમગ્ર જગત ડૂબેલું છે, તેમાંથી કોઈ વિરલ મહાત્મા કોઈક રીતે બહાર નીકળે છે.

**ભાવાર્થ** : અત્યંત ઊંડા, વિશાળ સ્ત્રીરૂપી સમુદ્રમાં

સમગ્ર વિશ્વના દેવ-દાનવ મનુષ્યાદિ ડૂબી ગયેલા છે. અર્થાત્ સ્ત્રીના હાવભાવ રૂપલાવણ્યમય શૃંગાર રસના રસિયા લોકો સ્ત્રીના ભોગવિલાસમાં જ અત્યંત આસક્ત બને છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી પોતાની પત્ની કુરુમતિને મૃત્યુના સમય સુધી સ્મરણ કરતો કરતો સાતમી નરકમાં ગયો, સ્ત્રીના અત્યંત રાગવશ થયેલા અનંત આત્માઓ સંસારમાં ભ્રમણ કરે છે. અને સ્ત્રીના રાગમાંથી મુક્ત બનેલા જંબુકુમાર, સ્થૂલિભદ્ર, વજૂસ્વામી આદિ મહાત્માઓ સ્ત્રી વિષયક રાગ સમુદ્રમાં ડૂબ્યા વિના પણ તેમાંથી ક્ષેમકુશળ બહાર નીકળી ગયા અને બીજા અનેક જીવોને પણ તે કામવાસનામાંથી બહાર ખેંચી લીધા. જેમ જંબુકુમારે પોતાની આઠ પત્નીઓ, માતા-પિતા, સાસુ-સસરા અને પ્રભવાદિ પાંચસો ચોરોને પણ પ્રતિબોધ આપી સંયમી બનાવ્યા.

**दरे दूरतरे वास्तु खड्गधारोपमं व्रतम् ।**
**हीनसत्त्वस्य ही चिंता, स्वोदरस्यापि पुरणम् ॥१६॥**

તલવારની ધાર ઉપર ચાલવા જેવું કઠોર સંયમ વ્રતનું પાલન તો દૂર, અતિ દૂર રહો પણ સત્ત્વહીન પુરુષ પોતાના ઉદરપુરણની ચિંતામાં રહે છે.

**ભાવાર્થ** : સર્વ-પુરુષાર્થમાં સત્ત્વની પ્રધાનતા છે. સંયમ વ્રત, નિયમ લેવા છતાં સત્ત્વહીનને તેના પાલનનો વિચાર પણ આવતો નથી, તે કઠોર વ્રત સંયમથી ભય પામે છે. ખરેખર સત્ત્વહીન પુરુષોનો ધર્મમા અધિકાર પણ નથી કેમ

કે સત્ત્વ રહિત તેઓ પોતાનાં ભરણપોષણમાં પણ અસમર્થ સતત તેની ચિંતા કરતા રહે છે અને કેવી કેવી રીતે દીનતાપૂર્વક લોકોને રીઝવવા માટે પ્રયત્ન કરે છે તે બતાવે છે.

**यत् तदर्थंगृहस्थानां, बहुचाटुशतानि सः ।**
**बहुधा च करोत्युच्चैः, श्वेव दैन्यं प्रदर्शयन् ॥१७॥**

કારણ કે તે પોતાના ઉદર પોષણ માટે અનેક રીતે કૂતરાની જેમ દીનતા દેખાડતો ગૃહસ્થોની ખુશામતો કરે છે.

**त्वमार्या त्वं च माता मे, त्वं स्वसा त्वं पितुःष्व सा ।**
**इत्यादिज्ञातिसंबन्धान्, कुरुषे दैन्यमाश्रितः ॥१८॥**

તું મારી સાસુ છે, તું મારી માતા છે, તું મારી બેન છે, તું ફોઈ છે. આ પ્રમાણે દીનતાનો આશ્રય કરનારો તે જ્ઞાતિ સંબંધો સ્થાપિત કરે છે.

**अहं त्वदीयपुत्रोऽस्मि कवलैस्तव वर्धितः ।**
**तव भागरहरश्चैव जीवकस्ते तवेहकः ॥१९॥**
**एवमादीनि दैन्यानि, क्लीबः प्रतिजनं मुहुः ।**
**कुरुते नैकशस्तानि, कःप्रकाशयितुं क्षमः ? ॥२०॥**
**(युग्मम्)**

તે કાયર પુરુષ અન્ય પુરુષો સામે જોઈને દીનતાપૂર્વક કહેતો રહે છે, હું તમારો પુત્ર છું, તમારા ભોજનના કોળિયા ખાઈને મોટો થયો છુ, હું તમારો ભાગીદાર છું, તમારો આશ્રિત છું, તમારો ચાહક પ્રેમપાત્ર છું. એમ પ્રત્યેક મનુષ્ય

પાસે વારંવાર અનેક પ્રકારની જે ખુશામતો કરે છે. તેને કોણ કહેવા સમર્થ બની શકે ? અર્થાત્ કહી શકાય એમ નથી.

**ભાવાર્થ** : સત્ત્વહીન પુરુષ પોતાના ઉદરપોષણ વગેરે માટે પણ લોકોને રીઝવવા અનેક દીનતાભરી પ્રાર્થનાઓ કરે છે. ખુશામતો કરે છે. ભાટ-ચારણની જેમ બિરદાવલી બોલે છે. "તમે ભામાશા જેવા દાનવીર છો. જગડુશા જેવા દયાળુ છો હું દીન-દુઃખિયો છું તમે ગરીબોના બેલી મિત્ર છો. અનેકોનાં દુઃખ તમે દૂર કર્યા છે. તમારું નામ સાંભળીને આવ્યો છું." બેનોને જોઈ કહે : "તમે મારી મા છો, સાસુ છો, બેન છો, ફોઈ છો", ભાઈઓને ઉદ્દેશી બોલે "તમે જ મારા પિતા છો, ભાઈ છો, હું તમારો પુત્ર છું, ભાઈ છું, ભાગીદાર છું. હું તમારો દાસ છું તમે જ મારા સ્વામી છો" આ રીતે જ્ઞાતિ-સંબંધો સ્થાપી લોકોને ખુશ કરે છે અને પોતાની સુખશીલતા પોષે છે.

**आगमे योगिनां या तु, सैंही वृत्तिः प्रदर्शिता ।**
**तस्यास्त्रस्यति नाम्नापि, का कथाऽऽचरणे पुनः ॥२१॥**

શાસ્ત્રોમાં યોગીઓને જે સિંહ જેવી વૃત્તિ ધારણ કરવાનું કહ્યું છે તેના નામથી પણ સત્ત્વહીન સાધુ ત્રાસ પામે છે તો પછી આચરણમાં મૂકવાની વાત જ ક્યાં ?

**ભાવાર્થ** : આચારાંગદિ સૂત્રોમાં મુનિ જીવનની દિનચર્યા, પાંચ મહાવ્રતો, પાંચ જ્ઞાનાદિ આચારો, અષ્ટપ્રવચનમાતા દશ પ્રકારના ક્ષમાદિ ધર્મો, સત્તર પ્રકારના સંયમાદિનું વિસ્તૃત

વર્ણન છે. તેનું વિશુદ્ધ આચરણ સિંહ જેવી વૃત્તિવાળા મુનિઓ જ કરી શકે છે. (૧) સત્ત્વશાળી સાધુ ભગવંતો જ સિંહની વૃત્તિથી ચારિત્ર ગ્રહણ કરી સિંહવૃત્તિથી પાળે છે. (૨) કેટલાક સિંહવૃત્તિથી દીક્ષા લે છે પણ પાલનમાં શિયાળ જેવા શિથિલ બને છે. (૩) કેટલાક શિયાળ વૃત્તિવાળા પણ દીક્ષા લીધા પછી ગુરુના ઉપદેશથી સિંહની જેમ ચાલે છે. (૪) ચોથા શિયાળવૃત્તિથી ચારિત્ર લે છે અને પાલનમાં પણ સત્ત્વહીન હોવાથી શિયાળ જેવા જ હોય છે. તેઓ સિંહવૃત્તિના નામ શ્રવણથી પણ ભય પામે છે. જેમ સિંહનું નામ સાંભળીને ડરપોક જીવો ભાગી જાય છે, તેમ કઠોર સંયમની વાતથી પણ સત્ત્વહીન સાધુઓ ત્રાસ પામે છે, તો પાલન ક્યાંથી કરી શકે ?

**किन्तु सातैकलिप्सुः स, वस्त्राहारादिमूर्च्छया ।**
**कुर्वाणो मन्त्रतन्त्रादि, गृहव्याप्तिं च गेहिनाम् ॥२२॥**
**कथयंश्च निमित्ताद्यं, लाभालाभं शुभाशुभम् ।**
**कोटिं काकिणिमात्रेण हारयेत् स्वं व्रतं त्यजन् ॥२३॥**
**(युग्मम्)**

- પરન્તુ શાતાનો લોભી તે શિથિલ સાધુ વસ્ત્ર પાત્ર ઈષ્ટ ભોજનાદિની આસક્તિથી મંત્ર-તંત્રાદિનો પ્રયોગ કરે છે. ગૃહસ્થોના ઘરની ચિંતા રાખે છે તથા અષ્ટાંગ નિમિત્તાદિ કહે છે. ગૃહસ્થોના વ્યાપારાદિમાં લાભ-હાનિ, શુભ કે અશુભ ફળ બતાવે છે. આ રીતે પોતાના વ્રતને ત્યજતો એક કાકિણી

માટે કરોડ ધન હારી જાય છે.

**ભાવાર્થ** : સત્ત્વહીન સાધુ શુદ્ધ સંયમનું પાલન કરતો નથી. પરન્તુ સુખશીલતા, શાતાગારવ, ઋદ્ધિગારવ અને રસગારવના કારણે ઈષ્ટમિષ્ટ ભોજન, સુંદર વસ્ત્રપાત્રાદિ પ્રાપ્ત કરવા માટે ગૃહસ્થોને મંત્રતંત્ર બતાવે તથા તેના ઘરની અનેક પ્રકારે ચિંતા કરતો રહે. જ્યોતિષાદિ વડે આમ કરવાથી વ્યાપારમાં લાભ થશે અને આમ કરવાથી નુકસાની જશે. અન્ય પણ શુભાશુભ ફળ બતાવે. આ પ્રમાણે સંયમ-વ્રતની અપેક્ષા નહિ રાખતો, ષડ્ જીવનિકાયના જીવોની હિંસા થાય તેવા સાવદ્ય વ્યાપારનો ઉપદેશ આપતો, વ્રતોની વિરાધના કરતો મુનિ દુર્ગતિનું આયુષ્ય બાંધી ભવભ્રમણ કરે છે, ખરેખર! એક કાકિણી માટે એક કરોડની પુણ્ય સંપત્તિ હારી જાય છે.

**चारित्रैश्वर्य संपन्नं, पुण्यप्राग्भारभाजनम् ।**
**मूढबुद्धिर्न वेत्ति स्वं, त्रैलोक्योपरिवर्तिनम् ॥२४॥**

પરન્તુ મૂઢ બુદ્ધિવાળો તે સાધુ પોતે એવા મહાન ચારિત્રરૂપ સામ્રાજ્યથી યુક્ત છે. જે પ્રકૃષ્ટ પુણ્યપુંજના ભંડારરૂપ છે અને ત્રણે લોકમાં શ્રેષ્ઠ છે તે વાત જાણતો નથી.

**ભાવાર્થ** : સમગ્ર લોકમાં શ્રેષ્ઠ અને સારભૂત તત્ત્વ, પરમ ઐશ્વર્યરૂપ ચારિત્ર છે. શ્રી તીર્થંકર ભગવંતોએ શ્રી આચારાંગ સૂત્રના લોકસાર અધ્યયનમાં કહ્યું છે કે ચક્રવર્તી મહારાજા પણ તૃણની જેમ છ ખંડની ઋદ્ધિ ત્યજી ચારિત્ર

ગ્રહણ કરે છે. બાર મહિનાના ચારિત્ર પર્યાયમાં મુનિ જે આત્મ-વિશુદ્ધિનો પ્રકર્ષ પ્રાપ્ત કરે છે, તેના પ્રભાવે અનુત્તરવાસી દેવના સુખથી અધિક આત્મિક સુખનો અનુભવ તેને થાય છે. તે પછી શુક્લ શુક્લત્તર લેશ્યાનો આનંદ અનુભવે છે.

તે વિશુદ્ધ ચારિત્રના પ્રભાવે જ મુનિ ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ, કેવલજ્ઞાન અને મોક્ષનું શાશ્વત સુખ પણ એ જ ભવમાં પામી શકે છે. અથવા પ્રકૃષ્ટ પુણ્યનો સંચય થવાથી તીર્થંકરનામકર્મનો બંધ કરી, ત્રીજા ભવમાં તીર્થંકર પદ પામી, તીર્થસ્થાપના કરી, અનેક ભવ્યોને તારે છે. અને સ્વયં પણ મોક્ષસુખ પામે છે. મૂઢબુદ્ધિવાળા સાધુને આ ચારિત્રનું મહત્ત્વ સમજાયું નથી તેથી "હું ત્રિલોકનો સ્વામી ચારિત્રવાન આત્મા છું" આ હકીકત એ જાણી શકતો નથી.

**ततश्च भिक्षुकप्रायं, मन्यमानो विपर्ययात् ।**
**भावनिःस्वधनेशानां, ललनानि करोत्यसौ ॥२५॥**

તેથી વિપર્યાસના યોગે પોતાને એક ભિખારી તુલ્ય માનતો તે મુનિ વિશુદ્ધ ભાવરૂપી ધનથી રહિત એવા શ્રીમંતોની ખુશામતો કરે છે.

**ભાવાર્થ :** મોહની મૂઢતા- અજ્ઞાનતાના કારણે સત્ત્વહીન સાધુને વિપર્યાસ-મિથ્યાજ્ઞાનથી ચારિત્રની સર્વોપરિતાનું જ્ઞાન નહિ હોવાથી તે પોતાને એક ભિક્ષુકરૂપે માને છે અને તેથી ભાવદરિદ્રી એવા ધનવંતોની પાસે ભોજન, વસ્ત્ર, પાત્રાદિ મેળવવા તેમની ખુશામતો કરે છે. પર વસ્તુઓની સ્પૃહા

જ અનેક દુઃખોને ઉત્પન્ન કરે છે. લોકોની નજરમાં સ્પૃહાવાન વ્યક્તિ તૃણ અને કપાસની જેમ  હલકો ગણાય છે.

**प्रशान्तस्य निरीहस्य, सदानन्दस्य योगिनः।**
**इन्द्रादयोऽपि ते रंकप्रायाःस्युः किमुतापराः ? ॥२६॥**

જે શાન્તવૃત્તિવાળા છે, જેમણે સ્પૃહા ત્યજી છે અને જે સદા આનન્દમાં મગ્ન રહે છે એવા યોગીની આગળ ઈન્દ્ર આદિ પણ રંક જેવા ગણાય છે. તો બીજાની તો વાત જ શી ?

**ભાવાર્થ** : બાહ્યવૃત્તિઓ-વિષયકષાયોથી ઉત્પન્ન થતી ચિત્તવૃત્તિઓ શમી જતાં પરમશાન્ત રસના પાન વડે તૃપ્ત બનેલા, સ્પૃહાના અભાવે સુખમાં લીન થયેલા અને સદા પરમાનંદમાં મગ્ન બનેલા મુનિની આગળ ઈન્દ્રાદિ દેવો અને રાજા મહારાજાઓ પણ ભિખારી જેવા લાગે છે. તો બીજા શ્રીમંતો તુચ્છ રંક જેવા દેખાય તેમાં નવાઈ શી ?

**किं विभुत्वेन किं भोगै,: किं सौन्दर्येण किं श्रिया ।**
**किं जीवितेन जीवानां, दुःखं चेत प्रगुणं पुरः ॥२७॥**

જો જીવોને ભાવિમાં દુઃખ અવશ્ય આવવાનું હોય તો રાજ્ય સત્તા, સૌંદર્ય, ભોગસામગ્રી, સંપત્તિ અને જીવનથી પણ શું ?

**ભાવાર્થ** : ભવિષ્યમાં નરકનિગોદમાં ભયંકર દુઃખોની તીવ્રવેદના ઉત્પન્ન કરનારા વિષયવિલાસના ભૌતિક સુખો અને ક્ષણિક રાજ્ય વૈભવ શું કામના ? વિપુલ ભોગ સામગ્રી મળી જાય તોપણ તેનાથી દુઃખ ટળતું નથી તથા પોતાને

અત્યંત સુંદર સનત્કુમાર જેવું રૂપ - સૌંદર્ય મળી જાય કે અઢળક ધનસંપત્તિ પણ મળી જાય તો પણ ભાવિમાં આવનારી આપત્તિનું નિવારણ તેનાથી થઈ શકતું નથી. આ રીતે પાપાનુબંધી પુણ્યના યોગે વૈભવ, રાજ્ય, ઋદ્ધિ, રૂપ-સૌંદર્ય, ભોગસામગ્રી અને સંપત્તિ ઘણા લાંબા સમય સુધી ભોગવવા મળતી હોય તો પણ, પરભવમાં મળતાં દુઃખોનું નિવારણ તેનાથી થઈ શકતું નથી માટે ઘણું લાંબુ જીવન પણ વધુ પાપ બંધાવનાર હોઈ અનર્થકારી છે. તેથી તે સર્વ નિષ્ફળ છે.

**नार्थ्यते यावदैश्वर्यं, तावदायाति संमुखम् ।**
**यावदभ्यर्थ्यते तावत्, पुनर्याति पराङ्मुखम् ॥२८॥**
**अधैर्यादिविचार्येदमिच्छाव्याकुलमानसः ।**
**हा हा हेति तदर्थं स, धावन् धावन् न खिद्यते ॥२९॥**

**(युग्मम्)**

જ્યાં સુધી ઐશ્વર્ય મેળવવાની સ્પૃહા નથી હોતી ત્યાં સુધી તે સામેથી આવે છે. પરંતુ જ્યારે તેને મેળવવાની ઝંખના જાગે છે. ત્યારે તે ઐશ્વર્ય પરાઙ્મુખ થઈ ચાલ્યું જાય છે. ખેદની વાત એ છે કે અધીરતાને યોગે આ વસ્તુનો વિચાર કર્યા વિના ઈચ્છાથી અત્યંત વ્યાકુળ મનવાળો થયેલો પ્રાણી ધન સંપત્તિ મેળવવા દોડાદોડ કરતો થાકતો નથી.

**ભાવાર્થ** : સંસારી પ્રાણી, પ્રકૃતિના નિયમથી અજ્ઞાત હોવાથી રાતદિવસ ધનસંપત્તિની અત્યંત લાલસાથી તેની પ્રાપ્તિ માટે જેમ જેમ પ્રયત્ન કરે છે, તેમ તેમ સંપત્તિ દૂર ભાગે છે. પરંતુ જ્યારે તે સંતોષ ધારણ કરી ધર્મ પુરુષાર્થ-દાન, શીલ, તપ, ભાવાદિનું સેવન કરે છે. ત્યારે તે જ

ધન - ઐશ્વર્ય સામેથી આવે છે. "ત્યાગે તેની આગે, માંગે તેહથી ભાગે" એ વાતને ધીરતાથી વિચારનાર મનુષ્ય ન્યાયપૂર્વક વ્યાપાર કરી સુખી બને છે. અને ધૈર્ય વિનાના લોકો નિર્મળ વિચાર કર્યા વિના આકુળવ્યાકુળ થઈ ધન માટે ચારે બાજુ દોડધામ કરી દુઃખી બને છે.

**स्थिरो धीरस्तु गम्भीरः संपत्सु च विपत्सु च ।**
**बाध्यते न च हर्षेण, विषादेन न च क्वचित् ॥३०॥**

યોગી સ્થિર-ધીર અને ગંભીરતા ગુણોથી યુક્ત હોવાથી ક્યારે પણ સંપત્તિ સમયે હર્ષિત અને વિપત્તિ વખતે વિષાદથી વ્યાકુળ થતો નથી.

**ભાવાર્થ** : મુનિ ભગવંતો શાસ્ત્રના નિત્ય અધ્યયન, અધ્યાપન અને શાસ્ત્રોક્ત સંયમ અનુષ્ઠાનોમાં સતત પ્રવૃત્ત હોવાથી સ્થિરતા, ધીરતા અને ગંભીરતાદિ ગુણોને ભાવિત બનાવે છે. ગમે તેવા પ્રસંગોમાં પણ તેઓ પોતાના સમતાગુણને છોડતા નથી. સન્માન કે સજ્જનો તરફથી કરાતા ગુણગાનાદિ પ્રસંગોમાં હર્ષ કરતા નથી, તથા વિકટ પ્રસંગોમાં અને દુર્જનો તરફથી થતી નિંદા, તિરસ્કાર, અપમાનાદિ સમયે વિષાદ કરતા નથી પણ સદા સમભાવમાં જીવે છે. કહ્યું પણ છે.

**विपत्तौ किं विषादेन, संपत्तौ हर्षणेन किं ।**
**भवितव्यं भवत्येव, कर्मणो गहना गतिः ॥**

વિપત્તિમાં ખેદ અને સુખસંપત્તિના સમયે હર્ષ કરવાની શી જરૂર છે ? ભવિતવ્યતા પ્રમાણે જે કાર્ય થવાનું હોય

તે અવશ્ય થાય છે, કર્મની ગતિ અત્યંત ગહન છે.

**ये सिद्धा ये च सेत्स्यन्ति, सर्वे सत्त्वे प्रतिष्ठिताः।**
**सत्त्वं विना हि सिद्धिर्न प्रोक्ता कुत्रापि शासने ॥३१॥**

જે કોઈ ભૂતકાળમાં સિદ્ધ થયા છે, જે મહાત્માઓ ભવિષ્યમાં સિદ્ધ થશે, તે સર્વમાં સત્ત્વ ગુણ સ્થિર બનેલો હતો. અર્થાત્ તે સર્વ સત્ત્વશાળી હતા. કારણ કે સત્ત્વ વિના સિદ્ધિ મળતી નથી. કોઈના શાસનમાં પણ સત્ત્વ વિના સિદ્ધિ કહી નથી, માની નથી.

**ભાવાર્થ** : સત્ત્વશાળી પુરુષોમાં જ ધીરતા, નિશ્ચલતા ગંભીરતાદિ ગુણો હોય છે. સત્ત્વ વિના વિનય, વિદ્યા, વિવેક, વિતરાગતા આદિ ગુણો ઉત્પન્ન થતા નથી. વિનય-ભક્તિથી સમ્યગ્દર્શન થાય છે. વિદ્યા વિવેક સમ્યગ્ જ્ઞાનરૂપ છે અને વૈરાગ્ય સમ્યગ્ ચારિત્ર ગુણને વિકસાવે છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ જ મુક્તિનો માર્ગ છે તેની પૂર્ણતા એ જ મુક્તિ કહેવાય છે. જે કોઈ સિદ્ધિ પદને પામ્યા છે, પામે છે, પામશે તે સર્વે પરમ સત્ત્વગુણમાં પ્રતિષ્ઠિત થઈ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રની પૂર્ણતા પામીને જ સિદ્ધ થયા છે, અને સિદ્ધ થશે. સત્ત્વમાં સર્વ ગુણો પ્રતિષ્ઠિત છે. સત્ત્વ ગુણ વિના કોઈ પણ દર્શનમાં સિદ્ધિ બતાવી નથી. મુમુક્ષુ સાધકોએ સત્ત્વગુણને ભાવિત બનાવી ધ્યાન અને સમાધિમાં પરમાત્મા સાથે તન્મય બનવા પ્રયત્ન કરવો જોઈએ.

**एवमेव सुखैनेव सिध्यन्ति यदि कौलिकाः ।**
**तद्गृहस्थादयोऽप्येते, किंन सिध्यन्ति, कथ्यताम् ॥३२॥**

સત્ત્વ કેળવ્યા વિના જો એમ જ સુખપૂર્વક કોઈ વામમાર્ગીઓ સિદ્ધિ મેળવી શકતા હોય તો આ ગૃહસ્થો વગેરે પણ સિદ્ધિ કેમ ન પામે ? તે કહો.

**ભાવાર્થ** : જો બાહ્ય વિષયોથી મળતા સુખ ભોગવનાર વામમાર્ગીઓ, કર્મયુક્ત થઈ, સિદ્ધ થઈ શકતા હોત તો વિષયસુખ ભોગવતા બધા ગૃહસ્થો પણ સિદ્ધ થવા જોઈએ તેમને સિદ્ધ થવામાં કોણે રોકી શકે ?

**सुखाभिलाषिणोऽत्यर्थं, ग्रस्ता ऋद्धयादि गौरवैः ।**
**प्रवाहवाहिनो ह्यत्र, दृश्यन्ते सर्वजंतवः ॥३३॥**

સંસારમાં સર્વ જીવો ઇન્દ્રિયસુખના અત્યંત અભિલાષાવાળા રસ,ઋદ્ધિ શાતાગારવથી ગ્રસ્ત થયેલા સુખની ઇચ્છાથી, કંચન અને કામિની પાછળ નદીના પ્રવાહની જેમ દોડતા દેખાય છે. ઘણાં લોકો જે કાર્ય કરે છે, તે જોઈ તેવી પ્રવૃત્તિ કરવી તે લોકપ્રવાહ છે.

**ભાવાર્થ** : ભૌતિક સુખના અભિલાષી સંસારી પ્રાણીઓ પ્રાયઃ ઋદ્ધિ, રસ અને શાતાની ગૃદ્ધિવાળા હોય છે, થોડી પણ સંપત્તિ મળતા પાંચે ઇન્દ્રિયોના ઇષ્ટ વિષયો મેળવવા અને તેને આસક્તિપૂર્વક ભોગવવા પ્રયત્ન કરે છે. કંચન અને કામિનીને જ સુખના સાધનો માને છે. અને તેવા લોકપ્રવાહને જોઈ તેનું જ અનુસરણ કરે છે.

**एवमेव सुखेनैव, सिद्धिर्यदि च मन्यते ।**
**तत्प्राप्तौ सर्वजन्तूनां, तदा रिक्तो भवेद् भवः ॥३४॥**

જો આ પ્રમાણે ઇન્દ્રિયસુખથી જ મોક્ષપ્રાપ્તિ માનવામાં આવે તો સર્વ સંસારી જીવોને મોક્ષ પ્રાપ્ત થઈ જાય, અને સંસાર ખાલી થઈ જાય.

**ભાવાર્થ** : વામમાર્ગી આદિ દર્શનોમાં બાહ્ય સુખથી મુક્તિ માનવામાં આવે છે તેનું નિરાકરણ કરે છે.

બાહ્ય ઇન્દ્રિય - સુખ શાતા વેદનીય કર્મથી ઉત્પન્ન થાય છે અને તે શાતા દયા,દાનાદિ ધર્મઅનુષ્ઠાનોના આરાધનથી બંધાય છે. વિષય-જન્યસુખ ક્ષણિક છે. પરવસ્તુ અને પરવ્યક્તિની અપેક્ષા રાખે છે. પરની અપેક્ષા મહાદુઃખ છે છતાં તેમાં સુખની કલ્પના મિથ્યાભ્રમ છે. તેમાં આસક્ત બનવાથી આશાતાવેદનીયાદિ. અશુભ કર્મો બંધાય છે. અને વિષય સુખના ત્યાગથી- જે આત્માનું સુખ, આનંદ અનુભવાય છે. તેની તુલના ઇન્દ્ર, રાજા, મહારાજાનાં સુખ સાથે થઈ શકતી નથી. ભોગસુખથી સંસારભ્રમણા વધે છે, દુઃખની પરંપરા ચાલે છે ઉત્તમ વિવેકી પુરુષો રાજ્ય-સંપત્તિ અને ભોગોને ત્યજી સંયમ સ્વીકારે છે અને તે સંયમના વિશુદ્ધ પાલન વડે સિદ્ધિસુખ પામે છે. પરંતુ બાહ્ય સુખના ભોગથી ક્યારે પણ સિદ્ધિ થતી નથી જો બાહ્ય સુખથી સિદ્ધિ માનવામાં આવે તો સર્વ સંસારી જીવો સિદ્ધ બની જશે અને સંસાર ખાલી થઈ જશે પરંતુ એવું કોઈ કાળે બનતું નથી.

**लोकेऽपि सात्त्विकेनैव, जीयते परवाहिनी ।**
**उद्धूलिकोऽपि नान्येषां, दृश्यतेऽह्नाय नश्यताम् ॥३५॥**

વિશ્વમાં પણ સત્ત્વવાન શૂરવીર સુભટ દ્વારા જ શત્રુની સેના જિતાય છે. જલ્દીથી નાસી છૂટતા બીજાઓનો પત્તો પણ લાગતો નથી.

**ભાવાર્થ :** દુનિયામાં પણ સત્ત્વશાળી શૂરવીર સેનાપતિ, શત્રુની સમગ્ર સેનાને જીતે છે. અને સત્ત્વ વિનાના લોકો શીઘ્ર રણ મેદાનમાંથી નાસી છૂટે છે. તેઓમાં પણ દોડવામાં કુશળ હોય તે, ધૂળ ઉડાવતા ઘોડાની જેમ એવી શીઘ્ર ગતિએ ભાગતા હોય છે જેથી તે બીજાઓને દેખાતા પણ નથી. તેથી તે વધુ કાયર કહેવાય છે.

**लोकोत्तरान्तरंगस्य, मोहसैन्यस्य तं विना ।**
**संमुखं नापरैः स्थातुं, शक्यते नात्र कौतुकम् ॥३६॥**

અલૌકિક એવા મોહશત્રુની સેના સામે સત્ત્વ વિના અન્ય કોઈનાથી ઊભા પણ રહી શકાતું નથી આ બાબતમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

**ભાવાર્થ** : લૌકિક યુદ્ધની જેમ લોકોત્તરમાં અંતરંગ શત્રુરૂપ મોહનો જય પણ સત્ત્વશાળી શૂરવીર એવા મુનિઓ જ કરી શકે છે. સત્ત્વ વિનાના અન્ય લોકો તો મોહની સામે ઊભા પણ રહી શકતા નથી. તેમાં આશ્ચર્ય નથી કારણ કે કાયર પુરુષ મોહને આધીન જ રહે છે.

**सर्वंसिज्ञस्य दीनस्य, दुष्करं प्रतिभासते ।**
**सत्वैकवृत्तिवीरस्य, ज्ञानिनः सुकरं पुनः ॥३७॥**

અજ્ઞાની અને દીન મનુષ્યને સર્વ કાર્ય દુષ્કર જ લાગે

છે; પરંતુ સત્ત્વને જ પોતાનું જીવન માનનારા સત્ત્વશાળી જ્ઞાની પુરુષને બધું કાર્ય સહેલું જ લાગે છે.

**ભાવાર્થ :** અજ્ઞાન દશામાં રહેલો જીવ ભવાભિનંદી-સંસારના વિષયોમાં આસક્ત બનેલો દીન-યાચનાશીલ હોય છે.

ભિખારીની જેમ તે વિષયોની ભીખ માંગતો રહે છે. તેને પરોપકારાદિ, દયા, દાનાદિ ધર્મકાર્ય કરવામાં ઉત્સાહ જાગતો નથી તે આળસ અને પ્રમાદને વશીભૂત થઈ સત્કર્મ કરતો નથી. જ્ઞાન વિના ધર્મમાં, કે આત્મકલ્યાણના કાર્યમાં પુરુષાર્થ થતો નથી. જેની પાસે જ્ઞાન અને સત્ત્વ નથી તેને બધાં જ કાર્યો અત્યંત દુષ્કર લાગે છે પરંતુ જે પુરુષો તત્ત્વજ્ઞાની અને સત્ત્વશાળી છે, તેઓ પરમવીર-પરાક્રમી હોય છે. તેમને ધર્મ, યોગ, ધ્યાનાદિ અનુષ્ઠાનો કરવામાં આનંદ આવે છે. ગ્રંથિભેદ, સમ્યગ્, દર્શન, જ્ઞાન, અને ચારિત્રાદિ સદ્‌ગુણોને તેઓ સહજતાથી પામે છે. સંયમ અને તપમાં અપ્રમત્તપણે પ્રબળ પુરુષાર્થ કરીને તેઓ અનુક્રમે ક્ષપક શ્રેણી, કેવલજ્ઞાન અને સિદ્ધિનું અક્ષય, અનંત, અવ્યાબાધ, શાશ્વત સુખ પણ પામે છે. જ્ઞાની સત્ત્વશાળી પુરુષોને સર્વ કાર્ય સરળ હોય છે.

**द्वित्रास्त्रिचतुरा वापि यदि सर्वजगत्यपि ।**
**प्राप्यन्ते धैर्यगाम्भीर्योदार्यादिगुणशालिनः ॥३८॥**

સમગ્ર વિશ્વમાં ધીરતા, ગંભીરતા, ઉદારતાદિ સદ્‌ગુણોથી યુક્ત સત્ત્વશાળી પુરુષો જો પ્રાપ્ત થાય તો બે-ત્રણ જ

મળે અથવા ત્રણ-ચાર જ પ્રાપ્ત થાય.

**ભાવાર્થ** : સત્ત્વશાળી- જ્ઞાની પુરુષો જ ધીરતા,ગંભીરતા ઉદારતા, ક્ષમા, કરુણાદિ ગુણોને ધારણ કરે છે. તેઓ જ આત્માના પરમાનંદમય સ્વભાવનો સ્વયં અનુભવ કરે છે અને અન્ય સાધકોને પણ આત્મસ્વભાવની ઓળખાણ કરાવી તેમને પરમાનંદ પ્રાપ્ત કરવાની સાધના બતાવે છે. જ્ઞાનસારમાં કહ્યું છે : તત્ત્વજ્ઞાની, સત્ક્રિયામાં તત્પર, ઉપશમ ભાવમાં સદા રહેનારા, મૈત્રી આદિ ભાવોથી આત્માને ભાવિત બનાવનારા અને જિતેન્દ્રિય મુનિઓ સ્વયં સંસારસાગરથી તરે છે અને બીજા જીવોને પણ તારવા સમર્થ બને છે પરંતુ વિષમ કાળમાં સ્વપર શ્રેય સાધનારા ઉત્તમ પુરુષો વિરલ મળે છે.મળે તો બે ત્રણ મળે અથવા ત્રણ ચાર જ મળે છે. કારણ કે લોક અને લોકોત્તરમાં કલ્યાણ - કામી જીવો થોડા જ હોય છે. જેમ ઝવેરીઓ થોડા હોય છે તેમ મુમુક્ષુ આત્મસાધકો પણ સદા અલ્પ સંખ્યામાં જ હોય છે.

**बाहुल्येन तदाभासमात्रा अपि कलौ कुतः ।**
**बुसप्रायैस्तु लोकोऽयं पूरितो भवपूरकैः ॥३९॥**

ઉપર કહ્યા તેવા તો નહિ પણ તેનો આભાસ જેમનામાં દેખાય તેવા પુરુષો પણ આ કલિકાળમાં વિપુલ સંખ્યામાં ક્યાંથી હોય ? કારણ કે આ લોક તો સંસારના જન્મમરણના ફેરા પૂરા કરનાર સત્ત્વહીન જીવોથી ભરેલો છે.

**ભાવાર્થ** : સત્ત્વશાળી ગીતાર્થ-જ્ઞાની પુરુષોનો આ

વિષમ કલિકાળમાં વિરહ પડ્યો છે, એટલું જ નહિ પણ તેમના ગુણોનો આભાસ કરાવનારા ધૈર્ય, ગાંભીર્ય અને ઔદાર્ય ગુણવાળા ઉત્તમ પુરુષો પણ અલ્પ સંખ્યામાં જ હોય છે. આ સંસારમાં ઘણા ખરા લોકો હિંસાદિ ઘોર પાપોનું સેવન કરી રહ્યા છે, વિષયોની વાસનાને વશીભૂત છે, કષાયોથી ઘેરાયેલા છે, બાહ્ય સુખોમાં આસક્ત અને દેહભાવથી ગ્રસ્ત છે આવા જીવોમાં કોઈ પણ સદ્‌ગુણનું વાસ્તવિક રીતે પ્રગટીકરણ ક્યાંથી થઈ શકે ? અચરમાવર્તમાં રહેલા ભવાભિનંદી જીવોની સદા વિપુલ સંખ્યા હોય છે. ગુણહીન અને સત્ત્વહીન જીવો અમૂલ્ય મનુષ્ય જન્મને પણ નિષ્ફળ બનાવે છે. ખરેખર જન્મ મરણના ફેરા પૂરા કરનારા નિસત્ત્વજીવોથી જ આ સંસાર ભરેલો છે. તેવા જીવો પ્રત્યે મૈત્રી - કરુણાયુક્ત માધ્યસ્થ ભાવ રાખવો એ જ જ્ઞાનીપુરુષોની પ્રેરણા છે.

**मानुष्यं दुर्लभं लब्ध्वा, ये न लोकोत्तरं फलम् ।**
**गृह्णन्ति सुखमायत्यां, पशवस्ते नरा अपि ॥४०॥**

જેઓ દુર્લભ મનુષ્યજન્મ પામીને પણ ભવિષ્યમાં સુખ આપનાર લોકોત્તર ફળને ગ્રહણ કરતા નથી તેઓ આકારથી મનુષ્ય હોવા છતાં પશુ છે

**ભાવાર્થ :** પૂર્વભવના પ્રકૃષ્ટ પુણ્યોદયે મળેલા અતિશય દુર્લભ એવા મનુષ્ય જન્મને પામવા છતાં જેઓ અજ્ઞાન અને પ્રમાદથી ધર્મમાં પુરુષાર્થ કરતા નથી, પણ કંચન અને કામિનીમાં આસક્ત બને છે, વિષય અને કષાયોને આધિન

થઈ હિંસાદિ ઘોર પાપો કરે છે, તેઓ પોતાનો પરભવ સુધારી શકતા નથી. ધર્મ નહિ કરવાથી ભાવિમાં સુખો મેળવી શકતા નથી પરંતુ નરક અને તિર્યંચ ગતિના દુઃખો જ ભોગવે છે. તેઓ આકારથી મનુષ્ય હોવા છતાં પશુ સમાન જીવન જીવવાથી પશુ છે. ગ્રન્થકાર મહર્ષિએ ભાવ - કરુણાથી પ્રેરિત થઈ તેવા મનુષ્યોને ધર્મમાં ઉદ્યમ કરાવવા અને ભાવિમાં તેમના આત્માને સુખી બનાવવા માટે ઉપાલંભપૂર્વક આ પ્રેરણા આપી છે.

**तत्पुनर्मोक्षदो धर्मः, शीलांगवहनात्मकः ।**
**प्रतिश्रोतः प्लवात् साध्यः, सत्वसारैकमानसैः ॥४१॥**

અઢાર હજાર શીલાંગના વહન - ધારણ કરવારૂપ મોક્ષ આપનાર એવા ધર્મને, સામે પૂર તરવાની વૃત્તિથી સત્ત્વશાળી પુરુષો જ સાધી શકે છે.

**ભાવાર્થ** : ચારિત્ર ધર્મ મોક્ષસાધક છે અને તેના ભેદો વિસ્તારથી શાસ્ત્રોમાં બતાવેલા છે. તેમાં શીલાંગના અઢાર હજાર ભેદો છે. તેનું ઉત્કૃષ્ટ આરાધન, અત્યંત સત્ત્વશાળી પુરુષો જ કરી શકે છે. ચારિત્રનું વિશુદ્ધ પાલન તલવારની ધાર ઉપર ચાલવા જેવું કઠિન છે. દુષ્કર છે, નદીના પ્રવાહ સામે ચાલવાની જેમ કઠિન છે, અત્યંત સત્ત્વ વડે જ વિશુદ્ધ સંયમ પાળી શકાય છે.

શ્રી જિનેશ્વર ભગવંતોએ સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગ બતાવ્યો છે. ત્રણે મળીને મોક્ષસાધક બને છે. ચારિત્ર, સર્વ ગુણોમાં પ્રધાન છે તેના વિના મુક્તિ

મળતી નથી તેથી અઢાર હજાર શીલાંગના વિશુદ્ધ પાલનથી ચારિત્ર ગુણની વિશુદ્ધિ અનુક્રમે વધે છે.

ભગવતી આદિ શાસ્ત્રોમાં ચારિત્ર પર્યાયની વૃદ્ધિથી ઉત્તમ મુનિને આત્મિક સુખની પણ અનુક્રમે વૃદ્ધિ બતાવી છે. માટે મુમુક્ષ સાધકે સંયમની વિશુદ્ધિને મેળવવા પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ.

**ततः सत्त्वमवष्टभ्य त्यक्त्वा कुग्राहिणां ग्रहम् ।**
**क्रियतां भोः ! सुधर्मस्य करणायोद्यमः सदा ॥४२॥**

હે ભવ્ય લોકો ! તે કારણથી તમે સત્ત્વનું આલંબન લઈ હઠાગ્રહીઓના કદાગ્રહને ત્યજી શ્રેષ્ઠ ધર્મનું આચરણ કરવા સદા ઉદ્યમ કરતા રહો.

**ભાવાર્થ** : સત્ત્વનું મહત્ત્વ સમજાવી, ધર્મ - પુરુષાર્થ દ્વારા મોક્ષના શાશ્વત સુખને પ્રાપ્ત કરવા ઉદ્યમવંત બનવાનો ઉપદેશ જ્ઞાની પુરુષો આપે છે.

આ વિશ્વમાં અનેક મતમતાંતરોના જુદા જુદા મંતવ્યો, ધર્મના ભેદો-પ્રભેદો છે તે જાણી વિભ્રમમાં પડશો નહિ. પણ દુરાગ્રહનો સર્વથા ત્યાગ કરી ધર્મનું સત્ય સ્વરૂપ સમજી સમ્યગ્ દર્શન, જ્ઞાન ચારિત્રમય- રત્નત્રયી અથવા તેના સાધનભૂત અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનું આરાધન કરવા-પ્રબળ પ્રયત્ન કરવો, સત્ત્વગુણ એ આત્માની વીર્યશક્તિને સૂચવે છે. વીર્યાચારનાં પાલનથી વીર્યગુણ પુષ્ટ થાય છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચારના આઠ આઠ પ્રકારો અને તપાચારના બાર પ્રકાર સ્વરૂપ અનુષ્ઠાનોના સેવનથી, પણ વીર્યાચારનું જ પાલન થાય છે, વીર્યગુણ વિકસે છે.

ચોથા પ્રસ્તાવમાં સત્ત્વ ગુણને વિકસાવવા માટે સત્ત્વ ગુણનું વિશેષ મહત્ત્વ બતાવ્યું છે. તેનું કારણ આ છે કે ક્ષમા, સમતા, શ્રદ્ધા જ્ઞાન, વિરતિ આદિ સર્વ ગુણો સત્ત્વ - પરાક્રમ વડે પ્રાપ્ત થાય છે. સત્ત્વ વિના અનાદિથી અભ્યસ્ત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયાદિ દોષોનો નાશ થઈ શકતો નથી અને મિથ્યાત્વાદિ દોષોના નાશ વિના સમ્યગ્ દર્શનાદિ ગુણો પ્રગટ થતા નથી. પ્રાપ્ત થયેલા ગુણોની રક્ષા, શુદ્ધિ અને વૃદ્ધિ પણ સત્ત્વ ગુણથી જ થઈ શકે છે.

સત્ત્વ ગુણના વિકાસથી સાધકમાં ધીરતા, વીરતા, ગંભીરતા, નિશ્ચલતા વધે છે તેના પ્રભાવે સાધક વિષય કષાયો તરફ દોડતા અતિ દુર્જય એવા મનને પણ જીતે છે, પરમાત્માનાં ધ્યાનમાં સ્થિરતા અને આત્મસ્વભાવમાં લીનતા પ્રાપ્ત કરી પરમાનંદને અનુભવે છે. જે મુનિ મહાત્મા અતિ દુઃસહ, ધીર પુરુષોને પણ વ્યાકુળ બનાવનાર એવા પરિષહો અને ઉપસર્ગોને જીતે છે તે સત્ત્વશાળી મુનિ જ અંતરંગ મોહ સૈન્ય ઉપર વિજય મેળવી આત્માના કેવલજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ગુણની, પૂર્ણતા પામે છે તથા અઘાતી કર્મોનો પણ ક્ષય કરી અનુક્રમે શાશ્વત સુખરૂપ મુક્તિ મેળવે છે. માટે સત્ત્વ વડે ધર્મમાં ઉદ્યમશીલ બનવું અનિવાર્ય છે.

■■■

# पंचम प्रस्ताव
## भावशुद्धि जनकोपदेशः

**कायेन मनसा वाचा, यत्कर्म कुरुते यदा ।**
**सावधानस्तदा तत्त्वधर्मान्वेषी मुनिर्भवेत् ॥१॥**

તત્ત્વભૂત ધર્મનું સૂક્ષ્મ દૃષ્ટિએ અન્વેષણ કરનારો મુનિ જ્યારે પણ મન, વાણી અને કાયા વડે જે કાંઈ ક્રિયા કરે ત્યારે સાવધાન થઈને જયણાપૂર્વક કરે.

**ભાવાર્થ** : સંસારમાં ધર્મ જ સાર છે. આલોક અને પરલોકમાં સંયમ ધર્મ જ સ્વ-પરને હિતકારી, કલ્યાણકારી સુખકારી છે. સંયમની વિશુદ્ધિ જયણાપૂર્વકની પ્રવૃત્તિ કરવાથી થાય છે જયણાનો અર્થ બીજા જીવોને સહેજ પણ પીડા ન થાય તેવી કાળજીપૂર્વકની પ્રવૃત્તિ. આવા કરુણાયુક્ત પરિણામોથી ચારિત્રગુણ ઉત્તરોત્તર શુદ્ધ બને છે. પૂજ્ય ગ્રન્થકારશ્રી પંચમ પ્રસ્તાવમાં ભાવશુદ્ધિના ઉપાયો બતાવે છે, તેમાં સર્વ પ્રથમ ઉપયોગ શુદ્ધિનો નિર્દેશ છે. ધર્મનું રહસ્ય જાણનારો મુનિ મન, વાણી અને કાયા વડે જે કોઈ પ્રવૃત્તિ કરે તે ઉપયોગપૂર્વક - જયણાપૂર્વક કરે તેથી કોઈ પણ જીવને પીડા ન થાય અને સર્વ જીવોનું હિત થાય. એવું ચિંતન કરે, એવું વચન બોલે, અને કાયાથી પણ પરોપકાર, સેવાદિ એવા કાર્યો કરે જેથી સ્વ-પરનું શ્રેય જ થાય.

**इष्टानिष्टेषु भावेषु, सदा व्यग्रं मनो मुनिः ।**
**सम्यग् निश्चयतत्त्वज्ञः, स्थिरीकुर्वीत सात्त्विकः ॥२॥**

નિશ્ચય તત્ત્વને સમ્યગ્ રીતે જાણનારો, સત્ત્વશાળી મુનિ ઈષ્ટ અને અનિષ્ટ પદાર્થોમાં સદા વ્યગ્ર બનેલા મનને પ્રયત્નપૂર્વક સ્થિર કરે.

**ભાવાર્થ** : મન, વચન અને કાયાની પ્રવૃત્તિમાં સાવધાની રાખવાનાં સાધનો અનુક્રમે બતાવે છે. સર્વ પ્રથમ મનની ચપળતા દૂર કરી શુભ આલંબનમાં - અરિહંતાદિ નવપદો અને જીવાદિ નવતત્વોના ચિંતન અને ધ્યાનમાં મનને સ્થિર બનાવવું જોઈએ.

પ્રાથમિક ભૂમિકાવાળા સાધકોનું ચિત્ત વિક્ષિપ્ત હોય છે. ઈષ્ટ વસ્તુઓ કે વ્યક્તિઓ પ્રત્યે રાગ અને અનિષ્ટ વસ્તુઓ કે વ્યક્તિ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થવાથી ચિત્ત તેના જ સંકલ્પ- વિકલ્પોમાં વ્યગ્ર બનેલું હોય છે. તેમાંથી પ્રયત્નપૂર્વક ખસેડી શુભ ધ્યાનમાં સ્થિર બનાવવું જોઈએ.

શ્રી અરિહંત પરમાત્મા અને સિદ્ધ ભગવંતોના જ્ઞાનાદિ ગુણો તેમના ઉપકારોનું ચિંતન તથા તેમના નામનું સ્મરણ અને મૂર્તિનું દર્શનાદિ કરવાથી તેમજ પ્રભુના ગુણોની સ્તુતિ કરવાથી મનની ચપળતા દૂર થાય છે. તથા જીવાદિ તત્ત્વોના ચિંતનથી પણ મન સ્થિર થાય છે.

**अशुभं वा शुभं वापि, स्वस्वकर्मफलोदयम् ।**
**भुंजानानां हि जीवानां, हर्ता कर्ता न कश्चन ॥३॥**

સંસારી સર્વ જીવો - પોતપોતાના પૂર્વકૃત શુભ કે અશુભ કર્મોના ઉદયથી સુખ કે દુઃખ ભોગવે છે, અન્ય કોઈ તેનો કર્તા કે દૂર કરનારો નથી.

**ભાવાર્થ** : પરમતારક તીર્થંકર પરમાત્માએ આત્મા અને કર્મનો સંબંધ અનાદિ કાળથી ક્ષીરનીરના જેવો બતાવ્યો છે.

સર્વ સંસારી જીવો પોતાના પૂર્વકૃત શુભાશુભ કર્મોનું ફળ ભોગવે છે. અશુભ કર્મોના ઉદયથી જીવો નરક તિર્યંચ ગતિમાં જઈ અનેક પ્રકારની પીડાઓ ભોગવે છે મનુષ્ય અને દેવભવમાં પણ નીચ કુળમાં ઉત્પન્ન થઈ શારીરિક-માનસિક રોગ શોક-સંતાપાદિ અનુભવે છે. કોઈક જીવ ક્યારેક પુણ્યકર્મના ઉદયે સુર-નર ભવમાં ઋદ્ધિ-સમૃદ્ધિ પામી સુખ સાતા ભોગવે છે અને તે વિષયસુખમાં ગાઢ આસક્તિ કરે છે અને પુનઃ દુર્ગતિમાં જઈ દુઃખી થાય છે.

સર્વ જીવો પોતપોતાના શુભાશુભ કર્મોનું ફળ સુખદુઃખ ભોગવે છે. તે સુખ-દુઃખનો કરનારો કે હરનારો નિશ્ચયથી અન્ય કોઈ નથી. પોતાનાં કરેલાં કર્મો જ ભોગવવા પડે છે.

**मृतप्रायं यदा चित्तं, मृतप्रायं यदा वपुः ।**
**मृतप्रायं यदाऽक्षाणां, वृन्दं पक्वं तदा सुखम् ॥४॥**

સાધકનું ચિત્ત જ્યારે મૃતપ્રાય થઈ જાય, શરીર પણ મૃતપ્રાય થઈ જાય, અને ઈન્દ્રિયો પણ મૃતપ્રાય થઈ જાય ત્યારે સમાધિ દશામાં આત્મિક સુખ પરિપક્વ થયું છે, એમ જાણવું.

**ભાવાર્થ** : યોગશાસ્ત્ર, ધ્યાન-વિચારાદિ ગ્રન્થોમાં ઉન્મનીકરણાદિમાં યોગી આત્માનું સહજ સુખ અનુભવે છે. તે સુખની પરિપક્વ અવસ્થાને જાણવાનો ઉપાય બતાવે છે. સર્વ પ્રથમ ધ્યાનનો અભ્યાસી પરમાત્માનું સાલંબન ધ્યાન કરે છે. તેના દીર્ઘકાલીન અભ્યાસથી મન સુશ્લિષ્ટ અને સુલીન અવસ્થાને પામે છે. અર્થાત્ ધ્યેયમાં મન અત્યંત લીન બને છે. ત્યારે આનંદ-પરમાનંદનો અનુભવ થાય છે. તે પછી ચિત્ત વિકલ્પરહિત બને છે. વિકલ્પ એ મનનો ખોરાક છે. તેનો નિરોધ થવાથી ઉન્મનીભાવ પ્રગટે છે. તેમાં ચિત્ત મૃતપ્રાય થાય છે. અર્થાત્ પરમ શાંત નિર્વિકલ્પ દશામાં યોગી પરમસુખ અનુભવે છે. તે અવસ્થામાં યોગીને પોતાનું શરીર પણ નિશ્ચેષ્ટ બનેલું મૃતપ્રાય જણાય છે, ઇન્દ્રિયોના વિષયોનો પણ નિરોધ થઈ જાય છે. તેથી ઇન્દ્રિયાતીત, મનસાતીત પરમાનંદ અને પરમ સુખનો અનુભવ કરનારો યોગી મુક્તાત્માતુલ્ય શોભે છે.

(યોગશાસ્ત્ર પ્ર-૧૨)

**आजन्माज्ञानचेष्टाः स्वा, निन्द्यास्ता प्राकृतैरपि ।**
**विचिन्त्य मूढ । वैदग्ध्यगर्वं कुर्वन लज्जसे ॥ ५॥**

હે મૂર્ખ ! સામાન્ય લોકોથી પણ નિંદનીય એવી જન્મથી આરંભેલી અત્યાર સુધીની કરેલી અજ્ઞાનજન્ય ચેષ્ટાઓનો વિચાર કર્યા પછી પણ પંડિતપણાનો ગર્વ કરતા શરમાતો નથી ?

**ભાવાર્થ** : સાધનાનું મૂળ નમ્રતા છે. અભિમાન સર્વ

દોષોને ઉત્પન્ન કરે છે અને ક્ષમા-નમ્રતાદિ ગુણોનો અવરોધ કરે છે. તે અહંકાર સાધકને સાધનાનો પણ આવી શકે છે. તેને રોકવાનો ઉપાય બતાવે છે.

સ્વદુષ્કૃતની ગર્હા અને પર - સુકૃતની અનુમોદનાપૂર્વક પરમાત્માનું શરણગમન જ અહંકારનો મૂળથી નાશ કરે છે. સ્વદુષ્કૃતની આત્મસાક્ષીએ નિંદા અને ગુરુસાક્ષીએ ગર્હા કરવાથી પૂર્વકૃત પાપ ચેષ્ટાઓથી બાંધેલા અશુભ કર્મોનો ક્ષય થાય છે. માટે જન્મથી આરંભી આજ સુધી કરેલી લોકનિંદનીય અજ્ઞાનજન્ય ચેષ્ટાઓને વિચાર્યા પછી તને તારી વિદ્વત્તાનો અભિમાન થતો હોય તો તે શરમજનક છે. જ્યાં સુધી રાગાદિ દોષો સંપૂર્ણ નષ્ટ ન થાય ત્યાં સુધી ક્ષયોપશમિક ભાવના જ્ઞાનાદિ ગુણો કે ક્ષમાદિ ધર્મોનો ક્યારે પણ અભિમાન કરવો ઉચિત નથી.

**निरुन्ध्याच्चित्तदुर्ध्यानं, निरुन्ध्यादयतं वचः।**
**निरुन्ध्यात् कायचापल्यं, तत्त्वतल्लीनमानसः ॥६॥**

આત્મતત્ત્વમાં તલ્લીન મનવાળા યોગીએ મનથી થતા અશુભ ધ્યાનનો, અસંયત વચનનો તથા કાયાની ચપળતાનો નિરોધ કરવો.

**ભાવાર્થ** : સમાધિ દશામાં પરમાત્માના ધ્યાન વડે આત્મ સ્વભાવના આનંદમાં મગ્ન બનનારો યોગી મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓના નિરોધનો સતત અભ્યાસ કરે છે. ચિત્તમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પ્રવેશ

ન પામે તે માટે સતત પરમાત્માના ગુણોનું ચિંતન કરતો રહે છે. તેમજ જીવાદિ તત્ત્વોનું ચિંતન અને મૈત્ર્યાદિ ભાવનાઓને ભાવિત બનાવે છે. તથા હિત-મિત-મધુર ભાષાના પ્રયોગ દ્વારા વાણીના દોષો દૂર કરે છે. કાયાની ચપળતા દૂર કરવા માટે સત્તર પ્રકારે સંયમ અને અનશનાદિ તપના અનુષ્ઠાનોનું આચરણ કરે છે.

ગમનાગમનાદિમાં ઈર્યાસમિતિ આદિ અષ્ટ પ્રવચન માતાનું ઉપયોગપૂર્વક પાલન કરે છે. આ રીતે મનોગુપ્તિ વચનગુપ્તિ અને કાયગુપ્તિનું આરાધન થવાથી આત્મ સ્વભાવમાં લીનતા થાય છે. વ્યવહાર ચારિત્રની વિશુદ્ધિ વડે સ્વભાવ - રમણતારૂપ નિશ્ચય ચારિત્ર પ્રગટે છે.

**दिनातिवाहिकां कष्टां, दृष्ट्वा बन्द्यादि दुःखिनाम् ।**
**रुद्धमेकान्तमौनाभ्यां तपंश्चित्तं स्थिरीकुरु ॥७॥**

કેદી આદિ દુઃખી પ્રાણીઓની મહાકષ્ટપૂર્વક દિવસો પસાર કરવાની દશા જોઈ, તપ તપતો તું તારા ચિત્તનો એકાન્ત સેવન અને મૌન વડે નિરોધ કરી આત્મસ્વભાવમાં સ્થિર બનાવી દે.

**ભાવાર્થ** : આ દુનિયામાં કેદખાનામાં કેદીઓ અને ગરીબ, દુઃખી, દરિદ્ર લોકો પોતાનો જીવનનિર્વાહ પણ અત્યંત કષ્ટપૂર્વક કરે છે. તેથી તેઓને એક દિવસ પણ વર્ષ જેટલો લાગે છે. તેમની કષ્ટભરી અવસ્થા જોઈ મુનિ ઉગ્ર સંયમ અને તીવ્ર તપ અનુષ્ઠાનોનું આનંદપૂર્વક આચરણ કરે છે.

અશુભ કર્મોની નિર્જરા અને નવા કર્મોના આગમનને રોકવા માટે તપ અને સંયમ જ શ્રેષ્ઠ ઉપાય છે. તેમાં થતું શારીરિક કષ્ટ પણ આત્માને અત્યંત હિતકારી હોવાથી મુનિ સુખરૂપ જણાય છે. નરક અને તિર્યંચ ગતિની તીવ્ર પીડાઓ અને અનંત જન્મમરણનાં દુઃખોમાંથી મુક્ત બનાવનાર હોવાથી શાસ્ત્રવિહિત અહિંસા સંયમ અને તપરૂપ ધર્મ જ આદરણીય છે. એમ જાણી સંયમ તપ કરતો સાધુ એકાન્તવાસ અને મૌન વડે ચિત્તને સ્થિર બનાવી સહજ સમાધિમાં મગ્ન બને છે.

## વાણીના ગુણો

**मुनिना मसृणं शान्तं, प्रांजलं मधुरं मृदु ।**
**वदता तापलेऽशोपि, त्याज्यः स्वस्य परस्यच ॥८॥**

મુનિએ કોમલ, શાન્ત, સરળ, મધુર, સ્નિગ્ધ વચન - બોલવું જોઈએ, જે બોલતાં સ્વ અને પરને લેશમાત્ર સંતાપ ન થાય પણ આનંદ ઉત્પન્ન થાય.

**ભાવાર્થ** : ભાષા સમિતિ અને વચનગુપ્તિનું સ્વરૂપ બતાવે છે. કોઈ પણ પ્રયોજન વિના ન બોલવું પણ મૌન રહેવું જોઈએ. સ્વ-પરના શ્રેય માટે બોલવાનો પ્રસંગ આવે ત્યારે એવી ભાષા બોલવી જોઈએ જેથી પોતાને કે બીજા કોઈને પણ લેશમાત્ર સંતાપ ન થાય. અર્થાત્ કોમલ-શાન્તરસયુક્ત, ઋજુતાયુક્ત સરળ- મધુર- પ્રિય લાગે એવું સ્નિગ્ધ વચન બોલવું, જે વચન સાંભળતાં લોકોને આનંદ ઉત્પન્ન થાય અને વારંવાર સાંભળવાનું મન થાય. સર્વ

પ્રાણીઓને હિતકારી, શ્રેયકારી એવી જિનવાણી જિનાગમ છે. તે અનુસાર શ્રોતાઓને તેની ભૂમિકાને ઉચિત ઉપદેશ આપવો જેથી તેઓ પોતાની શક્તિ અનુસાર ધર્મ આરાધનામાં તત્પર બની શકે. તથા સ્વ-ભૂમિકામાં સ્થિર થઈ- આગળની ભૂમિકાને પણ પામી શકે. સાધકની યોગ્યતાની વૃદ્ધિ થાય તેવો શાસ્ત્રોક્ત ઉપદેશ આપવો ઉચિત છે.

### વાણીના દોષો

**कोमलापि सुसाम्यापि, वाणी भवति कर्कशा।**
**अप्रांजलाऽस्फुटात्यर्थं, विदग्धा चर्विताक्षरा ॥९॥**

કોમળ, સમતાપૂર્વકની વાણી પણ જો વક્ર - અસ્પષ્ટ અત્યંત દોઢ ડહાપણથી, ચીપીચીપીને બોલાય તો કઠોર બને છે. (માટે તેવી વાણી ન બોલવી.)

**ભાવાર્થ** : સ્વ પરને પીડા ન થાય તેવી કોમળ-મધુર વાણી બોલવી તે બતાવ્યું. હવે તેમાં લાગતા દોષોનું નિવારણ કરવાનું કહે છે. નમ્રતાપૂર્વક સમતાયુક્ત બોલાતી વાણી પણ જો વક્રતાથી બોલાય અથવા સ્પષ્ટ રીતે ન બોલાય તેમજ વધુ ડહાપણવાળી વાણી બોલાય અથવા અક્ષરો રહી જાય, છૂટી જાય તેવું બોલાય તો શ્રોતાને કર્કશ લાગે છે, કઠોર ભાષાની જેમ તે શ્રોતાઓને પ્રિય ન લાગે, ગ્રાહ્ય ન બને માટે મુનિએ તેવી ભાષા ન બોલવી. તથા તમે તો મોટા પંડિત છો, તમારી હોડ કોણ કરી શકે ? તેવી વ્યંગભરી ભાષા અને અસ્પષ્ટ-ગૂઢ ભાષા બોલવાથી શ્રોતાને વિષયનો સ્પષ્ટ બોધ થતો નથી. પણ વધુ મૂંઝવણ ઉત્પન્ન થાય છે. માટે વાણી સ્વ-પર હિતકારી સરળ, મધુર અને સ્પષ્ટ, બોલવી જેથી શ્રોતાને ગ્રાહ્ય બને.

## ઔચિત્યનું મહત્ત્વ

**औचित्यं ये विजानन्ति, सर्वकार्येषु सिद्धिदम् ।**
**सर्वप्रियंकरा ये च, ते नरा विरला जने ॥१०॥**

જેઓ સર્વ કાર્યોમાં સિદ્ધિ આપનાર ઔચિત્યને જાણે છે, અને સર્વનું પ્રિય કરે છે તેવા મનુષ્યો વિરલ હોય છે.

**ભાવાર્થ** : સર્વ જીવો પ્રત્યે ઉચિત વર્તન કરવું એ ઔચિત્ય કહેવાય છે અને તે લૌકિક, લોકોત્તર સર્વ કામોમાં સિદ્ધિ અપાવે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ઔચિત્ય ગુણની પ્રધાનતા છે. તે સ્વયં ગ્રન્થકારશ્રી આગળ બતાવે છે. તે ઔચિત્ય ગુણનું મહત્ત્વ સમજીને જે પુરુષો સર્વ લોકો પ્રત્યે ઉચિત વર્તન કરે છે તેઓ સર્વને અત્યંત પ્રિય બને છે. પરોપકાર, પાપજુગુપ્સા, ઔદાર્ય, દાક્ષિણ્યાદિ ગુણોવડે તે સર્વનું શ્રેય કરે છે. લોકપ્રિયતા ગુણ દ્વારા તે અન્ય લોકોને પણ લોકોત્તર ધર્મમાં પ્રીતિ પેદા કરાવે છે, તે સ્વયં જિનધર્મનો દૃઢ અનુરાગી હોવાથી અન્ય ઘણા લોકોને જૈન ધર્મમાં દૃઢ બનાવે છે.

ઔચિત્ય ગુણને ધારણ કરનારા ઉત્તમ પુરુષો જ જિનશાસનની શોભા વધારી મહાન શાસનપ્રભાવના કરે છે પણ તેવા ઉત્તમ આત્માઓ વિરલ હોય છે.

## ધર્મનું મૂળ

**औचित्यं परमो बन्धुरौचित्यं परमं सुखम् ।**
**धर्मादिमूलमौचित्य,मौचित्यं जनमान्यता ॥११॥**

ઔચિત્ય ગુણ જીવોનો બન્ધુ છે, ઔચિત્ય પરમ સુખ છે. ધર્મનું આદિ મૂળ પણ ઔચિત્ય છે તેમજ ઔચિત્યથી જ લોકમાન્યતા પ્રાપ્ત થાય છે

**ભાવાર્થ** : ઔચિત્ય ગુણ આત્માનો પરમ બન્ધુ છે. જેમ સગો ભાઈ પોતાના ભાઈને આપત્તિમાં સહાયક બને છે, તેમ ઔચિત્ય ગુણવાળો સાધક પ્રત્યેક જીવ સાથે ભ્રાતૃભાવ રાખી ઉચિત આચરણ કરતો તેને યોગ્ય સહાય કરે છે. ઔચિત્ય પરમ સુખ છે. ઔચિત્યના પાલનથી જ સાધક પરમ સુખ પામે છે. શ્રી તીર્થંકર ભગવંતોએ ઔચિત્ય ગુણને ધર્મનું આદિ કારણ કહ્યું છે. તે જ સર્વ ગુણોનું મૂળ છે. સાધક સર્વ જીવો પ્રત્યે ઉચિત વર્તન કરવાથી ધર્મનો આરાધક કહેવાય છે અને તે ઔચિત્યના પ્રભાવથી જ સર્વને માનનીય બને છે. શ્રી તીર્થંકર ભગવંતોમાં ઔચિત્ય ગુણની પરાકાષ્ઠા હોવાથી તેઓ ત્રણે લોકને પૂજનીય બને છે તેમજ તેમનું પરમ હિતકર વચન સર્વને માન્ય બને છે. જીવનમાં ઔચિત્ય ગુણને વિકસાવવો જોઈએ.

**कर्मबन्धदृढश्लेषं सर्वस्याप्रीतिकं सदा ।**
**धर्मार्थिना न कर्तव्यं, वीरेण जटिनी यथा ॥१२॥**

બીજા જીવોને (આપણા નિમિત્તે) અપ્રીતિ ઉત્પન્ન થાય એવું કાર્ય આત્માને ગાઢ કર્મબંધ કરાવનાર હોવાથી ક્યારે પણ ધર્માર્થી જીવોએ કરવું ન જોઈએ. જેમ ભગવાન મહાવીર દેવે તાપસની અપ્રીતિનું નિવારણ કર્યું.

**ભાવાર્થ** : ઔચિત્યના પાલનથી લોકપ્રિયતા પ્રાપ્ત થાય છે. અનુચિત વર્તનથી લોકોને અપ્રીતિ થાય છે માટે ધર્માર્થી સાધકે ક્યારે પણ એવું કાર્ય ન કરવું જેથી કોઈને પણ અપ્રીતિ ઉત્પન્ન થાય. જેમ છદ્મસ્થ અવસ્થામાં ભગવાન શ્રી મહાવીરસ્વામી મહારાજાએ તાપસની અપ્રીતિના નિવારણ માટે પ્રથમ ચાતુર્માસમાં પણ વિહાર કર્યો હતો.

બીજાને પીડા આપવાથી જેમ તીવ્ર અસાતા વેદનીય કર્મ બંધાય છે તેમ બીજા જીવોને અણગમો ઉત્પન્ન કરતું કાર્ય કરવાથી તીવ્ર અશુભ કર્મો બંધાય છે. માટે મુમુક્ષુ સાધક કોઈને પણ અપ્રીતિ પેદા થાય એવું કાર્ય ક્યારે પણ કરતો નથી; પરંતુ તે સર્વ પ્રત્યે ઉચિત આચરણ કરતો સર્વને પ્રિય અને માન્ય બને છે.

### સદાચારનું મહત્ત્વ

**बीजभूतं सुधर्मस्य, सदाचार प्रवर्तनम् ।**
**सदाचारं विना स्वैरिण्युपवासनिभो हि सः ॥१३॥**

સદાચારનું આચરણ ધર્મનું બીજ છે. સદાચાર વિનાનો ધર્મ કુલટા નારીના ઉપવાસ જેવો છે. એટલે લોકોમાં ઉપહાસપાત્ર બને છે.

**मूर्तो धर्मः सदाचारः सदाचारोऽक्षयो निधिः ।**
**दृढंधैर्यं सदाचारः सदाचारः परं यशः ॥१४॥**

સદાચાર મૂર્તિમંત ધર્મ છે, સદાચાર અક્ષય ગુણોનો ખજાનો છે, સદાચાર નિશ્ચલ ધૈર્ય છે, અને સદાચાર

પરમ યશ છે.

**ભાવાર્થ** : સદાચાર-પાલનનું મહત્ત્વ શાસ્ત્રોમાં વિસ્તારથી કહ્યું છે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ અહીં સમજાવે છે.

ધર્મનું મૂળ બીજ સદાચારનું પાલન છે. સદાચારરૂપી બીજ વિના જેમ ધર્મ ઉત્પન્ન ન થાય તેમ સદાચાર વિના તેની વૃદ્ધિ પણ ન થાય. સદાચાર વિના ધર્મ શોભા પામતો નથી. માટે સાધકો જ્ઞાનાદિ પાંચ આચારોનું સદા સેવન કરે છે. આઠ પ્રકારે જ્ઞાનાચારનું પાલન કરવાથી મતિ-શ્રુતજ્ઞાનની શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. તેના પ્રભાવે કેવલજ્ઞાન પણ પ્રાપ્ત થઈ શકે છે. તથા આઠ પ્રકારના દર્શનાચારનું આચરણ ક્ષાયિક સમયગ્દર્શન પ્રાપ્ત કરાવે છે.

સમિતિ ગુપ્તિરૂપ ચારિત્રાચારના પાલનથી યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થાય છે. બાર પ્રકારના તપના આચરણથી શુક્લ ધ્યાન પ્રગટે છે અને વીર્યાચારનું પાલન આત્મવીર્યની પુષ્ટિ અને શુદ્ધિ કરે છે. અર્થાત્ જ્ઞાનાદિ પાંચે આચારોનું આરાધન અત્યંત ઉલ્લાસ અને આદર બહુમાનપૂર્વક કરવું. જેથી ક્ષાયિક ભાવે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યની અનંતતા પ્રાપ્ત થાય.

**જ્ઞાનાદિ પાંચે આચારોનું પાલન એ જ સદાચાર છે અને તે સાક્ષાત્ ધર્મ છે એટલે અતીન્દ્રિય ધર્મ પણ સદાચારના પાલનથી જાણી શકાય છે, અનુભવી શકાય છે. સદાચારના આરાધનથી અક્ષય-અનંત અવ્યાબાધ સુખનું નિધાન આત્માને અવશ્ય મળે છે. માટે સદાચાર જ અક્ષય ભંડાર છે.**

સદાચારના પાલક સાધકના યશ-કીર્તિ જગતમાં પ્રસરે છે. સદાચાર એ પરમ યશરૂપ છે. સદાચારના પાલનથી ધૈર્ય ગુણ નિશ્ચલ બને છે. સાધક ઘોર પરિષહ અને ઉપસર્ગોને સમતાથી સહન કરી કર્મશત્રુઓને પરાસ્ત કરે છે તેમજ ધૈર્યના બળે પરમાત્માના ધ્યાનમાં તન્મયતા સાધી આત્મસ્વરૂપમાં નિશ્ચલ બની પરમાનંદનો અનુભવ કરે છે માટે મુમુક્ષુએ સદાચારનું અવશ્ય આચરણ કરવું જોઈએ.

**लोभमुन्मूलयन्मूलादप्रमत्तो मुनिः सदा ।**
**क्षयोपशमिके भावे, स्थितोऽनुत्सक्तां व्रजेत् ॥१५॥**

ક્ષાયોપશમિક ભાવમાં રહેલો અપ્રમાદી મુનિ લોભનું મૂળથી ઉન્મૂલન કરતો ઉત્સુકતારહિત બને છે.

**ભાવાર્થ** : સાધનામાં વિક્ષેપ કરનારા દોષોનું નિવારણ કરવા સર્વપ્રથમ ઉત્સુકતાને ત્યજવા પ્રેરણા આપે છે.

મુનિ અપ્રમત્ત અવસ્થામાં આત્મસ્વભાવનો પરમાનંદ અનુભવે છે પરંતુ અન્તમુહૂર્ત પછી પુનઃ પ્રમાદદશા પ્રાપ્ત થતાં ક્રોધાદિ કષાયો ઉદયમાં આવવાથી આત્મા પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે. માટે ક્ષાયોપશમિક ભાવમાં રહેલો મુનિ લોભ અને શેષ કષાયોનો મૂલથી ક્ષય કરવા પ્રબળ પુરુષાર્થ કરે છે છતાં આ જન્મમાં તેનો ક્ષય ન થાય તો તેના પ્રતિપક્ષી ક્ષમાદિ ગુણોને વિકસાવી ઉદયમાં આવેલા ક્રોધાદિને નિષ્ફળ બનાવવા  સમતાનો નિરંતર અભ્યાસ કરે, મારા કર્મોનો ક્યારે ક્ષય થશે ? ક્યારે કેવળજ્ઞાન અને

મોક્ષ પ્રાપ્ત થશે ? તેની ઉત્સુકતાનો પણ મુનિ ત્યાગ કરે કારણ કે ઉત્સુકતા ચિત્તને ચપળ બનાવે છે. ચિત્તની ચપળતા સહજસમાધિનો ભંગ કરે છે, માટે મુનિ નિરુત્સુકતાને સેવે.

**संसारसरणिर्लोभो, लोभः शिवपथाचलः ।**
**सर्वदुःखखनिर्लोभो, लोभो व्यसनमन्दिरम् ॥१६॥**
**शोकादीनां महाकन्दो लोभः क्रोधानलानिलः ।**
**मायावल्लिसुधाकुल्या मानमत्तेभवारुणी ॥१७॥**

લોભ સંસારનો માર્ગ છે. લોભ મોક્ષમાર્ગનો અવરોધક પર્વત છે. લોભ જ સર્વ દુઃખોની ખાણ છે લોભ જ સર્વ સંકટોનું ઘર છે. લોભ જ શોક ભય અરતિ આદિને ઉત્પન્ન કરનાર કંદ છે; અને ક્રોધાગ્નિને પ્રજ્વલિત કરવા પવનતુલ્ય છે. માયારૂપી વેલડીઓને વધારવા માટે મીઠી અમૃત નીક છે. માનરૂપી મદોન્મત્ત હાથીને વધુ પાગલ બનાવનાર મદિરા તુલ્ય આ લોભ છે.

**ભાવાર્થ** : ઉત્સુકતા લોભથી ઉત્પન્ન થાય છે માટે લોભની અનર્થકતા બતાવે છે. લોભ જ સંસારનું મૂળ છે. સંસારના જીવોને લોભ જ પરિભ્રમણ કરાવે છે. લોભ જ સંસારનું મુખ્ય દ્વાર છે અને લોભની તીવ્રતા હોય છે ત્યાં સુધી આત્મશુદ્ધિની સાધના થઈ શક્તી નથી. દુનિયામાં સર્વ પ્રકારના દુઃખો લોભ જ ઉત્પન્ન કરે છે એટલે કે લોભી મનુષ્ય હિંસાદિ ઘોર પાપો કરીને આ ભવ અને પરભવમાં દુઃખની પરંપરા મમ્મણ શેઠ કે બ્રહ્મદત્તાદિની જેમ સર્જે છે. લોભના

કારણે અનેક સંકટોનો સામનો કરવો પડે છે. વિષયોની આસક્તિ, ધનસંપત્તિની મૂર્ચ્છા-શરીરની સુખશીલતા, કીર્તિની કામના, રાજ્ય ઋદ્ધિની વાંછા-સ્વર્ગના સુખોની તીવ્ર અભિલાષા વગેરે લોભ જ પેદા કરે છે ઈષ્ટનો વિયોગ કે અનિષ્ટનો યોગ થતાં શોક-ભય-ઉદ્વેગ ચિંતા ઉત્પન્ન થાય છે. જેમ જેમ ઈષ્ટ પુત્રાદિ પરિવાર અને ધનસંપત્તિનો વધુ લાભ થાય છે તેમ તેમ લોભ પણ વધતો જાય છે. લોભ જ ક્રોધ - આવેશને વધારે છે, રાજા મહારાજાઓ એકબીજાના રાજ્યનો કબજો લેવા યુદ્ધસંગ્રામમાં અનેક જનસમૂહનો સંહાર કરે છે. લોભી મનુષ્ય વ્યાપારાદિમાં છળ-પ્રપંચ કરે છે. રાજાઓ, મંત્રીઓ પરસ્પર રાજ્યના લોભથી રાજરમત રમે છે. માયાને ઉત્તેજિત કરનાર લોભ જ છે. તેમજ માનને પણ લોભ જ વધુ દૃઢ કરે છે. જેમ જેમ ધન-સંપત્તિ વગેરે વધે છે તેમ તેમ અભિમાન વધતું જાય છે. આ રીતે લોભની અનર્થકારકતા જાણીને મુનિ પરવસ્તુ માત્રની સ્પૃહા તજે છે.

**त्रिलोक्यामपि ये दोषास्ते सर्वे लोभसंभवाः ।**
**गुणास्तथैव ये केऽपि ते सर्वे लोभवर्जनात् ॥१८॥**

- ત્રણે લોકમાં જે કોઈ રાગદ્વેષાદિ દોષો છે તે સર્વ લોભથી ઉત્પન્ન થાય છે, અને જે કોઈ ક્ષમાદિ ગુણો દેખાય છે તે સર્વ લોભના ત્યાગથી પેદા થાય છે.

**ભાવાર્થ** : લોભ સર્વ દોષોની ખાણ છે તેથી સર્વ પ્રકારના હિંસાદિ અઢાર પાપસ્થાનકો અને બીજા પણ અજ્ઞાન

અવિરતિ પ્રમાદાદિ દોષો લોભના કારણે ઉત્પન્ન થાય છે. કોઈ પણ પરવસ્તુની અપેક્ષા લોભથી પેદા થાય છે. અપેક્ષા ઉત્સુકતા ઉત્પન્ન કરે છે. ઉત્સુકતાથી ચિત્ત આકુળવ્યાકુળ બનતા ધર્મધ્યાનનો પ્રવાહ અટકી જાય છે. લોભના ત્યાગથી નિરપેક્ષતા, નિરુત્સુકતા પ્રાપ્ત થતાં ચિત્ત શાંત બને છે, ધ્યાન સમાધિમાં સ્થિરતા થાય છે. તેના પ્રભાવે સમ્યગ્ દર્શન જ્ઞાન-ચારિત્રાદિ સદ્ગુણો પ્રગટે છે. સમતાની શુદ્ધિ જેમ જેમ વધે છે તેમ તેમ સમ્યક્ત્વાદિ ગુણસ્થાનોમાં જ્ઞાનાદિ ગુણો અને ક્ષમાદિ ધર્મોની શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે માટે મુનિ લોભનો મૂળથી ક્ષય કરવા મુક્તિની ઉત્સુકતાનો પણ ત્યાગ કરે છે. પર પદાર્થની અપેક્ષાઓ - સર્વથા તજે છે.

**नैरपेक्ष्यादनौत्सुक्यमनौत्सुक्याच्च सुस्थता ।**
**सुस्थता च परानन्दस्तदपेक्षां क्षपेद् मुनिः ॥१९॥**

પરની અપેક્ષા તજવાથી નિરુત્સુકતા પેદા થાય છે. ઉત્સુકતાના નાશથી સુસ્થિરતા પ્રગટ થાય છે. સુસ્થતા પરમાનંદરૂપ છે માટે મુનિ સર્વપ્રથમ અપેક્ષાનો ત્યાગ કરે છે.

**ભાવાર્થ** : સહજ સમાધિમાં પરમાનંદનો અનુભવ થાય છે તેના ઉપાયો બતાવે છે. આત્મસ્વભાવથી ભિન્ન કોઈ પણ બાહ્ય પૌદ્ગલિક વસ્તુ મેળવવાની સ્પૃહા અને અપેક્ષાનો મુનિ સર્વ પ્રથમ ત્યાગ કરે છે. તેથી નિરપેક્ષતા ગુણ પ્રગટે છે. તેના પ્રભાવે ઉત્સુકતા નાશ પામે છે. તપ, સંયમ, જ્ઞાન, ધ્યાનના અનુષ્ઠાનોમાં સદા ઉદ્યમશીલ મુનિ તેનું ફળ મેળવવા

પણ ઉત્સુક બનતો નથી. મોક્ષની અભિલાષા પણ ધ્યાનસમાધિમાં નિવૃત્ત થઈ જાય છે તેથી પ્રશાંત સાગરની જેમ આત્મસ્વભાવમાં લીન થઈ મુનિ પરમસુખનો આસ્વાદ કરે છે. માટે સુસ્થતા એ જ પરમાનંદ છે, તે મેળવવા મુનિ અપેક્ષા અને ઉત્સુકતાદિરૂપ લોભનો સર્વથા ક્ષય કરવા પ્રબળ પુરુષાર્થ કરે છે

**अधर्मो जिह्मता यावद्, धर्मः स्याद् यावदार्जवम् ।**
**अधर्मधर्मयोरेतद्द्वयमादिमकारणम् ॥२०॥**

જ્યાં સુધી વક્રતા છે ત્યાં સુધી અધર્મ હોય છે. જ્યાં સુધી સરળતા (ઋજુતા) છે ત્યાં સુધી ધર્મ રહે છે. અધર્મ અને ધર્મના આ બે મુખ્ય હેતુઓ છે

**ભાવાર્થ** : માયા એ અધર્મનું મુખ્ય કારણ છે. જેના જીવનમાં જ્યાં સુધી છલ-પ્રપંચ વક્રતાની પ્રબળતા હોય છે ત્યાં સુધી તેમાં અધર્મ-હિંસાદિ પાપો અને ક્રોધાદિ દોષોની ઉત્કટતા હોવાથી તે જીવ વાસ્તવિક રીતે ધર્મ પામી શકતો નથી. બાહ્ય ક્રિયાકાંડ કરતો હોય છતાં ધર્મનો એક અંશ પણ પેદા થતો નથી. કારણ કે ધર્મનું પ્રધાન કારણ સરળતા છે. જ્યાં સુધી સરળતા ન આવે ત્યાં સુધી ધર્મનો પ્રારંભ થતો નથી. જ્યાં સરળતા હોય ત્યાં ધર્મનો વાસ હોય. ધર્મનું પ્રથમ કારણ સરળતા છે. તેથી સર્વ પ્રથમ સાધકે જીવનમાં સરળતા લાવવી જોઈએ. લોક, લોકોત્તરમાં સર્વત્ર સરળ સજ્જનો પૂજાય છે. સર્વને વિશ્વાસપાત્ર બને છે. વક્રતા અધર્મરૂપ છે વક્ર મનુષ્ય સર્વત્ર અવિશ્વસનીય બને

છે. તેથી માયા વક્રતાનો સર્વથા ત્યાગ કરી સરળ બનવું.

**सुखमार्जवशीलत्त्वं, सुखं नीचैश्च वर्तनम् ।**
**सुखमिन्द्रियसंतोषः सुखं सर्वत्र मैत्र्यकम् ॥२१॥**

સરળતા જ સુખ છે. નમ્ર વર્તન જ સુખ છે. ઇન્દ્રિયના વિષયોમાં સંતોષ જ સુખ છે, અને સર્વ જીવો પ્રતિ મૈત્રીભાવ તે સુખ છે.

**ભાવાર્થ** : જેના જીવનમાં પ્રકૃતિથી જ સરળતા હોય છે, કોઈ પણ પ્રસંગમાં જે બીજા જીવો સાથે લેશમાત્ર પણ છળપ્રપંચ ન કરે તે લોકોને અત્યંત વિશ્વાસપાત્ર બને છે. લોકો પણ તેની સાથે સરળતાથી વર્તે છે. માટે તેનું વર્તમાન જીવન પણ સુખમય બને છે અને પરલોકમાં સદ્ગતિ મળે છે

નમ્રતાપૂર્વક વર્તન કરવું એ પણ પરમ સુખ છે. વિનય એ સર્વ ગુણ રત્નોની ખાણ છે. વિનીત શિષ્ય ગુરુની સેવા કરીને શ્રુત સંપત્તિ પામે છે. શ્રુતના પ્રભાવે ધ્યાનસમાધિમાં લીન બને છે તથા ઇન્દ્રિયના વિષયોથી વિરક્ત બની સંતોષનું સુખ અનુભવે છે.

સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ સુખ છે. સર્વ જીવોનું હિતચિંતન કરવાંથી ચિત્ત અત્યંત પ્રસન્ન રહે છે, સમતાનું પરમ સુખ અનુભવાય છે.

મૈત્રીભાવના ભાવવાથી જીવો પ્રત્યે પરમ પ્રેમ પેદા થાય છે. તેથી સમતા ઉત્પન્ન થાય છે.

**संतुष्टं सरलं सोमं, नम्रं तं कूरगड्डुम ।**
**ध्यायन् मुनिं सदा चित्ते, को न स्याच्चन्द्रनिर्मलः ॥२२॥**

સદા સંતુષ્ટ-સૌમ્ય-સરળ અને નમ્રતા ધારણ કરનારા કરગડુ મુનિનું સદા ચિત્તમાં ચિંતન કરનારો કયો સાધક ચન્દ્ર સમાન નિર્મળ ન થાય.

**ભાવાર્થ** : પૂર્વે કહેલા સરળતા, સૌમ્યતા, સંતોષ અને નમ્રતાદિ ગુણોને પ્રાપ્ત કરવાનો ઉપાય બતાવે છે જે સાધક જેનું ધ્યાન કરે છે, તે તેના સ્વરૂપને પામે છે. અહીં કરગડુ મુનિનાં ધ્યાનનું સૂચન છે. તે મુનિનું જીવન શાસ્ત્રમાં વિસ્તારથી બતાવેલું છે. તેઓ અત્યંત શાંત, નમ્ર, સરળ અને સંતોષી હતાં. પરમ સમતા રસનું સદા પાન કરતા હતા. ક્ષુધા વેદનીય કર્મના ઉદયે તપ કરી શકતા નહિ તેથી સંવત્સરીના દિવસે પણ નોકારસી સમયે આહાર વહોરી ચાર તપસ્વી મુનિઓને દેખાડ્યો. તેઓએ પાત્રામાં થૂંકતા કહ્યુંઃ આજે નવકારસી કેમ કરી ? મુનિ તે ભોજનને અમૃતતુલ્ય માની સમતાપૂર્વક વાપરવા લાગ્યા. સ્વદુષ્કૃતની નિંદા કરતા, શુભ ભાવના ભાવતા, ક્ષપકશ્રેણિ આરોહણ કરી મુનિ કેવલજ્ઞાની બન્યા તે જોઈ ચારે તપસ્વી મુનિઓએ પણ ક્ષમાયાચના કરી આત્મનિંદા કરતા કેવલજ્ઞાન મેળવ્યું.

**सुकुमार सुरुपेण, शालिभद्रेण भोगिना ।**
**तथा तप्तं तपो ध्यायन्, न भवेत् कस्तपोरतः ?॥२३॥**

અત્યંત સુકુમાલ અને અતિ રૂપવાન, ભોગી એવા શાલિભદ્રે પણ સંયમ સ્વીકારી જે તપ કર્યું તેનું ચિંતન કરતો કોણ તપમાં તત્પર ન બને ?

**ભાવાર્થ** : જિનશાસનમાં શાલિભદ્ર શેઠ અત્યંત પ્રસિદ્ધ છે. તેમના જેવી સમૃદ્ધિ શ્રેણિક મહારાજાને પણ ન્હોતી. દેવ જેવું સુખ ભોગવવા છતાં તે સર્વનો ત્યાગ કરી ભગવાન મહાવીર દેવ પાસે ચારિત્ર ગ્રહણ કરી સુકુમાલ દેહ છતાં ઘોર ઉગ્ર તપ તપે છે અને અંતિમ સમયે વૈભારગિરિ ઉપર જઈ અગ્નિ જેવી તપેલી શિલા ઉપર અનશન કરે છે. માખણ જેવી કોમલ કાયા પિગળવા છતાં વિશુદ્ધ પરિણામવાળા શાલિભદ્ર મુનિ સમતાપૂર્વક દેહનો ત્યાગ કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે. એવા ત્યાગી તપસ્વી મુનિના ધ્યાનવડે તેમના તપ-ત્યાગાદિ ગુણો ધ્યાનમાં આવે છે. વૈરાગ્ય, ત્યાગ અને તપની શક્તિ પ્રાપ્ત કરવા સાધકોએ શાલિભદ્ર મુનિનું અવશ્ય ધ્યાન કરવું જોઈએ.

### આત્માને હિતશિક્ષા

**किं न चेतयसे मूढ! मृत्युकालेऽप्युपस्थिते ।**
**विषयेषु मनो यत्ते, धावत्येव निरंकुशम् ॥२४॥**

હે મૂઢ ! મરણ સમય સમીપમાં આવવા છતાં તું કેમ ચેતતો નથી ? હજુ પણ તારું મન વિષયો તરફ નિરંકુશપણે દોડે છે.

**जीविते गतशेषेऽपि, विषयेच्छां वियोज्यते ।**
**चेत्तपः प्रगुणं चेतस्ततः किंचिद् न हारितम् ॥२५॥**

(પરન્તુ) જીવિત લગભગ પૂરું થવા છતાં પણ જો તારું મન વિષયોની ઈચ્છાને તજી તપમાં તત્પર બન્યું હોય તો હજી

પણ કશું જ ગુમાવ્યું નથી.

**ભાવાર્થ :** વિષયોની વિષમતા જગત પ્રસિદ્ધ છે તેથી સાધક પોતાના આત્માને શિખામણ આપતાં કહે છે.

હે મૂઢ - આત્મન્ ! મૃત્યુ સમય ઉપસ્થિત થવા છતાં હજી પણ તારું મન પાંચ ઈન્દ્રિયના ઈષ્ટ વિષયોમાં કેમ રમે છે ? શ્રુત જ્ઞાનરૂપી અંકુશથી તારા મનને વશમાં કેમ કરતો નથી ? (શ્લોક ૨૪)

હે આત્મન્ ! બચેલા શેષ જીવનમાં પણ જો તું વિષયોથી વિરક્ત થઈ બાહ્ય અભ્યંતર તપમાં પ્રબળ પુરુષાર્થ કરવા તારા મનને ઉત્સાહિત બનાવી દે તો તારું શેષ જીવન સફળ થઈ જશે. અને અન્ત સમયમય બની જશે.

**कूटजन्मावतारं स्वं, पापोपायैश्च संकुलम् ।**
**व्यर्थ नीत्वा बताद्यापि धर्मे चित्तं स्थिरीकुरु ॥२६॥**

હે જીવ ! કૂડકપટ અને હિંસાદિ પાપોના સાધનો વડે આ મનુષ્ય જન્મને તેં વ્યર્થ ગુમાવ્યો. પરંતુ હજી પણ ધર્મમાં તારા ચિત્તને સ્થિર કર.

**ભાવાર્થ** : હે જીવ ! તું તારા ભૂતકાળને યાદ કર. તેં આ જીવનમાં કેટલા કૂટ પ્રયોગો, છલ-પ્રપંચો રચીને બીજા ભોળા ભદ્રિક લોકોને છેતર્યા છે ? હિંસા-અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહાદિ અઢાર પાપો સેવન કરીને, તીવ્ર અશુભ કર્મો બાંધીને અને ભાવિમાં તારા આત્માને દુર્ગતિનો અધિકારી બનાવીને આ દુર્લભ મનુષ્યને નિષ્ફળ બનાવ્યો છે. પરંતુ હજી પણ હે ચેતન ! તું જાગૃત થા. આ મોહમાયાને

તજી સંયમધર્મમાં તારા મનને સ્થિર બનાવ. ચારિત્ર ધર્મનું વિધિપૂર્વક પાલન કરવાથી અનેક જન્મોમાં બાંધેલા આઠે કર્મોનો ક્ષય એક જન્મમાં થઈ શકે છે. ચારિત્ર ધર્મનો અપરંપાર મહિમા શાસ્ત્રોમાં બતાવેલો છે. તે ચારિત્ર નિશ્ચયથી સ્વભાવ - રમણતારૂપ છે અને વ્યવહાર ચારિત્ર સમિતિ ગુપ્તિરૂપ છે. તે ચારિત્ર પાળવાથી આત્મસ્વભાવમાં સ્થિરતા થતાં કર્મોનો ક્ષય થાય છે.

**अनन्तान् पुद्गलावर्तान्नात्मन्नेकेन्द्रियादिषु ।**
**भ्रान्तोऽसि च्छेदभेदादिवेदनाभिरभिद्रुतः ॥२७॥**
**साम्प्रतं द्दढीभूय्-सर्वदुःखदवानलम् ।**
**व्रतदुःखं कियत्कालं, सह मा मा विषीद भोः ॥२८॥**

હે આત્મન્ ! તું ભૂતકાળમાં એકેન્દ્રિયાદિ જાતિઓમાં અનંત પુદ્ગલ પરાવર્તન સુધી ભટક્યો છે. અને ત્યાં છેદનભેદન તાડન તર્જનાદિ ઘોર પીડાઓ સહન કરી છે. (૨૭)

હવે વર્તમાનમાં સર્વ દુઃખોને બાળી ભસ્મ કરવામાં દાવાનલતુલ્ય મહાવ્રતોના પાલનમાં પડતા કષ્ટને થોડાક સમય સુધી સમતાથી સહન કરી લે. તેમાં ખેદ કરીશ નહિ.

**ભાવાર્થ :** ચારિત્રના પાલનમાં દઢતા લાવવા માટે ભૂતકાળમાં અનુભવેલા દુઃખોનું સ્મરણ કરવાનું વિધાન છે. અનંત પુદ્ગલ પરાવર્તન સુધી જીવમાત્રને અવ્યવહાર રાશિમાં, અનાદિ સૂક્ષ્મ નિગોદમાં અનંત દુઃખો અવ્યક્તપણે ભોગવવા જ પડે છે. ત્યાંથી નીકળીને બાદર નિગોદમાં આવે છે. તે પછી પૃથ્વીકાયાદિમાં

પણ અનંત છેદન-ભેદનાદિ પીડાઓ વ્યક્ત રીતે ભોગવી છે, તેને યાદ કરી વ્રતપાલનમાં દૃઢ બની જા. આવતા પરિષહ અને ઉપસર્ગોને સમતાથી સહન કરવાથી અનંત ભવમાં બાંધેલા અશુભ કર્મોની પરંપરાનો વિચ્છેદ થાય છે. માટે આવી પડેલાં કષ્ટોને સહન કર. ખેદ-વિષાદ કરીશ નહિ. આમ સાધક સ્વ-આત્માને સમજાવી સંયમ સ્થિરતા પ્રાપ્ત કરવી.

**उपदेशादिना किंचित्, कथंचित् कार्यते परः ।**
**स्वात्मा तु स्वहिते योक्तुं मुनीन्द्रैरपि दुष्कर : ॥२१॥**

ઉપદેશ આદિ દ્વારા કથંચિત્ બીજાને પ્રતિબોધ કરી ધર્મમાં જોડી શકાય છે. પરંતુ પોતાના આત્માને આત્મહિતમાં તત્પર બનાવવો મુનિઓને પણ દુષ્કર છે.

**ભાવાર્થ** : આ જગતમાં દુર્લભ મનુષ્ય જન્મ પામી સ્વ-પરના શ્રેયમાં સતત પ્રયત્નશીલ રહેવું એમાં જ જીવનની સફળતા છે; કેટલાક લોકો ધર્મનો ઉપદેશ આપી બીજા લોકોને પણ ધર્મમાં ઉદ્યત તો બનાવે છે. પરંતુ પોતે તે ઉપદેશ અનુસાર આત્મહિત કરનારા ધર્મમાં પ્રવૃત્તિ કરતો નથી. જેમ અભવ્ય જીવો પણ કોઈક સમયે આચાર્યાદિપદ પામી શિષ્ય પરિવારને શાસ્ત્રની વાચનાદિ દ્વારા પ્રેરણા આપી ધર્મમાં જોડે છે. પરંતુ પોતે મોક્ષતત્ત્વની શ્રદ્ધા પણ કરતો ન હોવાથી, આત્મકલ્યાણ સાધી, શકતો નથી. તેવી રીતે કેટલાક મહામુનિઓ બીજા જીવોને ઉપદેશાદિ દ્વારા ધર્મમાં પ્રેરણા આપવા છતાં પોતાનું આત્મહિત સાધવામાં પ્રમાદ કરે છે. મુનીન્દ્રોને પણ અતિ દુર્લભ આત્મહિત સાધી લેવું એ

જ માનવ જીવનનું મુખ્ય કર્તવ્ય છે. સહુ મુમુક્ષુઓએ સ્વ-પર હિત સાધવામાં તત્પર બનવું જોઈએ.

**यदा दुःखं सुखत्वेन दुःखत्वेन, सुखं यदा ।**
**मुनिर्वेत्ति तदा तस्य, मोक्षलक्ष्मीः स्वयंवरा ॥३०॥**

મુનિ જ્યારે સંયમમાં આવતા દુઃખને સુખરૂપે અને ઇન્દ્રિય-સુખને પણ દુઃખરૂપે જાણે છે ત્યારે મોક્ષ લક્ષ્મી સ્વયં તેને વરે છે.

**ભાવાર્થ** : મુનિને જ્યારે સંયમ અને સ્વાધ્યાયમાં આનંદ આવે છે ત્યારે ગમે તેવા પરિષહ અને ઉપસર્ગો આવી પડે છે, ત્યારે તે દુઃખોને પણ સુખ માનીને સમતાથી સહે છે. જેમ જેમ વધુ કષ્ટ આવે તેમ તેમ સમતાનું સુખ વધતું જાય છે. મુનિ સમજે છે કે આ સંયમમાં આવતું દુઃખ અક્ષય અને અવ્યાબાધ સુખ આપવામાં સમર્થ છે માટે તે દુઃખ પણ પરમ સુખ રૂપ છે. અને ઇન્દ્રિયજન્ય સુખ ભયંકર દુઃખનું કારણ હોવાથી દુઃખરૂપ છે. આવા મુનિને મુક્તિ - વધુ પણ સામેથી આવીને સ્વયં વરે છે. સમાધિ દશામાં લીન બનેલો મુનિ જીવન્મુક્તિના પરમાનંદનો અનુભવ કરે છે.

**सर्वं वासनया दुःखं सुखं वा परमार्थतः ।**
**म्लायत्यस्त्रेक्षणेऽप्येको, हतोऽप्यन्यस्तु तुष्यति ॥३१॥**

પરમાર્થ દૃષ્ટિએ વિચારીએ તો સુખ અથવા દુઃખ એ સર્વ મનની કલ્પના માત્રથી ઉત્પન્ન થાય છે. કારણ કે એક પુરુષ તલવાર આદિ શસ્ત્ર જોઈને જ ક્ષોભ પામે છે, અને એ જ

શસ્ત્રથી હણાવા છતાં બીજો રાજી થાય છે.

**ભાવાર્થ** : મુનિ દુઃખને પણ સુખ અને ભૌતિક સુખને પણ દુઃખરૂપ માને છે તેનું કારણ એ છે કે તેઓ શાસ્ત્ર દૃષ્ટિથી તત્ત્વચિંતન કરે છે.

તત્ત્વ દૃષ્ટિએ વિચારતાં સુખ કે દુઃખ એ માણસની કલ્પનાથી જ ઉત્પન્ન થાય છે. એક જ વસ્તુ એક વ્યક્તિને સુખકારી લાગે છે અને બીજાને તે જ વસ્તુ દુઃખદાયી જણાય છે. જેમ એક કાયર સૈનિક તલવારાદિ શસ્ત્ર જોવા માત્રથી ભય પામે છે. અન્ય શૂરવીર યોદ્ધો યુદ્ધના મેદાનમાં શસ્ત્રથી હણાવા છતાં ખુશ થાય છે. તેવી રીતે શિથિલ સાધુ પરિષહ ઉપસર્ગોની વાત સાંભળીને પણ ભયથી ધ્રૂજે છે. ત્યારે બીજો સંયમી શૂરવીર સાધુ ગજસુકુમાલ અને ખંધક મુનિની જેમ મરણાન્ત કષ્ટ આવવા છતાં આનંદ પામે છે, સમતા રસમાં ઝીલે છે.

**सुखमग्नो यथाकोऽपि, लीनः प्रेक्षणकादिषु ।**
**गतं कालं न जानाति, तथा योगी परेऽक्षरे ॥३२॥**

ભૌતિક સુખમાં મગ્ન થયેલો મનુષ્ય અથવા દેવ જેમ નાટક આદિ જોવામાં કેટલો સમય પસાર થયો તે જાણતો નથી તેમ અવિનાશી એવા પરમાત્માના ધ્યાનમાં લીન થયેલો યોગી વીતેલા કાળને જાણતો નથી.

**ભાવાર્થ** : શાલિભદ્ર જેવા બાહ્ય સુખસંપત્તિ અને ભોગવિલાસમાં મગ્ન બનેલા મનુષ્ય અથવા દેવલોકમાં રહેલા સમૃદ્ધિમાન દેવ નાચગાન, સુરીલા સંગીત વાજિંત્રાદિ સાથે થતા નૃત્યો જોવામાં

સમયનું ભાન ભૂલી જાય છે. કેટલો કાળ પસાર થઈ ગયો તે જાણી શક્તા નથી તેવી રીતે યોગી પણ પરમેશ્વરના ધ્યાનમાં લીન બની પરમ આનંદરૂપ આત્મસમાધિમાં મગ્ન થાય છે ત્યારે સમયની મર્યાદા રહેતી નથી. પરમ આનંદમાં મગ્ન મુનિને અનુત્તરવાસી દેવથી અધિક સુખનો અનુભવ થાય છે. મુક્તિના સુખની વાનગીરૂપ સમાધિસુખ આ જન્મમાં જ અનુભવાય છે. તેની તુલના અન્ય કોઈ પદાર્થ સાથે થઈ શક્તી નથી. કારણ કે સ્વાભાવિક સુખ અનુપચરિત, અનુપમ છે. તેના એક અંશનો અનુભવ પણ સ્વર્ગીય સુખથી અનંતગણું અધિક હોય છે.

**मृगमित्रो यदा योगी, वनवाससुखे रतः ।**
**तदा विषय शर्मेच्छा, मृगतृष्णा विलीयते ॥३३॥**

જ્યારે યોગી હરિણાદિ પશુઓનો મિત્ર બની વનવાસના સુખમાં મગ્ન બને છે ત્યારે વિષયસુખની ઈચ્છારૂપ મૃગતૃષ્ણા સર્વથા નાશ પામે છે.

**वने शान्तः सुखासीनो, निर्द्वन्द्वो निष्परिग्रहः ।**
**प्राप्नोति यत्सुखं योगी, सार्वभौमोऽपि तत्कुतः ॥३४॥**

અત્યંત શાંત, સુખમાં લીન, રાગદ્વેષરૂપ દ્વન્દ્વરહિત, નિષ્પરિગ્રહી જંગલમાં પણ યોગી જે આત્માનું પરમ સુખ અનુભવે છે. તે ચક્રવર્તી મહારાજાને પણ ક્યાંથી હોય ?

**ભાવાર્થ** : વનમાં રહેવાથી સાધનામાં અત્યંત વેગ આવે

છે. જનસંપર્કથી સંકલ્પવિકલ્પોની જાળ ઉત્પન્ન થાય છે. જંગલમાં લોકોનું આગમન નહિ હોવાથી તથા ત્યાં રહેલા પશુઓ મિત્ર હોવાથી સહજ રીતે વિકલ્પો શાન્ત થાય તથા મૃગતૃષ્ણા જેવા ઈન્દ્રિયજન્ય સુખની ઈચ્છા પણ નાશ પામે છે. તેથી પરમ સમાધિમાં નિશ્ચલતા પ્રાપ્ત થાય છે. (૩૩)

વનવાસ કરનારા યોગીના રાગદ્વેષ નાશ પામવાથી તેઓ પરમ શાન્તિ અનુભવે છે, તથા પરિગ્રહના ત્યાગથી સંતોષના સુખમાં સદા મગ્ન રહે છે. આ રીતે યોગી જે સમાધિમાં પરમ સુખ ભોગવે છે તે ઈન્દ્ર અને ચક્રવર્તીને પણ મળતું નથી.(૩૪)

**जन्मभूत्वात् पुलिन्दानां, वनवासे यथा रतिः ।**
**तथा विदिततत्त्वानां यदि स्यात् किमतः परम् ॥३५॥**

પોતાની જન્મભૂમિ હોવાથી જેમ ભીલાદિ લોકોને વનમાં આનંદ આવે તે રીતે તત્ત્વજ્ઞાની પુરુષોને જો વનમાં રહીને સમાધિજન્ય આનંદ મળતો હોય તો તેનાથી અધિક બીજું શું જોઈએ ?

**ભાવાર્થ** : પૂર્વના મહર્ષિઓ ધ્યાનસમાધિમાં નિશ્ચલતા પ્રાપ્ત કરવા વનમાં વધુ સમય રહેતા હતા; કારણ કે ત્યાં એકાન્ત વધુ મળતો હોવાથી સ્વાધ્યાય-ધ્યાનમાં વિશેષ સ્થિરતા પ્રાપ્ત થઈ શકે. વર્તમાનમાં પણ જ્ઞાન-ધ્યાનના રસિયા હોય છે માટે આબુ-ગિરનાર જેવા પાવન તીર્થસ્થાનોમાં ધ્યાનાભ્યાસ માટે રહે છે. ત્યાં રહેવાથી તેઓને ધ્યાન અને સમાધિમાં અત્યંત નિશ્ચલતા પ્રાપ્ત થતાં આત્માનો પરમાનંદ અનુભવાય છે. તેથી ગ્રન્થકાર મહર્ષિ યોગીઓને

પ્રેરણા કરતા કહે છે, "જંગલ જ જેમની જન્મભૂમિ હોવાથી ભીલ અને આદિવાસીઓને જેમ વનમાં રહેતા આનંદ આવે છે તેવી રીતે જો તત્ત્વજ્ઞાની મુનિઓને પણ ધ્યાનભૂમિ-અને તીર્થભૂમિઓમાં રહેવાથી પરમાનંદ પ્રગટ અનુભવાતો હોય તો બીજું શું જોઈએ ?"

## જીવને શિખામણ

**एको गर्भे स्थितो जात, एक एको विनङ्क्ष्यसि ।**
**तथापि मूढ ! पत्यादीन् किं ममत्वेन पश्यसि ? ॥३६॥**

હે જીવ ! તું એકલો જ ગર્ભમાં રહ્યો હતો, એકલો જ જન્મ પામ્યો અને એકલો જ મરણ પામીશ તો પણ - હે મૂર્ખ ! પત્ની-પુત્રાદિને કેમ મમતાની દૃષ્ટિએ જુએ છે ?

**ભાવાર્થ** : એકત્વ ભાવનાને દૃઢ બનાવી મમતાનો ત્યાગ કરવા પોતાના આત્માને આ પ્રમાણે શિખામણ આપવી.

તું પરભવથી એકલો જ આવ્યો માતાના ગર્ભમાં ઊંધે માથે લટકીને નવ મહિના સુધી રહી ઘોર વેદના તેં એકલાએ જ સહન કરી તેમજ એકલાએ જ જન્મની વેદના સહી છે.

હે આત્મન્ ! આયુષ્ય પૂરું થતાં મરણનું અસહ્ય, અનંત દુઃખ પણ તારે એકલાને જ ભોગવવું પડશે, છતાં હે મૂઢ ! તું પુત્ર, પત્ની આદિ પરિવાર પર મમતા કેમ કરે છે ? તું તારા આત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર કર. તારો આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યાદિ અનંત ગુણોથી સદાયુક્ત છે અને શાશ્વત છે. શેષ શરીર સંપત્તિ સ્વજનો

આદિ બાહ્ય સંબંધો સંયોગથી ઉત્પન્ન થયેલા છે. આ સંબંધો જ સર્વ દુઃખોનું મૂળ છે. માટે તે સર્વ સંયોગોની મમતા જાળનો ત્યાગ કર.

**पापं कृत्वा स्वतो भिन्नं कुटुम्बं पोषितं त्वया।**
**दुःखं सहिष्यसे स्वेन, भ्रान्तोऽसि ह्य महान्तरे ? ॥३७॥**

હે જીવ ! તેં તારાથી ભિન્ન એવા પુત્રાદિ પરિવારનું અનેક હિંસાદિ પાપો કરી પોષણ કર્યું પણ તે પાપનું ફળ દુઃખ તો તારી જાતે જ સહેવું પડશે. ખેદની વાત છે કે તું મહાન ભ્રમજાળમાં ફસાઈ ગયો, મોટા ભુલાવામાં પડી ગયો.

**ભાવાર્થ** : પાપનું ફળ દુઃખ છે, એ જાણવાં છતાં હે જીવ ! તું તારાથી ભિન્ન એવા કુટુંબ પરિવારનું પાલનપોષણ કરવા હિંસાદિ અઢાર પાપો કરે છે. મિલ-કારખાના કે અનેક અનર્થદંડના વ્યાપારો કરે છે. તેથી બાંધેલા અશુભ કર્મોના કારણે, દુર્ગતિમાં ભયંકર દુઃખો તારે એકલાને ભોગવવા પડશે તેનો વિચાર પણ કદી કરતો નથી, તેથી તું મોટા ભુલાવામાં પડ્યો છે. જેમ અટવીમાં અટવાયેલો મુસાફર દિશા ભ્રમના કારણે માર્ગ ભૂલી જવાથી આમતેમ ભટકતો જ રહે છે, તેવી રીતે તું પણ મિથ્યાભ્રમથી ભવમાં ભટકતો રહી અનેક દુર્ગતિનાં દુઃખો ભોગવીશ. માટે હજી પણ સમ્યગ્ જ્ઞાનનું આલંબન લઈ કુટુમ્બની મમતા ત્યજી પાપવ્યવહારોનો સર્વથા ત્યાગ કરી તારા આત્માનું કલ્યાણ સાધી લે.

**चलं सर्वं क्षणाद्द वस्तु दृश्यतेऽथ न दृश्यते।**
**अजरामरवत् पापं, तथापि कुरुषे कथम् ॥३८॥**

સંસારમાં સર્વ પદાર્થો અસ્થિર છે. ક્ષણવાર જે-વસ્તુ દેખાય છે તે ક્ષણ પછી દેખાતી નથી તો પણ હે જીવ ! તું પોતાને અજર અમર માની હિંસાદિ પાપો કેમ કરે છે ?

**ભાવાર્થ** : સંસાર અનિત્ય છે. પર્યાયની દૃષ્ટિએ સર્વ વસ્તુઓ ક્ષણે ક્ષણે બદલાય છે. શરીર, આયુષ્ય, સંપત્તિ ઇન્દ્રિય, સુખ,પુત્ર-પત્ની સ્વજન મિત્રોના સંગમાદિ સર્વ સન્ધ્યા-રાગની જેમ ચંચલ છે.

જે પદાર્થો સવારે પ્રભાત વેળાએ અત્યંત સુંદર લાગે છે તે જ સંધ્યાસમયે નિસ્તેજ જણાય છે છતાં. હે ચેતન ! તું તે સર્વને નિત્ય માની અને પોતાને અજરઅમર સમજી હિંસાદિ પાપો કેમ કરે છે ? તે પાપોનું કટુફળ તારે એકલાને જ ભોગવવું પડશે. નરક અને નિગોદાદિમાં જે વ્યક્ત અને અવ્યક્ત રૂપે અનંત દારુણ દુઃખો વર્તમાનમાં ભોગવી રહ્યા છે તે સર્વ દુઃખ, હિંસાદિ પાપોનો કટુક વિપાક છે, એમ જાણી હિંસાદિ પાપોનો સર્વથા ત્યાગ કરવો ઉચિત છે.

**सप्तधातुमये श्लेष्ममूत्राद्यशुचिपूरिते ।**
**शरीरकेऽपि पापाय, कोऽयं शौचाग्रहस्तव ?॥ ३९॥**

સાત ધાતુથી ઉત્પન્ન થયેલા મળ મૂત્ર વિષ્ટા શ્લેષ્માદિ અશુચિથી ભરેલા આ શરીરમાં તારો પવિત્રતાનો આગ્રહ

એ પાપનું જ કારણ છે.

**ભાવાર્થ** : કાયાને પવિત્ર બનાવવા માટે વારંવાર સ્નાન, પાદ-પ્રક્ષાલન, હાથ ધોવાની ક્રિયા તું કરી રહ્યો છે. કેટલાક લોકો ગંગા-સ્નાન કરીને તનની પવિત્રતા માને છે પરંતુ શરીર રક્ત વિર્યાદિ સાત ધાતુમય છે. મળ મૂત્ર વિષ્ટાદિ અશુચિથી ભરેલું છે તેમજ જે સુગંધી કેસર, ચંદન, કસ્તુરી આદિ પદાર્થોને પણ મલિન બનાવવામાં સમર્થ છે, તે દેહને શીતલ સુગંધી એવા જળ-ચંદનાદિથી પવિત્ર કરવાનો પ્રયાસ નિષ્ફળ છે. છતાં ય આ શરીરને પવિત્ર બનાવવાનો આગ્રહ રાખે છે અને તે માટે જળ-ચંદનાદિ વાપરી હિંસાદિ પાપો કરે છે આમ અશુભ કર્મોનો બંધ કરી ભાવિ અનંત દુઃખોને ઉત્પન્ન કરીશ માટે હે ચેતન ! તું શરીરનો મોહ ત્યજી અહિંસા, સંયમ, તપરૂપ ધર્મનું વિધિપૂર્વક સેવન કરવામાં તત્પર બની જા.

**शारीरमानसैर्दुखैर्बहुधा बहुदेहिनः ।**
**संयोज्य साम्प्रतं जीव ! भविष्यसि कथं स्वयंम् ॥४०॥**

હે ચેતન ! હમણાં તું અનેક જીવોને શારીરિક-માનસિક અનેક પ્રકારના દુઃખો સાથે વારંવાર જોડે છે તેથી ભવિષ્યમાં તારું શું થશે?

**ભાવાર્થ** : હિંસાદિ પાપો કરવાથી અનેક જીવોને અનેક પ્રકારની પીડા ઉત્પન્ન થાય છે.

સમગ્ર જીવ રાશિની ઉપયોગ લક્ષણથી એકતા છે. આત્મા એક છે તેનો સર્વ જીવોને પરસ્પર ઉપગ્રહ કરવાનો

સ્વભાવ છે. કોઈ પણ એકેન્દ્રિયાદિ જીવોની હિંસા કરવાથી તે જીવોને જે પ્રકારની પીડા ઉત્પન્ન થાય છે. તે પ્રકારની પીડા હિંસકને ભોગવવી જ પડે છે. હે જીવ ! હમણાં તું અનેક જીવોને શારીરિક, માનસિક પીડા વારંવાર આપતો રહે છે. તેથી પરભવમાં તારા આત્માનું શું થશે ? એનો વિચાર કરી બીજા જીવોને આત્મતુલ્ય માનીને જીવોની હિંસાનો ત્યાગ કરી સર્વ જીવોનું હિત થાય તેવું ચિંતન કર, તેવું વચન બોલ અને કાયાથી જયણાપૂર્વક પ્રવૃત્તિ કર.

**धर्मं न कुरुषे मूर्ख !, प्रमादस्य वशंवदः ।**
**कल्ये हि त्रास्यते कस्त्वां, नरके दुःखविह्वलम् ॥४१॥**

હે મૂર્ખ જીવ ! પ્રમાદને વશ થઈ તું અત્યારે અહિંસાદિ ધર્મનું આરાધન કરતો નથી પરંતુ કાલે-પરભવમાં નરકાદિ દુર્ગતિમાં જઈ પીડાથી વ્યાકુલ બનીશ ત્યારે તારું કોણ રક્ષણ કરશે ?

**ભાવાર્થ :** ધર્મનો સ્વભાવ છે કે તે દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારણ કરી સદ્‌ગતિમાં સ્થાપે છે. ધર્મનું આરાધન નિષ્કામપણે કરવાથી તીવ્ર રાગરોષાદિ દોષો અને જ્ઞાનાવરણીયાદિ અશુભ કર્મોનો નાશ થાય છે, માટે અહિંસાદિ ધર્મ અનુષ્ઠાનોનું અત્યંત આદર બહુમાનપૂર્વક આચરણ કરવું જોઈએ.

**"સમયમાત્ર પણ પ્રમાદ ન કરવો એમ વારંવાર સ્વયં ભગવાન મહાવીરદેવે કહ્યું છે."**

**समयं गोयम मां पमायए ।**

છતાં હે ચેતન ! તું વિષય, કષાય, નિદ્રા, વિકથા રૂપ પાંચે પ્રમાદોને વશ થઈ હમણા ચારિત્રધર્મનું પાલન કરતો નથી. પણ ધર્મ વિના નરકાદિમાં પડતા એવા તારા આત્માને કોણ બચાવશે ? નરક નિગોદમાં જઈ ભયંકર ઘોર પીડાઓ ભોગવતા તારા આત્માની રક્ષા કોણ કરશે ?

**कन्धराबद्धपापाश्मा, भवाब्धौ यद्यधोगतः ।**
**क्व धर्मरज्जुसंप्राप्तिः, पुनरुच्छलनाय ते ।।४२।।**

જો તું પાપરૂપી પથ્થર ગળામાં બાંધીને આ ભવસાગરમાં નીચે ચાલ્યો જઈશ તો ફરી ઊંચો આવવા માટે ધર્મરૂપી દોરડાની પ્રાપ્તિ તને ક્યાંથી થશે ?

**ભાવાર્થ :** હે જીવ ! તું અત્યારે ઘોર હિંસાદિ પાપો કરીને તારી ડોકમાં ભારે પાપરૂપી શિલાઓ બાંધે છે. તેના અતિ ભારથી દબાયેલો જો તું ભવસમુદ્રમાં નીચે-નીચે - પડતો ઠેઠ તળિયે પહોંચી જઈશ તો નિગોદ સુધી પહોંચ્યા પછી તને ત્યાંથી બહાર કોણ કાઢશે ? સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા પ્રતિપાતી જીવો અનંત હોય છે તે પતનના કારણભૂત શ્રીઅરિહંત, પરમાત્મા, સદ્ગુરુ અને જિનશાસનની ઘોર આશાતના, આજ્ઞાભંગ, ગાઢ મિથ્યાત્વાદિ દોષો જ છે. માટે હે જીવ ! તું હિંસાદિ ક્રૂર કાર્યોને ત્યજી સંયમમાં સ્થિર બની, અનશનાદિ બાહ્ય - અભ્યંતર તપનું આચરણ કર, જેથી દુર્ગતિમાં જવું પડે નહિ. એક સમય પણ જો તું કંડરીકની

જેમ પ્રમાદ કરીશ તો નરકાદિ દુર્ગતિમાં પડ્યા પછી પુનઃ ધર્મની પ્રાપ્તિ થવી અત્યંત દુષ્કર છે. માટે વર્તમાનમાં મળેલી ધર્મસામગ્રીને વિશુદ્ધ ચારિત્રની આરાધના દ્વારા સફળ કર.

**दुःखकूपेऽत्र संसारे, सुखलेशभ्रमोऽपि यः ।**
**सोऽपि दुःखसहस्त्रेणानुविद्धोऽतः कुतः सुखम् ?॥४३॥**

દુઃખના અંધારા કૂવા જેવા આ સંસારમાં અલ્પસુખનો ભ્રમ પણ હજારો દુઃખોથી વ્યાપ્ત બનેલો છે. તો તને ક્યાંથી સુખ મળશે ?

**ભાવાર્થ** : આ સંસારરૂપી કૂવો આધિ-વ્યાધિ અને ઉપાધિરૂપી પાણીથી પૂર્ણ ભરેલો છે. છતાં જીવને મધુબિન્દુની જેમ પાંચ ઇન્દ્રિયના ઇષ્ટ વિષયોમાં સુખની ભ્રાન્તિ થાય છે. પરંતુ તે સુખનો અંશ પણ હજારો દુઃખો ઉત્પન્ન કરે છે. કારણ કે વિષયોથી મળતું સુખ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શમય પુદ્‌ગલજન્ય છે. તે આત્માથી ભિન્ન છે. તેમાં સુખની કલ્પના અવિદ્યાના કારણે થાય છે. સુખ આત્માનો ગુણ છે. ભૌતિક સુખ, શાતાવેદનીય કર્મના ઉદયથી મળે છે. તે કર્મ આત્માના અવ્યાબાધ સુખને રોકે છે તેથી આત્મગુણના અવરોધક કર્મને સુખ કહેવાય નહિ. શાતા અશાતા વેદનીય બન્ને દુઃખરૂપ છે.

આ સંસારમાં પ્રાણીઓ ભૌતિક સુખ મેળવવા ધન, સંપત્તિ, સ્ત્રીનો સંગ્રહ કરે છે અને તે ધનાદિ માટે ખેતી, નોકરી, વ્યાપાર, યુદ્ધ આદિ કરે છે. હિંસાદિ પાપોનું સેવન

કરી આ લોક અને પરલોકમાં અનેક દુઃખ, શોક, સંતાપ, યાતનાઓ ભોગવે છે. છેવટે સુખ તો મળતું જ નથી.

**दुःखितानखिलानग्जन्तूत्रपश्यतीह यथा यथा ।**
**तथा तथा भवस्यास्य, विशुद्धात्मा विरज्यति ॥८४॥**

આ રીતે વિશુદ્ધ ભાવવાળો આત્મા જગતના સર્વ જીવોને જેમ જેમ દુઃખ ભોગવતા જુએ છે તેમ તેમ વિશેષ વૈરાગ્ય પામે છે.

**ભાવાર્થ** : સંસાર દુઃખમય છે, દુઃખફલક છે અને દુઃખ પરંપરક છે. અનાદિથી જીવો ચાર ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરતા અનેક જન્મ જરા, મરણ, રોગ, શોક, ઉદ્વેગ આદિ દુઃખો ભોગવે છે તે જાણીને તથા પ્રત્યક્ષ જોઈને મુમુક્ષુ આત્માનું હૃદય દ્રવ્યભાવ કરુણા રસથી છલકાઈ જાય છે.

બીજા જીવોનું દુઃખ એ પોતાનું જ દુઃખ છે, એમ માની સમ્યગ્દૃષ્ટિ જીવ, તે જીવોના દુઃખ દૂર કરવા યથાશક્તિ પ્રયત્ન કરે છે. દેશવિરતિ, અંશતઃ હિંસાદિના ત્યાગથી ત્રસ જીવોની રક્ષા કરે છે. સર્વવિરતિ સાધુ હિંસાદિનો સર્વથા ત્યાગ કરી મન, વચન, કાયાથી સર્વ જીવોની સ્વયં રક્ષા કરે છે, ઉપદેશાદિ વડે રક્ષા કરાવે છે, બન્નેની અનુમોદના કરે છે. વર્તમાનમાં મનુષ્ય, તિર્યંચ ગતિમાં રહેલા દુઃખી જીવોનાં દુઃખ દર્દોને જેમ જેમ જુએ છે તેમ તેમ હૃદયમાં કરુણા અને વૈરાગ્ય વૃદ્ધિ પામે છે. ભવનિર્વેદ વધવાથી

સાધુ સંયમના અનુષ્ઠાનોમાં પ્રબળ પુરુષાર્થ કરે છે.

**संसारावर्तनिर्मग्नो, घूर्णमानो विचेतनः ।**
**अध एव जनो याति, निकटेऽपि तटे-ह हाः ॥४५॥**
**तिर्यग्गोऽयं यथा च्छिन्दन् नद्याः स्यात् पारगःसुधीः ।**
**भवस्यापि तथोत्सर्गापवादकुशलो मुनिः ॥४६॥**

ખેદની વાત છે કે સંસારના આવર્તમાં ડૂબેલો જીવ કિનારો સમીપમાં હોવા છતાં બેભાન થયેલો નીચે જ ચાલ્યો જાય છે. પરંતુ જેમ કુશળ તરવૈયો નદીમાં તિર્છું ગમન કરતાં નદીના પાણીને કાપતો નદીને પાર કરે છે. તેવી રીતે ગીતાર્થ, ઉત્સર્ગ અપવાદને જાણનારો મુનિ, વિશુદ્ધ સંયમની આરાધના દ્વારા સંસારસાગરને તરી મોક્ષનગરમાં પહોંચે છે.

**ભાવાર્થ** : સંસારસાગરમાં ભ્રમણ કરતા અલ્પકર્મી જીવ ભવસ્થિતિ રૂપી કિનારો નજીક છતાં વિષયાવેશ, કષાયાવેશરૂપી આવર્તો આવતાં આત્મભાન ભૂલી કંચન-કામિનીમાં આસક્ત બની કંડરીક મુનિ, કુલવાલક મુનિ, બ્રહ્મદત્ત ચક્રવર્તી આદિની જેમ પુનઃ ભવસાગરમાં ડૂબી જાય છે. માટે આ મોહનીય કર્મની કરામતને જાણી, શાસ્ત્રાર્થને ભાવિત બનાવી, ગુરુકૃપાએ ઉત્સર્ગ - અપવાદ, નિશ્ચય - વ્યવહાર જ્ઞાન ક્રિયાદિનું જિનાગમથી સ્વરૂપ જાણી, યથાયોગ્ય સ્થાને તેનો પ્રયોગ કરતો ગીતાર્થ મુનિ જ કુશળ તરવૈયાની જેમ ભવસાગરનો પાર પામે છે. સંયમપાલનમાં ઉત્સર્ગ

અપવાદનું જ્ઞાન અત્યંત સહાયક બને છે, તેથી તેનો નિર્દેશ કર્યો છે.

**एभिः सर्वात्मना भावैर्भावितात्मा शुभाशयः ।**
**कामार्थविमुखः शूरः, सुधर्मैकरतिर्भवेत् ॥४७॥**

આ પ્રકાશમાં બતાવેલા ભાવોથી સંપૂર્ણતયા અત્યંત ભાવિત બનીને વિશુદ્ધ આશયવાળા મુમુક્ષુ સાધકે શૂરવીર થઈ અર્થ, કામ, પુરુષાર્થને તજી વિશુદ્ધ ધર્મના આરાધનમાં અત્યન્ત લીન બનવું જોઈએ.

**ભાવાર્થ** : આ પ્રમાણે ગ્રન્થકાર મહર્ષિ આ ભાવશુદ્ધિજનક ઉપદેશનો ઉપસંહાર કરતા કહે છે : આ પ્રકરણમાં વર્ણવેલા ભાવો મન, વાણી અને કાયાને વિશુદ્ધ બનાવવા માટેના ઉપાયો છે, ઔચિત્ય, સદાચાર, ક્રોધાદિ કષાયોનો ઉપશમ, વિષયોની વિષમતા, ભવનો ભયાદિ ભાવોને સંપૂર્ણ ભાવિત બનાવવાથી સદા વિશુદ્ધ પરિણામો પેદા થાય છે. વિશુદ્ધ પરિણામવાળો સાધક શૂરવીર બની કંચન-કામિનીનો મોહ ત્યજી અહિંસાદિ વિશુદ્ધ ધર્મનું પાલન કરવા માટે સદા ઉદ્યમ કરે છે. સદ્ગુરુની સેવા કરીને, શાસ્ત્રોના રહસ્યો જાણી, આત્મસ્વભાવમાં લીન બની, પરમાનંદ પીયૂષનું રસપાન કરવા સદા પરમાત્માના આલંબન ધ્યાન અને નિરાલંબન ધ્યાનનો સતત અભ્યાસ કરે છે.

**इति तत्त्वोपदेशौधक्षालितामलमानसः ।**
**निर्द्वन्द्व उचिताचारः, सर्वस्यानंददायकः ॥४८॥**

**स्वस्वरूपस्थितः पीत्वा, योगी योगरसायनम् ।**
**निःशेषक्लेशनिर्मुक्तं, प्राप्नोति परमं पदम् ॥४९॥**

**ભાવાર્થ** : આ પ્રમાણે તત્ત્વના ઉપદેશરૂપી જલસમૂહથી સ્વચ્છ થયેલ નિર્મળ મનવાળો યોગી રાગદ્વેષાદિ દ્વન્દ્વોથી મુક્ત બની સ્વભૂમિકા યોગ્ય જ્ઞાનાદિ આચારોનું પાલન કરતો, સર્વલોકને આનંદ આપનારો બને છે. (૪૮)

તેમજ યોગી યોગરૂપી રસાયનનું પાન કરી આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે તેથી સમગ્ર કર્મક્લેશથી સર્વથા મુક્ત બની મોક્ષને પામે છે.

**ભાવાર્થ** : પૂજ્ય ગ્રન્થકાર મહર્ષિ સમસ્ત ગ્રન્થનો ઉપસંહાર કરીને ગ્રન્થરચનાનું પ્રયોજન સિદ્ધ કરવા કહે છે : યોગસાર ગ્રન્થમાં પાંચે પ્રકારોમાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વનું સંક્ષિપ્ત સ્વરૂપ વર્ણવ્યું છે. તેના ચિંતન-મનનથી સાધકનું ચિત્ત અત્યંત નિર્મળ બને છે. સમતાના સતત અભ્યાસથી રાગદ્વેષાદિ સર્વ દ્વન્દ્વો નાશ પામે છે. જ્ઞાનાદિ આચારોના સતત સેવનથી ધ્યાન અને સમાધિમાં સ્થિરતા વૃદ્ધિ પામે છે. તેથી આત્મવીર્યની અત્યંત પુષ્ટિ થાય છે.

પંચાચારના પાલનથી પવિત્ર બનેલો મુનિ સહુને પોતાના જીવન તથા ઉપદેશાદિ દ્વારા પરમાનંદદાયક બને છે. સર્વ જીવરાશિ પ્રત્યે હિતાશયનો પરિણામ એ જ ચારિત્ર છે. તે ચારિત્રના પાલનમાં જેમ જેમ ઉલ્લાસ વધે છે તેમ તેમ મુનિનું સમતાનું સુખ વૃદ્ધિ પામે છે. સમતા સુખમાં

મગ્ન મુનિની મુદ્રાના દર્શન માત્રથી પણ લોકોને અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે. તેમની ઉપદેશાત્મક અમૃતવાણી સાંભળીને અનેક ભવ્ય જીવો પ્રતિબોધ પામી અહિંસાદિ ધર્મનું પાલન કરે છે તેથી ધર્મ, પરંપરાએ સર્વ જીવોનું હિત કરી આનંદદાયક બને છે. આ રીતે અન્ય જીવોને આનંદ આપનારો મુનિ, સ્વભાવ રમણતારૂપ ભાવ ચારિત્રમાં સ્થિર બને છે. જેમ જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર,યોગરૂપી રસાયણનું પાન કરે છે, તેમ તેમ સર્વ પ્રકારના વિષય કષાય રાગદ્વેષાદિ ક્લેશોનો સર્વથા ક્ષય કરવાનું સામર્થ્ય અનુક્રમે પ્રગટ થાય છે, આત્માનુભવરૂપ રસાયણનું સતત સેવન કરનારો યોગી પરમપદને પામે છે.

યોગસારમાં શ્રી તીર્થંકર પરમાત્માના કહેલા યોગોનો જ્ઞાન, દર્શન, ચારિત્રનો સંગ્રહ થયેલો છે. તે ત્રણેનો સાર આ ગ્રન્થમાં હોવાથી પૂજ્ય ગ્રંથકાર મહર્ષિએ આ ગ્રન્થનું નામ યોગસાર સાર્થક રાખ્યું છે.

■■■

ઘણા લોકો આજે માનતા હોય છે : જૈન-દર્શનમાં ભક્તિયોગને કોઈ સ્થાન નથી, માત્ર પુરુષાર્થ જ પ્રધાન છે.

આવા લોકો ખરેખર જૈન-દર્શનનું હાર્દ સમજ્યા જ નથી. જૈન-દર્શન તો ભક્તિથી ભરેલું છે. નવકાર, નમુત્થુણં વગેરે ભક્તિસૂત્રો જ છે. ભક્તિ ન હોય ત્યાં 'નમો' શબ્દ જ ન હોઈ શકે.

જૈન-દર્શનમાં ભગવાનને વીતરાગ માનેલા છે, પણ એનો અર્થ એવો નથી કે એમની ભક્તિ કરવાથી ભક્તને કાંઈ જ ન મળે. ચંદન, સૂર્ય, અગ્નિ વગેરે રાગ-રહિત હોવા છતાં શીતલતા વગેરે આપવાનું કામ કરે જ છે ને ? આ પદાર્થોની જેમ વીતરાગ પ્રભુનો પણ આ સ્વભાવ છે : કલ્યાણ કરવાનો.

જે કોઈ પણ ભાવથી પ્રભુને આરાધે, તેનું કલ્યાણ થાય, થાય ને થાય જ. (યોગસાર – ૧/૨૦)

ભગવાન સર્વ જીવો પર સમાન છે. મારા-તારાના અહીં કોઈ ભેદ નથી, પણ જે આરાધના કરે તેનું કલ્યાણ કરે જ. સૂર્ય બધા પર સમાન-ભાવે પ્રકાશ રેલાવે છે... છતાં જે ઘુવડ બનીને બેઠા છે, બારણા બંધ કરીને કે આંખો બંધ કરીને બેઠા છે, તેના માટે સૂર્ય પ્રકાશ રેલાવી શકતો નથી.

આંખ ખોલો. સૂર્યનો પ્રકાશ આ રહ્યો.

હૃદય ખોલો. પરમાત્માની કલ્યાણકારિતા આ રહી.

– વિજયકલાપૂર્ણસૂરિ